# મારો પ્રિય ગ્રંથ



# મારો પ્રિય ગ્રંથ

શ્રુતભવન સંશોધન કેંદ્ર

| | | |
|---|---|---|
| નામ | : | **મારો પ્રિય ગ્રંથ** |
| લેખક | : | **વિવિધ આચાર્યાદિ મુનિભગવંતો** |
| સંપાદક | : | **મુનિ વૈરાગ્યરતિ વિજય ગણિ** |
| વિષય | : | **શાસ્ત્ર પરિચય, ઉપદેશ** |
| ભાષા | : | **ગુજરાતી, હિંદી** |
| પત્ર | : | **૮ + ૧૮૪** |
| આવૃત્તિ | : | **દ્વિતીય** |
| પ્રકાશક | : | **શુભાભિલાષા રિલિજિયસ ટ્રસ્ટ** |
| મૂલ્ય | : | **૧૦૦/-** |
| પ્રાપ્તિ સ્થળ | : | **પૂના - શ્રુતભવન સંશોધન કેંદ્ર**<br>૪૭/૪૮, અચલ ફાર્મ,<br>સચ્ચાઈ માતા મંદિરની પાસે,<br>કાત્રજ, પુણે-૪૬<br>મો. ૦૭૭૪૪૦૦૫૭૨૮<br>ઈ-મેઈલ : shrutbhavan@gmail.com<br><br>**અમદાવાદ - શ્રી ઉમંગભાઈ શાહ**<br>બી/૪૨૪, તીર્થરાજ કોમ્પલેક્સ,<br>વી. એસ. હૉસ્પિટલની સામે,<br>અમદાવાદ-૩૮૦ ૦૦૬<br>ફોન : ૦૭૯-૨૬૫૭૬૩૬૭ |
| મૂદ્રણ | : | નૂતન આર્ટ, અમદાવાદ |

# પ્રકાશકીય

**પ્ર**ભુ શ્રી મહાવીર દેવની વાણી આગમ રૂપે ગુંથાઇ. તેના આધારે મહાપુરુષોએ સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ ભાષામાં શાસ્ત્રોની રચના કરી. આ ભાષાઓ દુર્બોધ થવાથી તે શાસ્ત્રોના આધારે તત્કાલીન ગુજરાતી, રાજસ્થાની ભાષાઓમાં સ્તવન, સજ્ઝાય, વાર્તિક, ટબા, વગેરેની રચના કરી. સાધુ-સાધ્વીજી ભગવંતો શાસ્ત્રો વાંચે જ છે. શ્રાવક-શ્રાવિકા સંઘ પણ શાસ્ત્રોનો સાર પામી શકે તે માટે મહાપુરુષોએ પ્રયાસ કર્યો. મહાપુરુષોએ કરેલા ઉપકારોનો બદલો કેમેય કરીને વાળી શકાય તેમ નથી.

મહાપુરુષોના લાખ પ્રયત્ન છતાં શ્રુત પ્રત્યેની શ્રાવક સંઘની જાગૃતિ ઘટતી રહી. શાસ્ત્રોમાં શું રહસ્ય છે તેથી શ્રાવક વર્ગ બહુધા અજાણ છે. શાસ્ત્રો, તેનાં રહસ્યો પ્રત્યે શ્રાવક-શ્રાવિકા વર્ગમાં રુચિનું નિર્માણ થાય એ હેતુથી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂજ્ય ગણિવર શ્રીવૈરાગ્યરતિવિજયજી મ. એ 'મારો પ્રિય ગ્રંથ'ના માધ્યમે લેખોનું સંકલન કર્યું છે.

આપણી પ્રિયતાનો વ્યાપ અનંત છે. મારી પ્રિય વાનગી કઈ ? મારી પ્રિય વ્યક્તિ કઈ ? મારું પ્રિય સ્થળ કયું ? એ વિષે આપણે સ્પષ્ટ છીએ. મહારાજ સાહેબને શું પ્રિય હોય ? ગ્રંથ.

આ સંકલનમાં દરેક મહાપુરુષોએ પોતાના મનગમતા ગ્રંથ વિષે વાત કરી છે. તેમાંથી તેમને જે પ્રેરણા મળી છે તે વહેંચી છે. આ મહાન્ ઉપકાર કર્યો એ માટે આ સહુ મહાપુરુષોના ચરણોમાં કૃતજ્ઞતાપૂર્વક વંદન.

શ્રુતજ્ઞાનની સંપદા વર્તમાન પેઢી અને ભવિષ્યની પેઢી સુધી પહોંચે તે શ્રુતભવન સંશોધન કેંદ્રનું લક્ષ્ય છે. આ લક્ષ્યને સાકાર કરવામાં 'મારો પ્રિય ગ્રંથ' મહત્ત્વનું સાધન બની રહે છે. તેથી તેને પ્રકાશિત કરતા અમે આનંદ અનુભવીએ છીએ.

'મારો પ્રિય ગ્રંથ' વાંચીને કોઇ એક ગ્રંથ માટે એક વ્યક્તિને પ્રીતિ જન્મશે તો આ પ્રયાસ સફળ થશે.

**- ભરત શાહ**
(માનદ અધ્યક્ષ)
શુભાભિલાષા ટ્રસ્ટ

# શ્રુતપ્રેમી

પરમપૂજ્ય સાધ્વીજી **શ્રી હર્ષરેખાશ્રીજી મ.**ના

શિષ્યરત્ના

પરમપૂજ્ય સાધ્વીજી **શ્રી જિનરત્નાશ્રીજી મ.**ની

પાવન પ્રેરણાથી

**શ્રીમતી મીનલબેન ભરતભાઈ શાહ**

**ભાવિકભાઈ ભરતભાઈ શાહ તથા**

**પ્રતીકભાઈ ભરતભાઈ શાહ**

**શ્રીમતી વિમલબેન હર્ષદભાઈ પારેખ**

**સાધનાબેન વિરલભાઈ પારેખ**

**રિકિતા પારેખ, અક્ષય પારેખ**

**(ભાવનગર-પૂના) ફાતિમાનગર**

# પુરોવચન

પ્રિય ગ્રંથ વિષે લખવું અઘરું કામ છે. પહેલા તો પ્રિય ગ્રંથ વિષે વિચારવું જ અઘરું છે. કેવળ ગ્રંથ વિષે વિચારવું કે લખવું કદાચ સરળ છે પરંતુ મારાંપણાંની અને પ્રિયતાની છાયામાં ગ્રંથ વિષે વિચારવું અઘરું છે. ગ્રંથ વિષે લખવા માટે ગ્રંથનું નિરીક્ષણ કરવું જરૂરી છે. મારા પ્રિય ગ્રંથ વિષે લખવા માટે ગ્રંથનું નિરીક્ષણ કરતાં પહેલાં આત્માનું નિરીક્ષણ કરવું અનિવાર્ય છે. હું કેવો છું ? કેવો હતો ? આ ગ્રંથના પરિચયમાં કેવી રીતે આવ્યો ? પહેલી વાર આ ગ્રંથ વાંચ્યો ત્યારે કેવા સ્પંદનો જાગ્યા ? વારંવાર આ ગ્રંથમાંથી પસાર થતાં શું અનુભૂતિઓ થઈ ? આ ગ્રંથ કેવી રીતે મારા ભાવવિશ્વનો એક ભાગ બની ગયો ? આ ગ્રંથને કારણે મને શું આધ્યાત્મિક લાભ થયો ? આ તમામ સવાલોના જવાબ મેળવવા આત્મનિરીક્ષણ કરવું જ પડે. ગ્રંથના અને પ્રિયતાના પરિપ્રેક્ષ્યમાં મારાપણાંનો વિચાર કરવો પડે. આ અઘરું છે, કેમ કે – કોઈ પણ વ્યક્તિનું વ્યક્તિત્વ એકાંગી નથી હોતું, બહુઆયામી હોય છે.

માનવ વ્યક્તિત્વના ત્રણ આયામ છે. વૈચારિક વ્યક્તિત્વ, ભાવનાત્મક વ્યક્તિત્વ અને આધ્યાત્મિક વ્યક્તિત્વ.

મોટા ભાગના લોકો વૈચારિક અને ભાવનાત્મક સ્તરે જીવન જીવી જતા હોય છે. ઉચ્ચકક્ષાના સાધકો આધ્યાત્મિક સ્તરે જીવનનો અનુભવ કરે છે. સાધુ ભગવંતો આધ્યાત્મિક વ્યક્તિત્વના વિકાસ માટે નિરંતર પ્રયાસ કરતા રહે છે. ત્રણે ય સ્તર પર પ્રિયતાની વ્યાખ્યા અલગ અલગ હોય. વૈચારિક સ્તર ગણિતપ્રધાન હોય, ભાવનાત્મક સ્તર સંવેદનાપ્રધાન હોય તો આધ્યાત્મિક સ્તર સમભાવપ્રધાન હોય. આથી, ત્રણે ય ભૂમિકાના પ્રિયતાના માપદંડ જ વેગળા હોય. બુદ્ધિને તાર્કિક ગ્રંથ વધુ ગમે, લાગણીને ભાવનાપ્રધાન ગ્રંથ વધુ ગમે તો આત્માને સાક્ષિભાવના ગ્રંથ વધુ ગમે. આપણે ત્રણે ય પ્રકારના વ્યક્તિત્વ સાથે જીવીએ છીએ તેથી કોઈ એક વ્યક્તિત્વને નજર સામે રાખી પસંદગી કરવી આહ્વાન બની રહે છે. ઘણું ઉંડું મનોમંથન અને ઘણા લાંબા સમય સુધી નિરંતર આત્મમંથન કર્યા પછી જ કદાચ જવાબ મળે કે ‘મારો પ્રિય ગ્રંથ’ આ છે.

ભગવતીના યોગમાં પ્રવેશ દિને પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ચંદ્રગુપ્તસૂરીશ્વરજી મ. એ ઉદ્દેશાનંદીનો વાસક્ષેપ કર્યો તે ક્ષણે પ્રેરણા ઉદ્ભવી, જાણે

ખમાસમણાણં હત્થેણં શ્રી સુધર્માસ્વામિજીએ આજ્ઞા કરી કે – એક સર્વગ્રાહી વિષય ધરાવતાં સ્વાધ્યાય પુસ્તકનું સંપાદન કરવું. 'મારો પ્રિય ગ્રંથ' વિષયની પસંદગી કરી. વિભિન્ન પૂજ્યોને લેખ લખ્યા. લગભગ ૪૦ પત્રમાંથી ત્રણ જ લેખ આવ્યા. સહુથી પહેલો લેખ આવ્યો – પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. નો તેમણે બીજું કંઈ જોયા વિના કેવળ વિષયને જોઈ અનુરૂપ લેખ મોકલી આપ્યો. બે મહિના વીત્યા ત્યારે મારી પાસે ત્રણ લેખ હતા. ઉપમિતિના નિષ્પુણ્યકની જેમ હું હતાશ થયો પણ સદ્બુદ્ધિએ મને સાચવી લીધો. ફરી વાર સહુને યાદપત્ર લખ્યાં. લેખોની સંખ્યા નવ થઈ. યોગ પૂરા થઈ ગયા. પુસ્તકની આશા ધૂંધળી બની ગઈ. ચોમાસામાં ત્રીજી વાર પત્ર લખ્યા. ત્યારે જવાબ આવવા શરૂ થયા.

આપણે ત્યાં લગભગ એક ધારણા રૂઢ થઈ ગઈ છે કે – આપણને કંઈક પ્રિય હોય તો બીજું અપ્રિય જ હોય. એવું જરૂરી નથી. એક ગ્રંથ પ્રિય હોય એટલે બીજા ગ્રંથો અપ્રિય કે ઓછા મહત્ત્વના બની જતા નથી. કોઈને શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન પર વધુ શ્રદ્ધા હોય તો તેનો અર્થ એ નથી કે મહાવીર સ્વામી પર ઓછો પ્રેમ છે કે ઓછી શ્રદ્ધા છે. મીમાંસાસૂત્રના શાબર ભાષ્યમાં ઉક્તિ આવે છે –

**'न हि निन्दा निन्द्यं निन्दितुं प्रयुज्यते, किं तर्हि ? निन्दितादिरत् प्रशंसितुम्'**

શાસ્ત્રોમાં કોઈની નિંદા તેને ખરાબ ચીતરવા માટે નથી કરાતી પણ તેના કરતાં બીજું સારું છે તે દર્શાવવા કરાય છે. આ ન્યાયને જૂદા દૃષ્ટિકોણથી આ રીતે પ્રયોજી શકાય –

**'सर्वा हि प्रशंसा प्रशस्यं प्रशंसितुं प्रयुज्यते, न प्रशस्यादितरत् निन्दितुम्'**

કોઈની પ્રશંસા કરીએ ત્યારે તે વસ્તુ સારી છે એટલું બતાવવાનો જ આશય હોય છે. પ્રશંસાપાત્ર વ્યક્તિથી બીજી વ્યક્તિ ખરાબ છે એ આશય નથી હોતો.

'મારો પ્રિય ગ્રંથ' આ શીર્ષક વાંચીને આવી જ ગેરસમજ ઊભી થઈ કે કોઈ ગ્રંથને પ્રિય કહીએ તો બીજા અપ્રિય થઈ જાય. સાધુને તો બધા જ ગ્રંથ પ્રિય હોય. આ ધારણાથી કેટલાક પૂજ્યોએ લેખ ન મોકલ્યા. જે મહાત્માઓના લેખ આવ્યા તેમને પણ આ સવાલ તો થયો જ. મારા સદ્નસીબે તેમણે મારા આશયને સમજવાનો પ્રયાસ કર્યો અને અનુમોદન પણ આપ્યું.

સંપાદન સમયે મનમાં એક આશય સ્પષ્ટ હતો કે આપણાં પ્રાચીન શાસ્ત્રો વિષે શ્રાવકવર્ગમાં વિશેષ સમજ અને વિશેષ રુચિ જન્મે. શ્રાવકને મહારાજ સાહેબ ગમે છે મહારાજ સાહેબને શાસ્ત્ર ગમે છે. જે સાહેબને ગમે તે મને પણ ગમે. તેવી રુચિ જન્મે તો સ્વાધ્યાય જેવું ઉપેક્ષિત ક્ષેત્ર ફરી જાગૃત થાય. આમ, લેખની વ્યાપ્તિ પ્રાચીન શાસ્ત્રોની

સાથે હતી, પણ તેવી સ્પષ્ટતા પહેલા થઈ નહીં. તેને કારણે બે લેખો સવિનય પરત કરવા પડ્યા. મારા અદૃષ્ટકલ્યાણમિત્ર પ.પૂ.આ.દે.શ્રી વિજય શીલચંદ્ર સૂ.મ. ના શિષ્યરત્ન મુનિરાજશ્રી ત્રૈલોક્યમંડનવિજયજીનો અભ્યાસપૂર્ણ લેખ આ સંપાદનમાં સમાવી ન શક્યો છતાં તેમણે ખૂબ ઉદારતાથી મારી ભાવનાનો આદર કર્યો. તેમનો ક્ષમાપ્રાર્થી હોવા સાથે ઋણી પણ છું. પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈએ વીરચંદ રાઘવજી ગાંધીના પુસ્તક પર લખેલો લેખ પણ પરત કર્યો. તેમણે બીજો લેખ મોકલી આપી સંપાદનને ગૌરવપૂર્ણ બનાવ્યું.

લેખો ઓછા આવ્યા તેથી પુસ્તક પ્રગટ થશે નહીં ? તેવી આશંકાથી નવા લેખો આવતા અટકી ગયા. ચાર વારના પ્રયાસ પછી લેખો આવ્યા. બહુ સરસ આવ્યા. જે જે મહાપુરૂષોના કે મહાત્માઓના લેખો આવ્યા તેમાંથી ઘણાં અપરિચિત છે. છતાં પણ તેઓએ સુંદર લેખ પાઠવી અનુગ્રહ કર્યો છે.

કેટલાક પૂજ્યોની ભાવના હોવા છતાં અન્યાન્ય કારણથી લેખ પાઠવી શક્યા નથી. પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ હર્ષસાગરસૂરીશ્વરજી મ.ને વિપાકસૂત્ર પ્રિય છે. પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ અજયસાગરસૂરીશ્વરજી મ.ને ઉપમિતિ પ્રિય છે. પરમપૂજ્ય મુનિપ્રવર શ્રી ધુરંધર વિજયજી મ.ને શ્રીપાળરાજાનો રાસ પ્રિય છે.

આમ, લગભગ પચીસ લેખ સાથે પુસ્તક સંપાદન માટે સજ્જ થયું. અહીં લેખોનો ક્રમ ગ્રંથની રચનાના અનુક્રમે ગોઠવ્યો છે. ગ્રંથને મહત્ત્વપૂર્ણ ગણવાના આશયથી જ આમ કર્યું છે. તેથી લેખક પૂજ્યોનો સંયમપર્યાય સાચવી શકાયો નથી.

ગ્રંથની પ્રિયતા વિષે સહુથી વધુ પસંદગી ઉપમિતિભવપ્રપંચાકથા પર ઉતરી છે. પાંચ એટલે લગભગ વીસ ટકા જેટલા લેખકોનો ઉપમિતિ પ્રિય ગ્રંથ રહ્યો છે.

ઉત્સવ કરતાં પહેલાં આમંત્રણ પત્રિકા મોકલવામાં આવે છે. 'મારો પ્રિય ગ્રંથ' મૂળ ગ્રંથ વાંચવા માટેની આમંત્રણ પત્રિકા છે. આ આમંત્રણ પત્રિકા વાંચીને શાસ્ત્રકારોએ યોજેલા જ્ઞાનોત્સવમાં ભાગ લેવાની ઈચ્છા જાગશે તો આનંદ થશે.

ઉપમિતિભવપ્રપંચ કથાના પહેલા પ્રસ્તાવના અંતે શ્રી સિદ્ધર્ષિગણિજીએ લખ્યું કે–

'આ ગ્રંથ દ્વારા જિનાગમનો સાર મેં વિદ્વાનો સમક્ષ મૂક્યો છે. વિદ્વજ્જનોને પ્રાર્થના છે કે – ગ્રંથ બનાવનાર કોણ છે ? કેવો છે ? તે ન જોતાં તેની વાતને જોઈ ગ્રંથમાં પ્રવેશ કરે.'

તેમની આ વિનંતિ રજૂ કરી વિરમું છું.

શ્રુતભવન, **– વૈરાગ્યરતિવિજય**

મહાસુદ-૩, ૨૦૭૧

# અનુક્રમણિકા



| | | |
|---|---|---|
| દ્વાદશાંગ ગણિપિટક | – ઉપાધ્યાય રત્નત્રયવિજય | ૨ |
| વાદાધિરાજ-વિશ્વવાદ | – આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ | ૪ |
| સેવં ભંતે ! સેવં ભંતે ! | – મુનિ આત્મદર્શન વિજય | ૮ |
| એ ઉપકાર ગ્રંથનો, કદીય ન વિસરે | – આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ | ૧૪ |
| આનંદ આપે નંદિસૂત્ર | – આચાર્ય વિજય રત્નચંદ્રસૂરિ | ૧૮ |
| પ્રબુદ્ધ પુરુષોનું પ્રવચન | – મુનિ વૈરાગ્યરતિ વિજયગણી | ૨૬ |
| જીવન અને આત્મશોધની યાત્રા | – દેવર્ધિ | ૩૬ |
| અંતરનો આરીસો | – મુનિ રત્નવલ્લભ વિજય | ૪૬ |
| પરમાનંદનું સૂત્ર | – આચાર્ય વિજય ચંદ્રગુપ્તસૂરિ | ૫૮ |
| આત્મૌષધની અનન્ય સંજીવની | – મુનિ દાનવલ્લભ વિજય | ૬૨ |
| આત્મોત્થાનનો અદ્ભુત ગ્રંથ | – મુનિ સંયમકીર્તિવિજય | ૬૬ |
| કથા – અંતરંગ વિશ્વની | – આચાર્ય વિજય હેમચંદ્રસૂરિ | ૭૦ |
| શ્રેષ્ઠ આત્મકથા | – આચાર્ય વિજય જયસુંદરસૂરિ | ૭૬ |
| અંતરને તરબતર કરતું અત્તર | – આચાર્ય વિજય તીર્થભદ્રસૂરિ | ૭૮ |
| તળેટીથી શિખર સુધીની યાત્રા | – આચાર્ય વિજય મુનિચંદ્રસૂરિ | ૮૬ |
| सन्मार्गदर्शक अमूल्य ग्रन्थ | – आचार्य विजय रत्नसेनसूरि | ૯૦ |
| જ્ઞાન, ભક્તિ, અધ્યાત્મનું પ્રયાગતીર્થ | – મુનિ મોક્ષાંગરત્ન વિજય | ૯૬ |
| શાંતસુધારસનો પ્યાલો | – આચાર્ય વિજય અજિતશેખરસૂરિ | ૧૦૨ |
| યોગી આનંદઘન અને યોગમાર્ગ | – પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૧૬ |
| મારો પ્રિયતમ-આત્મીય ગ્રંથ | – આચાર્ય વિજય પુણ્યપાલસૂરિ | ૧૨૬ |
| શાંતરસનો નાયગરા | – પંન્યાસ મોક્ષરતિવિજયગણી | ૧૩૨ |
| પ્રિય જ્ઞાનકાવ્ય | – આચાર્ય વિજયપૂર્ણચંદ્રસૂરિ | ૧૩૮ |
| પ્રીતિની પારાશીશી | – પંન્યાસ યશોવિજયગણી | ૧૫૦ |
| દેવચંદ્રચોવીશીમાં સાધનાની મોહક પ્રસ્તુતિ | – આચાર્ય વિજય યશોવિજયસૂરિ | ૧૫૬ |
| સોહમકુલરત્નપટ્ટાવલીરાસ : વિહંગાવલોકન | – આચાર્ય વિજયમુક્તિ / મુનિચંદ્રસૂરિ | ૧૬૨ |

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# ૪૫ – આગમ

**સુધર્મા સ્વામી**
**અર્ધમાગધી**

*પ.પૂ.આ.દે. શ્રીમદ્ વિજય રત્નાકરસૂરીશ્વરજી મ.ના શિષ્ય ઉપાધ્યાયશ્રી રત્નત્રય વિજયજી ગણિવર શ્રુતના અનન્ય ભક્ત છે. જ્ઞાનભંડારોને વ્યવસ્થિત કરવાનું તેમને વ્યસન છે. આગમો આજીવન જ્ઞાન પ્રદાન કરવા સક્ષમ છે, આ શ્રદ્ધા તેમના શબ્દોમાં વ્યક્ત થાય છે.*



# દ્વાદશાંગ ગણિપિટક

– ઉપાધ્યાય રત્નત્રયવિજય

ગણિ પિટક = આગમની પેટી. મારો હોય કે આપનો હોય દરેકનો પ્રિય ગ્રંથ તો આગમ જ છે – કારણ કે ગણધર ભગવંતોએ જે દ્વાદશાંગીની રચના કરેલ તે તો સાગર પ્રમાણ જ્ઞાનની રચના કરેલ અને આપણી પાસે આવતાં આવતાં માત્ર બિંદુ જેટલું જ્ઞાન રહ્યું છે. આ બિંદુ જેટલું જ્ઞાન પણ જો વિસ્તાર સાથે વંચાઈ જાય તો દરેક સાધુ શાસ્ત્રચક્ષુવાળા (જ્ઞાનચક્ષુ) બની જાય. પોતાનું કલ્યાણ કરી બીજાને પણ ગણધર રચિત વાણી સંભળાવી શકે.

દુનિયામાં હજારો પુસ્તકો પ્રકાશિત થાય છે પરંતુ આપણા આગમ અને ગ્રંથોમાં એટલું બધું શ્રુતજ્ઞાન ભરેલું છે કે આપણું જીવન પૂર્ણ થાય પરંતુ આગમ – ગ્રંથો પૂર્ણ ન થાય. માટે બીજાં બધાં પુસ્તકોને છોડી માત્ર આગમ ગ્રંથોનું વાંચન જો પ્રિય બની જાય તો મારો પ્રિય ગ્રંથ જ મારૂં પ્રિય જીવન જ્ઞાનમય બની જશે. આગમનું જ્ઞાન જ સમ્યગ્ જ્ઞાન છે તે મોક્ષમાર્ગ સુધી પહોંચાડી શકે છે, જો પરિણત થાય તો. માટે આજ પ્રિય ગ્રંથને પકડી આપણું કલ્યાણ કરીએ.


•

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# આચારાંગ

**સુધર્મા સ્વામી**
**અર્ધમાગધી**

*પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી મ.સા. ના શિષ્યરત્ન પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલ્યાણબોધિ સૂરીશ્વરજી મ. બહુ આયામી વ્યક્તિત્વ છે. પ્રવચન, લેખન, સર્જન, સંગઠન વગેરે તમામ સ્તરે તેઓ કાર્યરત છે. 'પ્રભુના વચનો વૈશ્વિક છે' આ શ્રદ્ધા તેમના લેખમાં વ્યક્ત થાય છે.*



# વાદાધિરાજ-વિશ્વવાદ

**– આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ**

થોડા સમય પહેલા આર.એસ.એસ. સંચાલિત એક સ્કૂલમાં પ્રવચન આપવા માટે જવાનું થયું. પ્રિન્સીપાલ સાથે થોડો સંવાદ થયો. તેમણે તેમની સંસ્થાનો પરિચય આપતાં કહ્યું, 'આ રાષ્ટ્રવાદી સંસ્થા છે.' રાષ્ટ્રવાદ, જ્યાં રાષ્ટ્રના હિતની ઝંખના છે, રાષ્ટ્ર માટે સર્વ બલિદાન આપવાની ભાવના છે, રાષ્ટ્ર માટે બધું કરી છૂટવાની તૈયારી છે. આ પરિચય એમનું ગૌરવ ગણાય છે. ઘર – સમાજ – કોમ – જૂથ આ બધાં કૂંડાળામાંથી બહાર આવો. સંકુચિત હૃદયને વિશાળ બનાવો, આખા રાષ્ટ્રને તમારો પરિવાર બનાવો. તમારી રગરગમાં દેશપ્રેમ વહેવા દો.

જિનશાસન આનાથી આગળ છે, અને ઘણું ઘણું આગળ છે. એનો પરિચય રાષ્ટ્રવાદ નહીં, પણ વિશ્વવાદ છે. એની વિશાળતાને માપવા માટે બીજા બધાં જ માપદંડો વામણા પડે છે. હું ગૌણ અને રાષ્ટ્ર પ્રધાન – આ રાષ્ટ્રવાદ છે. હું ગૌણ અને વિશ્વના – ષટ્કાયના પ્રત્યેક જીવો પ્રધાન – આ વિશ્વવાદ છે. જિનશાસનનો ટૂંકો ને સચોટ પરિચય આ છે કે આ વિશ્વવાદી છે. માટે જ જિનશાસનના પ્રથમ અંગમાં પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ જ અધ્યયનમાં વિશ્વવાદની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

નાનકડો પીનુ રડતાં રડતાં ઘરે આવે છે. બળિયા છોકરાએ પોતાને માર્યું, એની ફરિયાદ મમ્મીને કરે છે. મમ્મીની આંખો છલકાઈ જાય છે, 'શા માટે તેં મારા દીકરાને માર્યું ?' આ પ્રશ્ન લઈને મમ્મી મેદાનમાં હાજર થઈ જાય છે. A mother stands on behalf of her son, But who stands on behalf of the world ? મા પુત્રહિત માટે ઊભી રહે છે, પણ વિશ્વહિતના પક્ષે – વિશ્વની પડખે કોણ ઊભું છે ? એ છે જિનશાસન. ગૌહત્યાપ્રતિબંધના પક્ષે, કન્યા-ભ્રૂણહત્યાના વિરોધ પક્ષે કે માનવતાના પક્ષે ઊભા રહેવું એ વિશાળતા છે કે સંકુચિતતા ? આચારાંગ સૂત્રના માધ્યમે જિનશાસન વિશાળતાની પરિભાષાને સ્પષ્ટ કરે છે. એક 'મા'ની સંવેદનાથી પૃથ્વી – અપ્ – તેજસ્ – વાયુ – વનસ્પતિ – ત્રસ (ચર) જીવોની વેદનાને સ્વયં અનુભવે છે. એમની વ્યથા માટે વેધક પ્રશ્ન કરે છે અને કુદરતના એક સનાતન ન્યાયનો નિર્દેશ કરે છે કે આમાંથી એક પણ જીવની મન/વચન/કાયાથી હિંસા કરી છે, તો એ તારી પોતાની જ હિંસા છે.

**तुमं सि नाम स च्चेव जं हंतव्वं ति मन्नसि**

તું મોતથી ડરે છે ? તો તું હિંસાથી ડર. સમજી લે, કે હિંસા એ જ મોત છે.

**एस क्खु मारे**

તું નરકથી ડરે છે ? તો હિંસાથી ડર, કારણ કે હિંસા એ જ નરક છે.

**एस क्खु नरए**

આચારાંગ સૂત્રનું તાત્પર્ય એ છે, કે તું તારી તકલીફોની ચિંતા કરવાનું બંધ કરી દે અને જે જીવો માટે તું ખુદ તકલીફ બની રહ્યો છે તેમની ચિંતા કરવાનું ચાલુ કરી દે. તારી તકલીફો પર પૂર્ણવિરામ મૂકવાનો આના સિવાય બીજો કોઈ જ ઉપાય નથી.

વિશ્વભરના વિદ્વાનો આજે ભારતીય પ્રાચ્યવિદ્યાના અનુરાગી બન્યા છે. વિહંગાવલોકન કરીએ તો તેમાં આશ્ચર્ય નહીં લાગે, અવધૂતગીતાની 'ગગનોપમતા' જોઈએ, અષ્ટાવક્રગીતાની 'મુક્તાભિમાનિતા' જોઈએ, ભર્તૃહરિ-શતકના 'મનઃપરિતોષિતા' જોઈએ, દશશ્લોકીની 'શિવ-અસ્મિતા' જોઈએ, ઉપનિષદોની 'વ્યોમસામ્યતા' જોઈએ, પુરાણોની 'દમસ્નાતતા' જોઈએ, વેદોની 'જિહ્વાગ્રમધુકાંથિતા' જોઈએ. બસ, જોતા જઈએ ને મંત્રમુગ્ધ થતા જઈએ. દુનિયા પણ મંત્રમુગ્ધ છે. પણ જ્યાં આચારાંગસૂત્ર હાથમાં લઈએ, ને હજી પહેલા જ અધ્યયનનાં પાનાં ફેરવીએ, ત્યાં એ બધું જ નિરર્થક લાગે છે. સંખ્યાબંધ - અસંખ્ય ને અનંત જીવોને મોતને ઘાટ ઉતારવાના જ્યાં સુધી ચાલુ છે, ત્યાં સુધી અધ્યાત્મ, જીવન્મુક્તિ, ચિત્તપ્રસન્નતા, પરમાત્મસ્વરૂપતા, વૈરાગ્ય આ બધાની ઉંચામાં ઉંચી વાતો કરવાનો પણ શો અર્થ છે ? અને એ વાતો 'તાત્ત્વિક કક્ષા'ને આંબી શકે એવી શક્યતા પણ કેટલી છે ? આચારાંગસૂત્ર મિત્રભાવે સલાહ આપે છે -

**जाइं च वुड्ढिं च इहऽज्ज पासे भूएहिं जागे पडिलेह सायं**

ષટ્કાયના જીવોને જો, એમના પર શું વીતે છે એ જો, કેવો મોતનો તાંડવ મચ્યો છે એ જો, સુખ માટે એ જીવો કેવા તલસે છે એ જો, પરમાત્માના સાક્ષાત્કારની વાત તો ઘણી પછીની છે. પહેલા તું એમનો સાક્ષાત્કાર કરી લે જેઓ 'આત્મા' છે, બરાબર તારી જેવા જ.

મારો પ્રિય ગ્રંથ છે 'આચારાંગ સૂત્ર'. એનું કારણ માત્ર એનો 'વિશ્વવાદ' નથી, એમાં છલકતો વિરાગરસ ને એમાં નિરંતર નૃત્ય કરતી આધ્યાત્મિક ઉર્મિઓ પણ છે. એમાં ગાજતા ગગનભેદી સત્ત્વ પરાક્રમના રણશિંગા ને સાધનાના શંખનાદો પણ છે. પ્રભુ વીરના સાધનાજીવનનું જે શબ્દચિત્ર આ ગ્રંથમાં છે, તેનું વર્ણન કરવું પણ શક્ય નથી અને શ્રમણ જીવનની આચારમર્યાદાની જે રેખાઓ આ ગ્રંથમાં કંડારી છે, એ કદાચ

દુનિયાના ધર્મોની કલ્પનાની પણ બહારની વસ્તુ છે. પણ આ બધાં જ પાસાઓ જેનાથી પારમાર્થિક બને છે, અને આ બધાં જ પાસાઓનો જે પાયો છે, એનું નામ છે વિશ્વવાદ.

**यत्र विश्वं भवत्येकनीडम्**... જેવા વચનોથી વેદોમાં,

**पृथिव्यामप्यहं पार्थः**... જેવા વચનોથી ભગવદ્‌ગીતામાં અને

**सर्वभूतदयातार्थम्**... જેવા વચનોથી પુરાણોમાં પણ આ વિશ્વવાદની ઝલક તો દેખાય છે, પણ એના પૂર્ણસ્વરૂપને જાણવા અને પામવા માટે આચારાંગસૂત્રનું શરણ લેવું અનિવાર્ય છે.

આ સૂત્રના શરણે મને રોમાંચિત કર્યો છે. અગાધ અનુપ્રેક્ષા માટે પ્રેરિત કર્યો છે. આચારમાર્ગે આગળ વધવા માટે અનલ્પ આલંબન આપ્યું છે. આધ્યાત્મિક અનુભૂતિઓનો ઉપહાર આપ્યો છે.

ટૂંકમાં કહું તો ખરેખર ન્યાલ કરી દીધો છે. 'પ્રશમરતિ'ના પૂ. ઉમાસ્વાતિ મહારાજના શબ્દોમાં કહું તો એક આચારાંગને ડગલે ને પગલે સાથે રાખો, પછી સંસારનો / મોહરાજાનો કોઈ જ ભય નથી. મોક્ષયાત્રા અવિરત બનશે, અવિઘ્ન બનશે, આશુ બનશે.

બસ.... આચારાંગને આત્મસાત્ કરો.

શ્રુતકેવલી શ્રીભદ્રબાહુસ્વામીના શબ્દોમાં કહું તો ત્રૈલોક્યનો સાર છે આચારાંગસૂત્ર. શત શત વંદન આ ગ્રંથરત્નને.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં.

•

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# ભગવતી સૂત્ર

સુધર્મા સ્વામી
અર્ધમાગધી

*મુનિરાજશ્રી આત્મદર્શન વિજયજી મ. સર્જક અને લેખક છે. તેમની કલમ દ્વારા પ્રવાસવર્ણનો અને પ્રભાવવર્ણનો પ્રાપ્ત થયા છે. મહાપુરુષોના મનમાં ક્ષણે ક્ષણે મહોરતી સ્વીકારની ભૂમિકા તેમના લેખનું હાર્દ છે.*



# સેવં ભંતે ! સેવં ભંતે !

**– મુનિ આત્મદર્શન વિજય**

**સ**મગ્ર જિનવચન એક ગ્રંથરૂપ છે. તીર્થંકર ભગવંતો અર્થથી દેશના આપે છે અને ગણધર ભગવંતો તેને સૂત્રરૂપે ગુંથે છે. બસ, જે ગુંથાય તે જ આપણા માટે ગ્રંથ. જે આપણને આજે પૂર્વાચાર્યો, પ્રતો અને પુસ્તકો દ્વારા મળ્યું છે. જેમ ભારતમાં જન્મતો બાળક હજારો રૂપિયાનું દેવું-કર્જ લઈને જનમતો હોય છે. તેમ જૈનકુળમાં જનમતું પ્રત્યેક શિશુ શાસ્ત્રકારો - ગ્રંથકારોનું ઋણ લઈને જન્મતું હોય છે. કારણ કે તેને જન્મતાં જ કોટિ-ગ્રંથો વારસામાં સહજ રીતે મળતા હોય છે. આ બાળકો ગર્ભશ્રીમંત હોય કે ન હોય ગર્ભ-ગ્રંથ જરૂર હોય છે. તેને ગર્ભકાળથી જ ગ્રંથો મળી જતા હોય છે. માતા યોગ્ય ગ્રંથોનું પારાયણ કરે તો ગર્ભસ્થ શિશુ આગળ જતાં 'પરમ સમીપે' પહોંચી શકે છે. ઘોડીયામાં ઝુલતા ત્રણ વર્ષના વજ્રકુમાર અગ્યાર અંગ મુખપાઠ કરી શકે છે.

કહે છે કે જીવનમાં ગ્રંથ એક હોવો જોઈએ, પંથ એક હોવો જોઈએ, કંત એક હોવો જોઈએ અને સંત પણ (ફેમિલી ગુરુ) એક હોવા જોઈએ. આનું વર્ણન કરવાનો અવસર અત્યારે નથી.

અધ્યાત્મયોગી પ્રગુરુદેવશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાનો પ્રિય ગ્રંથ હતો 'લલિતવિસ્તરા'. વિ.સં. ૨૦૩૯ માં શાંતિનગર ચાતુર્માસમાં આયંબિલ ખાતાના ઉપરના હોલમાં અધ્યાત્મયોગી ગુરુદેવશ્રી પાસે પૂ.કલાપ્રભ વિ.મ.સા., પૂ. કલ્પતરુ વિ.મ. તથા પૂ. કીર્તિયશ વિજયજી મ. આદિ લલિતવિસ્તરા ગ્રંથનું વાંચન કરતા હતા એવું યાદ છે. અધ્યાત્મયોગી ગુરુદેવશ્રીએ વ્યાખ્યાન-વાચના વગેરેમાં પણ આ ગ્રંથ એકથી વધુ વાર લીધો છે. આથી જ એમનું પ્રિયસૂત્ર હતું 'નમુત્થુ ણં'. લોગસ્સ વગેરે પણ ખરા. આ સૂત્રોમાં તીર્થંકરોના ગુણ અતિશયોનું સવિસ્તર વર્ણન અદ્‌ભૂત રીતે રજૂ થયું છે. આ ગ્રંથ વાંચનથી ચૈત્યવંદનનું સામર્થ્ય, સૌંદર્ય અને માધુર્ય કઈ ગણું વધી જાય છે. આથી જ ચૈત્યવંદનમાં નમુત્થુ ણં સૂત્ર પુરૂં કરતાં પૂજ્યશ્રીને ખાસ્સો ટાઈમ લાગતો. આ વાત થઈ પ્રગુરુદેવશ્રીની. જો કે તેમને જ્ઞાનસાર અને યોગસાર જેવા ગ્રંથો પણ અતિપ્રિય હતા. તેના શ્લોકોનું પારાયણ-અનુપ્રેક્ષા કર્યા વગર તેઓ રાત્રિસંથારો પણ નહોતા કરતા. તેમના માટે જ્ઞાનસાર અને યોગસાર એ જ 'શયનખંડ' હતો.

## મારો પ્રિય ગ્રંથ કયો ?

જ્યારથી આ પ્રશ્ન સામે આવ્યો છે ત્યારથી હું અવઢવમાં છું. કારણ કે મારો આત્મા ફ્લેક્સીબલ છે. જેવો ઢાળ મળે તેવો બની જાય છે. મુમુક્ષુ અવસ્થામાં મેં નહીં નહીં તો સંસ્કૃત અધ્યયનમાં પાંચથી વધુ વર્ષો કાઢ્યા. દીક્ષા લીધા બાદ પં. અમુલખભાઈ પાસે સિદ્ધહેમલઘુવૃત્તિ-વ્યાકરણ કર્યું. બાદ પ્રાકૃત કર્યું. સૂત્રો લગાડવાની મજા આવતી. ત્યારબાદ પૂ.પં. ચન્દ્રશેખર વિ.મ. પાસે મુક્તાવલિ કરી. સુરતના પં. ધીરૂભાઈ પાસે તર્કસંગ્રહ કર્યો. પૂ.મુ.શ્રી તીર્થભદ્ર વિ.મ. પાસે પ્રમાણનય કર્યું. એમાં પણ ખૂંપી જતો. ધગશ-ધ્યાન અને લગનપૂર્વક અભ્યાસ થતો. જેને સાધનગ્રંથોમાં મજા આવે એને સાધનાગ્રંથોમાં મજા કેમ ન આવે ? ત્રિષષ્ઠિ અને પાંડવ ચરિત્ર જેવા ચરિત્રગ્રંથો વાંચતાં નજર સામે મહાભારત ખડું થઈ જતું. એમાં આવતા સુભાષિતો ગમી જતા. લોક પ્રકાશના પદાર્થો અને અનુયોગદ્વારના ભંગોમાં કલાકો મિનીટોની જેમ પૂરા થઈ જતા.

દીક્ષાના પ્રારંભના વર્ષોથી જ પૂજ્યશ્રી પોતે જે ગ્રંથો વડીલ મહાત્માઓને વંચાવતા એમાં સાથે બેસવાની મને છૂટ આપી હતી. કારણ કે મારું સંસ્કૃત અધ્યયન અને સમજ શક્તિ સારી હતી અને કદાચ ઉપાદાન પણ ! પ્રજ્ઞાપના ઉપાંગ (સટીક) પૂજ્યશ્રી અમને વંચાવતા. અંદર દેવલોકનું વર્ણન આવતું. દેવોના - ઇંદ્રોના મુગટ, ધ્વજ, વસ્ત્રાલંકારો અને વાહન વગેરેનું (ટીકામાં) વર્ણન આવતું. આવા પદાર્થો એ ઉંમરમાં અચરિજ સાથે આનંદ પેદા કરતા. મને એ વખતે એમ થતું કે ટી.વી. વગેરેમાં બતાવવામાં આવતાં દૃશ્યો કેટલા નકલી - ખરાબ અને ખોટાં હોય છે ! જ્યારે આ આગમો-ગ્રંથો વગેરેમાં કેટલાક પદાર્થો ઇંદ્રિય પ્રત્યક્ષ નહિ હોવા છતાં આગમ પ્રત્યક્ષ રીતે કેટલું અદ્ભૂત - ટંકશાળી (પદાર્થોનું) વર્ણન કરેલું હોય છે. મને અહોભાવ થતો. આવા ગ્રંથોના અધ્યયન દ્વારા તો મહાત્માઓ 'કાઢે પૂર્વના કાળ'.

તે વખતે જૂજ ટી.વી. સિરીયલો હતી. મારે મન એકેક ગ્રંથ એકેક ટી.વી. સિરીયલ જ છે. પીસ્તાલીસ આગમ એટલે પીસ્તાલીસ સિરીયલ. જેમાં જીવવિજ્ઞાન - અજીવવિજ્ઞાન - શિવવિજ્ઞાન બધું જ જાણવા - માણવા મળે. હા, તમારી પાસે ભાષાનું રિમોટ કંટ્રોલ મુખ-પાઠ હોવું જોઈએ. અને સદ્ગુરુ પાસે વાંચનનું લાયસન્સ મેળવવું જરૂરી છે. NEWS - ન્યૂઝ = સમાચાર. N = નોર્થ, E = ઈસ્ટ, W = વેસ્ટ, S = સાઉથ ચારેય દિશાથી મળતા સમાચારને 'ન્યૂઝ' કહેવાય છે એ જ રીતે આ = ચારેય બાજુ, ગમ = જ્ઞાન - જાણકારી - ચારે ય બાજુનું જે જ્ઞાન આવે તેને 'આગમ' કહેવાય છે. ગ્રંથો વાસ્તવિક વિશ્વનું એવું કોઈ વિજ્ઞાન નથી જે આગમમાં ન હોય. એટલું જ નહિ હેય, જ્ઞેય અને ઉપાદેયની વાતો પણ તે સમજાવે છે અને આત્માનું ઉભયલોકમાં હિત થાય એવા હેતથી પદાર્થો પીરસે છે. પૂજ્યશ્રી પાસે ઉત્તરાધ્યયન, આયારાંગ,

સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી જેવા આગમ ગ્રંથો વાંચવાનો પ્રસંગ આવ્યો છે. કોઈ ગ્રંથો વાંચવામાં અધૂરા રહ્યા તો કોઈ પૂરા થયા.

ઉત્તરાધ્યયન સૂત્રે વૈરાગ્યના તાણા-વાણા વણી લીધા છે. એકેક અધ્યયન બેસુમાર વૈરાગ્ય પેદા કરે છે. પહેલા જ શ્લોકમાં શિષ્યની કેવી 'શિષ્ટ' વ્યાખ્યા બતાવી છે, ઠાણાંગ સૂત્રમાં ! સંખ્યા પ્રાયોગ્ય કેવા પ્રકારો બનાવ્યા છે ! મુમુક્ષુ અવસ્થામાં કચ્છ - મનફરામાં પૂજ્યશ્રીએ પ્રવચનમાં જ્ઞાતાધર્મકથાંગ લીધેલો. જેમાં આવતી મેઘકુમારની કથાએ મારા વૈરાગ્યને પ્રદીપ્ત કર્યો હતો. એ જ રીતે ઉત્તરાધ્યયન સૂત્રના કથાનુયોગને પણ મન ભરીને માણ્યો છે. આ કથાઓ પરથી 'ઉંડા આકાશમાં' (હિંદી અનંત આકાશમેં) સચિત્ર પુસ્તક વર્ષો પહેલાં તૈયાર થયેલું. તો અધ્યાત્મસાર ગ્રંથના અંતમાં આવતા '**निन्द्यो न कोऽपि लोके**' વગેરે ગુણો પર પૂજ્યશ્રીએ મદ્રાસમાં આપેલી વાચનાઓ પરથી '**महान जीवन के माइलस्टोन**' મારૂં પ્રથમ પુસ્તક હિન્દીમાં તૈયાર થયેલું. આ બધાં પુસ્તકોને ૨૦ વર્ષ થયાં જે આજે અપ્રાપ્ય છે.

ગ્રંથોમાં શાસ્ત્રકારોની અનુગ્રહ કૃપા વરસે છે તેમ ક્યાંક નિગ્રહ કૃપા પણ વરસે છે. આ કૃપા પણ એક કરૂણાનો જ પ્રકાર છે. આગમ-ગ્રંથ એને જ કહેવાય જેના શબ્દે શબ્દે કરૂણાનો સાગર ઘૂઘવતો હોય. એમાં ન્હાવા પડતો આત્મા ક્યારેક ભાવિત થાય છે ક્યારેત પ્રભાવિત થાય છે તો ક્યારેક અતિભાવિત થાય છે. તો ક્યારેક આપણી પીઠ પર સોળ ઉઠી આવે એવા શબ્દોના કોરડા પણ વીંઝાતા હોય છે. થોડા ઘણા પણ ચારિત્રની બાબતમાં આડા-અવળા થયા તો કેટલાક ગ્રંથો અને છેદગ્રંથો આપણો (પર્યાયનો) છેદ ઉડાડી દે અને પરલોકના અંજામનું વર્ણન કરીને પાપ-રસ ઉડાડી દે તેવુંય બને. તેઉકાયાદિનો (નિષ્કારણ) ઉપયોગ અને સ્ત્રીસંસર્ગથી થતા પરિણામો અને ભોગવવા પડતા અંજામો આપણી વધારાની બધી ચરબી કાઢી નાંખે આપણા અહંને આકરા પાણીએ ઠેસ પહોંચાડે એવું બને.

સૂયગડાંગ સૂત્રમાં આવતું વિજાતીય - પરિચયનું વર્ણન અને નરકનો અસલી ચિતાર ધ્રુજાવી દે તેવો છે. શાસ્ત્રો અને શાસ્ત્રકારો પણ ક્યારેક ના છૂટકે ધિટ્ઠા જીવો માટે ચોયણા અને પડિચોયણા કરવા માટે ઉદાર બની જતા હોય છે. તેમનો મકસદ એક જ હોય છે જે પાણીએ મગ ચડે એ પાણીએ પગ ચડાવી દેવાના.

ગુરુની ગેરહાજરીમાં ગ્રંથ એ ગુરુની ગરજ સારે છે. ગુરુ ચોવીસ કલાક સાથે રહી શકતા નથી. ગ્રંથ ચોવીસ કલાક સાથે રહી શકે છે. સિદ્ધર્ષિગણિને ગુરુ ન બદલાવી શક્યા પણ ગ્રંથે (લલિત વિસ્તરા) શીર્ષાસન કરી નાખ્યું. માથું ટેક્યું ગુરુના ખોળામાં અને પગ કર્યા બૌધ્ધો તરફ.

જિનગમોનો આપણને કેવો 'જમ્બો' વારસો મળ્યો છે ?

પ્રભુ વીરની આ વિરાસત માટે વીરશાસનના આપણે સદા ઋણી રહીશું.

**કોઈ એક પ્રિય ગ્રંથ શા માટે ?**

હું તો જિનશાસનના સદાવ્રતમાં જ્ઞાન-ગોચરી કરવા બેઠો છું. મહોપાધ્યાયશ્રી વિનયવિજયજી કૃત શાંતસુધારસની ઢાળોને અલગ અલગ રાગોમાં ગોઠવીને જાહેરમાં મમળાવવાની મજા માણી છે. સંસ્કૃતમાં કવિતા ગાવાની આનાથી બીજી વિશેષ તક ક્યાં મળે અને ક્યારે મળે ?

ખુદ મને ભદ્રબાહુ સ્વામી, હરિભદ્ર સૂ.મ.સા., શય્યંભવ સૂ.મ.સા., શીલાંકાચાર્ય, અભયદેવ સૂ.મ., કલિકાલસર્વજ્ઞાચાર્ય, મલધારી હેમચંદ્રાચાર્ય, ઉમાસ્વાતિજી મહારાજ, સિદ્ધર્ષિ મહારાજ, મહોપા. શ્રી યશોવિ. મ., વિનય વિ. મહારાજાદિ બત્રીશ પકવાન્ન અને તેત્રીશ વ્યંજનો જેવી વાનગી પીરસતા હોય ત્યારે એકાદ આઈટમને શું કરવા પ્રાધાન્ય આપું ? મને તો બધું જ બે હાથે વાપરવા (ઝાપટવા) જોઈએ છે. જમતાં જમતાં કોઈ એક 'વેરાયટી' વિશેષ ભાવી જાય એ વાત જુદી છે. જિનાગમો અને ગ્રંથોની આ જયાફત માણ્યા પછી દુનિયાની (ભૌતિક) જયાફત આફત જેવી લાગે છે.

ભગવતી સૂત્રની ભાવતી આઈટમની વાત કરૂં તો **भंते** ! અને **गोयमा** ! સંબોધનમાં કેટલું અમિટ વહાલ ઉભરાય છે ! એ વહાલપ સમજાઈ જાય તો બીજું એકેય શાસ્ત્ર વાંચવાની જરૂર ન પડે. એ વહાલના દરિયામાં એટલું બધું અમૃત અને રત્નો પડેલાં છે કે આખીય દુનિયાની સમૃદ્ધિ ખરીદાઈ જાય. પેથડશા અને સંગ્રામ સોની અમસ્તા જ ગોયમા ! શબ્દ પર ઓળઘોળ બનીને સોનામહોર નહોતા વરસાવતા ! શ્રીવીરના મુખેથી સરકતું 'ગોયમા' શબ્દનું સંબોધન આખા ય જગતને સંમોહન કરવા બસ છે.

હાલે વિ.સં. ૨૦૭૦ આધોઈ (કચ્છ-વાગડ) ખાતે પૂ.આ.શ્રી મુક્તિચંદ્ર સૂ.મ. તથા પૂ. મુનિચંદ્ર સૂ.મ. સાનિધ્યે ચાતુર્માસમાં અમારા ભગવતીજીના જોગ ચાલી રહ્યા છે. ભગવતીજીના જોગ ટાણે જ ભાદરવા મહિને પૂ. વૈરાગ્યરતિ વિજયજી મ. નો પોસ્ટમાં ત્રણ મહિને પત્ર મળ્યો. મારો પ્રિય ગ્રંથનું આમંત્રણ મળ્યું. આગમ-ગ્રંથને વધાવવા ટાણે જ આમંત્રણ મળ્યું. સિંહાવલોકના દ્વારા ભાવતું'તું ને વૈદ્યે બતાવ્યું. વિદ્વદ્વર્ય આ.ભ.શ્રી મુનિચંદ્ર સૂ.મ. પાસે **जइ–जीय–कप्पो** છેદગ્રંથનું વાંચન ચાલે છે. પરિણત મહાત્માઓએ ખાસ વાંચવા જેવો સરળ ગ્રંથ છે.

ભગવતીસૂત્રની અધૂરી વાત આગળ ધપાવીએ તો ઉર્ધ્વજાનુ અધઃશિર ધ્યાનરૂપ કોષ્ઠમાં પ્રવિષ્ટ પ્રભુ વીરની નજીક કાલી ઘેલી ભાષામાં પ્રશ્નો પૂછે છે. માતાની જેમ મહાવીર પ્રભુ પણ પરિતોષનો ઓડકાર લેતા હોય તેમ **सेवं भंते ! सेवं भंते** ! દ્વારા પરમ

સ્વીકાર કરે છે. ભગવતી સૂત્રના દરેક ઉદ્દેશાના અંતે **सेवं भंते ! सेवं भंते** ! અચૂક વાંચવા મળે. ગૌતમ, પ્રભુ વીરને કહે છે કે હે પ્રભુ ! આપ કહો છો તે તેમ જ છે, તેમ જ છે. '**तमेव सच्चं निस्सँकं**' અફાટ શ્રધ્ધાના સાગરમાં ગૌતમસ્વામી પ્રભુવીરના પાલવને પકડીને તરવાની મોજ માણી રહ્યા છે. સ્વીકાર જ સ્વીકાર. પ્રતીકાર પણ નહિ, ઈન્કાર પણ નહિ. સાડા બાર વર્ષની ઘોર સાધનામાં પ્રભુ વીરે પણ સંકટોનો સ્વીકાર જ કર્યો છે. ઈન્કાર પણ નહિ, પ્રતીકાર પણ નહિ. સંકટમાં અને સમર્પણમાં 'સ્વીકાર' જ મંત્રોચ્ચાર બની રહે છે.

**सेवं भंते** ! ચાર અક્ષરનો શબ્દ સળગતા આજના સંસારને સ્વર્ગ બનાવી દેવા સમર્થ છે.

દીકરો બાપને '**सेवं**' કહી દે. (આપ કહો છો તેમ જ છે.)

નોકર માલિકને '**सेवं**' કહી દે.

વહુ સાસુને '**सेवं**' કહી દે.

પત્ની પતિને '**सेवं**' કહી દે.

ભાઈ ભાઈને '**सेवं**' કહી દે.

શિષ્ય ગુરૂને '**सेवं**' કહી દે.

ભક્ત ભગવાનને '**सेवं**' કહી દે.

શું નથી લાગતું કે '**सेवं**' શબ્દ જ દેવદૂત બનીને તમારા સંસારને સ્વર્ગ બનાવી દે ? આજ્ઞા લેવાની, પાળવાની અને પછી આપવાની વાત કલ્પસૂત્રમાં પણ સિદ્ધાર્થ મહારાજાના વર્ણનમાં વિશદ રીતે આવે છે. જે લૌકિક અને લોકોતર સ્તરે એટલી જ જરૂરી છે.

**सेवं भंते** ! શબ્દ સાંભળીને કે વાંચીને જો આપણાં રોમાંચ ખડા થાય તો સમજજો કે આપણે પણ ગૌતમના એક અંશ છીએ. અને એનું પાલન જો જીવનમાં આવી જાય તો સમજવું કે આપણે ગૌતમના વંશજ છીએ. ગૌતમનો પર્યાય આપણો પણ એક પર્યાય બની જાય છે.

ઉજ્જૈનના એક ડૉક્ટરને પૂ. કલાપૂર્ણસૂરિજીનું નામ સાંભળતાં જ રોમાંચ ખડા થાય છે. એમના માટે કલાપૂર્ણસૂરિજી ગૌતમ જેવા સાબિત થાય છે.

કોઈ મને પૂછે કે તમને તમામ ગ્રંથોમાં શિરમોર શબ્દ કયો લાગ્યો ? તો ઉંઘમાં પણ હું કહું કે સમર્પણના શિખર જેવો '**सेवं भंते**' શબ્દ જે સંસારમાં સ્ટીમર જેવો છે. આગમના સાગરમાં અમૃત જેવો છે.

•

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# વિશેષાવશ્યક ભાષ્ય

**શ્રી જિનભદ્ર ગણિક્ષમાશ્રમણ**

**અર્ધમાગધી**

*પ.પૂ.આ.દે. શ્રી વિ. રત્નસુંદરસૂરીશ્વરજી મ. વ્યાખ્યાન અને લેખન શૈલીના સ્વામી છે. શબ્દોની તાકાતથી તેમણે હજારો લોકોના જીવન પરિવર્તન કર્યા છે. તેમના શબ્દોમાં ભાવની તાકાત વિશેષાવશ્યકભાષ્ય નામના ગ્રંથે ઉમેરી છે.*



# એ ઉપકાર ગ્રંથનો, કદીય ન વિસરે

– આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ

સંયમ જીવનનું એ દશમું વરસ હતું. ચાતુર્માસ પૂજ્યપાદ ગુરુદેવશ્રી સાથે અમલનેર મુકામે હતું. અધ્યાપનકુશળ પૂજ્યપાદ પંન્યાસ શ્રી ગુણાનંદવિજયજી મહારાજ પાસે સહુ મુનિઓના પાઠ ગોઠવાઈ ગયા હતા. અમે સાત – આઠ મુનિઓ તેઓશ્રી પાસે વિશેષાવશ્યકભાષ્યના અધ્યયન માટે બેઠા હતા.

શરૂઆત તેઓશ્રીએ નમસ્કાર નિર્યુક્તિથી કરી અને જેમ જેમ એનું વાંચન થતું ગયું તેમ તેમ મન એમાં આવી રહેલ પદાર્થોના વાંચનથી – શ્રવણથી અને એના પરની પૂજ્યશ્રીની સમજાવટથી ચમત્કૃત બનતું ગયું અને એમાંય 'નમસ્કારના સ્વામી કોણ ? પૂજ્ય કે પૂજક ?' આ પ્રકરણ પરના વાંચને તો મનની આખી વિચારધારા જ બદલી નાંખી.

'આપણે જો પ્રભુના છીએ તો પ્રભુને આપણે કરેલો નમસ્કાર પણ પ્રભુનો જ છે. એ નમસ્કારથી ઊભાં થતા પુણ્ય પર અધિકાર પણ પ્રભુનો જ છે તો એ નમસ્કારથી ઊભા થતા ગુણોના ઉઘાડના યશભાગી પણ પ્રભુ જ છે.'

ભલે આ વિચારણા નય સાપેક્ષ છે પણ એ વિચારણાએ મારી પરિણતિને નિર્મળ બનાવવામાં અને આજની તારીખે પણ નિર્મળ રાખવામાં જે ઉપકાર કર્યો છે એનું શબ્દોમાં વર્ણન કરવું મારા માટે સર્વથા અશક્ય છે.

વીતરાગ સ્તોત્રની આ પંક્તિ **'भवत्प्रसादेनैवाहमियतीं प्रापितो भुवम्'** પણ એ જ હકીકત તરફ આંગળી ચીંધણું કરી રહી છે ને ?

**'ઈતની ભૂમિ તુમહી આણ્યો'** સ્તવનની આ પંક્તિ પણ એ જ વાત પર જોર લગાવી રહી છે ને ?

**'एकस्यापि शुभभावस्य भगवत्प्रसादलभ्यत्वात् ।'** ઉપમિતિની આ પંક્તિ પણ એ જ હકીકત પર જોર લગાવી રહી છે ને ?

**'જેના પ્રભાવે વિશ્વમાં સદ્‌ભાવની સરણિ વહે'** અરિહંત વંદનાવલીની આ પંક્તિ પણ એ જ વાત પર જોર લગાવી રહી છે ને ?

બસ, મનમાં આ વાત જડબેસલાક ગોઠવાઈ ગઈ છે કે – આ જીવનમાં જે પણ શુભ કે સુંદર છે એ તમામના કેંદ્રમાં પણ પ્રભુ છે અને એ તમામ પર અધિકાર પણ પ્રભુનો છે.

પછી તો નમસ્કાર નિર્યુક્તિ આગળ ચાલી. ગૃહસ્થપણામાં નવકારના અર્થમાં એમ સમજાયું હતું કે 'આ પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશક છે' પણ નમસ્કાર નિર્યુક્તિ વાંચી ત્યારે ખ્યાલ આવ્યો કે 'આ પાંચેય નમસ્કાર અર્થાત્ પાંચમાંથી કોઈ એકને કરેલ નમસ્કાર પણ સર્વપાપોનો નાશક છે'.

લેશ અતિશયોક્તિ વિના કહું તો નમસ્કાર મહામંત્રને સાચા અર્થમાં ભાવથી સ્પર્શવાનું સદ્ભાગ્ય મને સંયમજીવનના દશમા વરસમાં નમસ્કાર નિર્યુક્તિના વાંચન પછી સાંપડ્યું.

આ પછી તો સામાયિક નિર્યુક્તિ, ઉપોદ્ઘાત નિર્યુક્તિ, નયવાદ, નિહ્નવવાદ, ગણધરવાદ અને જ્ઞાનપંચક બધાં જ પ્રકરણો વાંચ્યાં, એનાં પદાર્થો કંઠસ્થ કર્યા અને મહિનાઓ સુધી એનો સ્વાધ્યાય કર્યો. અનેક મુનિઓને આ ગ્રંથનું અધ્યયન કરાવવાનું સદ્ભાગ્ય પણ મને સાંપડ્યું.

સંયમ જીવનમાં અનેક પ્રકરણો અને અનેક આગમો વાંચ્યા – વંચાવ્યા પણ વિશેષાવશ્યકભાષ્યે મારા જીવનમાં જે ચમત્કાર સર્જ્યો છે એ અવર્ણનીય છે.

હા, આજે પણ તક મળતાં એ ગ્રંથનો સ્વાધ્યાય હું કરી લઉં છું. એ પાવન ગ્રંથમાં આવેલ આ શ્લોક –

**'अणथोवं वणथोवं अग्गिथोवं कसायथोवं च ।**
**न हु भे विससियव्वं, थोवं पि तो बहुं हुंति' ।।**

તો મારા રોજના સ્વાધ્યાયમાં ગોઠવાઈ ગયો છે. એ શ્લોકને આંખ સામે રાખવાથી મનને કષાયથી ખરડાતું બચાવવામાં મને ખૂબ લાભ થઈ રહ્યો છે.

અલબત્ત, આ મહાન ગ્રંથની મહાનતાને મારા જેવો અલ્પજ્ઞ થોડી ઘણી પણ જો સમજી શક્યો છે તો એમાં વિદ્યાગુરુ પૂજ્યપાદ પંન્યાસ શ્રી ગુણાનંદવિજયજી મહારાજનો અમાપ ઉપકાર છે.

તેઓશ્રીએ જે ચીવટથી એ ગ્રંથના રહસ્યોને ઉજાગર કર્યા છે એ યાદ આવતાં આજેય તેઓશ્રીના પાવન ચરણોમાં મસ્તક અહોભાવથી ઝૂકી જાય છે.

બુદ્ધિના જંગલમાં અટવાતા રહીને હૃદયને સક્ષમ બનાવી દેવાના ખતરનાક ઉપાયથી જાતને ઉગારી દેવામાં આ ગ્રંથ મને તો ભારે ઉપકારક બન્યો જ છે પણ અનેક આત્માર્થીઓ આ ગ્રંથના અધ્યયન દ્વારા પોતાના હૃદયને ભીનું ભીનું રાખવામાં સફળ બને એ શુભકામના પણ વ્યક્ત કર્યા વિના હું રહી શકતો નથી.

•

जो कोइ मतनिरपेक्ष थोडे पण क्षयोपशमे वर्ते स्यादवाद महाशास्त्ररो अभ्यास करवा चाहे तेहने में सिद्धान्त शास्त्ररो दान द्यां. तिणसुं मारे एकान्त स्नेह हे ते प्रीछजो.

જે કોઇ મતનિરપેક્ષ વ્યક્તિ મહાન શાસ્ત્રોનો અભ્યાસ કરવા ચાહે છે તેને હું સિદ્ધાંત શાસ્ત્રનું દાન કરીશ. તેની ઉપર મને એકાંત પ્રેમ છે તે જાણશો.

**– ઉપા. શ્રી યશોવિજયજી મ.**

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# નંદિસૂત્ર

**આ. દેવવાચકગણી**

**અર્ધમાગધી**

*પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરત્નચંદ્રસૂરીશ્વરજી મ.ના વ્યક્તિત્વમાં વક્તૃત્વ, લેખન અને પ્રભાવનાનો ત્રિવેણી સંગમ રચાય છે. 'આત્માનો આનંદ અને પ્રસન્નતાનો પમરાટ' નંદિસૂત્રમાંથી પ્રાપ્ત થાય છે આ પૂજ્યશ્રીનો અનુભવ છે. પૂજ્યશ્રીએ સૂરિમંત્રની ત્રીજી પીઠિકાના સાધનાકાળમાં આ લેખ લખ્યો છે.*



# આનંદ આપે નંદિસૂત્ર

– આચાર્ય વિજય રત્નચંદ્રસૂરિ

જે મનને પ્રસન્નતાથી તરબતર કરી દે, આનંદથી ભરી દે તે નંદિસૂત્ર.

આમ તો ઘણા પ્રિયગ્રંથો છે. જ્યારે – જ્યારે કોઈ પણ નવો ગ્રંથ હાથમાં લઉં એટલે એ ગ્રંથ ખૂબ જ ગમી જાય.

''મારો પ્રિય ગ્રંથ''ની શ્રેણીમાં સંવેગરંગશાળા, શાંતસુધારસ, યોગશાસ્ત્ર, પ્રશમરતિ અને જૈન પરંપરાનો ઈતિહાસ મુખ્ય ગણી શકાય.

પણ 'નંદિસૂત્ર'નું ખેંચાણ મને તીવ્રભાવે રહ્યું છે. કોઈ પણ આગમ હોય તો એ તીવ્રભાવે વાંચવાનું અવશ્ય મન થાય જ કિંતુ, નંદિસૂત્ર તો દીક્ષા લઈએ ત્યારથી જ સ્મરણપટમાં ગુંજતું હોય છે. શું હશે એવું નંદિસૂત્રમાં કે જેનો લગાવ દિનપ્રતિદિન વધતો જ જાય છે ? દીક્ષા વખતે વડીદીક્ષા વખતે કે ઉપધાન વખતે અને જોગની ક્રિયા વખતે ''ઈચ્છકારી ભગવન્ ! પસાય કરી શ્રી નંદિસૂત્ર સંભળાવોજી'' આ આદેશ અવશ્ય માંગવાનો હોય છે. ક્યારેક ત્રણ નવકાર સ્વરૂપે નંદિસૂત્ર સાંભળવા મળે છે. તો ક્યારેક નંદિસૂત્રનો અમૂક જ પાઠ સાંભળવા મળે.

પણ ખરી મજા તો આચાર્યપદવી વખતે આવી. બે હાથ મસ્તકે લગાવી, મુહપત્તી ટચલી આંગળીમાં ભરાવી, અંજલિ જોડી, સ્હેજ મસ્તક નમાવી, ઊભાઊભા સંપૂર્ણ સાતસો ગાથામય નંદિસૂત્ર સાંભળવા મળ્યું.

આત્માનો આનંદ અને પ્રસન્નતાનો પમરાટ નંદિસૂત્રના નામ માત્રથી વધી જાય છે. એમાં રહેલ મંગલ, સંઘ સ્વરૂપ અને પંચજ્ઞાન મહિમા અપૂર્વ કોટિના છે. ''**जयइ जगजीवजोणी**'' આ પ્રથમ ગાથા બોલતા જ એટલો રોમાંચ થાય છે કે એનું વર્ણન શબ્દાતીત બને છે. એ ગાથાના મંગલાચરણમાં અદ્ભૂત શક્તિ છે. મારો અનુભવ તો એવો છે કે નંદિસૂત્રની આ બે ગાથા વ્યાખ્યાનમાં મંગલાચરણ રૂપે બોલે એ વક્તાનું પ્રવચન હૃદયસ્પર્શી અને આત્મલક્ષી બની જાય છે. શબ્દોનું લાલિત્ય ક્યાંથી અને કેવી રીતે આવે છે એ જ ખબર પડતી નથી. અરે ! વક્તાનો પડ્યો બોલ શ્રોતાજનો ઝીલી લે છે. આ તાકાત સ્વયં અનુભવી છે અને અંતરાત્મામાં જે આનંદની અનુભૂતિ થાય છે તે શબ્દાતીત, વર્ણનાતીત, અકથનીય પણ સ્વસંવેદનીય હોય છે.

આ આખો ગ્રંથ જ મંગલમય છે. આનંદ આપનાર છે. સહજ આનંદ એ જ નંદિ.

નંદિ એટલે જ્ઞાન. જ્ઞાન હોય તો જ વૈરાગ્ય ટકે. માટે જ્ઞાન આનંદકારી છે. માટે જ સિદ્ધસ્વરૂપી આત્મા જ્ઞાન-આનંદથી તરબતર હોય છે.

અજ્ઞાન એટલે જ કર્મરજ, અને કર્મરજથી મલિન આત્મામાં આનંદ ક્યાંથી ?

જીવમાંથી શિવ બનવાની જે સિદ્ધયાત્રા છે એને નંદિયાત્રા પણ કહી શકાય.

પીસ્તાલીસ આગમમાં અંગ, ઉપાંગ, છેદગ્રંથ અને પયન્ના ગણવામાં આવ્યા છે. આગમો એક જૂથમાં સમાવિષ્ટ છે પણ નંદિ બને અનુયોગદ્વારને સ્વતંત્ર હવાલો આપ્યો છે.

આગમશાસ્ત્રમાં પ્રવેશ કરવા માટે જેમ 'અનુયોગદ્વાર' જરૂરી છે તેમ મને લાગે છે કે સંયમજીવનની સ્થિરતા માટે નંદિસૂત્ર જરૂરી છે. એકવાર નંદિસૂત્રના સૂત્ર-અર્થમાં પ્રવેશ થાય પછી એનું ચિંતન પ્રગાઢ અને મહોદય બને છે. ફક્ત ''**जयइ**'' શબ્દ ઉપર જ્યારે મન કેંદ્રિત કરું છું ત્યારે આત્મામાં અગોચર ઝણઝણાટીનો અનુભવ થાય છે.

દેવવાચક ગણિ (દેવર્ધિ ગણિ ક્ષમાશ્રમણ) એ મારા ઉપર કેટલો મહાન ઉપકાર કર્યો છે ! આ નંદિસૂત્ર જાણે મારા માટે જ ન રચાયું હોય એમ સતત મને લાગે છે.

પ્રિય ગ્રંથ નંદિસૂત્રની વાચના વખતે તેની કર્તા ઉપર ભાવ, અહોભાવ અને બહુમાનભાવ અનેક ગણો વધી જાય છે.

**जयइ** = જય પામે છે. જિતવું. રાગદ્વેષ મોટા દુશ્મન છે. તેને જીતવાની સમર્થતા આ ગાથા દ્વારા મળે છે.

ભગવાનને અદ્ભૂત વિશેષણોથી નવાજવામાં આવ્યા છે.

જગતના જીવોને અને ઉત્પત્તિને જે જાણે છે જગગુરુ. જગતના ગુરુ બનવાનું સામર્થ્ય પરમાત્મામાં છે. ગુરુ અંધકારને દૂર કરે અને અજવાળા પાથરે. આ વિશ્વમાં પરમાત્મા જ જગતના ગુરુ છે. આ વિશેષણ દ્વારા એવા ભાવ જાગે છે કે પ્રભુના સાન્નિધ્યમાં જવાથી મોહનો અંધકાર દૂર થઈ જાય છે.

એ જ રીતે જગતને આનંદ કરનાર, જગનાથ, જગતબંધુ, જગતપિતા કેવા-કેવા સાર્થક બિરુદ આપ્યા છે ! શબ્દસૃષ્ટિ, અર્થસૃષ્ટિ અને છેદસૃષ્ટિમાં બસ નાહ્યા જ કરીએ નાહ્યા જ કરીએ. આ નંદિસૂત્રનો એક એક શબ્દ મારા મનને ઝંકૃત કરી દે છે.

ભગવાન મહાવીર જે અંતિમ તીર્થંકર છે એમના માટે ''**अपच्छिमो**'' શબ્દ વાપર્યો છે. કમાલની ભાષા છે - અપશ્ચિમ. હવે પછી કોઈ નહિ. અંતિમ. શબ્દોની પસંદગી પણ અદ્ભૂત છે.

આ ગ્રંથ સાથે મારી સંવેદના શું ? એમ પૂછો છો ? અરે ભાઈ ! શું સંવેદના એમ નહિ પણ કઈ સંવેદના નહિ ? એ સવાલ કરવા જેવો છે. ગ્રંથ તો પ્રિયતમ છે. પ્રિયતમા ને પ્રિયતમનો વિરહ સાલે છે. બસ એ જ રીતે સમજી લો કે પ્રિયતમ નંદિ વગર આત્મચિંતન બેચેન બની જાય છે. એની સંવેદનાનું વર્ણન શું કરવું ?

કેવી વિશાળ દૃષ્ટિ આ ગ્રંથે આપી છે તે કેવી રીતે વર્ણવી શકાય ?

જગતના જીવો ઉપર મૈત્રી, પરમાત્મા ઉપર ભક્તિ અને સંઘ ઉપર બહુમાનભાવ પેદા થયો છે આ પ્રિયગ્રંથના વાંચન-ચિંતનથી, સંઘને અનેક ઉપમાઓ આપી છે આ ગ્રંથમાં.

સંઘ નગર જેવો છે - સંઘનગર.

નગરમાં શું હોય ? મોટા-મોટા આવાસો હોય, ધન-સંપત્તિ હોય, કિલ્લાઓ હોય, મોટા-પહોળા રસ્તાઓ હોય.

આ સંઘ પણ નગર જ છે. કેવી રીતે ? ગુણ રૂપી ભવનોથી સંઘનગર શોભી રહ્યું છે. મૂળગુણ અને ઉત્તરગુણ જેમાં છે તે સંઘ કહેવાય છે. ચારિત્ર અને પિંડવિશુદ્ધિ રૂપી ગુણો એ જ આવાસો તેનાથી ગહન એવું સંઘરૂપી નગર છે.

સંઘ એટલે ચતુર્વિધસંઘ. જેમાં સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા નો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપદેશમાળામાં કહ્યું છે કે -

'જિનાજ્ઞાથી અનુબંધ એક સાધુ, એક સાધ્વી એક શ્રાવક અને એક શ્રાવિકાને પણ સંઘ કહેવાય અને આજ્ઞારહિત હોય તો તે ઘણા હોય તો પણ હાડકાનો ઢગલો ગણાય.'

જિનાજ્ઞા સંયુક્ત સંઘ સન્માનનીય અને બહુમાનનીય છે.

નગરમાં જેમ સંપત્તિ હોય તેમ સંઘમાં શ્રુતરૂપી રત્નો ભરેલા હોય છે.

શ્રુત દ્વારા આત્માને સુખ મળતું હોવાથી તેને રત્નો કહેવાય છે. અને સંઘમાં આવા ઢગલાબંધ રત્નો જોવા મળે છે.

સંઘથી જ દર્શનવિશુદ્ધિ થાય છે. એટલે સમ્યગ્દર્શન રૂપી મોટા-પહોળા અને ચોક્ખા રસ્તા સંઘમાં હોય છે. અર્થાત્ સમ્યગ્દર્શનરૂપી રસ્તાઓથી સંઘનગર સમૃદ્ધ બને છે. વળી તે આ નગરનો કિલ્લો એટલે નિરતિચાર ચારિત્ર. જેમ કિલ્લો નગરનું રક્ષણ કરે એ જ રીતે અખંડ ચારિત્ર સંઘની સુરક્ષા કરે.

બીજી ઉપમાનો વિચાર કરીએ. સંઘ ચક્ર જેવો છે.

ચક્ર અને સંઘ, કેવો સમન્વય સાધ્યો છે ! એક એક વાક્ય એક શબ્દ આત્માનુભૂતિ કરાવે છે. ચક્રવર્તિઓ ચક્ર દ્વારા શત્રુઓનો નાશ કરે તેમ સંઘચક્ર અંતરશત્રુઓનો નાશ કરનાર છે.

સત્તર પ્રકારના સ્થંભ અને બાર પ્રકારનો તપ એ સંઘચક્રની આરા છે. (ચક્રને ઉભા સળીયા હોય તેને આરા કહેવાય) ચક્રની બાહ્યભ્રમિ (બહારનો મધ્ય ઉપસેલો ભાગ) એટલે સમ્યક્ત્વ. અને આ ચક્ર જેવું બીજું કોઈ ચક્ર નથી. એટલે કે સંઘ એ સંઘ છે, સંઘ જેવો બીજો કોઈ સેવનીય નથી.

વળી સંઘને રથની ઉપમા આપી છે. જે રીતે રથમાં પતાકા, ઘોડા અને આનંદ આપનાર અવાજ આવે તે જ રીત સંઘમાં પણ શીલ રૂપી પતાકા, તપ અને નિયમ રૂપી ઘોડા અને સ્વાધ્યાયનો મંદ મંદ નાદ આનંદમાં વધારો કરનાર હોય છે.

વળી સંઘને પદ્મ એટલે કમળની ઉપમા આપી અને કમળની વિશિષ્ટતા સંઘમાં કેવી રીતે સાર્થક થાય છે તેનું અદ્‌ભૂત વર્ણન કરવામાં આવ્યું છે.

તથા સંઘને ચંદ્રની ઉપમા આપીને ગ્રંથકારે બહુમાન ભાવમાં ખૂબ જ વધારો કરી દીધો છે. ચંદ્રનું કર્ણક (ચિહ્ન) શીતળતા આદિનું સરળ વર્ણન જોઈ શકાય છે.

તથા સંઘની સૂર્ય-સમુદ્ર અને મેરૂની સાથે સરખામણી કરી છે. તે તે ગુણો સંઘમાં પણ આબેહૂબ રજુ કરેલ છે.

ટૂંકમાં, નંદિસૂત્રમાં સંઘને નગર, ચક્ર, રથ, પદ્મ, ચંદ્ર, સૂર્ય, સમુદ્ર અને મેરૂ પર્વત આ રીતે આઠ મહાઉપમા આપી છે. વળી આ ઉપમાઓ આબેહૂબ બંધબેસતી આવે એ રીતે વર્ણન કરી સંઘ ઉપર બહુમાનભાવમાં અને ઉછાળો લાવ્યો છે. સંઘના સાચા સ્વરૂપને જાણવા માટે નંદિસૂત્રની આ આઠ ઉપમા ખૂબ જ ઉપયોગી થઈ પડે.

મંગળને કરનારા આ મંગળમય ગ્રંથમાં પદે-પદે માંગલિક પ્રગટ થાય છે. સંઘને વંદના અને આશીર્વાદ કરી ચોવીસ તીર્થંકર પરમાત્માનું નામસ્મરણ કરવામાં આવ્યું છે. ત્યારબાદ શ્રમણ ભગવાન મહાવીર દેવના અગ્યાર ગણધરોની વંદના પચીસસો વર્ષ પહેલાની ઘટનાના સાક્ષી બનવા પ્રેરે છે.

નંદિસૂત્ર આપણને એ બતાવે છે કે - તમારા નિકટના ઉપકારીને ભૂલશો નહિ અને એટલે જ મોક્ષમાર્ગના વાહક વીરપ્રભુના પાટ પરંપરામાં થઈ ગયેલ મહાપુરૂષોનું સ્મરણ કરાવે છે.

સુધર્માસ્વામિ પછી જંબૂસ્વામિ, પ્રભવસ્વામિ, શ્રી શય્યંભવસૂરિ, તેમની પાટે યશોભદ્રસૂરિ, સંભૂતિવિજયસૂરિ, ભદ્રબાહુસૂરિ અને સ્થૂલિભદ્રજીને નમસ્કાર કર્યા છે. ત્યારબાદ પણ આર્ય મહાગિરિથી લઈ નાગાર્જુન, ભૂતદિન્ન, લોહિતાચાર્ય અને દુષ્યંતગણિ સુધીની સેંકડો મહાપુરૂષોના નામ-ગામ અને શાખાઓનું વર્ણન કરી વંદના કરવામાં આવી છે.

છેલ્લે અન્ય શ્રુતને ધારનારા મહાત્માઓને ઓઘ વંદના કરી છે.

આ રીતે નંદિના મંગળને જાણી શિષ્યો સદાય ગુરુના ઉપકારને સ્મરણમાં રાખે. વળી નંદિસૂત્રમાં શ્રોતાની યોગ્યતા-અયોગ્યતાની જાણકારી માટે ચૌદ પ્રકારના શ્રોતાઓ બતાવ્યા છે.

૧) મગશેલ - ગમે તેવા વરસાદમાં પણ મગશેલ પથ્થર ભીંજાય નહિ.

૨) ઘડો - નવા-જૂના ઘડા જેવા શ્રોતાઓના બે પ્રકાર છે - ઈત્યાદિ.

૩) ચાલણી - ચાલણીમાં પાણી ભરવા છતાં તેમાં ટકે નહિ.

૪) ગયણી - દૂધ-ઘી ગાળવાની ગરણી, કચરો ધારણ કરે તેમ.

૫) હંસ - હંસની જેમ સારભૂત પદાર્થો ગ્રહણ કરે. અસારને છોડી દે.

૬) મહિષ - પાડાની જેમ પાણી(સભા)ને ડહોળે. ન સાંભળે, ન સાંભળવા દે.

૭) મેષ - બકરીની જેમ શાંતિથી પાણી પીએ, સાંભળે.

૮) મશક - મશકની જેમ ગુરુના મનમાં વ્યથા ઉત્પન્ન કરાવે.

૯) બિલાડી - પાત્રમાં રહેલ દૂધ ઢોળીને પીવે, તેમ શિષ્ય વિનયરહિત સાંભળે.

૧૦) જળો - શરીરની ગંદકી ચૂસે તે જળો. તેમ ગુરુને દૂભવ્યા વગર સાંભળે.

૧૧) મહક - થોડું - થોડું ક્ષીર-જળ પીવે, પછી પચાવે. શિષ્ય શ્રુત સાંભળી ચિંતન કરે.

૧૨) ગાય - ઘાસ ખાઈ દૂધ આપે, થોડું સાંભળીને વક્તાનો ઉપકાર માને.

૧૩) ભેરી - દેવદત્ત ભેરીથી રોગ દૂર થાય, નકલી ભેરીથી ના થાય. તે રીતે શ્રુતને યોગ્ય રીતે ગ્રહણ કરે તો કર્મ નાશ, અન્યથા કર્મબાધ.

૧૪) આભીરી - આચાર્યની સામે જેમ તેમ બોલે તો આભીરીની જેમ દુઃખી થાય.

જો કે પ્રિય ગ્રંથ સાથેના સંભારણા લખવા બેઠો છું પણ અંદર રહેલી વિશેષતા જો શ્રોતાઓને ન જણાવું તો પછી સંભારણા કેવી રીતે આલેખી શકું ? છતાં અત્રે ટૂંકમાં શ્રોતાઓના પ્રકાર લખ્યા છે. વિશેષ તો ગુરુગમથી જાણવા. વળી આ ગ્રંથમાં ખાસ વર્ણન તો પાંચ જ્ઞાનનું જ છે. જ્ઞાન વગર જીવન નકામું છે. એટલે જ જીવની યોગ્યતા - અયોગ્યતાનું વર્ણન કર્યા પછી સૌ પ્રથમ સૂત્રમાં જણાવે છે -

**नाणं पंचविहं पन्नतं ।**

પાંચ પ્રકારનું જ્ઞાન - મતિજ્ઞાન વિગેરેનું અદ્‌ભૂત વર્ણન છે. એક-એક જ્ઞાનપદમાં પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષનો અદ્‌ભૂત સમન્વય કરી સેંકડો સવાલોના સેંકડો જવાબો આપ્યા છે. તત્ત્વજ્ઞાનથી ભરપૂર આ ગ્રંથમાં - મતિજ્ઞાન, તેના ભેદો, પેટાભેદો, તેમાંથી ઊભા થતાં પ્રશ્નો, તેનું સમાધાન ખૂબ જ ઉચ્ચ કક્ષાનું - ન્યાયની પરિભાષામાં આપ્યું છે.

તે જ રીતે શ્રુતજ્ઞાન - અવધિજ્ઞાન - મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનનું અદ્‌ભૂત

સ્વરૂપ બતાવ્યું છે. કેટલીક તત્ત્વજ્ઞાનની વાનગીઓ આપણે ચાખીએ.

- આવશ્યક સૂત્રથી લઈ દૃષ્ટિવાદ સુધીના તમામ આગમોનું સ્મરણ કરવામાં આવ્યું છે.
- સમ્યગ્દર્શન અને મિથ્યાત્વનું અદ્ભૂત વર્ણન કરેલ છે.
- રત્નત્રયીની મહત્તા બતાવવામાં આવી છે.
- દરેક જ્ઞાનનો વિષય અને મર્યાદા બતાવવામાં આવી છે.
- પાંચે ઇંદ્રિયોથી થતું જ્ઞાન, ઈહા, અપાય, ધારણા ઈત્યાદિ જ્ઞાનની વિશેષ સમજૂતી આપી છે.
- અભ્યાસીઓને આનંદ થાય અને જ્ઞાનની સમજણ પડે માટે સરસ બોધદાયક દૃષ્ટાંતોનો ખજાનો ભર્યો છે.
- છ આરાનું વર્ણન, સાગરોપમ, પલ્યોપમ અને પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ, ભરત, ઐરાવત, મહાવિદેહ ક્ષેત્ર આદિનું વર્ણન જોવા મળે છે.
- મોક્ષનું સ્વરૂપ, કોણ-ક્યાંથી મોક્ષે જાય ઈત્યાદિ વર્ણન ખૂબ જ આનંદદાયક છે.

જેમકે - ઊર્ધ્વલોકથી ચાર આત્મા એક સમયે મોક્ષે જાય. વીસ આત્મા એક સમયમાં અધોલોકથી જઈ શકે. એ જ રીતે સમુદ્રમાંથી. પાંચમા આરામાં, છઠ્ઠા આરામાંથી કેટલા મોક્ષે જાય ? ઈત્યાદિ વર્ણન જાણવા મળે.

નંદિસૂત્રના પદાર્થોનું વર્ણન કરવાને કોણ સમર્થ છે ? અનેક આગમોનો સંદર્ભ પણ નંદિસૂત્રમાં છે. બસ, મનની પ્રસન્નતા સદાય વધતી જ રહે અને આત્મીયતામાં વધારો થયા કરે એવું કંઈક વિશિષ્ટ તત્ત્વ નંદિસૂત્રમાં જાણવા મળે છે. અગમ્ય ખેંચાણ અને ઉત્કૃષ્ટ વિનયના સ્થાન સમા નંદિસૂત્રને બે હાથ જોડી મસ્તક નમાવી ભાવપૂર્ણ વંદન કરૂં છું.

**जयई जगजीवजोणीवियाणओ जगगुरू जगाणंदो ।**
**जगनाहो जगबंधू जयइ जगप्पियामहो भयवं ।।**
**जयइ सुआणं पभवो, तित्थयराणं अपच्छिमो जयइ ।**
**जयइ गुरू लोगाणं, जयइ महप्पा महावीरो ।।**

**।। जयति श्रीनन्दिसूत्रम् ।।**

•

પંડિત માણસ સતત પોતાની જાતને સુધારવા પ્રયત્ન કરે છે.

**– ઇસિભાસિયાઇ ૨૮.૧૧**

*

જે રીતે રાખ નીચે અંગારો છૂપાયો છે
તેમ દરેક પાપ પાછળ દુઃખ સંતાયેલું છે.

**– ઇસિભાસિયાઇ ૧૫**

*

બીજો પાપ કરે ત્યારે ચૂપ રહેવામાં તને શું વાંધો છે ?

**– ઇસિભાસિયાઇ ૩૫.૧૫**

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# ઈસિભાસિયાઇં

## પ્રત્યેકબુદ્ધ ઋષિ
## પ્રાકૃત

*મુનિશ્રી વૈરાગ્યરતિવિજયજી ગણી વિરલ વિદ્વાન્ અને પ્રબુદ્ધ પ્રવચનકાર છે. તેમના ચિંતનમાં ગહરાઈ અને અંતર્જ્ઞાનનો મર્મ અનુભવાય છે.*



# પ્રબુદ્ધ પુરુષોનું પ્રવચન

**– મુનિ વૈરાગ્યરતિ વિજયગણી**

**અ**ભ્યાસના વરસો હતા. અમદાવાદમાં વિચરણ હતું. એક પ્રસંગ નિમિત્તે જૈન મર્ચંટ સોસાયટીના ઉપાશ્રયમાં જવાનું હતું. પાઠની રજા હતી. સાથે વાંચન માટે કંઇ હતું નહીં. પ્રસંગને વાર હતી. ઉપાશ્રયનો એક કબાટ ખોલ્યો. તેમાં સામાયિકના ઉપકરણો અસ્તવ્યસ્ત પડ્યા હતા. થોડાં પુસ્તકો હતાં. એક જાડું પુસ્તક જોઇને ઉપાડ્યું. નામ હતું–'**इसिभासियाइं**' (પ્રકા. પ્રાકૃત ભારતી અકાદમી) કુતૂહલવશ ઉઘાડ્યું. પ્રસ્તાવના વાંચી. મન આશ્ચર્ય અને અહોભાવથી ઘેરાઇ ગયું. હંમેશા તર્કથી વિચારવા ટેવાયેલી બુદ્ધિને એ જાણીને જોરદાર આંચકો લાગ્યો કે – આ આગમસૂત્રમાં પરમાત્મા શ્રીમહાવીરદેવ પૂર્વે પાર્શ્વનાથ પરમાત્મા અને નેમિનાથ પરમાત્માના સમયમાં થઇ ગયેલા પ્રત્યેકબુદ્ધ ઋષિઓનાં વચનો સચવાયેલાં છે. અને દરેક ઋષિનાં નામ પણ ઉપનિષત્કાલીન ઋષિનાં નામને અને બૌદ્ધગુરુને મળતાં આવે છે. નારદ, વજ્જિયપુત્ર, દવિલ, અંગિરસ, મહાકાશ્યપ, યાજ્ઞવલ્ક્ય, ભયાલિ, વિદુ, આર્યાયણ, અર્હત્, નારાયણ વિ.

જે વ્યક્તિ પોતાના જીવનના મૂળભૂત પ્રશ્નો વિષે વિચારે છે અને આખરે ભીતરની સચ્ચાઇ ઓળખી લે છે તે 'પ્રબુદ્ધ' છે. પ્રબુદ્ધ એટલે જાગેલો. જેની નિદ્રા ઉડી ગઇ છે, જેણે જ્ઞાનનો પ્રકાશ મેળવી લીધો છે તે 'પ્રબુદ્ધ' છે, તે 'ઋષિ' છે. '**इसिभासियाइं**' પ્રબુદ્ધોનું પ્રવચન શાસ્ત્ર છે.

પહેલી નજરમાં જ ઇસિભાસિયાઇંની બે વાતો બુદ્ધિને અપીલ કરી ગઇ–એક, આપણી પાસે શ્રીનેમનાથ ભગવાનના શાસનના શબ્દો સચવાયેલા છે. બે, સત્યને નામોના સીમાડા નથી નડતાં.

પ્રસ્તાવના વાંચીને આતુર મનને રોકી ન શક્યો. પહેલું અધ્યયન વાંચવાની શરૂઆત કરી. પહેલાં અધ્યયનની ઇતિહાસકથા રોચક છે.

પૂર્વાવસ્થામાં નારદજીને કૃષ્ણે પ્રશ્ન કર્યો કે – શૌચ શું છે ? નારદજી જવાબ ન આપી શક્યા. તે મહાવિદેહમાં ગયા. ત્યાં ભગવાન પાસે સાંભળ્યું કે, સત્ય શૌચ છે. તેમણે આવીને કૃષ્ણને એ વાત કહી. કૃષ્ણે પૂછ્યું – શૌચ શું છે ? નારદજી ફરી

મૂંઝાઇ ગયા. કૃષ્ણે કહ્યું – તમે પહેલા પ્રશ્નનો જવાબ જ્યાંથી મેળવ્યો, ત્યાં જ પૂછી લેવો હતો. નારદજી વિચારમાં પડ્યા અને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત કરી ઋષિ બન્યા. તેમણે આ અધ્યયન રચ્યું છે. ચિંતનના પ્રતાપે તેમને જે સત્યની અનુભૂતિ થઇ તે સહજ રીતે અભિવ્યક્ત થઇ. નારદઋષિ કહે છે – બધા જ તીર્થંકરો શ્રવણનો મહિમા ગાય છે. શ્રવણથી શ્રેષ્ઠ શૌચ એટલે પવિત્રતા બીજી કોઇ નથી.

**सोयव्वातो परं णत्थि सोयं ।**

(સાંભળવા જેવી વાતો સાંભળવા જેવી પવિત્રતા બીજી એક પણ નથી.)

આ સૂત્ર વાંચતા જ સ્તબ્ધ થઇ ગયો. મન વિચારદશાની પેલે પાર ચાલી ગયું. એ શબ્દ, એ ચિંતન, એ ભાવ મનના અતલ ઉંડાણ સુધી ઉતરી ગયા. નારદ ઋષિના શબ્દો સાથે સંકળાયેલી કરૂણાની ધારાનો સાક્ષાત્કાર થયો. સમય થીજી ગયો. જાગ્યો ત્યારે એ અનુભૂતિ થઇ કે જેને હું શોધી રહ્યો હતો તે શબ્દો આ જ છે, તે વિચાર આ જ છે, તે ભાવદશા આ જ છે, તે ગુરૂ પણ આ જ છે, કદાચ મારો આત્મોપલબ્ધિનો માર્ગ આ જ છે. અને હું વાંચ્યા પહેલાં જ **इसिभासियाइं** ના પ્રેમમાં પડી ગયો. આજે પણ હું એ પળોને યાદ કરૂં છું ત્યારે રોમાંચ ઊભાં થઇ જાય છે. આંખોના ખૂણા ભીનાં થઇ જાય છે. આ જ પ્રેમ છે. મારો પ્રેમ.

*

પાલિતાણામાં એક વિદેશી વિદ્વાન મળ્યા. પીટર ફ્યુગલ. તેઓ યુનિવર્સિટી ઑફ લંડનમાં ધાર્મિક અભ્યાસ વિભાગ (ડિપાર્ટમેંટ ઓફ દ સ્ટડી ઓફ રિલિજિયન) ના ફેકલ્ટી છે. જૈનધર્મનો અભ્યાસ કરવા માટે તેઓ ભારત આવતા રહે છે. એક દુભાષિયા સાથે તેઓ મળવા માટે આવ્યા. આઠ વરસના સાધ્વીજી ભગવંતને જોઇ તેમણે પ્રશ્ન કર્યો – આટલી નાની ઉંમરે દીક્ષા કેમ લીધી ? દુભાષિયાએ પ્રશ્નનો ગુજરાતીમાં અનુવાદ કર્યો. મેં તેમની સાથે આવેલા મહિલા માટે પૂછ્યું, આ સન્નારી તમારા કોણ થાય ? તેમણે કહ્યું – માય વાઇફ (મારા પત્ની છે) મેં કહ્યું – હું તેમને એક સવાલ કરી શકું ? દુભાષિયાએ પ્રશ્ન તેમણે પહોંચાડ્યો. તેમણે કહ્યું – ઑફ કોર્સ. (ચોક્કસ) મેં પૂછ્યું – તમે આમની સાથે લગ્ન કેમ કર્યા ? દુભાષિયો થોડો ઓઝપાયો. પણ તેનું કામ પૂછવાનું હતું. તેણે પૂછ્યું. લેડીએ જવાબ આપ્યો – બિકોઝ આઇ લવ હિમ (કેમ કે – હું તેને પ્રેમ કરું છું) મેં બીજો સવાલ કર્યો – વ્હાય ડુ યુ લવ હિમ? (તમે તેને પ્રેમ શું કામ કરો છે ?) સન્નારી થોડા મૂંઝાયા. પણ વિદેશી હતા. ખૂલાં મનનાં અને વિદુષી પણ હતા એટલે સારો જવાબ આપ્યો – આય લવ હિમ વિકોઝ આઇ લવ હિમ. ધેર ઇઝ નો નીડ ઓફ રિઝન ટૂ ફોલ ઇન લવ (હું તેને ચાહું છું કેમ કે હું તેને પ્રેમ કરૂં છું. પ્રેમમાં પડવા

માટે કોઇ કારણ નથી હોતું) મેં કહ્યું – ધેટ એક્ઝેટ વ્હોટ આય મિન. પ્રેમમાં પડવા માટે અને દીક્ષા લેવા માટેના કોઇ કારણ નથી હોતા.

મને **इसिभासियाइं** કેમ ગમે છે તેનું કોઇ તાર્કિક કારણ મારી પાસે નથી. મને તે ગમે છે કેમ કે મને તે ગમે છે. હા! તેના સહવાસમાં મને ઉંડી તૃપ્તિ મળે છે. તેના ખોળામાં રમતો હોઉં ત્યારે મનને અપાર શાંતિ મળે છે. આ શબ્દો સાથે જનમ-જનમનો નાતો હોય તેવું લાગ્યા કરે છે. એક અગમ્ય આકર્ષણ અનુભવાય છે. આ શબ્દો વાંચતા સ્થળ-કાળનું ભાન રહેતું નથી. વિચારાતીત દશાનો અનુભવ થાય છે.

*

અસ્તિત્વના મૂળને શોધવા માટે અનેક પ્રયોગો કરી જોયા. ધ્યાન, મૌન, એકાંતના આલંબન લઇને ભીતરમાં ઉતરવાનો પ્રયાસ કર્યો. શાંતિ મળતી, રસ્તો મળતો પણ એકલતાનો ભય હાવી થઇ જતો. **इसिभासियाइं**ના સથવારે એ ભય ગાયબ થઇ ગયો.

એટલે **इसिभासियाइं** મારો પ્રિય ગ્રંથ કેમ છે તેનો બુદ્ધિગમ્ય ઉત્તર આપી શકવાની સ્થિતિમાં હું નથી. કેવલ ઇસિભાસિયાઇંના સથવારે મને જે આંતરિક આનંદ મળ્યો છે તે ક્ષણોનું બયાન કરી શકું. મારા જીવનમાં જે મેજર પરિવર્તન આવ્યા છે તેનું વર્ણન કરી શકું. પણ તે પ્રેમ કર્યો પછી આવ્યા છે, પરિવર્તન આવ્યા પછી પ્રેમ નથી થયો.

ઇસિભાસિયાઇં વાંચ્યાં પછી પહેલું પરિવર્તન અનુભવ્યું-સત્ય સમજવા બુદ્ધિનો ઉપયોગ ઓછો થવા લાગ્યો.

નવ્યન્યાયનો અભ્યાસ કરતાં એ ધારણા બંધાઇ ગઇ હતી કે સત્ય ખૂબ જટિલ, અટપટું અને કઠિન હોય છે. વિચારક્ષમતાનો વિકાસ થાય તો સત્યની નજીક પહોંચવું સરળ બની જાય. પણ તેવું બન્યું નહીં. વિચારક્ષમતા વધ્યા પછી પણ પ્રશ્ન તો તે જ રહ્યા. ઉપરથી દરેક હકિકતને જટિલ બતાવવાની ચાહત બની ગઇ. સત્ય સરળ હોઇ જ ન શકે અને સરળ હોય તે સત્ય ન હોય આ ખોટી ધારણા બંધાઇ ગઇ હતી.

**इसिभासियाइं**નું વીસમું અધ્યયન(પ્રવક્તા - અર્હત્ ૠષિ) અને સાડત્રીસમું અધ્યયન (પ્રવક્તા - ગિરિૠષિ) વાંચતા એ પ્રતીતિ (રીયલાઇઝેશન) થઇ કે જીવનના મૂલભૂત સત્યો હંમેશા સહજ અને સરળ જ હોય છે. બુદ્ધિ જ તેને જટિલ બનાવે છે. વિચારક્ષમતા એકાંગી બને તો સંવેદનાને અસર કરે છે. સત્ય સમજવું આસાન છે. કેવળ તેને માટે તમારે સરળ બનવું પડે છે. એ જ કારણે બાળક સત્યને તરત વાંચી શકે છે. કેમ કે તે સરળ છે. બુદ્ધિની તીક્ષ્ણતા અને સૂક્ષ્મતા વચ્ચે પાતળી ભેદરેખા છે. આ ભેદરેખા **इसिभासियाइं**ના શબ્દોએ સ્પષ્ટ કરી આપી. અને આશ્ચર્ય બુદ્ધિની ક્ષમતા કઇ ગણી વધી ગઇ.

વીસમા અધ્યયનમાં અર્હત્ ઋષિ કહે છે

***કેટલાક વિચારકો બીજાના વિચાર ઉપાડી લઈ પોતાની વાત સાબિત કરે છે, તે અજ્ઞાન છે(સૂત્ર-૩)***

હું શું કરૂં છું ? હું જે વિચારું છે તે વિચારો મારા છે ? મૌલિક છે ? ના! હું તો કેવળ બીજાના વિચારોને સજાવીને મારા નામે વહેંચું છું. પ્રસિદ્ધિ મને મળે છે પણ જ્ઞાન મારું છે ? મારો વિચાર મારી અનુભૂતિ છે ? ના! એ ઉછીનો છે, બીજાનો છે. તેના આધારે હું મારી જાતને જ્ઞાની માનતો હોઉં તો મૂર્ખ છું. અર્હત્ ઋષિના શબ્દોએ મારા જ્ઞાની હોવાના દંભને માવજતથી દૂર કર્યો.

**इसिभासियाइं** વાંચ્યાં પછી બીજો અનુભવ થયો - મનની પ્રસન્નતા વધી ગઇ. મનની હતાશા અને નિરાશાને ખંખેરી નાંખે તેવી ઢગલાબંદ પ્રેરણાઓ **इसिभासियाइं**માં છે.

જ્યારે જ્યારે મન હતાશમાં ગરકાવ થયું ત્યારે ત્યારે **इसिभासियाइं**ના શબ્દોએ હાથ પકડીને મનને ફરી બેઠું કર્યું.

બાળપણથી અર્ધજાગૃત મનમાં સંગ્રહાયેલી નકારાત્મક લાગણીઓના પડને ઉકેલીને તેને સકારાત્મકતામાં ફેરવી.

**इसिभासियाइं** જ્યારે બીજી વાર હાથમાં લીધું ત્યારે માનસિક સ્વસ્થતા સહેજ વિચલિત હતી. કોઇ વ્યક્તિ નિંદા- મારી નિંદા- કરે છે, તે જાણીને બહુ દુઃખ પહોંચતું. હું ભૂલ કરું અને કોઇ વ્યક્તિ મને કહે તો થોડું ખરાબ લાગે પણ ખોટું ન લાગે. પણ મારી ભૂલ મને કહ્યા વિના બીજાને કહે ત્યારે ખરાબ કરતા ખોટું વધુ લાગે. તેમાં ય કોઇ વ્યક્તિ મારી ભૂલ ન હોય છતાં ય બદનામી કરે અને આવી વ્યક્તિ સાધક કક્ષાની હોય ત્યારે ખંજર ભોંકાયું હોય તેવું લાગણી જાગતી. મન હતાશામાં સરકી પડતું. વ્યવહાર જગતમાં સફળતા મહત્ત્વની હોય છે, અધ્યાત્મ જગતમાં સમાધાન. સફળતા માટે માયા કરવી, બીજાને ઉતારી પાડવા વ્યવહાર જગતમાં સાધારણ ગણાય. કમનસીબે તેનો શિકાર સાધક વ્યક્તિ પણ બનતી હોય છે. પોતાનો વિરોધ થાય ત્યારે હતાશ થઇ જવું નિર્બલ મનની નીશાની છે. આ પણ એક પ્રકારનું અભિમાન છે. સેલ્ફ-ઇમેજને જાળવવાનો બોજ છે. તે જલ્દીથી પકડાતો નથી. પકડાય તો છોડવો કેમ સમજાતું નથી.

આવી જ કોઇ નિર્બળ મનોદશામાં હું ગરક હતો મનને કોઇ શબ્દોથી સમાધાન મળતું ન હતું. સેલ્ફ-હેલ્થના કેટલાંય પુસ્તકો વાંચ્યાં પણ મનની ફરિયાદ હટતી ન હતી ત્યારે અંગિરસ ઋષિના શબ્દો વાંચ્યા અને મનમાં ટાઢક વળી ગઇ.

***કોઈ માણસ મન ફાવે તેમ બોલી શકે છે. હું મારી જાતને ઉદ્વિગ્ન કેમ કરૂં ? મારી નિંદા કરનાર મારાથી સંતુષ્ટ નથી તે જાણી લીધું હવે ક્રોધ જરૂરી નથી. (૩.૨૨)***

અશાંતિની આગથી બળેલા મનને એકદમ શાંતિ મળી ગઇ. ચંડકૌશિકના માનસ પર પ્રભુ વીરના શબ્દોએ જે જાદુ કર્યો હતો તે જાદુ થયો. સુરેશ દલાલની પંક્તિઓ યાદ આવી ગઇ.

જ્વાળામુખીની ટોચ પર
બેઠો હોઉં ત્યારે
મારી ભીતર
ચંદનનો લેપ કર્યા કરે
તે મારો પરમાત્મા.

અંગિરસ ઋષિના શબ્દો મારા માટે પ્રભુ વીર બનીને આવ્યા. અંગિરસ ઋષિએ માનવ મનનો ગહરાઇથી અભ્યાસ કર્યો છે. તેમણે પાંચ પ્રકારના માનસ વિષે વાત કરી છે. કેટલાક માણસનું મન ઘાસ જેવું હોય છે, જે પોતાની જાતને સંભાળી શકતું નથી કે બીજાને છાયા આપી શકતું નથી. કેટલાક માણસનાં મન ઝાડના ઠૂંઠા જેવા હોય છે, જેમણે વિકાસ તો સાધી લીધો છે, પણ મધુરતાના પાંદડા ખરી ગયા છે. કેટલાક માણસોના મન વાદળ જેવા છે, જે ખારાં પાણીને મીઠું બનાવી ધરતી પર વરસાવી દે છે. કેટલાક માનવોનાં મન લતા મંડપ જેવા છે, જે સ્વયં તાપ સહન કરે છે અને બીજાને ઠંડક આપે છે.

હતાશાની ખીણમાં ગરક થઇ ગયેલી વ્યક્તિને પીઠ પસવારનાર વ્યક્તિ પર જેવો અહોભાવ જન્મે તેવો ભાવ **इसिभासियाइं**ના પ્રબોધક ઋષિના વચનો વાંચતા જન્મે છે. આ ઋષિઓએ માનવમનને ગહરાઇથી અને તેની અખિલાઇમાં જોયું છે. માનસશાસ્ત્રના આધારે જીવન અંગેનું માર્ગદર્શન આપતા અનેક અભ્યાસપૂર્ણ પુસ્તકો નજર સામે છે. તેમના તારણ અને ઋષિઓના સ્વાનુભવમાં અજબનું સામ્ય છે. ઋષિઓ એક ડગલું આગળ છે. માનસશાસ્ત્રી મનને પોઝિટિવ બનાવવાનું કહે છે. ઋષિઓ મનને પોઝિટિવ કે નેગેટિવ બંને છેડાથી ઉપર ઉઠી ન્યુટ્રલ બનવાનું કહે છે.

બીજા અનેક ઋષિની પ્રેરણાઓએ મનને ગજબની પ્રેરણા આપી. આ પ્રેરણાઓએ મનને સંવાદમાં રહેતાં શીખવ્યું. નકારાત્મક વિચાર, સ્વાર્થી લાગણી તમારો મન સાથેનો સંવાદ ખોરવી નાંખે છે. વિસંવાદી મન પ્રસન્ન રહી શકતું નથી. દુઃખનું કારણ બહારનું વાતાવરણ નથી પણ અંતરનો વિસંવાદ છે. વિપરીત વાતાવરણમાં મારા ભીતરી સંવાદને જીવંત રાખવામાં **इसिभासियाइं**ના શબ્દોએ બહુ મદદ કરી છે.

**इसिभासियाइं** વાંચ્યા પછી જીવનમાં ત્રીજું પરિવર્તન અનુભવ્યું. અસ્તિત્વના મૂળ સુધી જવા માટેનાં પ્રકાશ કિરણો સાંપડ્યાં. આત્માની અભિમુખતા સઘન બની.

અસ્તિત્વની ઓળખ બુદ્ધિથી નહીં થઇ શકે એ વાતની પ્રતીતિ **इसिभासियाइं**ના શબ્દોથી થઇ. આત્મા સુધી પહોંચવાનો માર્ગ ધ્યાન છે. તેની પ્રતીતિ દગભાણ ઋષિએ કરાવી.

***શરીરમાં જે મહત્ત્વ મસ્તકનું છે, વૃક્ષમાં પ્રાણ મૂળને આધીન છે. તેથી વૃક્ષ કરતા મૂળ મહત્ત્વનું છે તેમ સમસ્ત સાધુ ધર્મોમાં શ્રેષ્ઠ સ્થાન ધ્યાનનું છે. (૨૨.૧૪.)***

મારી અંતર્યાત્રાનો માર્ગ આ શબ્દોએ નિશ્ચિત કરી આપ્યો. સાધારણ સાધકોમાં ધ્યાન વિષે સમજ ઓછી ગેરસમજ વધારે છે. સહજ રીતે મનને વિચાર અને ભાવનાઓના પ્રભાવથી મુક્ત રાખવાનો પ્રયાસ તે ધ્યાન છે. એકાગ્રતા તેનો પ્રાણ છે.

આગમો, આધ્યાત્મિક ઉપલબ્ધિના માર્ગનો ચોક્કસ ક્રમ છે પણ તે ક્રમ બૌદ્ધિક નથી. આત્માની પાત્રતા, પોતાના સંસ્કારો, સ્વીકૃતિનો ભાવ, તેનાં કર્મો, તેના અધ્યવસાયોની સ્થિતિના આધારે આત્મા સ્વયં તેનો માર્ગ નક્કી કરે છે. દરેકના આત્મા સ્વતંત્ર છે, દરેક આત્માનો મોક્ષ અલગ અલગ છે, તેથી દરેકનો મોક્ષમાર્ગ પણ અલગ છે. મરૂદેવી માતા જેવા આત્મા સહુથી છેલ્લા ઊભા હોય તો ય પહેલા મોક્ષમાં પહોંચી જાય છે. અને બાહુબલિજીનો આત્મા દરવાજા પાસે એકવરસ સુધી એમ જ ઊભો રહે છે.

આત્માની ઉન્નતિનો ક્રમ અત્યંત નિજી છે. દરેકનો પોતાનો ક્રમ છે. દરેકનો પોતાનો માર્ગ છે. દરેકની પોતાની નાવ છે. પોતાનાં હલેસાં છે. આ ક્રમ બુદ્ધિનો વિષય નથી. બુદ્ધિ સામાન્ય નિયમોના આધારે ચાલે છે. જડ જગતમાં સામાન્ય નિયમો હોય છે. બુદ્ધિ એ જ જોવા ટેવાયેલી છે, એટલું જ નહીં. એ જ રીતે જીવવા ટેવાયેલી છે. જીવજગતમાં સ્વતંત્રતાનો નિયમ છે. પોતાનો માર્ગ છે. આ નિયમ અનુભૂતિથી જ જાણી શકાય. મારો ક્રમ મારો છે. મારા હાથમાં છે. આગમોમાં સાધનાના સૂત્રો ક્રમમાં નથી. તે સહજ છે. બરાબર પણ છે.

**इसिभासियाइं**માં દરેક ઋષિની અધ્યાત્મસાધનાના સૂત્રો છે. આ અનુભૂતિનાં સૂત્રોનો કોઇ ક્રમ નથી. તમે જ્યાં ઊભા છો ત્યાં ક્યું સૂત્ર ઉપયોગી છે? તે નક્કી કરો અને આગળ વધો. તમને તમારો માર્ગ મળશે. એક વાત નિશ્ચિત છે–આગમ સૂત્રો તમને પ્રકાશ આપે છે. તમે માર્ગ પર હશો તો હવે પછીનો મુકામ કયો છે તે તરફ દિશાનિર્દેશ ચોક્કસ કરે છે. તમારે તેના અજવાળામાં આગળ ધપવાનું.

અનુભૂતિનો માર્ગ અગમ્ય છે. વાચામગોચરઃ છે. જ્યાં સુધી બુદ્ધિ સક્રિય છે સમજાતો નથી. તેને સમજવા બુદ્ધિના પ્રદેશની પેલે પાર જવું જરૂરી છે. અહીં સુધી પહોંચવા પણ બુદ્ધિનો સહારો તો લેવો જ પડે છે. અને બુદ્ધિ ક્રમથી જ વિચારે છે. **इसिभासियाइं**ના અનુભૂતિ સૂત્રો મારા બૌદ્ધિક ક્રમ મુજબ આ રીતે ગોઠવાયા છે. બીજાને માટે બીજો ક્રમ હોઇ શકે.

દુઃખનું કારણ મોહ છે. (અધ્યયન-૨.૭ પ્રવક્તા - વજ્જિપુત્ર)

દુઃખ બે દરવાજેથી આવે છે આસક્તિ અને આકાંક્ષા

(અધ્યયન-૧૫ પ્રવક્તા - મધુરાજ)

દીન ન બનો. ક્રોધના વિપાકનો વિચાર કરો. (અધ્યયન-૧૨ પ્રવક્તા -યાજ્ઞવલ્ક્ય)

અજ્ઞાનથી ભય જન્મે છે. (અધ્યયન-૨૧ પ્રવક્તા -તરુણ)

આર્ય માર્ગ મુજબ જીવવું, આર્ય કર્મ કરવું, આર્યને જ મિત્ર બનાવવો.

(અધ્યયન-૧૯. પ્રવક્તા -આર્યાયણ)

સારું-ખરાબ, ઉંચ-નીચ મનની નિપજ છે. ચક્રવર્તી પણ અનાજ ખાય છે, હાથીના દાંત નહીં. (અધ્યયન-૨૮.૨૩ પ્રવક્તા -આર્દ્રક)

વિશ્વ સત્ય છે, તમે કરો તેવું જ પામો છો (અધ્યયન-૩૦ પ્રવક્તા -વાયુ)

ઇચ્છા સંકલેશનું કારણ છે. (અધ્યયન-૪૭ પ્રવક્તા - દ્વૈપાયન)

હું મારી મુક્તિ માટે બીજાને પરાજિત નહીં કરૂં. તે પરાજિત વ્યક્તિ મારું જ અહિત કરશે. (અધ્યયન-૧૩.૬ પ્રવક્તા -ભયાલિ)

ભૌતિક ઇચ્છા જીવનના લક્ષ્યને બદલી નાખે છે. (અધ્યયન-૪૧. પ્રવક્તા -ઇંદ્રનાગ)

જેને પાપ ગમે છે તેને આત્મા ગમતો નથી. નાનો પણ પાપનો વિચાર તમને પાછળ રાખી દેશે (અધ્યયન-૪૨ પ્રવક્તા - સોમ)

પાપને ના કહેતા શીખવું (અધ્યયન-૩૯ પ્રવક્તા - સંજય)

વાસનાને જિતવા મનને જિતો, તેને વિષયોથી વિમુખ કરો પછી વિવેક કેળવો

(અધ્યયન-૨૯.૧૬ પ્રવક્તા -વર્ધમાન)

કષાય પાપને મજબૂત કરે છે. વૈરાગ્ય કર્મને દૂર કરે છે.

(અધ્યયન-૧૮ પ્રવક્તા -વર્ષ ૫)

જાગૃતિ અને પરિણામનો વિચાર-સંસારમાં રહીને વિરક્તિ ટકાવી રાખવાના બે સૂત્ર. (અધ્યયન-૨૫. પ્રવક્તા-અંબડ)

દૃઢ સંકલ્પ, ઇંદ્રિયદમન અને સત્ત્વ દ્વારા કામને જીતી શકાય.

(અધ્યયન-૬.૬ પ્રવક્તા -વલ્કલચીર)

અધ્યાત્મકુશળ ચિકિત્સક પામી સાધક વાસનાથી મુક્ત બની જાય છે.

(અધ્યયન-૧૧ પ્રવક્તા - મંખલિપુત્ર)

ઇંદ્રિયોને તપ અને ધ્યાનની ઢાલ નીચે છૂપાવી રાખવી.

(અધ્યયન-૧૬ પ્રવક્તા -સૌર્યાયણ)

ક્રોધ અને માન રહિત આત્માની બુદ્ધિ સૂક્ષ્મ બને છે

(અધ્યયન-૫ પ્રવક્તા - પુષ્પશાલ)

જેનાથી આત્મભાવનો બોધ થાય તે સાચી વિદ્યા (અધ્યયન-૧૭ પ્રવક્તા -વિદુ)

જીવને કર્મ બંધાય છે તેના ત્રણ કારણ હિંસા, મમતા અને ક્રોધ

(અધ્યયન-૩ પ્રવક્તા -દવિલ)

પહેલા તમારા કર્મોનું પૃથક્કરણ કરો પછી કર્મોનું પરિશોધન કરો.

(અધ્યયન-૨૨ પ્રવક્તા -દગભાણ)

સમ્યક્ત્વ અને ત્યાગ કર્મશત્રુ પર મર્મ પ્રહાર સમ છે.

(અધ્યયન-૯ પ્રવક્તા - મહાકાશ્યપ)

સાધના માટે સ્પષ્ટ દિશા અને દઢ નિશ્ચય જોઇએ

(અધ્યયન-૪૪ પ્રવક્તા -વરૂણ)

સ્વેચ્છા અને સદાશય ક્રિયાને અમૃત બતાવે છે (અધ્યયન-૧૪ પ્રવક્તા -બાહુક)

ધીર પુરુષનું શરણ લેવું (અધ્યયન-૩૮.૨૦ પ્રવક્તા -સારિપુત્ર)

ગૃહસ્થ સાથે ઘણો સમય વીતાવવો નહીં. આત્માનું ધ્યાન કરવું કે શ્રમણોનો સત્સંગ કરવો. (અધ્યયન-૨૬.૩ પ્રવક્તા -માતંગ)

જે જીવવા માટે કે વાહવાહ માટે લોકને ગમે તેવી પ્રવૃત્તિ કરે છે તે શબને પ્રદક્ષિણા કરે છે. (અધ્યયન-૨૭.૬ પ્રવક્તા -વારત્તક)

જે લોકો પાછળ ગાંડો બને છે તે સમાધિને ગુમાવે છે

(અધ્યયન-૭.૩ પ્રવક્તા -કૂર્માપુત્ર)

પોતાની જાતને યા તો સ્વયં જાણી શકાય યા તો સર્વજ્ઞ જાણી શકે

(અધ્યયન-૪ પ્રવક્તા -અંગિરસ)

*

સાધકનું વ્યક્તિત્વ ત્રણ પિંડથી ઘડાય છે.

(૧) વિચારપિંડ બુદ્ધિથી ઘડાય છે.

(૨) ભાવનાપિંડ લાગણીથી ઘડાય છે.

(૩) અધ્યાત્મપિંડ અનુભૂતિથી ઘડાય છે.

ત્રણે પિંડને ઘડવાના વચનો આ આગમમાં છે

અધ્યયન-૧, ૧૯, ૨૦, ૨૭, ૩૧, ૩૭ વિચારપિંડને ઘડે છે

અધ્યયન- ૪, ૧૨, ૧૫, ૩૦, ૩૩, ૩૪, ૩૫, ૪૨, ૪૬ ભાવનાપિંડને ઘડે છે

અધ્યયન- ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૨, ૩૫, ૩૮, ૩૯, ૪૧, ૪૪, ૪૫ અધ્યાત્મપિંડને ઘડે છે

પ્રત્યેક બુદ્ધ ઋષિઓના પ્રવચન રૂપ આ આગમ ઉપર એક પણ ટીકા વિદ્યમાન નથી. આચાર્ય ભગવંત શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ તેની પર નિર્યુક્તિ રચી છે પણ તે અપ્રાપ્ય છે. આ પૂર્વ મહર્ષિઓના વચનો આત્માના ઉચ્ચ અધ્યવસાયને સ્પર્શીને આવે છે. તેમાં નૈશ્ચયિક ચારિત્રના સ્પંદનો ઝીલાયા છે. તેથી વ્યવહારમાર્ગમાં તેનું પ્રચલન અલ્પ રહ્યું હશે. આ વચનોને તર્કની પરિધિમાં કે શબ્દની સીમિત અર્થચ્છાયામાં બાંધવું અઘરું કામ છે. પૂ.આ.શ્રી હરિભદ્રસૂરિજી મ.સા., પૂ.આ.શ્રી મલયગિરિજી મ., પૂ.આ.શ્રી.અભયદેવસૂરિજી મ. કે ઉપા.શ્રી યશોવિજયજી મ. જેવા સમર્થ વૃત્તિકારોનો સ્પર્શ આ આગમને મળ્યો હોત, તો આ મહર્ષિઓએ કંડારેલી અનુભૂતિની કેડી પર પગ માંડવા બહુ સરળ રહેત.

**इसिभासियाइं** કેવલ મારો પ્રિય ગ્રંથ નથી મારો પિંડગ્રંથ છે. મારા સાધક પિંડને ઘડવામાં પ્રત્યેકબુદ્ધ ઋષિઓના પ્રબુદ્ધ વચનોનો મહત્તમ ફાળો છે તેના સહારે મારી આત્મયાત્રા ચાલતી રહેશે. નિરાબાધ.

•

મા

રો

પ્રિ

ય

ગ્રં

થ

# તત્વાર્થાધિગમ સૂત્ર

વાચક ઉમાસ્વામિજી મ.

સંસ્કૃત

*ઉપનામે લેખાયેલા આ લેખમાં 'દેવર્ધિ' આત્મચિંતન અને આત્મશોધમાં શાસ્ત્રના શબ્દોની ભૂમિકાની માંડીને વાત કરે છે.*



# જીવન અને આત્મશોધની યાત્રા

**– દેવર્ધિ**

કોઈ એક ગ્રંથ કે પુસ્તકથી વિશેષ પ્રભાવિત થયા હોઈએ તેવું બની શકે છે. સાથોસાથ એ તો સ્વીકારવું જ પડે કે – એક સાથે એકાધિક પુસ્તકોનો અથવા ગ્રંથોનો પ્રભાવ જ વિચારના પિંડને ઘડી આપે છે. સંજીવ શાહે, મુખ્યત્વે Seven habits of highly effective people થી પ્રભાવિત થઈને કેટલા બધાં પુસ્તકો આપ્યાં પરંતુ તેમની પર કેવળ આ એક જ પુસ્તકની અસર છે તેવું માની ન શકાય. તેમનો પિંડ અનેક પુસ્તકોએ ઘડ્યો છે. મલધારી પૂ. આ.ભ. શ્રીહેમચંદ્રસૂરિજી મ. ઉપર ઉપમિતિભવપ્રપંચાની પ્રગાઢ અસર હતી પરંતુ તેઓનો પિંડ ઘડવામાં અનેક ગ્રંથોનો ફાળો છે. કોઈ એક ગ્રંથને પ્રિય ગ્રંથ તરીકે અલગ તારવીએ ત્યારે અન્ય શક્તિશાળી ગ્રંથો, ગરૂડ પંખીની જેમ આસમાનમાં ચકરાવો લેવા માંડે છે. ગ્રંથ સાથે બે બાબતો અવશ્ય જોડાય છે. વિષય અને ભાષા. એક ગ્રંથને પસંદ કરો તેને લીધે તે ગ્રંથના વિષય અને તેની ભાષા સિવાયના અન્ય વિષયો અને ભાષાઓને હડસેલો લાગી જાય છે – જે ગમતું નથી.

ગ્રંથ સામાન્યતઃ પ્રાકૃત અને સંસ્કૃત ભાષાની રચનાને કહેવામાં આવે છે. આનો અર્થ એ થાય કે – ગ્રંથને પ્રિય બનાવવાની પ્રક્રિયામાં – ગુજરાતી – હિંદી – મરાઠી અને અંગ્રેજી ભાષાની ઉપેક્ષા થવાની જ. ગુજરાતીની ઉપેક્ષા કેવી રીતે થઈ શકે ? માતૃભાષા સાથેનું તાદાત્મ્ય એકદમ સાહજીક છે. **जननी जन्मभूमिश्च** આ શ્લોકને બદલવાનું મન થાય છે. **माता च मातृभाषा च स्वर्गादपि गरीयसि।** માતૃભાષાએ બોલતા, વાંચતા, લખતા અને સાંભળતા = સાંભળીને સમજતા શીખાયું છે. બીજી ભાષાઓ પાછળથી આવી છે. સાહિત્યની યાત્રા ગુજરાતી દ્વારા આરંભી છે. કૃષ્ણાવતારથી કૃષ્ણાયન સુધી, ધૂમકેતુથી ધ્રુવ ભટ્ટ સુધી અને અખેરામ સોનીથી અશ્વિની ભટ્ટ સુધીની ધોધમાર યાત્રા જેવી ગુજરાતીમાં થઈ છે તેવી બીજી ભાષામાં નથી થઈ. શ્રી ઉદયરત્ન, શ્રી જ્ઞાનવિમલ, શ્રી ઋષભદાસ, શ્રી આનંદઘન, શ્રી વાચક જસ, શ્રી વિનયવિજયજી મ., શ્રી માનવિજયજી મ. કેટલા બધા નામો છે ? જૈન ગૂર્જર કવિઓનાં આઠ ભાગ ભરાઈ જાય તેટલા બધાં નામ અને અઢાર કબાટ ઓછા પડે એટલી બધી રચનાઓ. 'કડવાં ફળ છે

ક્રોધના' જેવી સજ્ઝાયો, 'સુણો ચંદાજી' - જેવા સ્તવનો અને 'શ્રી શત્રુંજય તીરથ સાર' – જેવી સ્તુતિઓનો જાદુ ક્યારેય ઓસરી ન શકે.

પાંચ કરોડ ગુજરાતવાસીઓની ભાષાના આદિ પિતા શ્રી હેમચંદ્રાચાર્ય ભગવાન છે. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત હોય છે અને એ ગુજરાતનાં માથે હંમેશા હેમાચાર્યનો સૂરજ તપતો હોય છે, દિવસે પણ અને રાતે પણ. હા, ગુજરાતી ભાષાનો ઈતિહાસ લગભગ એક હજાર વરસ જૂનો છે. તેના પ્રારંભિક ચારસો વરસ કેવળ જૈન રચનાકારોના શબ્દો દ્વારા ઘડાયા છે. એ ભાષાને કેમ ભૂલાય ? જેમાં – 'સાત લાખ', 'સકલ તીર્થ' અને 'સ્નાત્રપૂજા'ની રચના થઈ છે. અપભ્રંશનો ઢાળ જૂની ગુજરાતી પાસે આવ્યો. જૂની ગુજરાતીમાંથી આવ્યું આજનું ગુજરાતી. આ ભાષામાં ભગવદ્ગોમંડળ છે અને ગુજરાતી વિશ્વકોષ છે. એક સામ્રાજ્યની જેમ સર્વાંગસજ્જ છે ગુજરાતી ભાષા. ગુજરાતી પુસ્તકોના અનુવાદ વિશ્વભાષાઓમાં થઈ રહ્યા છે તેના ત્રણસો વરસ પૂર્વે ગુજરાતીમાં લખાયેલ દ્રવ્યગુણપર્યાયના રાસ ઉપર સંસ્કૃત ટીકા રચાઈ છે. પૃથ્વીવલ્લભ અને જીવનસાફલ્યદર્શન જેવા ગુજરાતી પુસ્તકોના સંસ્કૃત અનુવાદ થયા છે અને છતાં એક પ્રિય ગ્રંથને પસંદ કરવાનો હોય તો ગુજરાતી ભાષાને બાજુ પર મૂકવી જ પડશે. ગુજરાતી ભાષાએ અપરંપાર અનુવાદો આપ્યા છે તે હકીકત હોવા છતાં આ ભાષાને સંસ્કૃત અને પ્રાકૃતભાષાની સાથે મૂકી શકાય તેવી માનસિકતા બની શકી નથી.

આવું જ હિંદી અને મરાઠી ભાષા સાથે થાય છે. રજનીશની કવિતા જેવી હિંદી ભાષા અને વિ.સ.ખાંડેકરની કાવ્યસહોદરા મરાઠી ભાષાનો આસ્વાદ એક અલગ જ તૃપ્તિ આપે છે. હિંદીની બે ધારા છે - ઉર્દૂપ્રધાન હિંદી અને સંસ્કૃતપ્રધાન હિંદી. બંનેની વચ્ચેથી નીકળે છે – સાધારણ હિંદી. મરાઠી ભાષામાં સહ્યાદ્રિ અને સાતપૂડાની સઘન છાયા છે. આમી કોલકર, કોલકરં, કોલકર દરિયાચા રાજા – ની મજા જ ઔર છે, ભાઉ. પણ બેય ભાષાઓ લોકભાષાની ગલીમાં ફંટાઈ જાય છે.

અંગ્રેજી ભાષા, **श्**, **ष्** અને **स्** માંથી કેવળ **स्** નો S = એસ લખવાવાળી ભાષા. ઐ માટે a+i, ઔ માટે a+u જેવા સ્વરોના યુગ્મઅક્ષર લખનારી ભાષા. દુનિયાની તમામ ભાષાઓમાં ચોથા નંબરે હોવા છતાં – વ્યાપકતાની દૃષ્ટિએ ખંડોની, સામ્રાજ્યોની અને દેશોની જોડણકડી બની ચૂકેલી, ઈન્ટરનેટની ભાષા. કમ્પ્યુટર પ્રોગ્રામ્સના કોડ્સની ભાષા. આ ભાષાએ રોબિન શર્મા જેવા ધુરંધરોની લાંબી શ્રેણી સર્જી છે. આજની તારીખે દરેક ભાષાનું સાહિત્ય આ ભાષામાં અનુવાદિત થવા ઉત્સુક છે. એ ભાષા પણ મુખ્ય નહીં બની શકે. અમુક અંગ્રેજી અખબારોમાં હવે I am going નો I જો વાક્યની અંદર આવે છે તો i – આ રીતે છપાય છે. I was always capital in English, Today i is normal one. હર્મન જેકોબીઓ, મેક્સમૂલરોના હાથે

ભારતીય શાસ્ત્રો પર સ્વૈચ્છિક ટિપ્પણીઓ આ ભાષામાં થઈ. આ ભાષાનું વાક્ય બંધારણ છે : કર્તા + ક્રિયા + કર્મ. આ ભાષાના કર્મણિવાક્યોની મર્યાદા been ને લીધે ઊભી થઈ છે. આ ભાષા બોલાય છે ત્યારે ર જેવા અક્ષરો લખેલા હોવા છતાં અવાચ્ય રાખવામાં આવે છે. અર્થાત્ સાઈલેન્ટ. લખવાનું ગુડમોર્નિંગ બોલવાનું ગુદ મો...નિંગ. કોમ્પ્યુટરના ઉચ્ચાર માટે ત્રણ પરંપરા છે. કમ્પ્યુટર અથવા કામ્પ્યુટર અથવા કોમ્પ્યુટર. વગદાર અને વજનદાર ભાષા છે. પરંતુ પ્રિય ગ્રંથનું નામ નક્કી કરવાની પ્રક્રિયામાં તેની બાદબાકી થઈ જાય છે.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં પ્રિય ગ્રંથો અપરંપાર છે. **माघे मेघे गतं वयः** જેવી કહેવત સર્જનારી પદ્યધારા, **गद्यं कवीनां निकषं वदन्ति** જેવી કિંવદન્તી ઘડનાર ગદ્યધારા. મૂળગ્રંથો, ટીકાઓ, ભાષ્યો અને ટિપ્પણો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું વિસ્તીર્ણ ફલક. આ છે સંસ્કૃત ભાષાનું બળવદ્ તંત્ર. સંસ્કૃત ભાષાનું વ્યાકરણ અને તેનો કોશ – આ બે વિષય હંમેશા જિજ્ઞાસાને તરવરતી રાખે છે. વાક્યરચનાઓ, ધાતુરૂપો અને શબ્દરૂપોના કેટકેટલા પ્રકારો ? એક શબ્દ, કેટલા બધા અર્થોમાં વપરાય છે ? અને એક જ અર્થ માટે કેટકેટલા શબ્દોનો વપરાશ છે – બેય જોવાની મજા આવે : સમાસ અને કર્મણિભાવે સંસ્કૃતની વિશેષતા. આ ભાષામાં ઘણા ગ્રંથો વાંચવાના બાકી છે. જે વાંચ્યા છે તેમાં ઘણાય ગમ્યા છે, ગમતા રહેવાના છે. અર્થશાસ્ત્ર અને નીતિસૂત્રાણિમાં ચાણક્યની ભાષા જેવી ઉઘડે છે તેવી જ યોગસૂત્રોમાં પતંજલિની ભાષા ખીલે છે. જૈન ગ્રંથોની વાત કરીએ તો, છેલ્લો દોઢસો વરસમાં જ લગભગ ૮૦૦ જેટલા અર્વાચીન સંસ્કૃત ગ્રંથો લખાયા તેમાં લોકભાષા અને અનાર્યભાષાના શબ્દો છૂટથી ઉમેરાયા છે. આ પરંપરા સેંકડો વરસોથી ચાલી આવી છે. શ્રાદ્ધવિધિની વૃત્તિમાં લૌકિક શબ્દોનો કેટલો મોટો સંગ્રહ છે તે અભ્યાસુઓ જાણે છે. વૈદિક પરંપરામાં વિદ્વાનોએ જૈન પરંપરા પર આક્ષેપ કર્યો છે કે જૈન લેખકો વ્યુત્પત્તિરહિત શબ્દો વાપરીને સંસ્કૃત ભાષાનું સ્તર બદલી રહ્યા છે. આજે એ જ વૈદિક પરંપરાના વિદ્વાનો સહજ ભાવે આંગ્લભાષાના શબ્દોને અપનાવી ચૂક્યા છે. ‘મહાજનો યેન ગતઃ સ પંથાઃ’.

સંસ્કૃતમાં રચાયેલ ગ્રંથોનો આદર અહોભાવપૂર્ણ રહે છે, કેમકે – આ ભાષાના નિયમોનું બંધારણ એકદમ ચુસ્ત છે. મારો પ્રિય ગ્રંથ કેવળ એક નથી. ભારતીય દર્શનોના મૂળ ગ્રંથો મને ગમે છે. એમાં પતંજલિનાં યોગસૂત્રો, અન્નંભટ્ટના તર્કસંગ્રહસૂત્રો તો સતત ઉપયોગી બને છે. કાલિદાસ, ભવભૂતિ, ભાસ, જયદેવ, જગન્નાથ જેવા પ્રાચીન ગ્રંથકારો અને દ્વિજેંદ્રનાથ, રેવાપ્રસાદ જેવા આધુનિક ગ્રંથકારો હંમેશા પ્રભાવિત કરે છે. જૈન પરંપરામાં ગ્રંથકારોની નામાવલિ અલગ છે, ટીકાકારોની નામાવલિ અલગ છે. બન્નેય ગમે

છે, બન્ને માટેનો આદર અનહદ અપાર છે. મને સંસ્કૃત ભાષામાં બે ગ્રંથ સૌથી વધારે ગમે છે : તત્ત્વાર્થસૂત્ર અને યોગસાર.

પ્રાકૃતભાષાની ધારા તો આગમસૂત્રો સાથે જોડાઈ છે. કાલિદાસની શંકુતલા, ભવભૂતિની સીતા, ભાસની વાસવદત્તા, ભટ્ટનારાયણની દ્રૌપદી - પ્રાકૃતમાં બોલે છે. હરિવલ્લભ ભાયાણી પ્રાકૃતનો ખજાનો ગુજરાતીમાં લાવ્યા, મુક્તકો દ્વારા. મને પ્રાકૃત ભાષાના બે ગ્રંથ સૌથી વધુ ગમે છે : નમુત્થુ ણં અને પખ્ખીસૂત્ર. હજારો ગ્રંથોમાંથી, ચૂંટેલા આ ચાર ગ્રંથોનું વર્ચસ્વ મારા મનોવિશ્વ પર હંમેશ માટે એકસરખું બન્યું રહે છે. ગ્રંથો ગમે છે, વિષયને લીધે અને પછી તેની ભાષાને લીધે. વિષય સારો ન હોય તો સારી ભાષા પણ અર્થહીન લાગે. ભાષા સારી ન હોય તો વિષયના રસકસ મરી પરવારે. બંનેની જોડી જામે તો જ ગમો ઊભો થાય.

તત્ત્વાર્થસૂત્ર ગમે છે તેની વિષયયોજનાને લીધે. આમ તો પ્રશમરતિની વિષયયોજના પણ સરસ છે પણ તત્ત્વાર્થ એ તત્ત્વાર્થ છે. આજે ગ્રંથકાર ગ્રંથરચના કરે તેની સમક્ષ પૂર્વવર્તી ગ્રંથકારોની પ્રલંબ શ્રેણિ હોય. શ્રી હેમાચાર્ય, શ્રીહરિભદ્રસૂરિ મ., શ્રી યશોવિજયજી મ. ને નજર સામે રાખ્યા વગર આજે નૂતન ગ્રંથરચના થઈ જ ન શકે. તત્ત્વાર્થની રચના થઈ ત્યારે આ ત્રણેય નામો ભાવિના ગર્ભમાં હતા. આ ત્રણેય ગ્રંથકારોને તત્ત્વાર્થ વિના ચાલ્યું નથી. તત્ત્વાર્થકારને આ ત્રણેય વિના ચાલી ગયું છે કેમકે તેમની પાસે છે પૂર્વજ્ઞાન. પ્રાકૃતની ધારામાંથી સંસ્કૃતનો ઉદ્‌ગમ, જૈન સાહિત્યમાં થયો તેના આદિપુરૂષ કદાચ, તત્ત્વાર્થકાર છે. આ કારણે આ ગ્રંથ માટે પક્ષપાત. વિષય નિરૂપણની દૃષ્ટિએ તત્ત્વાર્થમાં જે સંગ્રહ થયો છે તેનો વિચાર કરીએ તો કદાચ, ન સમજાય કે તત્ત્વાર્થમાં શું ભર્યું છે ? પરંતુ તત્ત્વાર્થ સૂત્ર પર લખાયેલી વૃત્તિઓ વાંચીએ ત્યારે સમજાય તત્ત્વાર્થની તાકાત, એમ થાય કે, શું વાત છે ? આટલા ઓછા શબ્દોમાં આટઆટલા વિષયોનો સમાવેશ થઈ ગયો છે ? ગજબ છે.

તત્ત્વાર્થસૂત્રને શ્વેતાંબર પરંપરાના વૃત્તિકારો પણ મળ્યા અને દિગંબર પરંપરાના ટીકાકારો પણ મળ્યા. આવું બળ કેટલા ગ્રંથોમાં ? વિષયનિરૂપણની ક્રમબદ્ધતાએ આટલા બધા વિવરણકારો આપ્યા. તત્ત્વાર્થના અનુવાદ કેટલી ભાષામાં થયા અને કેટલા અનુવાદકો દ્વારા થયા તે જોવા બેસીએ તોય આ ગ્રંથનો વ્યાપ સમજાય. આ ગ્રંથના પ્રકાશનનો લાભ કેટલી સંસ્થાઓએ મેળવ્યો છે તેની સૂચિ બનાવીએ ભારતનાં અને ભારત બહારના એકસોથી વધુ પ્રકાશકોનાં નામ મળશે. તત્ત્વાર્થસૂત્રનો દિગ્‌વિજય ચક્રવર્તી જેવો છે. તત્ત્વાર્થનો પ્રભાવ જોઈને તત્ત્વાર્થ ગમ્યું છે તેવું નથી. તત્ત્વાર્થ ગમ્યું છે તેને લીધે તત્ત્વાર્થનો પ્રભાવ કેટલો છે તે જોવાનું ગમ્યું છે.

તત્ત્વાર્થકારિકામાં ગ્રંથકારે તત્ત્વાર્થને તત્ત્વાર્થધિગમ સૂત્ર આ મુજબનું નામ આપ્યું છે. આ ગ્રંથ વિશે ગ્રંથકારના બે શ્લોક :

(૧) **तत्त्वार्थाधिगमाख्यं बह्वर्थ संग्रहं लघुग्रन्थम् ।**
**वक्ष्यामि शिष्यहितमिममर्हद्वचनैकदेशस्य ।।**

આનો અર્થ એ છે કે – તત્ત્વાર્થમાં પ્રભુવચનનો આંશિક સંગ્રહ છે. શબ્દો ઓછા છે અને અર્થ વિશાળ છે. અભ્યાસુને લાભ થાય તે ઉદ્દેશ છે.

(૨) **इदमुच्चैर्नागरवाचकेन सत्त्वानुकम्पया दृब्धम् ।**
**तत्त्वार्थाधिगमाख्यं स्पष्टमुमास्वातिना शास्त्रम् ।।**

આ ગ્રંથની રચના કરુણાભાવ દ્વારા થઈ છે. આ શાસ્ત્રના રચયિતા છે શ્રીઉમાસ્વાતિજી મ.

*

**शिष्यहित** અને **सत्त्वानुकंपा** ની ભૂમિકાએ રચાયેલ ગ્રંથમાં તેને અનુરૂપ વિશેષતા જોવા મળે છે.

૧. ભાષા સરળ છે. અલંકારપ્રચુર વાક્યરચનાઓ નથી. જે કહેવું છે તે સાદા શબ્દોમાં જણાવી દીધું છે. ભાષાનો કે શૈલીનો આડંબર નથી.
૨. વિષયનો નકશો ગ્રંથકારનાં મનમાં સ્પષ્ટ છે. મુખ્ય વિષય અને અવાંતર વિષયમાં કોને કેટલો અવકાશ આપવાનો છે તેનું જજમેન્ટ ગ્રંથકાર પાસે છે.
૩. આ એક ગ્રંથમાં અભ્યાસુને જે સામગ્રી મળશે તેના થકી તેનું અભ્યાસક્ષેત્ર વિસ્તૃત બની જશે તેનું સંપૂર્ણ ધ્યાન ગ્રંથકારે રાખ્યું છે.
૪. ગ્રંથરચનામાં આગમગ્રંથોની અર્થચ્છાયા હોય તેમ છતાં આગમિક શૈલીથી તદ્દન અલગ રીતે માળખું ગોઠવાયેલું હોય તેવી સર્જકતાનો ઉન્મેષ પહેલેથી છેલ્લે સુધી જળવાયો છે.

*

પ્રથમ અધ્યાયના પ્રથમ સૂત્રમાં **सम्यग्दर्शन–ज्ञान–चारित्राणि मोक्षमार्गः** । આ રીતે વિષયપ્રવેશ થાય છે. મોક્ષના સાધક તત્ત્વો ત્રણ છે તો ત્રણેયની વ્યાખ્યા બાંધવી પડે. **सम्यग्दर्शन** ની વ્યાખ્યા આ મુજબ છે – **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्** (૧-૩) **सम्यग्ज्ञान** ની વ્યાખ્યા આ મુજબ છે – **मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् ।** (૧-૯) **सम्यक्चारित्र** ની વ્યાખ્યા આ મુજબ છે – **सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्म–संपराययथाख्यातानि चारित्रम्।** (૯-

૧૯) આમાં સમ્યગ્દર્શનનો વિષય સ્પષ્ટ થાય છે -સાત તત્ત્વોના નિરૂપણ દ્વારા. તત્ત્વોનો અધિગમ કરવા માટે આવશ્યક છે – **प्रमाण** અને **नय**. પ્રથમ બે જ્ઞાન પરોક્ષ પ્રમાણ છે. શેષ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે. પ્રથમ ત્રણ જ્ઞાન દરેક વખતે પ્રમાણ નથી તે સ્પષ્ટતા કરી **मतिश्रुतावधयो विपर्ययश्च ।** (૧-૩૨) દ્વારા ઉદાહરણ પણ આપ્યું. નયની ચર્ચા પણ થઈ. પ્રથમ અધ્યાય પૂરો.

જીવ તત્ત્વનું ચિંતન તેના સ્વતત્ત્વ દ્વારા કરવાનું છે તેનું સૂત્ર – **औपशमिकक्षायिकौ भावौ....** (૨-૧) જીવનું લક્ષણ પણ બતાવ્યું. **उपयोगो लक्षणम्** (૨-૮) તેના પ્રકારો પણ આવ્યા : **स द्विविधोऽष्टचतुर्भेदः** (૨-૯) સંસારમાં થનારા જન્મના ત્રણ પ્રકાર બતાવ્યા : **सम्मूर्छनगर्भोपपाता जन्म** (૨-૩૨). સંસારી જીવના શરીરના પ્રકારો પણ સ્પષ્ટ થાય છે. **औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि** (૨-૩૭). બીજો અધ્યાય પૂરો.

જીવનું સંસારપરિભ્રમણ જ્યાં થાય છે તે ક્ષેત્રનો વિચાર કરવા માટે ચારગતિનો વિષય આવ્યો. સૌ પ્રથમ નરકગતિ. તે પછી મનુષ્યગતિ. અને આગળ તિર્યંચગતિ. ત્રીજો અધ્યાય પૂરો.

સુખોના સાત સમંદર પર તરતી દેવગતિના ત્રેપ્પન સૂત્રો છે. ચોથો અધ્યાય પૂરો. જીવતત્ત્વ સમાપ્ત.

અજીવકાયના ચાર પ્રકાર છે :

ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલ (૫-૧) દ્રવ્ય તરીકે પદાર્થોને જોવા હોય તો જીવનો ઉલ્લેખ કરવો જ પડે. **जीवाश्च** (૫-૨) હવે દ્રવ્યવિચાર ગતિ પકડે છે. **रूपिणः पुद्गलाः।** (૫-૪)નો અર્થ છે - પુદ્ગલ સિવાયના દ્રવ્યો રૂપી નથી. આવી સરસ સ્પષ્ટતાઓ આવતી રહે છે. વૈશ્વિક સત્યને સમજાવતા ત્રણ સૂત્રો, **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** (૫-૨૯) **तद्भावाव्ययं नित्यम्** (૫-૩) **अर्पितानर्पितसिद्धेः** (૫-૩૧) આ ગ્રંથને શિખરવર્તી બનાવી દે છે. અજીવતત્ત્વને સમજવાની દાર્શનિક ભૂમિકા મળે છે. દ્રવ્ય અને ગુણની શાશ્વત વ્યાખ્યાઓ મળે છે. પાંચમો અધ્યાય પૂરો.

આસ્રવમાં પુણ્ય અને પાપનો સમાવેશ થાય છે પરંતુ આસ્રવને સમજવાની ભૂમિકા ? **कायवाङ्मनःकर्म योगः ।** (૬-૧) આ મુદ્દો આગળના વિષયોને પણ સ્પષ્ટ કરશે અને આ વિષયને તો સ્પષ્ટ કરી જ રહ્યો છે. **शुभ** નો યોગ **पुण्य, अशुभ** નો યોગ **पाप**. નવતત્ત્વોનું શોર્ટિંગ ગમે તેવું છે. આ કર્મયોગ, કોણ કરે અને કેવી રીતનો કરે ? **सकषायाकषाकयोः साम्परायिकेर्यापथयोः ।** (૬-૫) ગ્રંથકાર પોતાનાં નિરૂપણમાં

એકદમ સ્પષ્ટ છે તે દેખાઈ આવે છે. આઠ કર્મોની એકસો અઠાવન પ્રકૃતિ છે. આ કર્મો આત્મા સાથે જોડાય છે તે આસ્રવ છે. તે તે કર્મો આત્માને ચોંટે છે તેનાં વિધ વિધ કારણોની ચર્ચા દ્વારા આસ્રવનું ચિંતન, એક આધ્યાત્મિક પ્રેરણાનું નિર્માણ કરે છે. છટ્ઠો અધ્યાય પૂરો.

શુભ આસ્રવની ભૂમિકા સ્પષ્ટ કરવા માટે - પાંચ વ્રતો, તે તે વ્રતો માટેની માનસિકતા, ચાર ભાવનાઓ - આટલું તો સમજવાનું જ હોય. સાથોસાથ શ્રાવકજીવન (મુખ્યત્વે ગૃહસ્થો જ તો અનુકંપાનું પાત્ર હોય છે જ્ઞાનીઓ માટે અને તેમને બોધ મળે તેવી પ્રવૃત્તિ તે શિષ્યહિત) પણ સમજાવવું પડે ને ? સાતમો અધ્યાય પૂરો.

કર્મબંધના કારણોની ચર્ચા થઈ ચૂકી છે. પ્રશ્ન એ હતો - કર્મબંધ શું છે ? બંધનાં કારણો પાંચ છે : મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. જીવ કષાયવાન્ છે માટે કર્મ બાંધે છે. તે કર્મોના પ્રકારો અને તે તે કર્મોના સ્વભાવનું વિશ્લેષણ. આત્મચિંતનની આ ઉચ્ચ ભૂમિકા છે. આઠમો અધ્યાય પૂરો.

કર્મોનાં આગમનને રોકવું તે સંવર. ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહજય, ચારિત્ર આ છે સંવરના હેતુ. તપ દ્વારા નિર્જરા થાય છે. સંવરના પ્રકારો અને નિર્જરાની વિધાઓનું નિરૂપણ થાય છે તેમાં ધ્યાનનો વિષય પણ આવરી લેવાય છે. નવમો અધ્યાય પૂરો.

મોક્ષતત્ત્વની ભૂમિકા બંધાય છે કેવળજ્ઞાન દ્વારા. કેવળજ્ઞાન થાય છે મોહ, જ્ઞાન-દર્શનાવરણ અને અંતરાયના ક્ષયથી. વ્યાપક રીતે જોઈએ તો બંધના હેતુનો અભાવ અને નિર્જરા દ્વારા કૈવલ્ય મળે છે (૧૦-૨) અને તેના દ્વારા જ **कृत्स्नकर्मक्षयो मोक्षः** (૧૦-૩). મોક્ષગામી આત્માની વિશેષતાઓ ઘણી છે. દસમો અધ્યાય પૂરો.

**તત્ત્વ**ના અર્થનો અધિગમ એકદમ સ્પષ્ટ રીતે થાય છે આ ગ્રંથ દ્વારા. આ ગ્રંથ પર સ્વોપજ્ઞ ભાષ્ય પણ છે. મૂળ સૂત્રનો ભાવ ભાષ્ય દ્વારા સ્પષ્ટ થાય છે. સૂત્ર ગદ્યમાં હોય તે પરંપરા તો આગમસૂત્રો દ્વારા સાહજીક રીતે અવગત થાય છે. ભાષ્ય પણ ગદ્યબદ્ધ હોઈ શકે છે તે એ જમાના મુજબ તદ્દન નવી બાબત છે. ભાષ્યના પ્રારંભે અને અંતે કારિકાઓ છે. તત્ત્વાર્થના પદાર્થનિરૂપણની ભાવનાત્મક ભૂમિકા આ કારિકાઓ દ્વારા સ્પષ્ટ થાય છે. ગ્રંથકારની પારાવાર નમ્રતાનો અનુભવ થાય છે.

તત્ત્વાર્થની જેમ જ, યોગસારની વિષયરેખા અને ભાષાયોજના સરળ, સ્પષ્ટ છે. નમુત્થુ ણં અને પખ્ખીસૂત્રનો વિશેષણપ્રધાન લય હૃદયને સ્પર્શે છે. યોગસાર વિશે ઘણું લખી શકાય તેમ છે. નમુત્થુ ણં ના એક એક પદ પર દિવસો સુધી વ્યાખ્યાન આપ્યા છે. ચૈત્યવંદનામાં સ્તવન સરસ રીતે ગાવું છે તેની ધૂનમાં નમુત્થુ ણં સડસડાટ પૂરું કરી

દેવામાં આવે છે તે ગમતું નથી. સંગીતકાર આશિષ મહેતાએ નમુત્થુ ણં ને ગાયું છે તે ગાન ખૂબ ગમે છે. નમુત્થુ ણંનું સાચું સન્માન આ રીતે જ થઈ શકે. ઇંદ્ર મહારાજાના અવધિજ્ઞાન ગર્ભિત ઉચ્ચારોનું એ સ્તોત્ર પ્રભુ સમક્ષ બોલવાનો લાભ જે મેળવે છે તે બડભાગી છે. પરંતુ આ નમુત્થુ ણંનો મર્મ ન સમજે અને તેની મધુરતા ન અનુભવે તે કમભાગી છે. પખ્ખીસૂત્ર આવશ્યકસૂત્ર છે. દર પંદર દિવસે એક વાર તેનું આવર્તન થાય છે. આ સૂત્ર રોજ એક વાર બોલવા જેવું છે. એક સૂત્રમાં એટલા બધા વિષયો આવરી લીધા છે કે બસ વાગોળતા રહીએ.

મારો પ્રિય ગ્રંથ આ વિષય જો 'મારા પ્રિય ગ્રંથો' હોય તો એક નહીં બલ્કે એક સો ગ્રંથોના નામ લખી શકાય છે. એકને બદલે ચાર ગ્રંથોના નામ તો લખી લીધા. હજી ઘણાં નામો યાદ આવે છે પરંતુ - મર્યાદા ઈઝ મર્યાદા.

ગ્રંથોએ જીવનનું અંતિમ સત્ય છે ? આ પ્રશ્ન પર વિચારીએ છીએ ત્યારે એક પંક્તિ યાદ આવે છે :

**शास्त्रसन्दर्शितोपायस्तदतिक्रान्तगोचरः।**

આત્માની ઉપલબ્ધિનો માર્ગ શાસ્ત્ર દ્વારા મળે છે આ શાસ્ત્રની મહાન ઉપયોગિતા છે. આત્માની ઉપલબ્ધિમાં ભીતર શું બને છે ? તેનું વર્ણન શાસ્ત્રોથી નથી કરી શકતા. શાસ્ત્રોની આ મર્યાદા છે. આત્માની અનુભૂતિ માટે શાસ્ત્રો ઉપયોગી છે પરંતુ આત્માની અનુભૂતિ થયા બાદ શાસ્ત્રો પાછળ રહી જાય છે. શાસ્ત્રો આરાધ્ય છે પરંતુ સાધ્ય છે આત્મસાક્ષાત્કાર. મારો આત્મા, મને કેમ દેખાતો નથી ? આ પ્રશ્નના વિવિધ અર્થો શાસ્ત્રો દ્વારા સમજવા મળે છે. એ અર્થોની પાછળ પાછળ આત્મચિંતન અને આત્મશોધ ચાલતી રહે છે. શાસ્ત્રના શબ્દો બીજાને સુધારવા માટે વાપરવાને બદલે પોતાની જાતને સુધારવા માટે વાપરવાનો અભિગમ કેળવી શકાય તો શાસ્ત્રો એક સુખભર્યું જીવન ઘડી આપે છે. મારો પ્રિય ગ્રંથ, મારાં જીવનને ઘડે છે, મારી આત્મશોધને દિશા આપે છે કેમ કે - જીવન અને આત્મશોધ એ જ મારા પ્રિય વિષય છે.

પૂ. ઉમાસ્વાતિજી મહારાજાને અનંત વંદના.

•

શાસ્ત્રનો અભ્યાસ કરવામાં
શાસ્ત્રનો અભ્યાસ કરાવવામાં
શાસ્ત્રનું ચિંતન કરવામાં
અને
ધર્મ સમજાવવામાં
પૂરી રીતે યત્ન કરવો જોઇએ.
બીજાના ગુણદોષ કહેવામાં મન જેટલો સમય ગુમાવે
છે તેટલો સમય મનને ધ્યાનમાં જોડી રાખવું
વધુ સારું છે.

**- પ્રશમરતિ ૧૮૪-૧૮૫**

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# પ્રશમરતિ

વાચક ઉમાસ્વાતિજી મ.
સંસ્કૃત

મુનિપ્રવર શ્રી રત્નવલ્લભ વિજયજી મ.સા. નવોદિત પ્રતિભા છે. પૂજ્યશ્રીને પ્રશમરતિ એ માટે ગમે છે કે તેમાં પોતાના દોષોનું દર્શન કરાવી દોષનાશ માટે ઉત્સાહ જન્માવે તેવી પ્રેરણાઓ છે.



# અંતરનો આરીસો

**– મુનિ રત્નવલ્લભ વિજય**

**'મા**રો પ્રિય ગ્રંથ' વિષય ઉપર લખવાનું છે. ઘડીક પ્રશ્ન થયો કે સમકિતીને તો બધા જિનવચનાનુસારી ગ્રંથો ગમતા જ હોય તો અમુક ગ્રંથ પર જ રૂચિ શા માટે ? પણ જવાબ મળી ગયો કે ગમતો એટલે વિશેષ ગમતો એમ સમજવાનું છે. અન્ય ગ્રંથ ઉપર રૂચિ નથી એવો એનો અર્થ સમજવો જોઈએ નહીં.

શા માટે અમુક ગ્રંથ ઉપર વિશેષ ગમો પેદા થાય ? એના અનેક કારણો હોઈ શકે છે. અભ્યાસ કરનારા જીવો છદ્મસ્થ હોય છે. આથી તેઓની કર્મજનિત આત્મપરિણતિ ભિન્ન-ભિન્ન હોય છે. આથી કોઈ જીવને અમુક ગ્રંથ વિશેષ રૂચિ ઉપજાવે છે તો બીજાને બીજો ગ્રંથ વિશેષ આકર્ષણનું કેંદ્ર બને છે. વિશેષ લગાવ ઉત્પન્ન થવાના અનેક કારણો હોઈ શકે છે.

(૧) કોઈને પસંદગીના વિષયનું સુંદર નિરૂપણ હોવાથી તો

(૨) કોઈને આકર્ષક અસરકારક શૈલીના કારણે

(૩) કોઈને પોતાને આત્માના જીવનવિકાસમાં, દોષનાશમાં કે આધ્યાત્મિક વિકાસ-આત્મશુદ્ધિમાં ખૂબ ઉપકારક બનવાથી અમુક ગ્રંથો આકર્ષણ ઊભું કરતાં હોય છે. વગેરે.

તીર્થંકરો પણ સર્વસમાન રીતે તારક-શક્તિ ધરાવતા હોવાથી સમાન જ પ્રીતિનો વિષય બનવા જોઈએ. તેમ છતાં ય આસન્ન-ઉપકારિતા વગેરે કારણે પરમાત્મા મહાવીરદેવ ઉપર આપણને વિશેષ બહુમાન થાય એ સ્વાભાવિક છે. વળી કોઈને સમાધિદાયકતા, બ્રહ્મગુણપોષકતાદિ હેતુથી પાર્શ્વનાથ પ્રભુ કે નેમિનાથ ભગવાન ઉપર અનલ્પ અહોભાવ થતો હોય છે.

આટલી પ્રાસંગિક વાત કરીને હવે મુખ્ય વાત ઉપર આવીએ – મારા પ્રિય ગ્રંથોમાંથી એક વિશેષ પ્રિય ગ્રંથ તારવવો હોય તો તે છે – 'પ્રશમરતિપ્રકરણ'. આના રચયિતા છે – તત્ત્વાર્થસૂત્ર જેવા અદ્‌ભુત સંગ્રહગ્રંથના રચયિતા દસ પૂર્વધર શ્રી ઉમાસ્વાતિજી મહારાજ.

આ ગ્રંથ અંગે કોઈપણ કહેતાં પહેલાં એટલું જ કહીશ કે ગ્રંથની ખરેખરી જે મહાનતા છે, ગૌરવ છે, ઉપાદેયતા છે તેનું વર્ણન કરવા મારા શબ્દો ખૂબ જ વામણા છે. છતાં યથાશક્તિ પ્રયત્ન કરૂં છું.

અહીં સ્વાભાવિક રીતે પ્રશ્ન થશે કે, આ ગ્રંથ ઉપર પ્રિય હોવાની પસંદગી શા માટે ઉતારી ? એના પ્રત્યુત્તરમાં કેટલાંક મુદ્દાઓ જણાવવા જ રહ્યા.

(૧) પ્રથમ વાત એ છે કે – આના શ્લોકોની રચના અત્યંત પ્રસન્ન શૈલીમાં છે. શ્લોકોમાં ક્યાંય ક્લિષ્ટ કે દુરુચ્ચાર પ્રયોગ નથી. શ્લોકો અસ્ખલિત ધારાબદ્ધ પ્રવાહથી બોલી શકાય એવી વચનરચના છે. જો કે ગ્રંથની પસંદગીનું આ મુખ્ય કારણ નથી.

(૨) બીજી વાત કે – આ ગ્રંથમાં સંપૂર્ણ મોક્ષમાર્ગનું વર્ણન છે. ભલે પ્રશમરસની પ્રધાનતા છે પણ નિશ્ચય અને વ્યવહાર રૂપ માર્ગનું સમતોલન સારું જળવાયેલ છે. નિશ્ચયનયની પ્રધાનતાવાળા જ્ઞાનસાર વગેરે ગ્રંથો છે અને વ્યવહારનયની મુખ્યતાવાળા દશવૈકાલિક, આચારાંગ સૂત્ર વગેરે ગ્રંથો જોવા મળે છે. આમાં બે ય નયોનો સુભગ સમન્વય છે માટે પરિપૂર્ણ મોક્ષમાર્ગની ગરજ સારે છે. કેટલાક ગ્રંથોમાં જીવાદિ પદાર્થોનું નિરૂપણ વિસ્તારથી હોય છે પણ વૈરાગ્યની અધ્યાત્મની ઉપદેશની ગૌણતા હોય છે. કેટલાંક ગ્રંથોમાં વૈરાગ્ય, અધ્યાત્મ વગેરેના ઉપદેશ ભરપૂર હોય છે પણ જીવાદિ પદાર્થોનું નિરૂપણ હોતું નથી. આ એક એવો ગ્રંથ છે જેમાં વૈરાગ્ય અધ્યાત્મનો પણ ઠોસ ઉપદેશ છે અને જીવાદિ નવતત્ત્વ વગેરે પદાર્થોના તત્ત્વજ્ઞાનનું પણ હૃદયંગમ વર્ણન છે.

વળી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ મોક્ષમાર્ગની મૌલિકતા છે. (જુઆ શ્લો. ૨૩૦, ૨૩૧) (જે તત્ત્વાર્થસૂત્રના અને આ ગ્રંથના કર્તા એક હોવાનું પણ સૂચવે છે.) વળી વિસ્તારથી સાધુધર્મ અને સંક્ષેપથી શ્રાવકધર્મનું પણ વર્ણન છેલ્લે હોવાથી સર્વવિરતિ, દેશવિરતિ બન્નેય ધર્મનું વર્ણન છે. ટૂંકમાં, આ ગ્રંથ સંક્ષિપ્ત છતાં એક પરિપૂર્ણ મોક્ષમાર્ગ બની રહે છે. વૈરાગ્યાદિના પદાર્થો તો સર્વ અધ્યાત્મની વૈરાગ્યની રુચિવાળા સર્વ જીવોને ઉપયોગી થઈ શકે તેવા છે. આથી આ ગ્રંથનો અભ્યાસ કરવાના અધિકારી પણ અધ્યાત્મની રુચિવાળા જીવો સમજવા, નહીં કે ભૌતિકસુખના લાલચુઓ. આ ગ્રંથ પ્રિય હોવાનું આ મધ્યમ-કારણ છે.

(૩) જૈનશાસનનો હૃદયંગમ પરિચય, આધ્યાત્મિક વિકાસ, વૈરાગ્ય, મોક્ષસુખ અંગેની વાસ્તવિક સમજ અને તેની મહાનતા – ઉપાદેયતા, વિષયોને વશ થવાની વિષમતા અને કષાયોને આધીન થવાની કટુતાનું સુંદર ચિત્રણ કરેલું છે. આવું સુંદર, અસરકારક, આત્મસંવેદન કરનારું, ચિત્તશોધક વૈરાગ્યપોષક વિષયનું નિરૂપણ જ આ ગ્રંથ પ્રિય બનવાનું મુખ્ય કારણ છે.

રાગ અને દ્વેષ જ કર્મબંધ કરાવવા દ્વારા સંસાર-પરિભ્રમણનું કારણ છે અને તેને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને યોગનું મળતું પીઠબળ વગેરે વર્ણન મૌલિક છતાં અસરકારક છે. આ સંસારના કારણોનો ઉચ્છેદ કરવાના ઉપાયો કહ્યાં છે તેમાં પણ પહેલાં જ કહી દીધું કે - ***અપ્રમત્ત અને શાંતિ = વૈરાગ્ય = પ્રશમભાવમાં રહેલાં આત્મા વડે આ દોષજાળને સંપૂર્ણ ઉલેચવાને = તોડવાને શક્ય છે.*** (શ્લોક-૫૮)

ઉપરાંત વિનયની મહત્તા, આઠેય મદની સયુક્તિક અસારતા, તેના ત્યાગ માટે સ્વોત્કર્ષ-પરાપકર્ષના ત્યાગની પ્રેરણા, તેના સેવનથી દુરંત નીચગોત્રમાં જન્મની પરંપરા, વૈરાગ્ય આદિ પ્રેરક શ્લોકો પૂર્વક ગુણદોષના વિપર્યાસ-ઉલટાંપણાને જોઈએ આત્માની રક્ષા કરવાની ભલામણ કરી છે. તેના અધિકારોને (પ્રકરણોનો) પણ નિર્દેશ કરીને વ્યવહારમાર્ગની પણ સુંદર પુષ્ટિ કરેલી છે. સંયમયોગોમાં વ્યાપૃત રહેવા સાથે અવાંતર બીજી અનેક ગુણપોષક પ્રેરણાઓની પરબ ખોલી નાંખી છે.

પ્રશમ એટલે શાંતિ, ઉપશમ, વૈરાગ્ય. શાનો ? અનુકૂળતા=રાગના નિમિત્તોમાં રાગના ઉત્થાનનો અને પ્રતિકૂળતાના=દ્વેષના કારણો વચ્ચે ક્રોધાદિના ઉદયનો અભાવ. આવા પ્રશમભાવનું સુખ વર્ણનાતીત છે.

ભૌતિક સુખ કરતાં પ્રશમસુખ અનંતગુણ મહાન છે. એનું અદ્ભુત વર્ણન (શ્લોક ૧૨૪ થી ૧૨૯ સુધીમાં) કરેલું છે.

દરેક આચારનાં નિરૂપણ સાથે તેની સાથે જોડાયેલ આત્મહિત, આત્મશુદ્ધિ, અનાસક્તિ વગેરે પ્રયોજન પણ અવશ્ય બતાવેલું છે અને દરેક આત્મશુદ્ધિ, ગુણવિકાસ, વૈરાગ્યાદિ ગુણોની ઉપાદેયતા બતાવવા સાથે તેના ઉપાયભૂત સમ્યગ્ આચારને પણ યથાસ્થાને બનાવેલ છે. આમ આત્માર્થી અભ્યાસુને ક્યાંય પણ શંકા રહેતી નથી. દા.ત. સંયમીને લોક સાથે વ્યવહાર, ઉપકરણ રાખવા પડે, ભોજન કરવું પડે, તેનું ગ્રહણ કરવું પડે તે બધું કઈ રીતે અને શા માટે કરવું ? તેનો સંક્ષિપ્ત છતાં સ્પષ્ટ ચિતાર (શ્લો. ૧૩૦થી ૧૪૮માં) આપવામાં આવેલ છે.

'**भावना भवनाशिनी**' ઉક્તિ ચરિતાર્થ કરતાં બાર ભાવનાઓના ભાવનું = સ્વરૂપનું અસરકારક વર્ણન (શ્લો. ૧૪૯ થી ૧૬૨માં) કરેલું છે.

ત્યારબાદ દશવિધ યતિધર્મનું માર્મિક વર્ણન કરતાં શ્લોકો, વિકથાત્યાગ, સત્કથામાં ઉદ્યમ, જીવાદિ નવતત્ત્વોનું સંક્ષિપ્ત છતાં વિશદ સ્વરૂપ, તેને સંલગ્ન સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીનું નિરૂપણ, ફરી પ્રશમગુણના વિકાસની પ્રેરણાના અદ્ભુત શ્લોકો, અઢાર હજાર શીલાંગને સાધવાનો ઉપદેશ, ચાર પ્રકારના ધર્મધ્યાન, સમભાવની પ્રાપ્તિ, મોહના ઉન્મૂલનની સાધનાનો ક્રમ, કેવલિસમુદ્ઘાત, યોગનિરોધના ક્રમથી મોક્ષની પ્રાપ્તિ. (આ બધુ આગમિક પ્રક્રિયાની પરંપરાને અનુસરીને બતાવ્યું છે.) છેલ્લે જે જીવો

ચારિત્રધર્મનો અંગીકાર કરી શક્યા નથી તેઓના ગૃહસ્થધર્મને બતાવી તેનું પણ ફળ બતાવેલ છે. તેમાં પણ **प्रशमरतिनित्यतृषितः** = 'શાંત રસમાં હંમેશ ઝીલતા હોય' એવું વિશેષણ મૂકેલું છે.

ઉપરોક્ત બધાં વિષયો એક પછી એક આવતા જાય છે ત્યારે બે જુદા વિષયોને જોડતી કડી (સંબંધ) એવી સરસ ગોઠવી હોય છે કે જાણે આખો ય ગ્રંથ એક અખંડ સાંકળ જેવો ભાસે છે. (ટ્રેઈન પાટા બદલે ત્યારે બે જુદા પાટાને જોડતા = અનુસંધાન કરતા વચ્ચે રહેલ નાના પાટાની જેમ વિષયપરિવર્તન કરેલું છે.)

પોતે સંપાદિત કરેલ પ્રસ્તુત-ગ્રંથની ભૂમિકામાં પંડિતવર્ય શ્રીપ્રભુદાસભાઈ બેચરદાસભાઈ પારેખે આ ગ્રંથના ગુણોનું અદ્‌ભુત વર્ણન કરેલું છે, તેમ છતાં ય તેઓએ આ ગ્રંથના ગુણોનું ઉંડાણ પામવાની અસમર્થતા બતાવી છે. તેઓના જ શબ્દોમાં તે ભૂમિકાના કેટલાંક અવતરણો જોઈએ.

''ખરેખર, આવો ગ્રંથ આપણા હાથમાં આવવો એ જ જ્યાં અહોભાગ્યની નિશાની હોય ત્યાં તે વાંચવા-વિચારવાની અનંત ભવોમાં દુર્લભ પ્રસંગ પ્રાપ્ત થવાનો લ્હાવો મળી જાય તો પછી પૂછવું જ શું ?

આવા ગ્રંથનું આ જગતમાં અસ્તિત્વ એ જ સહારાના વિકરાળ રણમાં ઠંડા અને સુસ્વાદુ જળનો પ્રવાહ સ્ફુરાવતી સુંદર વીચીની ગરજ સારે છે.

વિષયની પસંદગી, મનપસંદ વિષયના વાહન તરીકે ભાષાની પસંદગી, છંદની પસંદગી, રચનામાં સરળતા, સચોટતા, સ્પષ્ટતા, શાસ્ત્રીય ગંભીરતા, હૃદયવેધકતા, શ્રોતાઓ તરફ શબ્દે શબ્દે ફોરતી વાત્સલ્યતાની ફોરમ, નમ્રતાની અવધિ, ગ્રંથકાર તરીકેનું અભિમાન પોષવાને બદલે અશરણ જગજ્જીવો તરફ અગાધ કરૂણાબુદ્ધિ, દિલના ઉમળકાનો પળે પળે વહેતો પ્રવાહ, વહાલી માતા અર્ભક=બાળકને ઔષધ ચાવીને ટૂકડે ટૂકડે ટોવે તેવી રીતે એક જ વાતને જુદા જુદા નયાંતરથી ટોવાની કળા, સેનાપતિનો હુકમ થતાં જ સિપાઈઓ કવાયતમાં બરાબર ગોઠવાઈ જઈને ક્રમબદ્ધ કવાયત કરે તેમ શોધવાની મથામણ વિના પોતાની મેળે જ ટપોટપ - જે શબ્દ જ્યાં જોઈએ તે પ્રમાણે તે શબ્દ ત્યાં જ - ગોઠવાઈ જવાનો ચમત્કાર''

''આ ગ્રંથ લગભગ (૧૦૦૦ થી ૨૦૦૦) વર્ષ જેટલો પ્રાચીન છે. જગતના પૃષ્ઠ ઉપર આવા બીજા ગ્રંથની સંભાવના પણ કલ્પી શકાતી નથી. તત્ત્વાર્થાધિગમસૂત્રની રચનાનો ઢંગ જુદો, પ્રશમરતિ-પ્રકરણની રચનાનો ઢંગ જુદો. છતાં અતિ સંક્ષેપમાં, અતિ સરળતાથી, ઘણું ઘણું કહી નાંખવાનું ધોરણ બન્નેયમાં એક સરખું જ.''

''લાગણીભરી ઉપદેશશૈલીમાં શાંતરસનો ઉપદેશ આટલી સરળતા અને અસરકારકતા સાથે આપનાર ગ્રંથ જગતની બીજી કોઈપણ ભાષામાં ભાગ્યે જ હશે.

વાંચતા જઈએ અને હૃદય આપોઆપ પાવન થવા તલસતું જાય. જાણે કે, પાપ તો બિચારૂં ભાગવા માંડતું ન હોય, પવિત્રતા દોડી આવતી હોય એવો ભાસ થયા કરે.''

અહીં કેટલું ઉદ્ધરણ કરી શકાય ? મારી સર્વ આત્માર્થી જિજ્ઞાસુ વાચકોને એક જ નમ્ર સૂચના છે કે આ ગ્રંથના અદ્ભુત રહસ્યને માણવું હોય તો તેમણે સુશ્રાવક પ્રભુદાસભાઈ લિખિત શબ્દાર્થ અને સારોદ્ધાર સહિત પ્રશમરતિપ્રકરણ આવૃત્તિને ખાસ જોવા ભલામણ છે. તેમણે ગુજરાતી સારોદ્ધારમાં ઉક્ત ગ્રંથનાં પદાર્થોને છુટા પાડીને સ્વાધ્યાય અર્થે સુંદર ગોઠવણી કરેલી છે. (કદાચ 'ઉપમિતિભવપ્રંપચા કથા' ગ્રંથનું જર્મન વિદ્વાન્ હર્મન જેકોબીએ ગૌરવ પ્રગટ કર્યુ તેમ 'પ્રશમરતિ' ગ્રંથની પ્રભુદાસભાઈએ ગરિમા પ્રકાશિત કરવાનો સ્તુત્ય પ્રયાસ કરેલો છે.)

**મારી સંવેદનાઓ**

પ્રસ્તુત ગ્રંથ સાથે મારો પરિચય ગૃહસ્થપણાનો છે. અનેક ગૃહસ્થ જિજ્ઞાસુ પાસેથી પ્રસ્તુત ગ્રંથની વૈરાગ્યમય, શાંતરસપોષક અને પ્રતીતિજનક નિરૂપણશૈલીના વખાણ સાંભળેલા. તેમાં સદ્ભાગ્યે મારા અનંતોપકારી ભવોદધિતારક યુગપ્રધાન આચાર્ય સમ ગુરુદેવ પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજાએ મારી મુમુક્ષુ તરીકેની દીક્ષાના અંતરાય તૂટ્યા ન હતા એ અવસ્થામાં પ્રસ્તુત ગ્રંથ ગોખાવેલ. સાથે ખૂબ વૈરાગ્યને દૃઢીભૂત કરનાર હોવાનું જણાવેલ. નસીબજોગે મારી પાસે કંઠસ્થ કરવા માટે પૂર્વોકત પંડિતવર્ય શ્રી પ્રભુદાસભાઈ દ્વારા સંપાદિત પુસ્તક હાથમાં આવ્યું. આ ગ્રંથની ગાથાઓ ગોખવા સાથે તેનો શબ્દાર્થ વાંચતો જાઉં અને અવસરે સારોદ્ધાર વાંચતાં-વિચારતાં ખરેખર આત્મા ધ્રુજી ઉઠ્યો. વિષયોની વિષમતાનું સચોટ નિરૂપણ અને આત્મજાગૃતિનો પ્રત્યેક શ્લોકે શ્લોકે શબ્દે જાણે કે સંદેશ હોય તેમ લાગ્યું.

સૌથી પહેલાં તો મને પ્રસ્તુત ગ્રંથના રચયિતા વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજની પ્રાથમિક શ્લોકોમાં પ્રગટ કરેલી અકલ્પનીય લઘુતા જ ખૂબ આકર્ષી ગઈ. દશ પૂર્વધર મહર્ષિ અને ૫૦૦-૫૦૦ ગ્રંથના રચયિતા પણ કહે છે કે -

***''અનંતગમ, પર્યાય, અર્થ, હેતુ, વગેરે રત્નોથી સમૃદ્ધ એવા સર્વજ્ઞ પ્રભુના શાસનરૂપી નગરમાં શાસ્ત્રનાં અલ્પ જાણકાર વડે પ્રવેશ કરવાનું ખૂબ મુશ્કેલ છે, તો પણ શ્રુત, બુદ્ધિના વૈભવ વગરનો હું મારી નિર્બળતાનો વિચાર કર્યા વિના ભિખારીની જેમ તેના અંશોને = ટુકડાઓને વીણવાનું કામ શોધી કાઢવા માટે તે સર્વજ્ઞના શાસનરૂપી શહેરમાં પ્રવેશવાને ઈચ્છું છું, લલચાઈ રહ્યો છું.''***

હજી આગળના શ્લોકોમાં તેઓએ નમ્રતાની હદ કરી નાંખી છે અને પૂર્વ મહાપુરુષો-સર્જ્જનો પ્રત્યે અપાર બહુમાન બતાવ્યું છે. તેઓએ પૂર્વ મહાબુદ્ધિશાળી અને જિનશાસનરૂપી સમુદ્રનો પાર પામેલાં અનેક શાસ્ત્રોની ગુંથણીઓમાંથી નીકળેલી,

પ્રવચનને અનુસરેલી અને પરંપરાએ મળી આવેલ કેટલીક એંઠના મેં ભિખારીએ કરેલા સંગ્રહ રૂપ આ ગ્રંથને ગણાવેલ છે. અને પોતાને શાંતરસ બહુ પ્રિય હોવાથી આ રચના કરી હોવાનું જણાવેલ છે.

આ ગ્રંથના દરેક શ્લોકોનું અને વિષયોનું પૃથક્કરણ કરવા બેસીએ તો બીજો એક દળદાર ગ્રંથ બની જાય એમાં જરાય નવાઈ નથી. આના વિષયોનું કિંચિત્ પૃથક્કરણ તો શ્રાદ્ધવર્ય પંડિત શ્રી પ્રભુદાસભાઈએ સારોદ્ધાર વિભાગમાં કરેલું જ છે જે અભ્યાસુ, જ્ઞાનપિપાસુ આત્માર્થી આત્માને આનંદ આપે તેવું છે. છતાં ય હું અહીં કિંચિત્ ન્યાય આપવા પ્રયત્ન કરીશ.

જૈનશાસનમાં બંધનપૂર્વક જ મુક્તિ બતાવી છે. અર્થાત્ જેટલું બંધનનું સારું જ્ઞાન તેટલી જ તેમાંથી છૂટવાની તમન્ના અને સાવધાની જોરદાર રહેવાની. ગ્રંથકાર ભગવંતે ૨૦ થી ૨૩માં શ્લોકમાં દોષોના કારણે થતું કર્મબંધન અને તેનાથી થતાં દીર્ઘકાલીન ભવભ્રમણનું હૃદયદ્રાવક, કરૂણ વર્ણન કરેલું છે. કષાયોના અપાયો બતાવીને તેનાથી થતાં આઠ કર્મબંધનું સ્વરૂપ પણ બતાવ્યું. બધાયનું મૂળ કારણ તો કર્મોદય જ છે. તેનાથી ભવમાં ગતિ/ગમન, તેનાથી શરીરની રચના, તેનાથી ઇંદ્રિયોના વિષયોનો સંપર્ક અને તેનાથી સુખ અને દુઃખનો અનુભવ થાય છે. (શ્લો. ૩૯) ત્યારબાદ દુઃખનો દ્વેષ અને સુખની લાલચ જ દુઃખનું કારણ બતાવતો અદ્ભુત શ્લોક કહ્યો છે –

**दुःखद्विट् सुखलिप्सुर्मोहान्धत्वाददृष्टगुणदोषः ।**
**यां यां करोति चेष्टां तया तया दुःखमादत्ते ।।८०।।**

**અર્થ – ''દુઃખનો દ્વેષ અને સુખની ઈચ્છાવાળો જીવ મોહથી અંધ થવાના કારણે (એ બન્નેયના) ગુણ અને દોષને સમજી નહીં શકવાથી જે જે પ્રયત્ન કરે છે તેનાથી તે દુઃખને જ પામે છે.''** આ શ્લોકનું ઘણું ઉંડાણ હોવાથી તેના ઉપર દિવસો સુધી કેટલાંક પ્રવચનકારો પ્રવચન આપતા હોય છે.

ત્યારબાદ પાંચેય ઇંદ્રિયના વિષયના સેવનની ભયાનકતા બતાવી છે અને યુક્તિપૂર્વક ઇંદ્રિયોની અસારતા અને કર્મબંધજનકતા બતાવી તેનાથી જે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે એ જ સંસારનું કારણ બતાવેલ છે. (શ્લો. ૪૧ થી ૫૭)

આમ બંધનનું તાદૃશ દર્શન કરાવીને મુક્તિના ઉપાયો કહેવા સમુચિત છે. જો બંધન વાસ્તવિક રૂપે ન સ્વીકારાય તો મુક્તિ પણ વાસ્તવિક રીતે શી થશે ? આ વાત કોરા નિશ્ચયવાદીઓને ઘણું ઘણું કહી જાય છે. કારણ કે અનાદિ કાલથી અશુભ-અશુદ્ધ વ્યવહારથી દોષોની પુષ્ટિ થઈ એ હકીકત છે તો ઉચિત શુભ-શુદ્ધ (વાણી-કાયાના) વ્યવહારનું સેવન અને સાપેક્ષતા વિના બંધનોથી મુક્ત થવું પ્રાયઃ અશક્ય છે. ફક્ત જરૂર છે વ્યવહાર અને નિશ્ચયની (આત્મ-મનઃશુદ્ધિની) પરસ્પર સાપેક્ષતા. ગ્રંથકાર

વાચકવર્યશ્રીએ નિશ્ચય તરફ દૃષ્ટિ કરાવીને વ્યવહારિક ઉપાયો બતાવવા દ્વારા બન્ને નયોનો સુંદર-સંગીન રીતે સમન્વય સાધ્યો છે.

બંધનોનો પૂરેપૂરો નાશ કોનાથી થઈ શકે ? તે માટે કહ્યું કે - **જે અપ્રમત્ત હોય અને વૈરાગ્યવાસિત-શાંતરસને ઝીલતો હોય આવો આત્મા જ આગળ કહેલાં વીસ કારણો રૂપ ઉપાયોનું સેવન કરવાથી દોષના બંધનોની જાળને સંપૂર્ણ ભેદવાને સમર્થ બને છે.**

ત્યારબાદ સંસારનાશના ઉપયોગ વિનયથી માંડીને મોક્ષ સુધીની આરાધનાનો ક્રમ અને ગુરૂની સેવામાં પરતંત્ર રહેવાની સુંદર પ્રેરણા કરી છે. (શ્લો. ૫૮ થી ૭૪)

ગ્રંથકાર શ્રી ઉમાસ્વાતિજી મહારાજે બધી પ્રેરણાઓ જાણે કે માતૃવત્ વાત્સલ્યભાવે, આત્મીયભાવે, મિત્રભાવે, સહૃદયભાવે, ક્યાંય પણ ખંડન કે કટાક્ષ કે આક્રોશને સ્પર્શ્યા વિના માયાળુતાપૂર્વક કરી છે. જાણે કે ગ્રંથનો વિષય જ પ્રશમરતિ પોતાની રચનાશૈલીમાં વણાઈ ગયો છે.

આ ગ્રંથમાં કથાઓ બહુ થોડી છે. શ્રુત-મદના ત્યાગ-અધિકારમાં સ્થૂલભદ્ર અને માસતુષ મુનિનું દૃષ્ટાંત (શ્લો. ૯૫) અને સંયમ યોગોના સદા જાગૃત રહેવા બાબત પિશાચનું અને કુળવધૂનું ઉદાહરણ (શ્લો.૧૨૦) સિવાય ખાસ કોઈ ઉદાહરણો આપેલ નથી. છતાં પદાર્થોનું સ્પષ્ટીકરણ એટલું સુંદર છે કે આપણે જાતે દૃષ્ટાંતો કલ્પી શકીએ છીએ.

સંસારના ભોગ-સુખોની સંસારના અને વૈરાગ્યની સારમયતા એક જ શ્લોકમાં કેવી સુંદર કહી છે ? તે જોઈએ -

**भोगसुखैः किमनित्यैर्भयबहुलैः काङ्क्षितैः परायत्तैः ।**
**नित्यमभयमात्मस्थं प्रशमसुखं तत्र यतितव्यम् ।।१२२।।**

**અર્થ - નાશવંત, વેદનાથી (ભયથી) ભરેલાં, આશાના તાંતણે બંધાયેલ અને પર પરાધીન એવા ભોગસુખોથી શું લાભ ? કિંતુ ત્યાગ-શાંતિ-વૈરાગ્યનું સુખ કાયમી, નિર્ભય અને આત્માને સ્વાધીન છે માટે તેમાં (જ સદા) પ્રયત્નશીલ રહેવું જોઈએ. (શ્લો. ૧૨૨)**

વૈરાગ્ય (પ્રશમ)નું સુખ એટલું ઉત્કૃષ્ટ છે કે તો સુખ ચક્રવર્તિ કે ઇંદ્રને પણ હોતું નથી. (શ્લો. ૧૨૮ સરખાવો - જ્ઞાનસાર - અષ્ટક - ૧૦ શ્લો. ૮, હૃદયપ્રદીપષટ્ત્રિંશિકા-શ્લો.૩૪)

આ જ અધિકારમાં એક શ્લોક ખૂબ ધ્યાન ખેંચે તેવો છે -

**सम्यग्दृष्टिर्ज्ञानी ध्यानतपोबलयुतोऽप्यनुपशान्तः।**
**तं लभते न गुणं यं प्रशमगुणमुपाश्रितो लभते ।।१२७।।**

**અર્થ – સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની, ધ્યાની અને તપસ્વી હોવા છતાં પણ જો ઉપશાંત-વૈરાગ્યશીલ ન હોય તો તેને એ લાભ થતો નથી કે જે લાભ (ગુણ) શાંતિ-વૈરાગ્યના ગુણવાળો મેળવે છે. (શ્લો. ૧૨૭)**

આનાથી એ વાત ફલિત થાય છે કે શાંતિ-પ્રશમગુણ સર્વોપરિ છે. તેની હાજરીમાં જ બીજા સમ્યગ્દર્શન-જ્ઞાન-ધ્યાન-તપ વગેરે ગુણો વિશિષ્ટ ફલદાયક બને છે. પરમાત્મા મહાવીરદેવ પણ સાધના-કાળમાં **संते पसंते उवसंते** હતા એમ કલ્પસૂત્રમાં કહેલું છે. એકલા ઉપશાંતિ-ગુણની હાજરીમાં જે પણ આરાધના થાય તે સફલ બને છે. (ત્યારે પણ સમ્યગ્દર્શન તો હોય જ.)

આ જ વાત **सम्यग्दृष्टिर्ज्ञानी विरतितपोबल. ।।२४३।।** એ શ્લોકમાં સામાન્ય ફેરફાર સાથે દોહરાવીને જાણે કે ગ્રંથકાર ઉક્ત વાત ઉપર આપણું ધ્યાન ખેંચવા માંગતા હોય તેમ લાગે છે. (સરખાવો જ્ઞાનસાર-શમાષ્ટક-૬, શ્લો. ૫)

આમ તો જિનશાસનની પ્રત્યેક આરાધના મોક્ષના લક્ષ્ય સાથે કરવાની છે. પરંતુ, મોક્ષ એટલે શું ? સિદ્ધિશિલા ? એ તો અત્યંત પરોક્ષ-દૂર છે. વળી સંપૂર્ણ કર્મક્ષય આત્મશુદ્ધિ રૂપ મોક્ષ પણ છદ્મસ્થ પંચમકાળના જીવ માટે અશક્ય છે. તો હવે શું કરવું ? તેનો જવાબ ગ્રંથકાર આપે છે –

स्वर्गसुखानि परोक्षाण्यत्यन्तपरोक्षमेव मोक्षसुखम् ।
प्रत्यक्षं प्रशमसुखं न परवशं न च व्ययप्राप्तम् ।।२३७।।

**અર્થ – સ્વર્ગના સુખો પરોક્ષ છે અને મોક્ષનું સુખ તો અત્યંત પરોક્ષ છે. (તેના અનુભવની તો વાત જ શી કરવી ?) ત્યારે શાંતિનું, વૈરાગ્યનું સુખ પ્રત્યક્ષ છે અર્થાત્ અનુભવી શકાય તેવું છે. વળી પરવશ-પરાધીન નથી અને તેને મેળવવા કોઈ ધનનો ખર્ચ કરવો પડતો નથી. (શ્લો. ૨૩૭)**

વસ્તુતઃ તો જેઓ શાંતિ-પ્રશમ-સુખનો અનુભવ કરે છે તેઓને અહીં જ મોક્ષ છે. મોક્ષની અનુભૂતિ થાય છે. માટે કહે છે કે,

निर्जितमदमदनानां वाक्कायमनोविकाररहितानाम् ।
विनिवृत्तपराशानां इहैव मोक्षः सुविहितानाम् ।।३८।।

**અર્થ – ''મદ અને મદનને (કામદેવને) જીતી ચૂકેલાં, વાણી, કાયા અને મનના વિકાર વગરના અને પારકી આશાને વિશેષથી તિલાંજલિ આપનાર (અર્થાત્ તેનાથી વિરહિત) એવા સુવિહિત = રત્નત્રયીની આરાધનામાં તત્પર બનેલાં મુનિઓને અહીં જ (સદેહે જ) મોક્ષ છે.''** કારણ કે – તેઓને વિશુદ્ધ આત્મિક ગુણોની અનુભૂતિ થતી હોય છે. ક્ષણે ક્ષણે વિપુલ નિર્જરા કરતાં હોવાથી મોક્ષના સુખોની આંશિક અનુભૂતિનો રસાસ્વાદ લેતા હોય છે.

જો કે આવી પ્રશમ-શાંતિ-વૈરાગ્યની સ્થિતિ કાંઈ સુલભ નથી. આવા પ્રશાંત ગુણને અનુભવ્યા વિના કદાપિ મોક્ષ સ્વપ્નમાં પણ લઈ શકતો નથી. આવા ઉપશમભાવની હાજરીમાં પ્રતિક્ષણ વિપુલ નિર્જરા થાય છે એમાં બે મત નથી. બહારથી ઘણી બધી પ્રતિકૂલતાઓ વેઠવા છતાં જે અંતરથી શાંત-ઉપશાંત રહી શકે તે કર્મનિર્જરાનો ભાગી બને છે. નહિંતર ઉલટું પણ બને. 'જ્ઞાનસાર'માં કહ્યું છે કે - ''જ્ઞાનની પરિપક્વ અવસ્થા આવે ત્યારે 'શમ' (શાંતિનો) ગુણ આવે છે.''

શાસ્ત્રોમાં સમ્યગ્દર્શનના પુષ્ટ લક્ષણ તરીકે પ્રશમ-વૈરાગ્ય-શાંતિ ગુણ કહેલો છે તો **उवसमसारं खु सामन्नं** કહીને ચારિત્રનો સાર પણ ઉપશમ ભાવ-શાંતતા-ઉપશાંતતા ગુણ જ કહેલો છે. આમ આ ગુણ દરેક અધ્યાત્મની અવસ્થામાં વ્યાપક છે. આરંભમાં મંદ રૂપે હોય પછી ઉત્તરોત્તર પ્રકૃષ્ટ થતો જાય છે.

મોક્ષનું કારણ શાસ્ત્રમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર કહેલાં છે. આ ત્રણે ય ભેગા મળે તો મોક્ષમાર્ગ બને છે. આ ત્રણની આરાધનામાં તત્પર મુનિએ તેમાંજ યત્ન કરવો જોઈએ. અને તે રત્નત્રયીની આરાધનામાં તત્પર એવા સાધુઓ અને જિનેશ્વરની ભક્તિ, વૈયાવચ્ચ (ઉપગ્રહ) અને સમાધિ કરવાપૂર્વક રત્નત્રયીની આરાધનામાં પરાયણ બનવું. (૨૩૪)

હવે સંક્ષેપમાં ઉપશાંત-ગુણ મેળવવાનો ઉપાય બતાવી તે ગુણની ગરિમા બે શ્લોકમાં બતાવે છે -

**''પોતાના (જ્ઞાનાદિ) ગુણોનો અભ્યાસ કરવામાં રત-ઉત્સાહી મતિવાળા તથા પારકી ચિંતા-બાબતોમાં આંધળા, મૂંગા અને બહેરા હોય તેમ જ મદ-મદન-મોહ-મત્સર-રોષ-વિષાદ આ બધાં દોષોની લંગારથી અધૃષ્ય હાર ન પામનાર બાથ ભીડનાર અને વૈરાગ્ય-શાંતિ-પ્રશમના અવ્યાબાધ સુખની ઝંખવામાં સદા તલ્લીન અને ઉત્તમ સેવા ધર્મમાં (સદાચાર)માં દઢતાપૂર્વક સ્થિર રહેલ હોય એવા આત્માને દેવલોકમાં અને મનુષ્યલોકમાં પણ કોની ઉપમા આપી શકાય ? અર્થાત્ કોઈની પણ સાથે સરખાવી ન શકાય.'' (શ્લો. ૨૩૫-૨૩૬)**

આ રહ્યા પૂર્વોક્ત અર્થને જણાવનારા શ્લોકો -

**तासामाराधनतत्परेण तेष्वेव भवति यतितव्यम् ।**
**यतिना तत्परजिनभक्त्युपग्रहसमाधिकरणेन ।।२३४।।**

**स्वगुणाभ्यासरतमतेः परवृत्तान्तान्धमूकबधिरस्य ।**
**मदमदनमोहमत्सररोषविषादैरधृष्यस्य ।।२३५।।**

**प्रशमाऽव्याबाधसुखाऽभिकाङ्क्षिणः सुस्थितस्य सद्धर्मे ।**
**तस्य किमौपमम्यं स्यात् सदेवमनुजेऽपि लोकेऽस्मिन् ? ।।२३६।।**

આ પ્રમાણે ફેરવી ફેરવીને પ્રસ્તુત ગ્રંથકારે પ્રશમભાવ-શાંતિ-વૈરાગ્ય જ મેળવવા યોગ્ય ગણાવ્યો છે. ભવભીરુ આત્માને આચારાંગના વિવિધ-ઉપદેશ-અધિકારોને બતાવીને તે સાધ્વાચારને પાળતો જીવ રાગાદિને મૂલથી હણે છે એમ કહ્યું છે. (શ્લો. ૧૧૮) વળી દશ પ્રકારના યતિધર્મને બતાવીને (શ્લો. ૧૭૯માં) કહ્યું કે - સદા દશવિધ ધર્મનો અમલ કરનારા દઢ, રૂઢ અને ઘન-ઘણા મજબૂત પણ રાગ, દ્વેષ અને મોહનો ઉપશમ થાય છે. વળી આગળ જે સાધનાક્રમ-ક્ષપકશ્રેણિનું વર્ણન કરેલું છે. તેમાં મોહનીય-કર્મ પ્રકૃતિના જ ક્ષયનો ક્રમ બતાવીને જાણે ગ્રંથકારે સૂચવ્યું છે કે - મોહનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમના આધારે જ સાધનાનું મૂલ્યાંકન થાય છે. જૈન શાસનમાં સાધનાનું મુખ્ય-અંતિમ ધ્યેય વીતરાગતા છે. (શ્લો. ૨૬૭) બાકીના લક્ષ્યો આનુષંગિક છે, એમ સૂચિત થાય છે. આવી તો બીજી પણ અનેક બાબતો તારવી શકાય. વિસ્તારના ભયથી અહીં ફક્ત દિગ્દર્શન કરાવ્યું છે.

પ્રાચીન ગ્રંથોની ટીકાઓમાં અનેક ઠેકાણે પ્રસ્તુત ગ્રંથના ઉદ્ધરણો-સંદર્ભો જોવા મળે છે. પ્રસ્તુત ગ્રંથના રચયિતા શ્રી ઉમાસ્વાતિજી મહારાજ સમર્થ સંગ્રહકાર હતાં. તેમણે તત્ત્વાર્થાધિગમસૂત્ર જેવો સંગ્રહ-ગ્રંથ રચીને ગાગર મેં સાગર ભરી દીધો છે. આ ગ્રંથ વર્તમાનમાં જૈનોના ચારેય ફિરકાઓમાં માન્ય છે. આમ છતાં તેઓની લઘુતા તો આંખે ઉડીને વળગે તેવી છે. પ્રસ્તુત ગ્રંથમાં અંતે પણ તેઓ એ નમ્ર અને સરળ ભાવે કહ્યું છે કે -

**''જે કોઈ પણ મારા વડે છંદ, શબ્દ અને ધર્મશાસ્ત્રોના અર્થથી અયોગ્ય-વિપરીત કહેવાયું હોય તો મને વડિલ જ્ઞાની પુરૂષોએ સગા પુત્રના ગુન્હાની જેમ ક્ષમા આપવી રહી.''** (શ્લો. ૩૧૨)

કદાચ તેઓની નજરમાં ચૌદ પૂર્વધર મહાત્માઓ હશે ? અંતિમ શ્લોકમાં પરમાત્માના શાસન અંગે અદ્ભુત ઉદ્ગારો અભિવ્યક્ત કરીને પરમાત્માના શાસન પ્રત્યે અહોભાવ, વફાદારી વ્યક્ત કરી છે અને તેની સર્વોપરિતા સ્થાપિત કરી છે -

**सर्वसुखमूलबीजं सर्वार्थविनिश्चयप्रकाशकरम् ।**
**सर्वगुणसिद्धिसाधनधनमर्हच्छासनं जयति ।।३१३।।**

**અર્થ - ''સર્વ સુખોનું મૂળ બીજ=કારણ, સર્વ પદાર્થોના નિશ્ચયને પ્રકાશિત કરનારું અને ક્ષમા વગેરે સર્વ ગુણોની સિદ્ધિ-પ્રાપ્તિ કરવામાં ધન (મૂડી) સમાન શ્રી અરિહંતનું શાસન જય પામે છે.''**

આ ગ્રંથ ઉપર બૃહદ્ગચ્છીય આ. શ્રી હરિભદ્રસૂરિજીએ સરળ વૃત્તિની રચના કરી છે.

**ઉપસંહાર**

પ્રસ્તુત ગ્રંથમાં ખૂબ જ સ્પષ્ટ રીતે દોષ-દર્શન કરાવી અને દોષ નાશ (વૈરાગ્ય)

માટે ઉત્સાહિત કરવાની પ્રેરણાઓ કરીને તેના સમ્યગ્ શાસ્ત્રીય ઉપાયોનું દર્શન કરાવેલું છે.

માટે ભવભીત આત્માર્થી આત્માને મોક્ષમાર્ગનું સંક્ષિપ્ત છતાં પર્યાપ્ત અને અર્થગંભીર શાસ્ત્રીય માર્ગદર્શન પૂરું પાડે છે, એમ સર્વ વસ્તુનો સાર છે.

મેં પહેલા જ કહ્યું કે, પ્રસ્તુત ગ્રંથ માટે ગમે તેટલાં શબ્દો પણ ઓછા અને વામણા પડે તેમ છે તેમ છતાં ભક્તિથી પ્રેરાઈને યત્કિંચિત્ સ્વમતિ-શક્તિ અનુસારે મારી સંવેદના અને પર્યાલોચના રજૂ કરી છે. વસ્તુતઃ તો હું પણ તે માર્ગનો પથિક છું, પારગામી નથી. ઉક્ત બધા જ ગુણો મારામાં છે એવું રખે કોઈ માની લે ! મને તો આ ગ્રંથના પદાર્થોનું એક આકર્ષણ ઊભું થયું છે તેનું યત્કિંચિત્ કથન કરેલું છે. જો કે ખેંચાણ ઊભું થયું છે તો ક્યારેક દેવગુરૂ કૃપાથી પરિણમન અમલીકરણ પણ થશે એવી શ્રદ્ધા અસ્થાને નથી.

પ.પૂ.શ્રુતોપાસક, વિદ્વાન મુનિશ્રી વૈરાગ્યરતિવિજયજી મ. ગણિવરે મને આ વિષય ઉપર લેખ લખી મોકલવા ખૂબ જ આગ્રહભરી પત્ર દ્વારા વિનંતી કરેલી. આ વિષય ઉપર લેખ લખીને મોકલ્યો છે. આ રીતે મને એક પ્રકારનો સ્વાધ્યાય કરવાની તક મળી તેનો આનંદ છે.

આ ગ્રંથ ઉપર પ.પૂ.સિદ્ધહસ્તલેખક આચાર્યશ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ.સા. એ પણ સંક્ષિપ્ત વિવેચન લખેલું છે. આ ગ્રંથ ફક્ત વાંચી કે ગોખી જવા જેવો નથી, કિંતુ એના દરેક શ્લોકોમાં પૂ. ઉમાસ્વાતિજી મહારાજે જે અર્થની ગંભીરતા, વૈરાગ્ય, શાંતરસ, પાપ-દોષ-ભય અને આત્મ-પરિણામની વિશુદ્ધિનો અમૃતરસ વહાવ્યો છે તેને ચિંતન, મનન, પરિશીલન દ્વારા ઘૂંટડે ઘૂંટડે પીવા જેવો છે.

જૈનશાસન બીજા પણ અનેક ગ્રંથ રત્નો, જેવા કે - જ્ઞાનસાર, શાંતસુધારસ, ઉપમિતિભવપ્રપંચા કથા, યોગબિંદુ, અધ્યાત્મકલ્પદ્રુમ, યોગદષ્ટિસમુચ્ચય, યોગસાર, ઉપદેશરહસ્ય, ઉપદેશમાલા, પંચસૂત્ર, આચારાંગસૂત્ર, ધર્મસંગ્રહ, અધ્યાત્મસાર તત્ત્વાર્થાધિગમસૂત્ર, બત્રીસ-બત્રીસી વગેરે, આંતરપરિણતિને વિકસિત કરનારા છે. જેમાં જિનશાસનના પદાર્થોનો મજાનો ખજાનો ભરી દીધો છે. જીવવિશેષે આત્મરુચિ વિશેષથી કોઈને અન્ય કોઈપણ ગ્રંથ ઉપર રુચિવિશેષ હોઈ શકે છે.

પ્રાન્તે, સૌ કોઈ આવા ગ્રંથરત્નને ભાવિત કરીને રત્નત્રયીની આરાધનામાં ઉજમાળ બની પરમાર્થને (મોક્ષને) નજીકમાં સાધનારા બને એજ અંતરની અભ્યર્થના.

મારી મંદમતિથી જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં.

•

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# પંચસૂત્ર

## અજ્ઞાત પ્રાચીન આચાર્ય

પ્રાકૃત

*પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મ. સમર્થ નૈયાયિક અને વૈયાકરણ છે. ગ્રંથને પ્રિય બનાવવાની સાથે સાધકે ગ્રંથપ્રિય બનવું રહ્યું આ માર્મિક વાત લઈને આ લેખ શાસ્ત્રવચનો પર શ્રદ્ધા જગાવવાની પ્રેરણા કરે છે.*



# પરમાનંદનું સૂત્ર

– આચાર્ય વિજય ચંદ્રગુપ્તસૂરિ

**અ**નંતોપકારી દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માના શ્રીમુખે ત્રિપદીનું શ્રવણ કરીને શ્રીગણધર ભગવંતોએ શ્રીદ્વાદશાંગીની રચના કરી છે. જે પણ પૂજ્ય મહાત્માઓએ તેનું અધ્યયન કરીને તેના પરમાર્થને પ્રાપ્ત કર્યો છે, વર્તમાનમાં પ્રાપ્ત કરી રહ્યા છે અને ભવિષ્યમાં પ્રાપ્ત કરવાના છે તેઓશ્રીની બુદ્ધિપ્રતિભાને આપણે સમજી પણ ના શકીએ. આમ છતાં આ શ્રુતસાગરના સારભૂત પદાર્થને આપણા સુધી લઈ આવવાનું કાર્ય કરીને પૂજ્ય આચાર્યભગવંતોએ આપણી ઉપર અવિસ્મરણીય અનુગ્રહ કર્યો છે– એમાં કોઈ સંદેહ નથી.

આપણા સદ્ભાગ્યે પ્રાપ્ત થયેલા ગ્રંથોમાંથી પ્રિય ગ્રંથ કયો છે – એ જણાવવાનું એક રીતે ખૂબ જ સરલ છે. પરંતુ એ જણાવ્યા પછી એના કારણો પણ જણાવવાનાં હોય તો થોડું અઘરું પડે. દરેક ગ્રંથકાર પરમર્ષિની ગ્રંથશૈલી જુદી જુદી હોય છે. તેમાં તેઓશ્રીની અનેકવિધ પ્રતિભાના દર્શન થતા હોય છે. આપણને આપણી રુચિ મુજબની વસ્તુ પ્રિય થતી હોય છે. પરંતુ જે દિવસે સારી વસ્તુ આપણને સારી લાગે તે દિવસે આપણી રુચિનું સ્થાન નહિ હોય – એ સમજાય તો પ્રિયગ્રંથના બદલે આપણે ગ્રંથપ્રિય બની જઈશું.

પણ એ બોલવા જેટલું સહેલું નથી. અત્યારે તો પ્રિય એવા ગ્રંથના આલંબને ગ્રંથ પ્રિય બનવાનું લક્ષ્ય કેળવી લેવું રહ્યું. વર્તમાનમાં ઉપલબ્ધ ગ્રંથોમાં ચિરંતનાચાર્ય વિરચિત શ્રી પંચસૂત્ર ગ્રંથ મારો પ્રિય ગ્રંથ છે. એની ઉપર ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ રચેલી ટીકા છે, જે એક ગ્રંથ જ છે.

ગ્રંથકારશ્રીની અપ્રતિમ વિદ્વતા સર્વાંગીણ પ્રતિભા પરમાર્થના હાર્દ સુધી પહોંચાડનારી ગ્રંથરચનાશૈલી અને પરમતારક શ્રી વીતરાગ પરમાત્માના વચનોની અવિચલ શ્રદ્ધાદિનો અનુભવ થવાથી પ્રથમ દર્શને જ આ ગ્રંથ મને પ્રિય થઈ ગયો. ત્યાર પછી તો અનેકવાર એ ગ્રંથનું અનુશીલન કરવાથી આ ગ્રંથ પ્રત્યેની પ્રીતિ સુદઢ થતી ગઈ. સંસારની ભયંકરતાને અત્યંત અલ્પ શબ્દોમાં વર્ણવીને તેનાથી મુક્ત થવાના

એક માત્ર ઉપાય તરીકે શુદ્‌ધધર્મની પ્રાપ્તિને વર્ણવીને ગ્રંથકારશ્રીએ અત્યંત માર્મિક વાત કરી છે. એનો મર્મ સમજી લઈએ તો આપણા સંસારનું બીજ 'શુદ્‌ધધર્મની પ્રાપ્તિનો અભાવ છે.' એ સમજાયા વિના નહિ રહે. શુદ્‌ધધર્મની પ્રાપ્તિના કારણભૂત 'તથાભવ્યત્વના પરિપાક'નાં સાધનોનાં વર્ણન માટે આ ગ્રંથનું પ્રથમ સૂત્ર છે.

તથાભવ્યત્વના પરિપાકથી ગૃહસ્થાવસ્થામાં ઉચિતકર્તવ્ય અને લોકવિરુદ્‌ધનો ત્યાગ કરીને સાધુધર્મની પરિભાવના કઈ રીતે કરાય ? તેનું વર્ણન બીજા સૂત્રથી આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે. પ્રવ્રજ્યાગ્રહણવિધિના વર્ણન પ્રસંગે ત્રીજા સૂત્રમાં મુમુક્ષુ માતાપિતાદિની અનુમતિ જે રીતે મેળવે છે તે રીતનું વર્ણન ખૂબ જ સુંદર રીતે કર્યું છે. આવી રીતનું વર્ણન પ્રાયઃ બીજા કોઈ ગ્રંથમાં નથી. પ્રસંગે ધર્મ કરવા માટેની માયા એ માયા નથી અને ધર્મ કરતી વખતે માયા ના કરવી - આ વાત સ્પષ્ટ રીતે જણાવી છે.

ચોથા સૂત્રમાં સાધુભગવંતોનું સ્વરૂપ સંક્ષેપથી પણ અદ્‌ભુત રીતે વર્ણવીને સાધનાના ફળનું વર્ણન કર્યું છે. અંતિમ સૂત્રમાં મોક્ષનું વર્ણન કરતી વખતે અન્ય દર્શનોએ વર્ણવેલા મોક્ષના સ્વરૂપનું ખૂબ જ સરસ રીતે નિરાકરણ કર્યું છે. એના પરિશીલનથી એક વાતની ખાત્રી થઈ જાય છે કે - મોક્ષ જૈનશાસનને છોડીને બીજે ક્યાંય નથી. કર્મની વિચિત્રતાદિને લઈને મોક્ષની પ્રાપ્તિ કદાચ ન થાય તોય શ્રદ્ધા મજબૂત બન્યા વિના નહીં રહે. ગ્રંથકારશ્રીની સમદર્શિતાને વર્ણવનારા ખરેખર જ તેઓશ્રીની તત્ત્વદર્શિતાને કેમ વર્ણવતા નથી એ સમજાતું નથી.

પ્રમાણમાં આ ગ્રંથ નાનો હોવા છતાં અનંત દુઃખમય આ સંસારથી મુક્ત બની પરમપદની પ્રાપ્તિ માટેના પૂર્ણ માર્ગનું સ્પષ્ટ રીતે વર્ણન કરે છે. તદનુસાર પરમ પારમેશ્વરી પ્રવજ્યાને આરાધનારા પૂજ્ય સાધુભગવંતો પોતાના આત્માને પરમાત્મા બનાવે છે - એમાં સંદેહ રાખવાનું કોઈ કારણ નથી. પરમ આનંદને પ્રાપ્ત કરાવનાર આ ગ્રંથ સૌને પણ પ્રિય બને - એવી આશા અસ્થાને નથી.

•

આ સંસાર બળતા ઘર જેવો છે,
શરીર અને મનના દુઃખોનું ઘર છે,
બુદ્ધિમાન માણસે તેમાં આસક્ત થવા જેવું નથી કારણ કે
મનુષ્ય અવસ્થા બહુ દુર્લભ છે
મનુષ્ય જન્મમાં જ પરલોકની સાધના થઈ શકે છે.
વિષયોના પરિણામ કડવા હોય છે
સ્વજનોનો સંબંધ વિયોગમાં પરિણમે છે
જીવન ક્યારે પૂરું થશે ? તે ખબર નથી.
ગમે ત્યારે પૂરું થશે તેનો ભય રહે છે.
આ સ્થિતિમાં સંસારની આગને બૂઝવવા પ્રયાસ કરવો જોઈએ.
આ પ્રયાસ શાસ્ત્રના સંસ્કારોથી વાસિત ધર્મમેઘ સમાધિ છે.

**– લલિતવિસ્તરા**

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# લલિતવિસ્તરા

## આચાર્યશ્રી હરિભદ્ર સૂ. મ.

## સંસ્કૃત

*મુનિશ્રી દાનવલ્લભ વિજયજી જિજ્ઞાસુ અને ચિંતક છે. શાસ્ત્રોની અસર કેવળ બુદ્ધિ પર, મન પર જ નહીં. આત્મા પર પણ થાય છે એ અનુભૂતિ તેમના શબ્દોમાં છલકાય છે.*



# આત્મૌષધની અનન્ય સંજીવની – અનુપ્રેક્ષા

– મુનિ દાનવલ્લભ વિજય

રુચિનો વિષય જેટલો અનુપ્રેક્ષા સાથે છે, એટલો માત્ર વાંચન સાથે નથી. રુચિનો સંબંધ જેટલો અંતર સાથે છે એટલો આંખ સાથે નથી. આંખ તળેથી પસાર થયેલું બધું જ અંતરની રુચિનો વિષય નથી બનતું. કોઈ પણ ગ્રંથ સાથે રુચિનું અનુસંધાન ત્યારે જ થાય જ્યારે એના શબ્દો – અર્થો અનુપ્રેક્ષાની ભૂમિકામાંથી પસાર થયા હોય.

જેટલું ગમે એ બધુ જ ઉપકારક નથી હોતું અને જેટલું ઉપકારક હોય એ બધું શરૂઆતમાં ગમતું પણ નથી હોતું. શું ઉપકારક છે ? શું નથી ? એનો નિર્ણય પણ અનુપ્રેક્ષાનું જ ફળ છે. અનુપ્રેક્ષા તત્કાળ નથી પ્રગટતી એ તો ધીરજ સાથે બંધાયેલી છે. એકના એક શબ્દો ચિત્તની સપાટીએ વારંવાર અથડાય ત્યારે અનુપ્રેક્ષાનું ઝરણું ફૂટે છે અને એને માટે પણ શબ્દોની સાધના કરવી પડે છે. પૂજ્ય પંન્યાસજી ભદ્રંકર વિજય મહારાજ અનેકને કહેતા – ''ઉપમિતિ'' સાત વાર વાંચજો. કદાચ એની પાછળ પણ આ જ કારણ હશે.

શબ્દ એ પણ બ્રહ્મ છે. પણ એની અનુભૂતિ, અનુપ્રેક્ષા વિના નથી થતી. અર્થની અનુભૂતિ શબ્દને બ્રહ્મ બનાવે. શબ્દાર્થ સહેલો હોય, ભાવાર્થ થોડો કઠિન હોય, જ્યારે અનુભૂતિ એ તો ગૂઢાર્થ હોય અને એ ગૂઢાર્થને પામવો એ જ તો ખરી સાધના છે. માટે જ તો શબ્દ વાચના કરતા અર્થવાચના કઠિન હોય છે. પૂર્વાચાર્યોએ પ્રયોજેલો એક શબ્દોના અનેક અર્થોમાં આ જ તો ઘટક છે. શબ્દ એક પણ અનુભૂતિ ભિન્ન, એમ અર્થ પણ ભિન્ન.

શબ્દ એ સ્થૂલ માધ્યમ છે. પણ અનુપ્રેક્ષાના માધ્યમે થતી અનુભૂતિ ઉત્તરોત્તર વધુ સૂક્ષ્મ હોય છે. જે સૂક્ષ્મ હોય તે શાશ્વત હોય. માટે જ જિનશાસનનું શ્રુત અર્થથી શાશ્વત છે. સૂક્ષ્મ (અર્થાનુભૂતિ) એ જ શાશ્વતતાના (મોક્ષ) અનુસંધાનનું કારણ બને છે.

શબ્દાર્થના અનુભવ માટે અનુપ્રેક્ષા જોઈએ. અનુપ્રેક્ષાનું ફળ અનુભવ છે. અનુભવ વિનાનું શાસ્ત્રાધ્યયન ક્યારેય અંતર્મુખ ન બનાવતા બહિર્મુખ બનાવી દે છે. માટે જ તો શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે કહી દીધું કે – ગ્રંથોનો પણ એક સંસાર હોય છે. (विदुषां ग्रन्थसंसारः)

જેનો અનુભવ થાય તે રુચે, અને જે રુચે તેનો અનુભવ થાય. આમ સામ સામે દ્વિપક્ષીય સમીકરણ છે. રુચિનો પરિપાક તે અનુભૂતિ. એકવાર કોઈ પણ ગ્રંથ ગમતો થયો એટલે વારંવાર એને વાચવાનું થયા જ કરે. પછી એ ગમતો ગ્રંથ નિત્યનૂતન જ ભાસે. એના એ જ શબ્દો – પંક્તિઓમાંથી પસાર થતા નવો જ અર્થ, નવી જ તાજગી અનુભવાય. શબ્દો પરિચિત લાગે પણ એને વાંચતા આત્મીય સ્વજનને મળતા હો એવો અનુભવ થાય અને છતાંય રોમાંચ તો નવો જ હોય.

મારી પોતાની ખુદની વાત કરું તો, હું કંઈ વિશેષ વિદ્વાન નથી કે વાંચેલા ગ્રંથોના નામથી ડાયરીનું એકાદું પાનું ભરાઈ જાય એટલા શાસ્ત્રો પણ મેં વાંચ્યા નથી. શાસ્ત્રોના અધ્યયનમાં, વાંચનમાં પહેલેથી મારી ગતિ બળદગાડા જેવી રહી છે. એકાદ ગ્રંથ વાંચતા કદાચ આખું વર્ષ પણ પસાર થઈ જાય. હમણા છેલ્લા બે વર્ષથી લલિતવિસ્તરા વાંચવાનું થાય છે. પં. જયેશભાઈ પાસે એ ગ્રંથનું અધ્યયન કરતા કરતા ક્યારેક ગૂઢાર્થની પણ સ્પર્શના થઈ જાય. તારક પરમાત્મા અરિહંત દેવના વિશેષણો, એના પરની વિસ્તૃત વિવેચના અને એ પણ સમર્થ શ્રુતધર પૂ. હરિભદ્રસૂરિ મહારાજના પવિત્ર મનોભાવોથી સર્જાયેલી લલિતવિસ્તરા અધ્યયનનો મારો અનુભવ એ રહ્યો છે કે એના વાંચન પછી મારા ખુદના ક્રોધાવેગમાં નોંધપાત્ર ઘટાડો થયો હોય એવું હું ખુદ અનુભવું છું. અનેક ઘટનાઓમાં પહેલા ક્ષણમાત્રમાં ક્રોધાવેગ ચિત્ત પર છવાઈ જતો. હવે તેની તીવ્રતા મહદ્ અંશે મંદ થઈ રહી છે.

માત્ર પદાર્થો કે એનું વિવેચન જ ઉપકારક હોય એવું નથી એ શબ્દો દ્વારા ગ્રંથકર્તા મહાપુરુષો શબ્દોના માધ્યમે પોતાની મનોભાવનાઓનો પણ અજાણપણે ન્યાસ કરી દેતા હોય એવું લાગે. શબ્દો પાછળ રચયિતાનું માનસ પણ ઝળકતું હોય છે. એકવાર તીવ્ર ક્રોધાવેશ જાગ્યા પછી સમતારસમાં ઝબોળી ઝબોળીને પૂ. હરિભદ્રસૂરિ મહારાજે લખેલા એ ગ્રંથે સમત્વની તીવ્ર અસર મારી પર પણ ઊભી કરી દીધી. બસ, આ અનુભવથી લલિતવિસ્તરા ગ્રંથ પ્રત્યેનો અહોભાવ – ઉપાદેયભાવ ખૂબ જ વધી ગયો. મારા માટે તો આજ સુધીના અનેક ગ્રંથ વાંચનમાં લલિત વિસ્તરા સૌથી વધુ ઉપકારક સિદ્ધ થયું. કારણ એના ભાવાર્થ નહિ ગૂઢાર્થને માણ્યો... અનુભવ્યો છે...

અલબત્ત, આ માત્ર એક જ ઘટનાથી હું અનુપ્રેક્ષાના સ્તર પર પહોંચી ગયો છું એવું ન કહેવાય. છતાં એ દુર્ગમપથના મંડાણ તો ચોક્કસ થઈ ગયા છે. આજે લલિતવિસ્તરા વાંચ્યું, માટે એ ગમ્યું, હજી બીજા અનેક ગ્રંથો વાંચવાના બાકી છે. આવતી કાલે લલિતવિસ્તરાનું સ્થાન બીજો કોઈ ગ્રંથ પણ લઈ શકે છે.

ઉંમર સાથે રુચિનો વિષય પણ બદલાઈ શકે છે. આજ સુધી જે કોઈ ગ્રંથ વાંચ્યા એ અધ્યાત્મસાર, જ્ઞાનસાર, ઓઘનિર્યુક્તિ આદિ બધા હૃદયને સ્પર્શી તો ગયા જ છે.

હજુ બીજા કેટલા ગ્રંથો વાંચવાનો સંયોગ થશે એ કંઈ નક્કી નથી. પણ મારા જેવા સંક્ષેપરુચિ જીવો માટે ષોડશક, બત્રીસબત્રીસી, અષ્ટકજી, વિશંતિવિંશિકા, જેવા ચયનગ્રંથો વધુ ઉપકારક બની શકશે. આ દરેક ગ્રંથો જીવનમાં એકવાર તો અવશ્ય વાંચવા જ છે.

'મારો મનગમતો ગ્રંથ' લેખ પૂર્ણ કરું એ પહેલા આ જ સંદર્ભમાં ભક્તિયોગાચાર્ય પૂજ્ય યશોવિજયસૂરિ મહારાજની એક વાત યાદ આવે છે. એ પૂજ્યશ્રીના જ એક પુસ્તકમાં વાંચ્યુ હતું કે, કોઈ પણ એક ગ્રંથને એ હદે ઘૂંટો કે તમારો જન્માંતરીય સાધનાગ્રંથ બની જાય. આવતા ભવમાં અધૂરી રહેલી સાધના એ ગ્રંથના માધ્યમે તમે પૂર્ણ કરી શકો. મને લાગે છે 'ગમતો ગ્રંથ' આ અભિગમ એના દ્વારા જ જાણે આ સાધના શરૂ થઈ શકે. આજે એક ગ્રંથ પ્રત્યે પ્રીતિ જાગી ગઈ ચોક્કસ ભવાંતરમાં એ ગ્રંથ તમારી સાધના આગળ વધારશે જ.

ખરેખર સાચુ કહું તો આ લેખના આમંત્રણ દ્વારા મુનિશ્રીએ મારો કાન આમળ્યો છે. મારો ગમતો ગ્રંથ કયો ? આ પ્રશ્ન ખુદ મારી જાતને જ અનેકવાર પૂછ્યો છે. આ લેખ લખતા લખતા અનેકવાર આત્મનિરીક્ષણના ચિંતનભર્યા ઊંડાણમાંથી પસાર થયો છું. જો આ લેખનું આમંત્રણ ન મળ્યું હોત તો આ પ્રશ્ન જ ન ઉદ્‌ભવ્યો હોત અને કદાચ આ ગ્રંથ ગમતો પણ ન થયો હોત.

આ લેખ પણ એમના સ્નેહપૂર્વકના વારંવાર આગ્રહની નીપજ છે. પ્રત્યક્ષ પરિચય વિના પણ સતત તેઓ ઉઘરાણી કરતા જ રહ્યા. બે વાર તો ના કહી પણ ત્રીજી વાર એમના આગ્રહને વશ થઈ કલમ ચલાવી... પુનઃ એકવાર એમના સ્નેહ-સખ્ય અને સૌહાર્દના સ્મરણ સાથે સાનુભવ વિરામ.

•

મા રો પ્રિ ય ગ્રં થ

# યોગદૃષ્ટિ સમુચ્ચય

## શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મ.

સંસ્કૃત

*મુનિરાજ શ્રીસંયમકીર્તિવિજયજી સારા અભ્યાસુ અને લેખક છે. આત્મવિકાસના માર્ગ વિષે યોગગ્રંથોનું માર્ગદર્શન તેમનો પ્રિય વિષય છે. તેમણે યોગદૃષ્ટિ સમુચ્ચયની સામાન્ય રૂપરેખા રજૂ કરી છે.*



# આત્મોત્થાનનો અદ્‌ભુત ગ્રંથ

**– મુનિ સંયમકીર્તિવિજય**

**મા**રો પ્રિય ગ્રંથ યોગદષ્ટિસમુચ્ચય છે. સમર્થ શાસ્ત્રકાર શિરોમણિ પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજાની એ અદ્‌ભુત કૃતિ છે. સાધનાના પ્રારંભિક તબક્કાથી માંડીને અંતિમ તબક્કા સુધીની સુંદર રૂપરેખા એમાં આલેખવામાં આવી છે.

સાધના જીવનના વિભિન્ન મુકામે સાધકને પ્રાપ્ત થતા ગુણો, નાશ થતા ચિત્તના દોષો, પ્રાપ્ત થતા યોગના અંગો અને વિકસિત બનતા બોધનું તથા પ્રાપ્ત થતા અવાંતર ગુણવૈભવનું સુંદર પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

યોગદષ્ટિ એટલે સત્શ્રદ્ધાથી સંપન્ન બોધ = શ્રદ્ધાભીનો બોધ = સંવેદનાના સ્તરનો બોધ. કોરી જાણકારી નહીં પણ આત્માને ઢંઢોળે, જાગૃત કરે, ઊભો કરે અને મુક્તિ ભણી દોડવે એવો બોધ થવો એ યોગદષ્ટિ છે. બોધના વિકાસ, ફળ અને આંતર વૈભવના પ્રદાનને આશ્રયીને યોગદષ્ટિના ગ્રંથકાર મહર્ષિએ આઠ પ્રકાર પાડ્યા છે. તેના નામ આ મુજબ છે–

(૧) મિત્રાદષ્ટિ, (૨) તારાદષ્ટિ, (૩) બલાદષ્ટિ, (૪) દીપ્રાદષ્ટિ, (૫) સ્થિરાદષ્ટિ, (૬) કાંતાદષ્ટિ, (૭) પ્રભાદષ્ટિ અને (૮) પરાદષ્ટિ.

આઠે દષ્ટિમાં ચિત્તના ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાંતિ, અન્યમુદ્, રોગ અને આસંગ આ દોષોમાંથી ક્રમશઃ એક એક દોષનો નાશ થતો જાય છે અને સાધક મોક્ષમાર્ગમાં પ્રગતિ સાધતો જાય છે.

વળી, આઠે દષ્ટિમાં તત્ત્વઅદ્વેષ, તત્ત્વજિજ્ઞાસા, તત્ત્વશુશ્રૂષા, તત્ત્વશ્રવણ, સૂક્ષ્મબોધ, તત્ત્વમીમાંસા, તત્ત્વપ્રતિપત્તિ અને તત્ત્વપ્રવૃત્તિ આ આઠ ગુણોની ક્રમશઃ પ્રાપ્તિ થાય છે. તેના બળે સાધક યોગમાર્ગમાં વિકાસ સાધે છે.

તદુપરાંત, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આઠ યોગાંગની પણ ક્રમશઃ પ્રાપ્તિ કરે છે.

અચરમાવર્તકાળમાં અને ચરમાવર્તકાળમાં પણ અપુનર્બંધક અવસ્થાની પૂર્વે જીવ

ઓઘદૃષ્ટિના અંધકારમાં જ અટવાતો હોય છે અપુનર્બંધક અવસ્થાને પામ્યા પછી ભાવમલની મહત્તમ અલ્પતા થતાં પ્રથમ મિત્રાદૃષ્ટિની પ્રાપ્તિ થાય છે અને સાધકનો યોગમાર્ગમાં પ્રવેશ થાય છે. પ્રથમની ચાર દૃષ્ટિ પ્રથમ ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે. પાંચમી અને છટ્ઠી દૃષ્ટિ ચોથા-પાંચમા-છટ્ઠા ગુણસ્થાનકે હોય છે અને સાતમી પ્રભાદૃષ્ટિ છટ્ઠા-સાતમા ગુણસ્થાનકે તથા આઠમી દૃષ્ટિ સાતમા-આઠમાથી બારમા ગુણસ્થાનક સુધી હોય છે.

આ ગ્રંથથી મારા જીવનમાં ખૂબ પ્રેરણા પ્રાપ્ત થઈ છે. મોક્ષમાર્ગને સમજવામાં ખૂબ ઉપકારક બનેલ છે. આ ગ્રંથના આધારે થયેલા વ્યાખ્યાન-વાચનાથી શ્રોતાવર્ગને પણ ખૂબ લાભ થયો છે.

તદુપરાંત, આ ગ્રંથ અનેક પ્રકારની ભ્રાંતિઓ અને અતિ આત્મવિશ્વાસનું નિરસન પણ કરી આપે છે. પ્રવૃત્તિનો ધર્મ વૃત્તિ-પરિણતિ સુધી પહોંચ્યો કે નહીં તેના માપદંડ પણ નક્કી કરી આપે છે.

અંતે એટલું જ કહેવાનું છે કે, પ્રત્યેક મોક્ષાર્થી જીવે પોતાની આરાધનાને શુદ્ધ-મોક્ષ સન્મુખ બનાવવા માટે આ ગ્રંથનું વારંવાર વાંચન-ચિંતન-મનન-નિદિધ્યાસન કરવું ખૂબ જરૂરી છે. કરાલ કલિકાલમાં આત્મોત્થાનનો અદ્‌ભુત ગ્રંથ મળ્યો એ આપણા સૌનું પરમ સૌભાગ્ય છે.

•

સ્નેહથી બંધાયેલા સ્વજનો પર અને દુશ્મનાવટ રાખનારા શત્રુ પર જ્યારે સમાન ભાવ થશે ત્યારે તને પરમ સુખ મળશે.

પાણી જેવા સાંસારિક પદાર્થોથી જ્યારે તારું કમળ જેવું મન લેપાશે નહીં ત્યારે તને પરમ સુખ મળશે.


**– ઉપમિતિ ભવપ્રપંચકથા**

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# ઉપમિતભવપ્રપંચા

સિદ્ધર્ષિ ગણી
સંસ્કૃત

*પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રુતરક્ષાના સ્વપ્નશિલ્પી છે. ઉપમિતિ 'આત્માની આત્મકથા' છે. દોષોના વિસર્જન વિના દુઃખનું વિસર્જન શક્ય નથી. પૂજ્યશ્રી લખે છે, - થોડી પણ સંવેદનશીલતા હશે.. તો આંસુઓનો બંધ તૂટી પડશે.*



# કથા – અંતરંગ વિશ્વની

**– આચાર્ય વિજય હેમચંદ્રસૂરિ**

**એ**ક એવું માધ્યમ જે સહજ ઔત્સુક્ય જન્માવે, આતુર અને ઉત્સુક બનાવે. આબાલવૃદ્ધ સર્વના રસનો વિષય બને, એનું નામ છે – કથા. માટે જ અનાદિકાળથી કથાનું એક સરખું આકર્ષણ રહ્યું છે. ચાહે દાદીમાની વાતો હોય કે સચિત્ર બાળપુસ્તક હોય, નાટકનો રંગમંચ હોય કે ચલચિત્રનો પડદો હોય, નોવેલ-બુક હોય કે રામાયણ-સત્ર હોય, કથા સર્વવ્યાપી છે.

અહીં એક એવી કથાની વાત કરવી છે જે ઉપરોક્ત સર્વ કથામાં વ્યાપ્ત છે. જીવનની પ્રત્યેક ઘટના જે કથા સાથે વણાયેલી છે. મારી પણ એ જ કથા છે ને તમારી પણ. જેણે આ કથાને નથી જાણી એણે કશું જ નથી જાણ્યું.

વિશ્વવ્યવસ્થા અને વિશ્વસંચાલનનું રહસ્ય જે કથામાં રસપ્રદ રીતે વ્યક્ત થયું છે, આપણે જે જે પ્રસંગમાંથી પસાર થઈએ છીએ, તે એક એક પ્રસંગનું જે કથામાં પોસ્ટમોર્ટમ થયું છે, જે કથાના પરિશીલન બાદ સમગ્ર જગત વારંવાર દેખાય છે, દૃષ્ટિના આવરણો વિદાય લે છે, પરમ શાંતિ આત્માની સહચરી બને છે, પરમ સુખ સ્વાધીન બને છે, વિશ્વમૈત્રીની ભાવના હૃદયમાં પ્રતિષ્ઠા પામે છે, જીવમાત્રમાં રહેલા શિવસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે, પરમ સમાધિની સ્થિતિ સહજ બને છે અને આત્મા અહીં જ જીવન્મુક્તિના પરમાનંદને અનુભવે છે.

એ કથાનું નામ છે 'ઉપમિતિભવપ્રપંચા કથા'. જેના લેખક છે પરમ કારુણિક શ્રમણ શ્રી સિદ્ધર્ષિ ગણિ. વિ.સં. ૯૬૨માં સંસ્કૃત ભાષામાં આ કથાનું સર્જન થયું છે. જેઠ સુદ ૫ ના દિવસે આ કથાનો ૧૦૦૮મો જન્મદિન આવી રહ્યો છે. જન્મદિન એનો જ મનાવવા યોગ્ય છે જેણે પરોપકાર કર્યો હોય, જેણે વિશ્વનું મંગલ કર્યું હોય. આ કથાએ આજ સુધીમાં હજારો શ્રોતાઓને પારદર્શી દૃષ્ટિનું દાન કરીને જીવન્મુક્તિનો પરમાનંદ આપ્યો છે. સંક્લેશોની હૈયાહોળીમાંથી મુક્ત કરીને સમાધિની સુધાવૃષ્ટિ આપી છે. આત્માનો આમૂલચૂલ ઉદ્ધાર કર્યો છે.

જે વિશ્વને આપણે જોઈ રહ્યા છીએ, એ બહિરંગ વિશ્વ છે. એના વણઉકેલ્યા અગમ કોયડાઓના સમાધાન અંતરંગ વિશ્વમાં રહેલા છે. જ્યાં સુધી આત્માને અંતરંગ

વિશ્વનું દર્શન ન થાય, ત્યાં સુધી એ છતી આંખે અંધ રહે છે, તીવ્ર બુદ્ધિ હોવા છતાં મૂર્ખ રહે છે, બાહ્યદૃષ્ટિથી ઘટનાઓના અર્થઘટન અને વ્યક્તિઓના મૂલ્યાંકન કરે છે અને પરિણામે ચિંતા, સંતાપ, કલહ, અશાંતિ, અસંતોષ, અનેક શારીરિક-માનસિક રોગોથી માંડીને આત્મઘાત અને દુર્ગતિ સુધીના ભયાનક ફળોને ભોગવે છે.

ઉપમિતિ કથા આત્માના અનાદિની અંધતાને દૂર કરે છે. જાણે એક દિવ્ય અંજન કરે છે અને આત્માને અંતરંગ વિશ્વનો સાક્ષાત્કાર થાય છે. એક બાજુ અનંત ગુણસમૃદ્ધિ દેખાય છે અને બીજી બાજુ અનંત દોષદાવાનળ દેખાય છે. અંતરંગ દોષોમાં સર્વ દુઃખોનાં મૂળ દેખાય છે અને અંતરંગ ગુણોમાં સર્વ સુખોની પ્રાપકતા દેખાય છે. વિશ્વનો પ્રત્યેક જીવ વાસ્તવમાં શુદ્ધ સ્વરૂપી છે. આત્મા અને પરમાત્મા વચ્ચે વાસ્તવમાં કોઈ જ ભેદ નથી. કુશળ શિલ્પી શિલામાં જ શિલ્પના દર્શન કરે છે, એ જ રીતે જ્ઞાનીઓ આત્મામાં જ પરમાત્માનાં દર્શન કરે છે.

એક પ્રદર્શન-હોલમાં લોકોના ટોળે ટોળા એક શિલ્પને ઘેરી વળ્યા. આબેહુબ ને જીવંત એ શિલ્પ. 'અદ્ભુત... અદ્ભુત'ના ઉદ્ગારો સરી રહ્યા છે. બધા આફરીન આફરીન છે. એ સમયે ત્યાં આગમન થયું એના સર્જકનું. કોઈએ એમને ઓળખી કાઢ્યા. લોકોને જાણ કરી. અભિનંદનો વરસી રહ્યા છે પણ શિલ્પીની સહજ નમ્રતા દાદ માંગી લે તેવી છે. એક કલારસિકે અત્યંત જિજ્ઞાસા સાથે પ્રશ્ન કર્યો- ''તમે આવું અદ્વિતીય સર્જન શી રીતે કરી શક્યા ?'' શિલ્પીએ એ જ નમ્રતા સાથે જવાબ આપ્યો, ''મેં સર્જન કર્યું જ નથી. મેં તો માત્ર વિસર્જન કર્યું છે. મેં અવશેષનું વિસર્જન કરી દીધું. શિલ્પ સ્વયં પ્રગટ થઈ ગયું.''

અવશેષ દૂર થઈ જાય તો શિલા એ જ શિલ્પ છે. દોષો દૂર થઈ જાય તો આત્મા એ જ પરમાત્મા છે. જીવનનું સાર્થક્ય સર્જનમાં નહીં, વિસર્જનમાં છે. અજ્ઞાની સમગ્ર જીવન સંપત્તિ, સાધનો વગેરેના સર્જનમાં લગાડી દે છે ને અંતે બધું જ મૂકી અસહાયપણે વિદાય લે છે, સાથે હોય છે માત્ર દોષો. ભયાનક દુઃખમય હોય છે એનો પરલોક. લીમડો વાવ્યા પછી આમ્રફળોની આશા વ્યર્થ છે. જ્ઞાની સમજે છે કે વિસર્જન જેવું સર્જન બીજું કોઈ જ નથી. દોષોનું વિસર્જન એ જ આત્મગુણોનું સર્જન છે. ઉપનિષદોનો સંદેશ યાદ આવે છે –

**उपाधिनाशाद् ब्रह्मैव ।**

દોષોનું વિસર્જન એ જ દુઃખોનું વિસર્જન છે. આના સિવાય દુઃખમુક્તિનો બીજો કોઈ ઉપાય નથી. આગમ આ જ વાત કહે છે –

**रागस्स दोसस्स य संखएण एगंतसोक्खं समुवेइ मोक्खं ।**

બાવળ પર પ્રેમ રાખીને કાંટાઓની ફરિયાદ કરવી જેમ વ્યર્થ છે તેમ દોષો સાથે દોસ્તી રાખીને દુઃખોની ફરિયાદ કરવી પણ વ્યર્થ છે. આગમ કહે છે –

**सुद्धारिहं खलु दुल्लहं ।**

અતિ દુર્લભ આ મનુષ્ય દેહનું સાફલ્ય અંતર્યુદ્ધ કરવામાં છે. પરમ પરાક્રમથી દોષોને પરાજિત કરીને જ્વલંત વિજય મેળવવામાં છે.

'ઉપમિતિ' આ જ તત્ત્વને રોચક કથા દ્વારા પ્રસ્તુત કરે છે. લગભગ સોળ હજાર શ્લોક પ્રમાણ આ ગ્રંથ આઠ પ્રસ્તાવોમાં વિભક્ત છે. એક એક પ્રસ્તાવ આવતો જાય છે. એક એક ઘટનાનું જાણે જીવંત પ્રસારણ (લાઈવ ટેલિકાસ્ટ) થતું જાય છે ને સંસારનો પર્દાફાશ થતો જાય છે. મનોમંથનને આલંબન મળતું જાય છે. હિંસા અને ક્રોધે કરેલી નંદિવર્ધન રાજકુમારની દુર્દશા, અહંકાર અને અસત્યનું રિપુદારણ રાજાએ ભોગવેલ કડવું ફળ, ચોરી અને કપટથી વિનિર્જિત વામદેવની દર્દનાક કથા, લોભ અને મૈથુને કરેલી ધનશેખરની બરબાદી, મહામોહ અને પરિગ્રહે કરેલ ઘનવાહન રાજાનું સત્યાનાશ.

પળે પળે ઉત્તેજના ઉપજાવતી કથા ચાલતી રહે છે ને એક પછી એક પડદાઓ ખસતા જાય છે. વાચક પ્રતીતિ કરે છે, આ તો મારી જ વાત, મારી જ કથા, હું જ નાયક હું જ ખલનાયક. દુર્ભાગ્ય એ જ - આજ સુધી આનાથી અજાણ રહ્યો. સદ્ભાગ્ય એ જ - આજે આ પર્દાફાશ થયો. યોગશાસ્ત્રની સૂક્તિ યાદ આવે છે -

**आत्माऽज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते ।**

દુઃખનો જન્મ થાય છે આત્માના અજ્ઞાનથી ને દુઃખનો વિનાશ થાય છે આત્માના જ્ઞાનથી.

શાખા અને પ્રશાખાઓથી વૃક્ષ સમૃદ્ધ બને છે. કથા અને અવાંતરકથાઓએ આ ગ્રંથને સમૃદ્ધ બનાવ્યો છે. સ્પર્શસુખની આસક્તિએ કરેલ બાલની વિડંબના આંચકો આપે છે. સ્વાદલોલુપતાએ કાઢેલ જડનું ધનોતપનોત કમકમાટી ઉપજાવે છે. સુગંધના આશિક મંદની યાતના સ્તબ્ધ કરી દે છે. રૂપના માશુક અધમની દુઃખકથા લાલબત્તી ધરે છે. તો સંગીતના શોખીન બાલિશની વ્યથા વિચારાધીન કરી દે છે. સંસારનો ગમે તેટલો રાગી આત્મા પણ આ કથાધારામાં પ્લાવિત અને આપ્લાવિત થાય એટલે એનું મન, નિર્ણયબદ્ધ થયા વિના ન રહે કે સંસારનું પ્રત્યેક સુખ દુઃખથી મળે છે, એ સુખ સ્વયં વાસ્તવમાં દુઃખરૂપ છે, ને એને ભોગવવાનું પરિણામ અનેકગણા દુઃખ બીજું કાંઈ જ નથી. આગમનું વચન છે - **खणमित्तसुक्खा बहुकालदुक्खा ।**

સુખ ક્ષણ માત્રનું છે. દુઃખ દીર્ઘ-સુદીર્ઘ કાળનું છે.

કથાકારે માત્ર નકારાત્મક (નેગેટીવ) બાજુને જ નથી રજૂ કરી બલ્કે સમાંતરપણે જ હકારાત્મક (પોઝિટીવ) બાજુ પણ એવી રીતે રજૂ કરેલ છે કે વાચક મંત્રમુગ્ધ થઈ જાય. ગુણવાન બનવા માટે એના હૃદયમાં પ્રબળ ઝંખના જાગી જાય. ઉત્કૃષ્ટ ભોગસામગ્રીની વચ્ચે પણ મનીષીની નિર્વિકાર ચિત્તવૃત્તિ, વિચક્ષણનો જ્વલંત વિરાગ, બુધસૂરિનું નિરુપમ

વચન, ઉત્તમની અદ્ભુત નિઃસંગતા ને કોવિદની અનાસક્તિ. એક એક ગુણનું દર્શન ભ્રામક સુખની દોડધામને સ્થગિત કરી દેવા સમર્થ છે. એ સ્રોતથી આત્માને કદી તૃપ્તિ મળવાની નથી જે આત્માની ભીતરમાંથી નથી નીકળ્યો. હજારો યયાતિઓ, દુર્યોધનો ને ગિઝનીઓ મૃગતૃષ્ણાની પ્યાસમાં જીવનભર દોડે ગયા છે. કસ્તૂરીમૃગની જેમ સુરભિની શોધમાં ભટકતા રહ્યા છે. પણ કોઈને ક્યાંય કશું હાથ લાગ્યું નથી, સિવાય પરસેવો, પરિશ્રમ ને પીડા. સુખ તો ભીતરમાં છે, એ બહાર ક્યાંથી મળે ?

'ઉપમિતિ' એ માત્ર કથાગ્રંથ કે ધર્મગ્રંથ નથી, સફળ જીવનની શૈલી છે, સુખશાંતિનો રાજમાર્ગ છે, આલોક અને પરલોકને સુખસમૃદ્ધ કરવાની કળા છે. કુશળ ડૉક્ટરો, બુદ્ધિશાળી વકીલો, અરબો-ખરબોના આસામીઓ, સ્વ-સ્વ ક્ષેત્ર (ફિલ્ડ)ના ખેલાડીઓ, તીવ્ર મેધાવી વેપારીઓ ને આઈ.ટી. ના માસ્ટર માઈન્ડ વિદ્યાર્થીઓ... જેમની પાસે પણ સમજણશક્તિ છે તે બધાને હાર્દિક આમંત્રણ છે – 'ઉપમિતિ'ના અંતરંગ-વિશ્વમાં પદાર્પણ કરવા. આપની બુદ્ધિની સાર્થકતા પણ આમાં જ છે અને જીવનની સફળતા પણ.

આમાંથી જેમ જેમ પસાર થશો તેમ તેમ બાહ્ય પરિશ્રમ, સંશોધન, સર્જન, સત્તા, પ્રતિષ્ઠા, લોભામણી વસ્તુઓ બધું જ વ્યર્થ લાગશે. એક એક પ્રસ્તાવો આંતર-ગૂંચને ઉકેલતા જશે હૃદયને પીગાળતા જશે ને આઠમો પ્રસ્તાવ પરાકાષ્ઠાએ પહોંચશે ત્યારે થોડી પણ સંવેદનશીલતા હશે તો આંસુઓનો બંધ તૂટી પડશે, હીબકા ભરી ભરીને રડી પડાશે ને એ અશ્રુઓની ઉષ્મા જ દોષો ને દુઃખોના દરિયાને સૂકવી દેવા સમર્થ બનશે.

આ ગ્રંથને તેના મૂળરૂપે – સંસ્કૃત ભાષામાં માણવાનો જે આનંદ અને જે અનુભૂતિ છે, તે વર્ણનાતીત છે. આમ છતાં જેઓ સંસ્કૃતભાષાના જાણકાર નથી તેમના માટે સંતો અને સજ્જનોએ આ ગ્રંથનો અનુવાદ કર્યો છે. વિશ્વની અનેકાનેક ભાષાઓમાં આ ગ્રંથ ઉપલબ્ધ છે.

પરમ ગુરુદેવ આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા સિદ્ધાંતમહોદધિ હતાં. ઉપલબ્ધ પ્રાયઃ સમસ્ત શ્રુતના પારગામી હતાં. ગચ્છાધિપતિપદે ય એમની સ્વાધ્યાયયાત્રા ચાલુ હતી. ને નોંધપાત્ર બીના એ હતી કે જ્યારે એમને એમના અંતસમયનો અણસાર આવી ગયો હતો ત્યારે એ મહાપુરુષ પરમ સમાધિમાં ઝુલતા રહેવા માટે બીજા કોઈ નહીં પણ આ જ – 'ઉપમિતિ'ના સ્વાધ્યાયમાં મગ્ન બની ગયા હતા. પૂજ્યશ્રીનો પ્રિય આ ગ્રંથ, મને પણ ખૂબ ખૂબ પ્રિય છે. ગમતાંનો કરીએ ગુલાલ એ ન્યાયે દુનિયાભરના વાચકો સુધી આ ગ્રંથ પહોંચાડવાની અભિલાષા છે. કમ સે કમ આ લેખના વાંચકો તો આ ગ્રંથ સુધી પહોંચશે એ આશા સાથે વિરમું છું.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં.

•

૧. જે છોડવા જેવું છે તેને છોડી દેવું.

૨. જે કરવા જેવું છે તે કરવું.

૩. જે વખાણવા લાયક છે તે વખાણવું

૪. જે સાંભળવા જેવું છે તે સાંભળવું.

૧. **છોડવા જેવું :** જેનાથી ચિત્ત મલિન થાય એવી મન, વચન, કાયાની કોઈપણ પ્રવૃત્તિ છોડવા જેવી છે. જે મોક્ષમાં અંતરાયરૂપ થાય તેવી મન, વચન, કાયાની પ્રવૃત્તિ છોડવા જેવી છે.

૨. **કરવા જેવું :** જેનાથી મન સ્વચ્છ અને પારદર્શી બને એવી દરેક પ્રવૃત્તિ કરવા જેવી છે.

૩. **પ્રશંસા કરવા યોગ્ય :** આ જગતમાં પ્રશંસા કરવા યોગ્ય ૩ વસ્તુ છે (૧) ભગવાન (૨) ભગવાને કહેલો ધર્મ (૩) ભગવાને કહેલો ધર્મ જે કરે છે તે.

૪. **સાંભળવા જેવું :** ભગવાનનું વચન. ભગવાનનું વચન શ્રદ્ધાપૂર્વક સાંભળવું જોઈએ. બુદ્ધિ જ્યારે શ્રદ્ધા દ્વારા પવિત્ર થાય છે ત્યારે ભગવાનના વચન સાંભળવાને યોગ્ય બને છે. જે સાંભળીએ તે ભાવથી સાંભળવું, કેવળ કાનથી નહીં. ભગવાનના વચનનું શ્રવણ તમામ દોષોને દૂર કરવાની શક્તિ ધરાવે છે.

ભગવાનના વચનમાં આખા સંસારનું હિત કરવાની તાકાત છે.

**– ઉપમિતિ ભવપ્રપંચકથા**


મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# ઉપમિતિભવપ્રપંચકથા

સિદ્ધર્ષિગણી

સંસ્કૃત

*પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા સમર્થ નૈયાયિક છે. 'વાદમહાર્ણવ' નો અનુવાદ તેમનું ઉત્કૃષ્ટ પ્રદાન છે. મહાન ચિંતકોની જેમ પૂજ્યશ્રીએ ઓછા શબ્દોમાં ગહરા મરમની વાત કરી છે. વૈરાગ્ય અને બોધદૃષ્ટિ ઉપમિતિની વિશેષતા છે.*



# શ્રેષ્ઠ આત્મકથા

**– આચાર્ય વિજય જયસુંદરસૂરિ**

ગ્રંથિભંગ કરાવે એવા તમામ ગ્રંથો બાર અંગ વગેરે પીસ્તાલીસ આગમો અને જૈન પંચાગી, પ્રકરણો, ન્યાય-વ્યાકરણ - સાહિત્ય-કાવ્ય-ચરિત્ર-અધ્યાત્મ-વૈરાગ્ય-ઉપદેશ-સ્યાદ્વાદ વગેરેને લગતા તમામ ગ્રંથો અમારા પ્રિય ગ્રંથો છે. એ બધા ઉપર લેખ લખવાનું શક્ય નથી એટલે સ્મૃતિવિષયભૂત ગમે તે એક ગ્રંથ લઈએ તો ઉપમિતિ ભવપ્રપંચકથા પણ બહુ સરસ બોધપ્રદ ગ્રંથ છે.

આ કથાગ્રંથ વાંચતા વાંચતા તત્કાળ કે કાલાંતરે વૈરાગ્ય અને સમ્યગ્ બોધદષ્ટિની ઉપલબ્ધિ થયા વગર પ્રાયઃ રહે નહીં.

શ્રી સિદ્ધર્ષિગણિ મહારાજે એવી સરસ ગૂંથણી કરી છે કે વાચકોને એક વાર તો સ્પષ્ટ લાગી જાય કે આ બીજા કોઈની નહીં પણ મારી જ પોતાની આત્મકથા છે. આત્મકથાઓ તો હવે ડગલે ને પગલે લખાતી જોવા મળે છે - પરંતુ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આત્મકથા આ ગ્રંથ જેવી બીજી એકે ય નહીં મળે.

વિમલ, મનીષી, મામા-ભાણેજ, ભવ્યપુરૂષ, અગૃહીતસંકેતા, પ્રજ્ઞાવિશાલા, સદાગમ, મહામોહ, વિષયાભિલાષ મંત્રી, કર્મપરિણામ રાજા - કાલપરિણતિ રાણી ... અહા... હા... શું પાત્રોની ગુંથણી કરી છે ! કેવા ગજબના એક બીજાના સંબંધો ! એક બીજાનો પ્રભાવ ! એક બીજાની ખૂબીઓ અને ખામીઓ અત્યંત ચતુરાઈથી રજૂ કરી છે જે હૃદયને સ્પર્શ્યા વગર રહે નહીં.

એક બાજુ ગ્રંથરચયિતાનું જૈન-જૈનેતર સિદ્ધાંતોનું તલસ્પર્શી જ્ઞાન, તો બીજી બાજુ જુદા જુદા પાત્રોના સ્વભાવનું અને દુનિયાદારીનું યથાર્થ નિરૂપણ - કોઈ પણ વાચકનું મસ્તક ઝુકાવ્યા વગર રહે એવું નથી. સૌ કોઈ આ ગ્રંથનું વાંચન કરી આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરે એ જ અભ્યર્થના.

•

મા રો પ્રિ ય ગ્રં થ

# ઉપમિતિ પ્રપંચકથા

સિદ્ધર્ષિગણી

સંસ્કૃત

*પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા. પ્રશાંત સ્વભાવી છે. તેમજ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંપાદક છે. ઉપમિતિભવપ્રપંચામાંથી તેમણે માણેલી સુરભિ અહીં મોકળા મને વહેંચી છે.*



# અંતરને તરબતર કરતું અત્તર

**– આચાર્ય વિજય તીર્થભદ્રસૂરિ**

**'મા**રો પ્રિય ગ્રંથ' શીર્ષક જાણ્યું ને મનને રળિયાત કરી ગયું. અહીં પ્રથમ પદ 'મારો'માં જે આત્મીયતા ભાવ ઉમટ્યો છે. અદ્ભુત ! એમાં પણ 'પ્રિય' એટલે હૃદય સંવેદના પણ એમાં ભળી. 'ગ્રંથ' માટે એવું કહી શકાય કે –

**'ग्रथ्यते सर्वज्ञकथितं तत्त्वं यस्मिन् स ग्रन्थः ।'**

સર્વજ્ઞકથિત તત્ત્વની જેમાં ગુંથાણી હોય તે ગ્રંથ.

'પ્રિય ગ્રંથ' એને કહેવાય....

- જેના પ્રવાહમાં સહજ ડૂબી જવાય.
- જેનું દર્શન થતાં કોઈ અજબ આકર્ષણમાં તન્મય બની જવાય.
- જેના સ્વાધ્યાયમાં અક્ષય પર્યાયો ઉઘડવા લાગે.
- જેની શબ્દવાચનાની ભીતરમાં વહેતી અશબ્દ વાચના અંતરમાં અવતરવા લાગે.
- જેના ભાવોનો ઉઘાડ આત્માના પ્રદેશે-પ્રદેશે અભિનવ આસવ અર્પવા લાગે.
- જેમાં કલ્લાકો ના કલ્લાકો ઓતપ્રોત થઈ જવાય.
- જેને પામીને રળિયાત થઈ જવાય.
- જેને આસ્વાદીને અમૃતનો ઓડકાર આવી જાય.

જિનકથિત તત્ત્વને પુષ્પની ઉપમા આપીએ તો ગ્રંથને અત્તરની બાટલી અવશ્ય કહી શકાય. કેટકેટલાંય પુષ્પનું અસ્તિત્વ એમાં સમાઈ ગયું હોય... આવા અત્તરની શીશી જ નહીં પરંતુ સુરભિથી તરબતર ને સૌંદર્યથી પરિપ્લાવિત અત્તરનો હોજ એટલે મારો પ્રિય ગ્રંથ. – 'ઉપમિતિભવપ્રપંચ કથા'

- જેમાં શ્રીસિદ્ધર્ષિગણિજી મહારાજની કલમે ભવનો = સંસારનો પ્રપંચ અજબ-ગજબની રીતે સરેઆમ ખુલ્લો કર્યો છે.
- જેમાં સમસ્ત આંતરશત્રુઓની કૂટનીતિઓની જગતભરમાં નગારા પીટીને જાહેરાત કરાઈ છે.

- જેમાં કથાની પ્રથાને એવો નવતર ઉછાળ અપાયો છે કે જેના આલંબને સમસ્ત વિશ્વના કેટકેટલાય ગ્રંથોનું સર્જન થયું છે.
- જેની રૂપકાત્મકતા સમસ્ત વૈશ્વિક સાહિત્યમાં અદ્વિતીય છે.
- જેમાં થયેલું ચંપૂશૈલીનું ઘડતર સૌંદર્યપ્લાવિત આદર્શ છે.
- જેની ભાષામાં ભવ્યતાની સાથે નવ્યતા તો છે જ, પરંતુ પ્રત્યેક પદમાં કાવ્યતાનો વૈભવ પણ ઝળકી રહ્યો છે.
- સુગમ્ય છતાં સુરમ્ય સમાસપ્રધાન સંરચનાનું વહેણ કથયિતવ્યનું સુંદરતમ ઉદ્દીપન કરે છે.
- જેમાં અનુભાવકના આંતરધ્વનિમાં ઉપદેશનું અસાધારણ ગૌરવ પ્રગટાવવાની કુનેહ છે.
- જેમાં સમાનાર્થી શબ્દો – ધાતુરૂપો કે કૃદંતોની ક્રમબદ્ધ થયેલી ગુંથણી કર્તાનું ભાષા પ્રભુત્વ ઉજાગર કરે છે.
- ભાષાવૈભવના અંતસ્તલમાં સમાયેલો ભાવનાવૈભવ હૃદયભાવોમાં આહ્લાદનો શણગાર રચે છે.
- જેનું પારાયણ અંતરમાં વૈરાગ્યનો અમીટ પ્રકાશપૂંજ પ્રગટાવવા સમર્થ છે.

આવા ઉત્તમોત્તમ ગ્રંથાધિરાજને અમે ‘ઉપમિતિ’ એ સંક્ષિપ્તસ્વરૂપી લાડકડા નામે સંબોધીએ છીએ.

આ ‘ઉપમિતિ’ પર વિવરણ કરવાનો અવસર આવે ને રસનોત્સવ ઉજવાતો હોય એવું લાગે. ‘ઉપમિતિ’ પર કાંઈ સાંભળવા મળે ને શ્રવણોત્સવ ઉમટતો હોય એવું અનુભવાય. ‘ઉપમિતિ’ પર કાંઈક લખવું એ તો ખરો વચનોત્સવ જ ગણાય. ને ‘ઉપમિતિ’ ના ભાવો અંતરને સ્પર્શે ત્યારે હૃદયોત્સવનો ઉભાર પ્રગટી જાય છે.

ઉપમિતિનો આસ્વાદ સૌ કોઈએ લેવા જેવો ખરો જ.

- પ્રાથમિક વિદ્યાર્થી માટે સંસ્કૃતભાષાકીય ભવ્યત્વના અભ્યાસ માટે.
- મુમુક્ષુ આત્માઓને ભવનિર્વેદ અને સંવેગને સુદૃઢ કરવા માટે.
- મનોવૈજ્ઞાનિકોને માનસિકભાવોના ગૂઢ રહસ્યો મેળવવા માટે.
- તત્ત્વજિજ્ઞાસુઓને તત્ત્વપ્રાપ્તિના અભિલાષની પૂર્ણતા માટે.
- વિદ્વાનોને ભાષાવૈવિધ્યના સદ્દર્શન માટે.
- કાવ્યરસિકોને રસચયન અને ભાવપૂરણીની રીતિનું જ્ઞાન કે અનુભવ મેળવવા માટે.
- તાર્કિકોને સુદૃઢ અને અભિનવ તર્કોનો આસ્વાદ માણવા માટે.
- શ્રદ્ધાળુ ભાવિકોને પ્રભુપ્રરૂપિત ઉપદેશની વર્ષામાં પરિપ્લાવિત થવા માટે.

- બુદ્ધિજીવીઓને અસાધારણ પ્રતિભાના અનુભવન માટે.
- વ્યાકરણ અભ્યાસુઓને વૈયાકરણિક સુંદર પ્રયોગો જાણવા માટે.
- સૂક્તિ પિપાસુઓને સૂક્તિ સંગ્રહાલયમાં આનંદી સફર કરવા માટે.
- બાલજીવોને સુંદર અને રસિક કથાનુયોગ પામવા માટે.

આમ, સર્વ પ્રતિભાઓથી સુસંપન્ન આ ઉપમિતિનું અધ્યયન સૌ કોઈએ કરવું જ રહ્યું.

શ્રી સિદ્ધર્ષિના સિદ્ધહસ્તે આલેખિત આ ગ્રંથને કદાચ ‘સર્વાર્થસિદ્ધ ગ્રંથ’ની ઉપમાથી શણગારીએ તો જરા પણ અતિશયોક્તિ નહીં કહેવાય.

ઉપમિતિ આમ તો કથાનુયોગનો ગ્રંથ ગણાય પરંતુ કથાના આશ્રયે દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગની પણ અહીં ભારોભાર ગુંથણી થઈ છે. કથાના બાહ્ય કલેવરમાં અર્થસ્વરૂપે તત્ત્વની પ્રાણ પૂરણી થઈ હોવાથી ઉપમિતિને ‘તત્ત્વાર્થકથા’ પણ કહી શકશું. સમગ્ર સંસારની રચનાને સજીવારોપણ અને રૂપકના આધારે વર્ણવવામાં અપૂર્વ મૌલિકતા અને કલ્પનાની અસાધારણ ભવ્યતા અહીં રહેલી છે. સંપૂર્ણ કથા રહસ્યમય હોવાની સાથે વર્ણનોની જીવંતતા અને રસની રેલમછેલ પણ અહીં ઉજવાઈ છે. મનુષ્યની માનસિક દશાનો ઉંડો અભ્યાસ આ ઉપમિતિમાં વર્ણવાયો છે.

અનેકાનેક વિષયોના જ્ઞાનનું સંયોજન આ ગ્રંથરત્નમાં થયું છે. ઉડતી નજરે નિહાળીએ તો પણ આટલા વિષયોના વિશદ ગુંફનનું દર્શન થાય છે.

| | |
|---|---|
| (૧) તર્કશાસ્ત્ર / દર્શન શાસ્ત્ર | (૯) રાજનીતિ |
| (૨) આયુર્વેદ શાસ્ત્ર | (૧૦) યુદ્ધનીતિ |
| (૩) જ્યોતિષ શાસ્ત્ર | (૧૧) નાટ્ય |
| (૪) સામુદ્રિક શાસ્ત્ર | (૧૨) વિનોદ |
| (૫) નિમિત્ત શાસ્ત્ર | (૧૩) વ્યાપાર |
| (૬) સ્વપ્ન શાસ્ત્ર | (૧૪) લગ્ન |
| (૭) માનસવિદ્યા | (૧૫) કથા |
| (૮) ધાતુ વિદ્યા | (૧૬) સાહિત્ય |

વગેરે વિષયવૈવિધ્ય કર્તા-સિદ્ધર્ષિની જ્ઞાનપ્રૌઢતાને ઉજાગર કરે છે.

ઉપમિતિમાં પાત્રવર્ણન એટલું વિશદ ને સૂક્ષ્મ આલેખાયું છે કે એ વર્ણનની આંગળી પકડીને કઈ પણ ચિત્રકારને એ પાત્રનું હૂબહૂ સ્વરૂપ આલેખવામાં કોઈ જ અસ્પષ્ટતા કે તકલીફ ન રહે. દુર્ભાગી દ્રમક (=સંસારી જીવ) સદાગમ, રાગકેસરી, દ્વેષગજેંદ્ર, વૈશ્વાનર,

શૈલરાજ વગેરે તેના ઉદાહરણો કહી શકશું.

માત્ર ગુણાનુવાદ આલેખવા છે એટલે જ નહીં, પરંતુ જેટલો અનુભૂતિનો પ્રસાર અહીં પ્રગટ્યો છે તેનાથી કૈંક ગણી વાસ્તવિકતાઓનો સંચાર આ ઉપમિતિમાં સમાયેલો છે.

આ અવસરે વિક્રમીય સંવત ૯૬૨માં રચાયેલ અને આઠ પ્રસ્તાવમાં વિભક્ત ૧૬,૦૦૦ થી પણ વધુ શ્લોક પ્રમાણ આ ઉપમિતિનું વિષયમાળખું પણ આપણે નિહાળી લઈએ.

પ્રથમ પ્રસ્તાવ વર્તમાનમાં આધુનિક રીતે લખાતા ઉપોદ્‌ઘાતનું સ્મરણ કરાવે છે. આઠેય પ્રસ્તાવોની હકીકતોનો ટૂંકો સાર અને કથાની ઉપમિતિનો ઉપનય કેવી રીતે ઘટાવવો તેની વિસ્તૃત સમજણ અહીં મૂકી છે. નિષ્પુણ્યકના પાત્ર દ્વારા સંસારી જીવની વાસ્તવિક અવસ્થાનો ચીતાર આપ્યો છે.

બીજા પ્રસ્તાવથી કથાની ખરી શરૂઆત થઈ છે. કર્મપરિણામ મહારાજા અને કાલપરિણતિ મહાદેવીને ત્યાં સુમતિ નામના રાજપુત્રનો જન્મ, પ્રજ્ઞાવિશાલા નામક ધાત્રીને તેની સોંપણી, અગૃહીતસંકેતા નામની ભોળી સખીનો સાથ વગેરે આલેખવા દ્વારા કથાનો પ્રારંભ થાય છે. ત્યાર બાદ ચક્રવર્તિને ચોરનો આકાર આપી વધ્યસ્થાને લઈ જતા સમયે સદાગમ પાસે લાવી તેનું ચરિત્રકથન કરવા દ્વારા કથા આગળ વધે છે. આ ચરિત્રકથન ઠેઠ આઠમા પ્રસ્તાવ સુધી લંબાય છે. જીવના વિકાસક્રમના વર્ણન સમયે નિગોદ વગેરે સ્થાનોના અદ્‌ભુત વર્ણનો શ્રીસિદ્ધર્ષિએ આલેખ્યા છે.

ત્રીજા પ્રસ્તાવથી સાતમા પ્રસ્તાવ સુધી એક એક પ્રસ્તાવમાં એક એક કષાય - ઈન્દ્રિય - મહાપાપ વગેરેના કટુ વિપાકોનું વર્ણન સંસારી જીવના એક એક ભવ દ્વારા વર્ણવાયું છે. (કોષ્ટક પ્રસ્તુત છે)

| **પ્રસ્તાવ** | **સંસારી જીવનો ભવ** | **કષાય** | **ઈન્દ્રિય** | **પાપ** |
|---|---|---|---|---|
| ત્રીજો | નંદિવર્ધન | ક્રોધ (= વૈશ્વાનર) | સ્પર્શન | પ્રાણાતિપાત-હિંસા |
| ચોથો | રિપુદારણ | માન (= શૈલાજ) | રસના | મૃષાવાદ |
| પાંચમો | વામદેવ | માયા | ઘ્રાણ | સ્તેય-ચોરી |
| છઠ્ઠો | ધનશેખર | લોભ | ચક્ષુ | મૈથુન |
| સાતમો | ધનવાહન | મહામોહ | શ્રુતિ-મન (વાનરબચ્ચું) | મહાપરિગ્રહ (વાનરબચ્ચું) |

ઉપર્યુક્ત એક-એક પ્રસ્તાવમાં કષાય વગેરેનો સહવાસ જીવને કેવો રંજાડે છે ? તેના કેવા હાલહવાલ કરે છે ? તેને કેવી - કેવી દારૂણ પરિસ્થિતિઓમાં મૂકે છે ? અને તેનો ત્યાગ જીવને કેવા ઉચ્ચસ્થાન પર પહોંચાડે છે ? એનો તાદશ ચિતાર અપાયો છે.

એ ઉપરાંત બીજી અનેક વિશેષતાઓ પણ જે - જે પ્રસ્તાવમાં આલેખાઈ છે તેનો ટૂંકો પરિચય જોઈએ.

ત્રીજા પ્રસ્તાવમાં બાળ, મધ્યમ અને મનીષીની અદ્‌ભુત વાર્તા એક રાજપુરુષના મુખમાં મુકી છે. વિચારીને કાર્ય કરવા પર બે યુગલની કથા અને પ્રબોધનરતિ નામના આચાર્ય ભગવંતનો ઉપદેશ અત્યંત રમણીય છે.

ચોથો પ્રસ્તાવ સૂક્ષ્મ અવલોકનશક્તિ દ્વારા આલેખાયો છે. વિમર્શ અને પ્રકર્ષના પાત્રો દ્વારા ભવચક્રનું સચોટ વર્ણન થયું છે. જેને જોઈને કોઈ પણ શિષ્ટ લેખક કે સહૃદયી વાચક આશ્ચર્યાન્વિત થયા વિના ન રહે. ચિત્તવૃત્તિ અટવીનું પણ સુસૂક્ષ્મ પ્રદર્શન આયોજાયું છે. માંસભક્ષણ, શિકાર, ગણિકા, વિકથા, ચોરી વગેરે મહાપાપોના દૃષ્ટાંતો અને તેના કટુ ફળો બહુ ધ્યાન ખેંચે એવી રીતે દર્શાવાયા છે. સાત પિશાચીઓની વાત ભવપ્રપંચને વધુ સુદૃઢ રીતે ઉઘાડે છે. ચારિત્રરાજના પરિવારની વિવર્ણનામાં શાંતરસ ભરપૂર ઉમટ્યો છે.

આ ચોથો અને પાંચમો પ્રસ્તાવ ઘણા ચમત્કારોથી ભરેલો છે. કર્તાની મહાકવિ તરીકેની પ્રતિભા ઉજાગર કરતા વર્ણનો અને અલંકારિક ચિત્રણો આ બન્ને પ્રસ્તાવમાં રહેલા છે.

પાંચમા પ્રસ્તાવમાં ગુંથાયેલું બઠરગુરુનું કથાનક અને ચારિત્રધર્મની સેનાપતિ તથા મંત્રી સાથેની મંત્રણા ખૂબ જ મનનીય છે. અહીં નાટકનો પ્રથમ પડદો પડે છે. જેમાં મોહરાજ સાથેના યુદ્ધમાં ચારિત્રરાજની હાર થાય છે. આ પ્રસંગે સદ્‌બોધ મંત્રી હારજિતનો આધાર સંસારી જીવ પર કેટલો રહે છે ? તેની ચર્ચા કરે છે. અહીં વર્ણવેલું બુધચરિત્ર સંસારના સંતાપનો અને સાધુજીવનની પ્રશાંતિનો સચોટ ખ્યાલ અપાવે છે.

છઠ્ઠો પ્રસ્તાવ રહસ્યમય છે. ઉત્તમસૂરિ દ્વારા ઉપદિષ્ટ, નિકૃષ્ટ, અધમ, વિમધ્યમ, મધ્યમ,ઉત્તમ અને વરિષ્ઠ એ ષટ્‌પુરુષોની ઘટના અત્યંત સુયોજિત છે. આયુર્વેદનો વિજય વૈદ્યશાસ્ત્રના સાર જેવો છે. આઠ આયો નાખવાની વાત અષ્ટાંગનિમિત્તનો એક ભાગ છે. સંસારી જીવ ધનશેખરની ધનઆસક્તિ અને મૈથુનલાલસા પણ એટલી જ ધ્યાન ખેંચે એવી છે.

સાતમા પ્રસ્તાવમાં મહાપરિગ્રહ મહામોહ સાથે સંધિ કરી કેવો ભવપ્રપંચ કરે છે તે દર્શાવાયું છે. સંસારી જીવ ઘનવાહન અકલંકના સહવાસથી કાંઈક માર્ગસન્મુખ થાય છે. સદાગમનો પરિચય તેને માર્ગગામી બનાવે છે છતાં મહામોહ ફરી ફરી તેને પાછો વાળી ઉન્માર્ગે રઝળાવે છે તેનું પ્રકૃષ્ટ નિરીક્ષણ અહીં પ્રગટ્યું છે. છ શ્રમણ ભગવંતોના વૈરાગ્યની વાતો અને તેનો ઉપનય મુખ્ય સંદેશ રહ્યો છે. ચાર વેપારીના કથાનકમાં થયેલી વાનર

બચ્ચાં(=મન)ની અદ્ભુત ઘટના આશ્ચર્યકારી છે. અંતે ચારિત્રરાજના સેનાપતિ સમ્યગ્દર્શન સાથે સંસારીજીવને ઓળખ થાય છે અને ઘણી ઘણી રઝળપાટ પછી પ્રગતિના માર્ગે આવે છે.

આઠમો પ્રસ્તાવ સંપૂર્ણ ગ્રંથના રહસ્યનું ઉદ્ઘાટન કરે છે. સંસારી જીવ ગુણધારણ બને છે. તેની સમ્યગ્દર્શન સાથેના પરિચયની વૃદ્ધિ તથા ગૃહીધર્મ સાથે મૈત્રી થાય છે. કર્મ, કાળ, સ્વભાવ, ભવિતવ્યતા અને પુરુષાર્થની વાતો યુક્તિઓથી ઘટાવી છે. સુસ્થિત મહારાજાની અવિચલ આજ્ઞાઓ દર્શાવીને સૃષ્ટિકર્તૃત્વના પ્રશ્નનો ઉકેલ કર્યો છે. નિવૃત્તિના અભિલાષીએ દસ ગુણકન્યા સાથે લગ્ન કરવા જોઈએ – ની વાત અને તે કન્યાઓનો પરિચય નિર્મળસૂરિજી દ્વારા અપાયો છે. ચિત્તવૃત્તિ અટવીના છેડે ચારિત્રરાજ અને મોહરાજના સૈન્યનું ભયાવહ યુદ્ધ અને આખરે ચારિત્રરાજનો વિજય અદ્ભુતતાભર્યો છે. આગમોનો સાર ધ્યાનયોગમાં અત્યંત સુંદર રીતે વર્ણવ્યો છે. જૈનમતની વ્યાપકતાને પણ રસિક રીતે સિદ્ધ કરી છે. અંતે બીજા-ત્રીજા પ્રસ્તાવથી પરિચિત થયેલા પાત્રોનું રહસ્ય ખૂલે છે. ષટ્પુરુષ ચરિત્ર અને છ સાધુઓની દીક્ષાના પ્રસંગો ખૂબ જ આકર્ષક છે. ભવનો પ્રપંચ ખોલવાની સાથે નિર્વૃત્તિના માર્ગનું પણ અહીં સચોટ આલેખન છે.

આમ, ઉપમિતિકથાને બહાને સમસ્ત આંતર્ભાવોને પ્રગટ કરીને સંવેદકના હૃદયમાં ભવવૈરાગ્યનું સુદૃઢ બીજારોપણ કરે છે અને ભવવિરક્તની વિરક્તિભાવનાને વધુ સુઘટ્ટ બનાવે છે.

*

આ ઉપમિતિના અવલંબને અન્ય કેટલાક ગ્રંથો રચાયા છે. જે ઉપમિતિની ઉપાદેયતા પ્રકાશિત કરે છે.

(૧) **ઉપમિતિભવપ્રપંચા નામસમુચ્ચય** અથવા **ઉપમિતિસારસમુચ્ચય,** કર્તા : વર્ધમાન સૂરિજી, લે.સં. ૧૦૮૮, ગ્રંથાગ્ર – ૧૪૬૦ શ્લોક.

(૨) **ઉપમિતિભવપ્રપંચાકથાસારોદ્ધાર,** કર્તા – ચંદ્રર્ષિના શિષ્ય દેવેંદ્રસૂરિજી, ૨.સ. – ૧૨૯૮, ગ્રંથાગ્ર – ૫૭૩૦ શ્લોક.

(૩) **ઉપમિતિકથાસારોદ્ધાર,** કર્તા – હંસરત્નજી.

(૪) **ઉપમિતિભવપ્રપંચોદ્ધાર,** કર્તા – દેવસૂરિજી, ગ્રંથાગ્ર – ૨૩૨૮.

(૫) **પરિણામમાલા** (ઉપમિતિમાંથી ઉપદેશાત્મક ભાગનું ઉદ્ધરણ)

આ ઉપરાંત જયશેખરસૂરિજી કૃત **પ્રબોધચિંતામણિ** (૨.સં.-૧૪૪૪), ઇંદ્રહંસગણિજીકૃત **ભુવનભાનુકેવલીચરિત્ર,** મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત **વૈરાગ્ય કલ્પલતા,** કવિ યશપાલકૃત **મોહરાજપરાજયનાટક** આદિ અનેક કૃતિઓ ઉપમિતિની

રીતિને અવલંબીને રચાઈ છે. તદુપરાંત ઉપમિતિના કેટલાક ભાષાનુવાદો - ભાવાનુવાદો પણ થયા છે.

(૧) **ઉપમિતિભવપ્રપંચારાસ,** કર્તા - જિનહર્ષજી, (કડી - ૨૯૭૪ સ. ૧૭૪૫) (આ રાસનું તથા તેના પર સરળ ગુર્જર તથા અંગ્રેજી ભાવાનુવાદનું કાર્ય અમારે ત્યાં થઈ રહ્યું છે.)

(૨) **ઉપમિતિભવપ્રપંચા સ્તવન,** કર્તા - વિનયવિજયજી (ર.સં. ૧૭૧૬) (૧૩૭ દૂહા - ચોપાઈ)

(૩) ગુર્જર છાયાનુવાદ - મોતીચંદ ગિરધરલાલ કાપડીયા. (એમણે લખેલો 'સિદ્ધર્ષિ' નામે ઉપમિતિનો ઉપોદ્‌ઘાત ઉપમિતિના સ્વરૂપને - માહાત્મ્યને સમજવા માટે દર્શનીય છે.)

(૪) જર્મન અનુવાદ (ત્રણ પ્રસ્તાવ) - ડબલ્યુ. કિર્ફલ.

(૫) ઈટાલિયન અનુવાદ - એ. બેલિનિ.

આ સઘળાંય રૂપાંતરણો ઉપમિતિની ગૌરવગાથા મુક્તકંઠે ગાઈ રહ્યા છે.

બસ, શબ્દોની ઝાકઝમાળમાં ક્યાંક ઉપમિતિનો ગુણ-ઉઘાડ આવરાઈ ન જાય તેની તકેદારી પણ રાખવી તો જોઈએ ને !

'ઉપમિતિ' નિરાંતે હાથમાં લેતાં જ દૂધ ઉભરાય ને નિરખી શકાય તેમ જો ઉભરાતો આનંદ નિરખી શકાતો હોત તો અમારો આખોય ઉપાશ્રય ભરાયેલો જોવા મળત.

હા, અત્તરની સુરભિ નિરખી શકાતી નથી પરંતુ માણી તો જરૂર શકાય છે. ઉપમિતિ પણ અંતરને તરબતર કરતું આવું જ અત્તર છે. એના આસ્વાદનો આનંદ માણી તો અવશ્ય શકાય છે.

ટૂંકમાં એટલું જ કહીશ કે - આ ઉપમિતિ મારો પ્રિય ગ્રંથ છે. એટલું જ નહીં, સમસ્ત રસિક વિશ્વનો પ્રિય ગ્રંથ છે.

આવા ગ્રંથરત્ન માટે વધુ તો શું કહેવું ? વધુ તો કાંઈ કહી શકાતું હશે ! સીમાતીતને કદી શબ્દોના સીમાડે બાંધી શકાય ખરૂ ?

અને જો મેરૂને માપવાની ફૂટપટ્ટી કે સાગરના પાણીને માપવાનું લીટરીયું કોઈ પાસે હોય તો જરા મારા સુધી અવશ્ય પહોંચાડશો.

•

મારો પ્રિય ગ્રંથ

# યોગશાસ્ત્ર

**કલિકાલ સર્વજ્ઞ આ. શ્રી હેમચંદ્ર સૂ. મ.**

**સંસ્કૃત**

*પૂ. આ. દે. શ્રી વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા. શાસ્ત્રોના ઉચ્ચકક્ષાના સંશોધક અને સંપાદક છે. અનેક શાસ્ત્રોના મૂળગામી બોધને આત્મસાત્ કર્યા પછી તેમણે યોગશાસ્ત્રને પ્રિય ગણ્યો છે. લેખમાં તેઓશ્રીના સંપાદન-અનુભવો જાણવા જેવા છે.*



# તળેટીથી શિખર સુધીની યાત્રા

**– આચાર્ય વિજય મુનિચંદ્રસૂરિ**

'યોગશાસ્ત્ર' મારો પ્રિય ગ્રંથ છે. પરમાર્હત કુમારપાલ મહારાજાની વિનંતીથી કલિકાલસર્વજ્ઞ આ.ભ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ રચેલ આ ગ્રંથ તળેટીથી શિખર સુધીની યાત્રા કરાવે છે.

પ્રથમ પ્રકાશમાં માર્ગાનુસારીના પાંત્રીસ ગુણનાં વર્ણનથી પ્રારંભાતી યાત્રા બારમા પ્રકાશમાં અમનસ્ક યોગ સુધી પહોંચે છે.

કલિકાલસર્વજ્ઞશ્રીની કલમમાં એવો જાદુ છે કે તેઓશ્રી જે પદાર્થનું નિરૂપણ કરે એ પુરાતન સાહિત્યમાં મળતું હોય પણ કલિકાલસર્વજ્ઞશ્રીની રજૂઆતમાં અજબ-ગજબની વિશેષતા જોવા મળે. સરળતા સાથે પ્રાસાદિકતાનો અદ્‌ભુત સુમેળ જોવા મળે.

ગ્રંથકારશ્રીએ ગ્રંથના પ્રારંભમાં જ ગ્રંથરચના બાબત જણાવે છે કે–

**श्रुताम्भोधेरधिगम्य सम्प्रदायाच्च सुद्‌गुरोः।**
**स्वसंवेदनतश्चाऽपि योगशास्त्रं विरच्यते ।।१–४।।**

**''શ્રુતના સાગરનું મંથન કરીને, ગુરુગમથી અને સ્વાનુભવથી નિર્ણિત કરીને આ ગ્રંથરચના કરી છે.''**

વિદ્વાનોનું કહેવું છે કે – બારમા પ્રકાશમાં જે અમનસ્કયોગની વાતો છે તે અન્ય ગ્રંથોમાં જોવામાં આવતી નથી એટલે કલિકાલસર્વજ્ઞજીએ આ અનુભવગમ્ય બાબત વર્ણવીને આપણા ઉપર અનહદ ઉપકાર કર્યો છે.

પ્રારંભમાં યોગનો મહિમા અને એની વ્યાખ્યા કરી છે. રત્નત્રયીનું સ્વરૂપ, પાંચમહાવ્રતની પચ્ચીસ ભાવના, મિથ્યાત્વના પ્રકારો, સમ્યક્‌ત્વનું સ્વરૂપ, ત્યાર બાદ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોનું હૃદયંગમ વર્ણન આવે છે. શ્રાવકના બારવ્રત અને તેના અતિચારોનું વર્ણન, મહાશ્રાવકનું વર્ણન, સાત ક્ષેત્રનું સ્વરૂપ, શ્રાવકની દિનચર્યા પ્રતિક્રમણસૂત્રોની વ્યાખ્યા, કાઉસ્સગ્ગના આગારો, પચ્ચક્ખાણો વગેરેનું વિશદ વર્ણન છે.

ચોથા પ્રકાશમાં આત્માના વિકાસનો સુરેખ નકશો આપવામાં આવ્યો છે. એનો ટૂંકસાર આ પ્રમાણે છે.

બધા જ દુઃખ આત્માના અજ્ઞાનની નિપજ છે. આત્મજ્ઞાન દ્વારા જ દુઃખ દૂર થાય.

કષાયો - વિષયોનું આત્મા ઉપર સામ્રાજ્ય તે સંસાર. કષાય - વિષય પર જિત તે મોક્ષ.

ઈન્દ્રિયજય વિના કષાયજય શક્ય નથી. મનશુદ્ધિ દ્વારા ઇંદ્રિયજય કરો. મનશુદ્ધિ માટે રાગ-દ્વેષને જીતો. સમતાથી રાગદ્વેષ જિતાય. સમતાભાવ લાવવા મમતાને કાઢવી રહી અને મમતાને કાઢવા બારભાવનાનો આશરો લેવો રહ્યો.

તૂટતા ધર્મધ્યાનને સાધવા મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ્ય ભાવના કેળવવી.

પાંચમા પ્રકાશમાં પ્રાણાયામ અને મરણના કાળજ્ઞાનનું વિસ્તૃત વિવેચન છે. છઠ્ઠામાં પરકાયપ્રવેશની ટૂંકી ચર્ચા છે. આઠમામાં પિંડસ્થ ધ્યાન અને એના ભેદોનું વર્ણન છે. આઠ-નવ-દસમા પ્રકાશમાં ક્રમશઃ પદસ્થ, રૂપસ્થ, રૂપાતીતનું સ્વરૂપ છે. અગિયારમા પ્રકાશમાં શુક્લધ્યાનનું સ્વરૂપ છે.

બારમા પ્રકાશના પ્રારંભમાં **अनुभवसिद्धमिदानीम्**... કહી અનુભવસિદ્ધ બાબતો જણાવી છે. ઉન્મનીભાવ, મનોજય વગેરેના ઉપાયો બતાવી ગ્રંથ પૂર્ણ કર્યો છે.

૧૦૦૯ શ્લોક પ્રમાણ યોગશાસ્ત્ર ઉપર બાર હજાર શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞ ટીકામાં મૂળશ્લોકોના સરળ-સ્પષ્ટ અર્થો તો અપાયા છે જ પણ અનેક કથાઓ પણ વિસ્તારથી પદ્યમાં અપાઈ છે.

યોગશાસ્ત્ર ખરેખર એક અદ્‌ભુત ગ્રંથ છે. પરમાર્હત કુમારપાલની પ્રાર્થનાની પૂર્તિ રૂપે કલિકાલસર્વજ્ઞશ્રી તરફથી મળેલી આ અનોખી ભેટ છે.

સ્વોપજ્ઞટીકા સાથે યોગશાસ્ત્ર ગ્રંથનું પ્રકાશન વિવિધ સંસ્થાઓ તરફથી થયું છે. બધા સંસ્કરણોમાં પાઠશુદ્ધિ-મુદ્રણ આદિ બધી દૃષ્ટિએ સર્વોત્તમ સંસ્કરણ તરીકે આગમપ્રજ્ઞ મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. દ્વારા સંપાદિત અને જૈન સાહિત્ય સંશોધક મંડળ-મુંબઈ દ્વારા પ્રકાશિત સંસ્કરણને જ ગણવું પડે.

આ સંસ્કરણને શુદ્ધતમ બનાવવા માટે આગમપ્રજ્ઞશ્રીએ પ્રાચીન-પ્રાચીનતમ અનેક તાડપત્રીય પ્રતોનો ઉપયોગ કર્યો છે. વળી સંપાદક પૂજ્યશ્રીની પણ એવી પાઠસંશોધન કરવાની દક્ષતા છે કે કોઈપણ પાઠ અશુદ્ધ હોય તો એમને ખટકે જ. એમના પોતાના શબ્દોમાં કહું તો જેમ રોટલીમાં કાંકરી હોય તો આપણને ખૂંચે જ તેમ વાંચતા આપણને અશુદ્ધ પાઠ ખૂંચવો જોઈએ.

ઉદાહરણ તરીકે - પ્રથમ મહાવ્રતની ભાવનાનું વર્ણન કરતો પ્રથમ પ્રકાશના છવીસમો શ્લોક લગભગ બધા સંસ્કરણો અને મોટાભાગની હસ્તલિખિત પ્રતોમાં - **मनोगुप्त्येषणादानेर्याभिः समितिभिः स**। આ પ્રમાણે પાઠ છે.

પૂ. જંબૂવિજય મ.સા.નું ધ્યાન સ્વોપજ્ઞટીકાના પ્રતીક '**मनोगुप्त्या**' શબ્દ પર ગયું.

**मनोगुप्ति + एषणा** શબ્દોની નહીં પણ **मनोगुप्त्या + एषणा** શબ્દોની સંધિ કરવાની છે. માટે **मनोगुप्त्येषणा** નહીં પણ **मनोगुप्त्यैषणा** હોવું જોઈએ. અનેક હસ્તપ્રતો જોઈ પણ બધામાં **मनोगुप्त्ये** પાઠ જ મળ્યો. હસ્તપ્રતના સમર્થન વિના પાઠને સુધારી ન દેવાય એ સંશોધનની શિસ્તનું પૂજ્યશ્રી ચોક્કસાઈપૂર્વક પાલન કરતા એટલે પોતાને લાગતા શુદ્ધપાઠને રાઉંડબ્રેકેટમાં મૂકવાપૂર્વક **मनोगुप्त्ये(प्त्यै)षणादानो** આ રીતે પાઠ મૂક્યો. સંસ્કરણ છપાઈ ગયા પછી પણ શુદ્ધપાઠ શોધવાનો પ્રયત્ન ચાલુ રહ્યો અને છેવટે એક પ્રાચીન પ્રતમાંથી એવો શુદ્ધપાઠ મળી આવ્યો. બીજી આવૃત્તિમાં **मनोगुप्त्यैषणा** છપાયું.

નિવીયાતાંના પ્રકરણમાં **योगवाहिनाम्** - **अयोगवाहिनां**માંથી પ્રચલિત પાઠ કરતાં અપ્રચલિતપાઠ જે હસ્તપ્રતોમાં મળે છે વધુ પ્રમાણિત છે એ સમજાવા પ્રસ્તાવનામાં અને ટિપ્પણમાં અનેકગ્રંથોની સાક્ષી આપી છે.

આ સિવાય પણ અનેક શુદ્ધ પાઠો, વિશિષ્ટ ટિપ્પણો પરિશિષ્ટો આ સંસ્કરણની વિશેષતા છે.

સંપૂર્ણ સટીક યોગશાસ્ત્રનો ગુજરાતી અનુવાદ આ.શ્રી હેમસાગરસૂરિ મ. એ કર્યો છે. (એની બે આવૃત્તિ પ્રગટ થઈ છે) હિંદી અનુવાદ પણ થયો છે.

માત્ર આઠમા પ્રકાશ ઉપરનું વિવેચન અમૃતલાલ કાળીદાસના પ્રયત્નોથી પ્રગટ થયેલ છે. (આની પણ બે આવૃત્તિઓ પ્રગટ થઈ છે.)

●

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# યોગશાસ્ત્ર

## કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્ર સૂ.મ.

સંસ્કૃત

*પૂ. આ. વિ. રત્નસેન સૂરીશ્વરજી મ.સા. વિખ્યાત વક્તા અને લેખક છે. હિંદી ભાષામાં ૩૦૦થી વધુ પુસ્તકો લખી ચૂક્યા છે. તેઓશ્રીના મનમાં યોગશાસ્ત્રનું આકર્ષણ છે તેનું કારણ તેની સર્વાંગીણ પદાર્થ યોજના છે.*



# सन्मार्गदर्शक अमूल्य ग्रन्थ

**– आचार्य विजय रत्नसेनसूरि**

आज से लगभग ५० वर्ष पूर्व, मैं सर्वप्रथम बार परमोपकारी वात्सल्यवारिधि पूज्यपाद गुरुदेवश्री के पावन चरणों में मुमुक्षु के रूप में रहा था।

पंचप्रतिक्रमण के बाद प्राथमिक अभ्यासके रूप में प्रकरण, भाष्य और कर्मग्रन्थ एवं तत्त्वार्थसूत्र कंठस्थ करने के बाद पूज्यपाद गुरुदेव पंन्यास प्रवर श्री भद्रंकरविजयजी म.सा.ने मुझे कलिकालसर्वज्ञ हेमचन्द्राचार्यजी विरचित 'योगशास्त्र' ग्रन्थ के चार प्रकाश कंठस्थ करने के लिए प्रेरणा की। पूज्यश्री की प्रेरणा को शिरोधार्य कर मैंने कुछ ही दिनों में वे चार प्रकाश कंठस्थ कर लिये। वर्षों तक उन गाथाओं का स्वाध्याय भी करता रहा।

कुछ समय बाद संयम जीवन में 'योगशास्त्र' का सटीक वांचन भी किया।

चातुर्मास दरम्यान अनेक संघों में उसी ग्रन्थ के आधार पर प्रवचन भी किये।

यद्यपि भूतकाल में अनेक अनेक महर्षियों ने स्व-पर के लिए हितकारी अनेक संस्कृत-प्राकृत ग्रन्थों का सर्जन किया है। मैंने भी अनेक ग्रन्थों का वांचन भी किया - परंतु इस ग्रन्थ का कोई विशेष ही आकर्षण रहा।

अद्‌भुत है यह ग्रन्थ - मार्गानुसारिता की तलहटी से लेकर साधना के शिखरतक का अमूल्य मार्गदर्शन इस ग्रन्थ में विद्यमान है।

सचमुच अनेकानेक ग्रन्थों का स्वाध्याय करने के लिए जिस के पास समय या अनुकूलता नहीं है, ऐसा साधक इस एक ही ग्रन्थ का सांगोपांग अध्ययन कर ले तो उसे जीवन की सही दिशा उपलब्ध हो सकती है।

### योगशास्त्र

'योग' शब्द से भला कौन अपरिचित है ? जैन और जैनेतर दर्शन में इस शब्द का व्यापक प्रयोग हुआ है।

जैनदर्शन में भी योग के सन्दर्भ में अनेक ग्रन्थ प्रचलित एवं उपलब्ध हैं। सूरिपुरन्दर श्री हरिभद्रसूरिजी महाराज ने जैन-योग के सन्दर्भ में योगशतक, योगबिन्दु और योगदृष्टिसमुच्चय इत्यादि अनेक ग्रन्थों की रचना की है, जिनमें योग के स्वरूप का विशद वर्णन है।

विक्रम की बारहवीं शताब्दी में जिनशासन की अजोड़ प्रभावना करने वाले कलिकालसर्वज्ञ श्री हेमचन्द्राचार्यजी ने भी चौलुक्यवंशीय परमार्हत कुमारपाल महाराजा की अनुनय विनय सभर प्रार्थना को ध्यान में रखकर स्व-पर कल्याण के लिए 'योगशास्त्र' ग्रन्थ की रचना की थी।

इस योगशास्त्र ग्रन्थ के बारह प्रकाश हैं। इस ग्रन्थ पर कलिकालसर्वज्ञ श्री हेमचन्द्राचार्यजीने स्वोपज्ञ टीका की रचना की है।

हेमचन्द्राचार्यजी ने अपने जीवन काल में साढ़े तीन करोड़ श्लोक साहित्य की रचना की थी परन्तु दुर्भाग्य से बहुत सा साहित्य नष्ट हो चुका है। फिर भी हमारा सद्भाग्य है कि उनके द्वारा विरचित योगशास्त्र ग्रन्थ सटीक आज भी उपलब्ध है।

सुना जाता है कि कुमारपाल महाराजा प्रतिदिन योगशास्त्र (मूल) एवं वीतराग स्तोत्र का स्वाध्याय करने के बाद ही अपने मुँह में पानी डालते थे।

इस योगशास्त्र ग्रन्थ के अन्तर्गत सर्वज्ञ सर्वदर्शी जिनेश्वर परमात्मा के द्वारा निर्दिष्ट योगमार्ग का बहुत ही सुन्दर एवं हृदयंगम वर्णन किया गया है।

ग्रन्थकार महर्षि ने ग्रन्थ के प्रारम्भिक श्लोकों में ही यह स्पष्ट कर दिया है कि इस ग्रन्थ की रचना उन्होंने मतिकल्पना से नहीं की है, बल्कि जिनागम रूपी सिद्धान्त का अवगाहन करके उस श्रुतसागर में से प्राप्त जिनवचन रूपी मोतियों से, गुरु-परंपरा से योग के रहस्यों को प्राप्त कर एवं स्वानुभव से जानकर इस योगशास्त्र ग्रन्थ की रचना की है।

इससे स्पष्ट हो जाता है कि राग-द्वेष के विजेता, सर्वज्ञ, सर्वदर्शी वीतराग परमात्मा की वाणी ही इस योग का मूलस्रोत होने से इसमें कपोल कल्पनाओं का कोई स्थान नहीं है।

इस ग्रन्थ के प्रारम्भ में योगियों के नाथ ऐसे महावीर परमात्मा को नमस्कार करके मंगलाचरण किया गया है।

मंगलाचरण के बाद ग्रन्थकार महर्षि ने दस श्लोकों के द्वारा योग के माहात्म्य का सुन्दर वर्णन किया है।

योग की महिमा गाने वाली कुछ आंशिक झलकियाँ इस प्रकार हैं :

* **सर्व आपत्ति रूप लताओं को काटने के लिए यह 'योग' तीक्ष्ण कुठार के समान है ।**
* **मोक्ष लक्ष्मी को वशीभूत करने के लिए यह वशीकरण मन्त्र है।**
* **प्रचण्ड पवन से जैसे घने बादल भी बिखर जाते हैं, उसी प्रकार योग से सभी पाप नष्ट हो जाते हैं।**
* **लकड़ियों के ढेर को अग्नि तत्क्षण जला देती है, इसी प्रकार दीर्घकाल से अर्जित पापकर्म योग के प्रभाव से शीघ्र नष्ट हो जाते है।**

'योग' के प्रभाव से अनेक प्रकार की लब्धियाँ प्राप्त होती हैं, जिससे मल-मूत्र आदि भी औषध में रूपान्तरित हो जाते हैं। इस बात को स्पष्ट करते हुए ग्रन्थकार ने सनतकुमार चक्रवर्ती का विस्तृत जीवनचरित्र प्रस्तुत किया है।

योग के महिमागान के बाद पंद्रह वें श्लोक में योग का स्वरूप बतलाया है और कहा है कि धर्म, अर्थ काम और मोक्ष रूप चार पुरुषार्थो में मोक्ष अग्रणी है। इस मोक्ष का कारण योग है और वह योग ज्ञान, श्रद्धा और चारित्र स्वरूप है।

सम्यग्ज्ञान, सम्यग्दर्शन और सम्यक्चारित्र की साधना को ही योग कहा गया है; क्योंकि इसी की साधना से आत्मा शुद्धात्मा स्वरूप मोक्ष प्राप्त कर सकती है।

इसके बाद ग्रन्थकार ने रत्नत्रयी की संक्षिप्त किन्तु सारगर्भित व्याख्याएँ प्रस्तुत की है।

* नय, निक्षेप और प्रमाण से जिनका स्वरूप सिद्ध है, ऐसे जीवादि तत्त्वों के संक्षिप्त अथवा विस्तृत वास्तविक बोध को सम्यग्ज्ञान कहा जाता है।
* जिनेश्वर भगवन्त के द्वारा कथित तत्त्वों में रुचि होना ही सम्यग्दर्शन है।
* पापयुक्त समस्त क्रियाओं का त्याग करना ही सम्यक्चारित्र कहलाता है।

रत्नत्रयी की संक्षिप्त व्याख्या बताने के बाद सम्यक्चारित्र के अन्तर्गत पाँच महाव्रतों का, पाँच महाव्रतों को पुष्ट करने वाली पाँच-पाँच भावनाओं एवं समिति-गुप्ति का सुन्दर वर्णन किया है।

इस प्रकार योग के मूल स्वरूप रत्नत्रयी का विस्तृत वर्णन करने के बाद ग्रन्थकार महर्षि इस रत्नत्रयी के अधिकारी का वर्णन करते हुए कहते हैं कि - महाव्रत और अष्टप्रवचनमाता युक्त सर्वविरति चारित्र, साधुओं को होता है और यतिधर्म पर अनुराग रखनेवाले श्रमणोपासक सद्गृहस्थों को यह चारित्र आंशिक रूप से होता है।

इसके बाद सद्गृहस्थ के आंशिक चारित्र के वर्णन के पूर्व एक सद्गृहस्थ के जीवन में कौन-कौन से गुण होने चाहिये ? इसका बहुत ही मार्मिक वर्णन किया है।

न्यायसम्पन्न वैभव, शिष्टाचार प्रशंसा आदि मार्गानुसारिता के पैंतीस गुणों की प्राप्ति के बिना मनुष्य देशविरति चारित्र का अच्छी तरह से पालन करने में समर्थ नहीं होता है। इन गुणों के वर्णन के साथ ही योगशास्त्र का प्रथम प्रकाश भी पूर्ण होता है।

योगशास्त्र के दूसरे व तीसरे प्रकाश में हेमचन्द्राचार्यजी ने श्रावक जीवन का बहुत ही सुन्दर वर्णन किया है।

सर्व प्रथम बारह व्रतों के मूल स्वरूप सम्यक्त्व का वर्णन किया है। तत्पश्चात् श्रावक जीवन के बारह व्रत, उन बारह व्रतों के अतिचार आदि का सुन्दर वर्णन कर, श्रावक जीवन को प्रतिबिम्बित किया है। सचमुच, ये दो प्रकाश श्रावकजीवन को बतलाने वाले दर्पण हैं। इनमें श्रावक के आचार, जीवन-दिनचर्या एवं आहार-व्यवहार का सुन्दर वर्णन है।

इस प्रकार प्रारम्भ के तीन प्रकाशों में व्यवहार नय से रत्नत्रयी के स्वरूप को बतलाने के बाद हेमचन्द्राचार्यजी योगशास्त्र के चौथे प्रकाश के प्रारम्भ में निश्चयनय से रत्नत्रयी के स्वरूप का बहुत ही सुन्दर वर्णन करते हुए लिखते हैं कि –

**'आत्मा को आत्मा स्वयं जानती है, ऐसा ज्ञान मूढ़ व्यक्ति को नहीं होता अतः मोह का त्याग करने के द्वारा आत्मा, आत्मा को जानती है, वही उसका चारित्र है, ज्ञान है और दर्शन है।'**

**'अज्ञान के कारण आत्मा इस संसार में दुःखी होती है। आत्मज्ञान से वह दुःख दूर हो जाता है।'**

**'यह आत्मा वास्तव में ज्ञान स्वरूप है क्योंकि जीव का लक्षण उपयोग है। कर्म के संयोग से आत्मा शरीरधारी बनती है। यह आत्मा ही ध्यानरूप अग्नि के द्वारा समस्त कर्मों को जलाकर विशुद्ध बनती है।'**

**'कषाय और इन्द्रियों के वशीभूत बनी हुई आत्मा ही संसार है और कषाय और इन्द्रियों की विजेता आत्मा ही मोक्ष है।'**

इस प्रकार विषय और कषाय की मुक्ति को ही मोक्ष बतलाने के बाद श्री हेमचन्द्राचार्यजीने बहुत ही विस्तार से क्रोध, मान, माया और लोभ स्वरूप चार कषायों और शब्द, रूप, रस, गन्ध और स्पर्श रूप पाँच विषयों की अधीनता के भयंकर अनर्थों का वर्णन किया है और मुमुक्षु आत्मा को कषायजय और इन्द्रियजय के लिए सुन्दर प्रेरणा दी है।

इन्द्रियजय के लिए मन पर विजय अनिवार्य है अतः मनोजय के लिए सुन्दर प्रेरणा देते हुए वे कहते हैं :

**'मन का निरोध किए बिना जो मनुष्य योगप्राप्ति की श्रद्धा करता है, उसकी वह योगश्रद्धा लंगडे आदमी द्वारा दूसरे गाँव जाने की इच्छा की तरह विवेकी लोगों में हँसी पात्र बनती है।'**

इस प्रकार मनःशुद्धि का माहात्म्य बतलाकर वे उसके लिए राग–द्वेष को जीतने की प्रेरणा देते है और राग–द्वेष को जीतने के लिए समता में रहने का उपाय बतलाते हैं।

समता रूपी सूर्य के द्वारा राग–द्वेष और मोह का अन्धकार नष्ट कर देने पर योगी पुरुष अपनी आत्मा में परमात्मस्वरूप का दर्शन कर लेते हैं।

समता के प्रभाव से नित्य वैर रखने वाले सर्प–नकुल जैसे जीव भी परस्पर प्रेमभाव धारण कर लेते है।

समता प्राप्ति के उपाय के रूप में हेमचन्द्राचार्यजीने अनित्य, अशरण, संसार आदि बारह भावनाओं का बहुत ही सुन्दर एवं विशद विवेचन किया है।

भावनाओं के अभ्यास से आत्मा समत्व को प्राप्त करती है और उसके आलम्बन से ही योगीपुरुष ध्यान का आश्रय कर सर्वकर्मों का क्षय करता है।

ग्रन्थाकार महर्षि स्वयं कहते हैं कि – **'कर्मों के क्षय से मोक्ष होता है, कर्मक्षय आत्मज्ञान से होता है। कर्मक्षय आत्मज्ञान से होता है इस बात में कोई विवाद नहीं है। आत्मज्ञान ध्यान से सिद्ध होता है। पर–पदार्थ के योग का त्याग और आत्मस्वरूप में रमणता, ये दोनों ध्यान से सिद्ध हो सकते है। इसलिए ध्यान आत्मा के लिए हितकारी है।**

इस ध्यान की पुष्टि के लिए मैत्री–प्रमोद–करुणा और माध्यस्थ्य भावना से आत्मा को भावित करना चाहिए।

ध्यान के स्वरूप को बतलाकर अन्त में ध्यान के लिए, आसनों को बतलाकर चौथे प्रकाश को पूर्ण किया गया है।

योगशास्त्र के पाँचवें प्रकाश में प्राणायाम का मनःशुद्धि के साथ सम्बन्ध, प्राणायाम के वास्तविक स्वरूप का विस्तृत वर्णन किया गया है।

छठ्ठे प्रकाश में प्राणायाम, प्रत्याहार एवं धारणा के लक्षण व फल का वर्णन किया है।

सातवें प्रकाश में पार्थिवी, आग्नेयी, मारुती, वारुणी और तत्त्वभू नामक पाँच धारणाओं का, आठवें प्रकाश में पदस्थ ध्यान के लक्षण, स्वरूप व फल आदि का विस्तृत वर्णन किया है।

नौवें प्रकाश में रूपस्थ ध्यान के स्वरूप, विधि एवं फल का वर्णन है।

दशवें प्रकाश में रूपातीत ध्यान के स्वरूप, उसके भेद, अधिकारी एवं फल का वर्णन किया गया है।

बारहवें प्रकाश में स्वानुभव से सिद्ध चार प्रकार के चित्त का वर्णन किया गया है। उसके बाद बहिरात्मा, अन्तरात्मा व परमात्मा के स्वरूप का वर्णन किया गया है और अन्त में अपने ही भीतर रहे हुए आत्म–भगवान् को प्रसन्न करने की प्रेरणा देकर ग्रन्थ की पूर्णाहुति की गई है।

बारह प्रकाश स्वरूप इस महाकाय ग्रन्थ का तीन भागों में जैन साहित्य विकास मंडल, बम्बई की ओर से प्रकाशन हुआ है।

इस ग्रन्थ का हिन्दी व गुर्जर भाषा में भी अनुवाद उपलब्ध है।

मुमुक्षु आत्माओं के लिए इस ग्रन्थ का स्वाध्याय अत्यन्त ही उपयोगी सिद्ध होगा।

●

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# વીતરાગસ્તોત્ર

કલિકાલસર્વજ્ઞ આ.શ્રી.હેમચંદ્ર સૂ.
સંસ્કૃત

*મુનિપ્રવરશ્રી મોક્ષાંગરત્નવિજયજી મ.સા. એક અચ્છા વિદ્વાન સર્જક અને સંપાદક છે. જ્ઞાન-ભક્તિ અને અધ્યાત્મ માર્ગોનું પ્રયાગતીર્થ તેમને 'વીતરાગસ્તોત્ર'માં સાંપડ્યું છે.*



# જ્ઞાન, ભક્તિ, અધ્યાત્મનું પ્રયાગતીર્થ

– મુનિ મોક્ષાંગરત્ન વિજય

વીતરાગ પરમાત્માના શાસનમાં પરમપદ મોક્ષ પામવા માટે અનેક યોગો બતાવ્યા છે. છતાં એક જ આત્મા દરેક યોગોને સાધી શકે એવું સામર્થ્ય તે આત્મામાં પ્રાયઃ હોતું નથી. તેથી અનેક યોગોમાંના એકાદ યોગને પણ આત્મા રુચિથી સાધે તો કદાચ ઉત્થાન નિશ્ચિત છે અને એવી પારમાર્થિક રુચિ પ્રગટે તે માટે મોહનીયનો ક્ષયોપશમ જોઈએ અને આ ક્ષયોપશમ જ્ઞાનમાર્ગે આગળ વધવાથી થાય, કાં ભક્તિમાર્ગે આગળ વધવાથી થાય અને કાં અધ્યાત્મમાર્ગે આગળ વધવાથી થાય.

જ્ઞાનમાર્ગે ભગવાનને ઓળખવાના છે, ભક્તિમાર્ગે ભગવાન સાથે સંબંધ સાધવાનો છે અને અધ્યાત્મમાર્ગે ભગવાન સાથે એકાકાર બનવાનું છે.

આ ત્રણે માર્ગોનું સામીપ્ય જે ગ્રંથમાં જોવા મળે છે, તે ગ્રંથનું નામ છે –

'વીતરાગસ્તોત્ર'

આ મહાન ગ્રંથના કર્તા છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજા.

વીસ પ્રકાશ (એટલે વિભાગમાં) વિભાજિત આ ગ્રંથમાં ભક્તને ભગવાન સાથે જોડાવવાનો એક પ્રયાસ કરવામાં આવ્યો છે અને આ પ્રયાસ તે ખરેખર પ્રયાગરૂપ છે. ત્રણ નદીઓના મેળાપને 'પ્રયાગ' કહેવાય છે. તીર્થસ્વરૂપે લોકો માટે તે સ્થાન પૂજ્ય બને છે. તેમ આ ગ્રંથમાં જ્ઞાનભક્તિ અને અધ્યાત્મ ત્રણેને વણી લેવાનું ભગીરથ કાર્ય ગ્રંથકારમહોદયે કર્યું છે. ભગવાન પ્રત્યેની જ્વલંત શ્રદ્ધા–જીવંત આસ્થાનું આ ગ્રંથ બેનમૂન નમૂનો છે. તે નમૂનામાંથી કેટલાક નમૂના અત્રે રજૂ કર્યા છે.

- શુદ્ધ અનુભવ વડે જ જાણી શકાય તેવું પરમાત્માનું સ્વરૂપ છે. (૧/૪)
- શબ્દાતીત પરમાત્માના ગુણોને શબ્દમાં મૂકીને માપવા તે ખરેખર અશક્ય છે. (૧/૬)
- પ્રભુની સ્તુતિ આત્મિક પરિણતિ, માનસિક પવિત્રતા, જીવનમાં પ્રસન્નતા આપે છે. (૧/૬)

- શ્રદ્ધાળુ આત્માની સંબંધ વિનાની વાક્યરચના - વાણી પણ શોભાને પામે છે. (૧/૮)
- હે પ્રભુ ! આપનું મન જ રાગરહિત નથી. શરીરગત રૂધિર પણ દુધની ધારા જેવું ઉજ્જ્વળ છે. (૨/૫)
- ધર્મદેશના વખતે કરોડોની સંખ્યામાં દેવ - મનુજ - તિર્યંચો આપને નિહાળવા આવી ચડે છે. (૩/૨)
- આપ પ્રભુ ! જ્યાં જ્યાં જાઓ તે ધરતી સોનું સોનું બની જાય ને આપ જ્યાંથી જાઓ ત્યાં થઈ જાય સૂનું સૂનું. (૩/૪-૧૧)
- મૈત્રી + પ્રમોદ + કારુણ્ય + માધ્યસ્થ્ય ભાવનાઓનો સરવાળો એટલે પ્રભુ ! તું અને માત્ર તું...! (૩/૧૫)
- તીર્થંકરનામ કર્મોદયે પ્રાપ્ત ચોત્રીસ અતિશય વગેરેના પ્રતાપે અનેક જીવો ધર્મને પામે છે. (૩/૧)
- નિત્યાનિત્ય કા ભેદ બતાકર મિથ્યાદષ્ટિ હરાઈ... જેવા નાદો પ્રભુ ! તારી કૃપાએ મને સંભળાય છે. (૮/૧-૧૨)
- પ્રભુ ! કલિકાલમાં જન્મ મને ભલે મળ્યો, છતાં જોડે તારી ભક્તિ મળી એટલે મુક્તિની મને ચિંતા નથી. (૯/૧)
- નાથ ! શ્રદ્ધાસંપન્ન શ્રોતા અને વિવેકયુક્ત વક્તા આ બેનો સુમેળ તારા શાસનને વહન કરવા સમર્થ છે. (૯/૨)
- કલ્યાણની સિદ્ધિ માટે આ કલિકાલરૂપી કસોટી પથ્થર શ્રેષ્ઠ છે, જેના પર શ્રદ્ધાની કિંમત અંકાય. (૯/૫)
- અન્યકાળમાં પ્રભુ ! આપના દર્શન વિનાનો રહ્યો તેથી કલ્યાણ નથી થયું. આ કલિકાલમાં દર્શન થયાં તે માટે હું મારી જાતને ધન્ય-ધન્ય, કૃતકૃત્ય માનું છું. (૯/૭)
- પરમોત્કૃષ્ટ પદવી છતાં પરમોત્કૃષ્ટ નિઃસ્પૃહતા આપની ! અમારા હૃદયને સાચે જ સ્પર્શી જાય છે. (૧૦/૬)
- સર્વ અદ્‌ભુત વસ્તુ પ્રભુ ! આપમાં જ સમાયેલી છે. (સમતા, રૂપ, કૃપા, કરુણા વગેરે) (૧૦/૮)
- રાગદ્વેષને હણનારા પ્રભુ ! અમારી રાગદ્વેષની ગ્રંથિ ક્યારે તૂટશે ? (૧૧/૨)

- રાગાદિને વિષે નિર્દય અને જીવો પ્રત્યે દયાળુ આપ છો. બસ, આ દૃષ્ટિ પ્રભુ ! અમને પણ આપોને ! (૧૧/૬)
- સહજ જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં લયલીન આપ પ્રભુ ! અમને પણ થોડો આસ્વાદ કરાવશો ? (૧૨/૭)
- પ્રભુ ! આપ ઇંદ્રિયજયી છો. જે માર્ગે આપ ઇંદ્રિયવિજયી બન્યા છો તે માર્ગ અમને પણ સાંપડો. (૧૪/૨)
- ધ્યાતા, ધ્યેય અને ધ્યાનના અભેદપણાને આપ પામી ગયા છો. આવું અભેદપણું અમને પણ મળો. (૧૪/૮)
- આપના શાસનની કૃપાએ સ્વકલ્યાણ સાથે નિર્મળ પરિણતિઓ જેના હૃદયને સ્પર્શી છે તે ધન્યાતિધન્ય છે. (૧૬/૨)
- નાથ ! તારક તરીકે આપ મળ્યા છો. હવે મહેરબાની કરીને તારવામાં ઢીલ ન કરશો. (૧૬/૭-૮)
- ચાર શરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદનના પવિત્રમાર્ગે આગેકૂચ કરતો રહું. (૧૭/૧-૮)
- પ્રભુ ! આપના ચિત્તમાં હું રહું તે અસંભિવત પણ મારા ચિત્તમાં આપ આવી જાઓ તોય બસ છે. (૧૯/૧)
- પ્રભુ ! આપની વાસ્તવિક પૂજા આપની આજ્ઞા પાળું તેમાં છે. કારણ ? પ્રભુ ! આપની કૃપાએ જ મને સમજાયું કે 'આજ્ઞાનું વિરાધન સંસાર છે અને આજ્ઞાનું આરાધન મોક્ષ છે.' (૧૯/૪)
- આપની આજ્ઞાનું આરાધન કરતા અનંતા મોક્ષે ગયા. હવે મારો નંબર લગાવો ને ? (૧૯/૭)
- બસ ! છેલ્લે આપના ચરણની રજ મારા અનાદિના કર્મોની રજને કાઢે. તેવી અપેક્ષા સાથે વિરમું છું. (૨૦/૧)
- આપનો પ્રેષ્ય, આપનો દાસ, આપનો કિંકર, આપનો સેવક છું.. બસ !

  હવે આપ 'આ મારો છે' એમ મારો સ્વીકાર કરો. (૨૦/૮)

*

ભક્તની ભાવના.... ભક્તની ભૂમિકાનો ચિતાર આપતો આ 'વીતરાગસ્તોત્ર' ગ્રંથ ખરેખર જ્ઞાનમાર્ગે બુદ્ધિ-પ્રજ્ઞાનો વિકાસ કરીને, ભક્તિ માર્ગે મનને સ્થિર કરીને,

અધ્યાત્મમાર્ગે હૃદયને જોડી રાખવા માટે સક્ષમ છે. બાકી વાસ્તવિક રીતે આ સ્તોત્રના માધ્યમે આપણને સ્તોત્રકારને વાંચવાનો મોકો મળે છે. સ્તોત્રકારને વાંચવા એટલે ? સ્તોત્રકારના જીવનમાં થયેલાં સદ્‌ગુણોનો વિકાસ, નિર્મળ પરિણતિઓ, પ્રભુ પ્રત્યેની અવિહડ શ્રદ્ધા, જીવંત આસ્થા વગેરે જોવા, જાણવા ને માણવા મળે છે.

બસ ! આ મંગલ અવસરે પ્રભુ પાસે 'વીતરાગસ્તોત્ર' પાઠના માધ્યમે કલિકાલસર્વજ્ઞ-ભગવંતશ્રીએ જેવા ભાવો - જેવાં સ્પંદનોને સ્પર્શ્યા હશે તેની યત્કિંચિત્ અનુભૂતિ આપણને પણ આ સ્તોત્રનો પાઠ કરતા થાય એવી પરમકૃપાળુ પરમાત્મા પાસેથી હાર્દિક અપેક્ષા રાખીને વાચાને થોડો વિરામ આપીએ ને હૃદયને બોલવા દઈએ...

•

આત્માભિમુખ કરતી પ્રવૃત્તિમાં સદા જાગૃત રહેતો, બાહ્ય પ્રવૃત્તિ માટે બહેરો, આંધળો અને મૂંગો બની જતો, હંમેશા મોક્ષનું ધ્યાન રાખતો યોગી લોકોત્તર સમતાને પ્રાપ્ત કરે છે.

**– અધ્યાત્મકલ્પદ્રુમ**


મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# અધ્યાત્મકલ્પદ્રુમ

## આ.શ્રી મુનિસુંદર સૂ.મ.

સંસ્કૃત

પૂ. આ.શ્રી વિજય અજિતશેખર સૂ.મ. નું બહુઆયામી વ્યક્તિત્ત્વ સહુને જાણીતું છે જ સાથે જ તેમની પારદર્શિતાને કારણે માનીતું પણ છે. અહીં પૂજ્યશ્રીએ રમૂજી ઉદાહરણ આપીને અત્યંત સરળ ભાષામાં પદાર્થ પ્રસ્તુત કરવાની શૈલીથી આગળ વધીને સમતા પામવાના માર્ગદર્શક શાસ્ત્રનો આલેખ સરસ રીતે રજૂ કર્યો છે.



# શાંતસુધારસનો પ્યાલો

**– આચાર્ય વિજય અજિતશેખરસૂરિ**

પ્રભુ વીરરૂપ હિમાલયથી વહેતી થયેલી શ્રુતગંગામાં અવતરણ કરવા માટેના જુદા જુદા તીર્થસમા છે આગમ ને આગમેતર પૂર્વાચાર્યકૃત ગ્રંથો.

જેમની વાણીની મીઠાશ છ મહિનાની ભૂખતરસ મટાડી શકે છે, એ વીરપ્રભુની એ વાણી ભવભ્રમણના સમસ્ત થાકને ઉતારી આપતા વિસામા છે. અનંત વાત્સલ્યમયી એ માતાના પરમહિતકર વચનો જે ગ્રંથોમાં ગુંથાયા છે, એ ગ્રંથોમાં કયો ગ્રંથ અપ્રિય હોઈ શકે ?

અરે, દરેકે દરેક ગ્રંથ – એ ગ્રંથગત દરેકે દરેક વચન હૃદયસ્થ કરવા જેવા છે. એ દરેક વચન આત્માના મોક્ષમાર્ગને અજવાળવા સક્ષમ છે. સંસાર દાવાનળમાં બળતા ભવ્ય જીવોને એ આગ બુઝાવી પરમ શાતા આપવા સમર્થ એ વચનો તો હૃદયના ધબકાર છે, જીવનના પ્રાણ છે.

ભૂખ્યાને તો ચણા પણ સાકરદાણા લાગે છે, તો મીઠાઈની વાત જ ક્યાં કરવી ? એમ સંસાર રણમાં ભૂલા-ભટકતા ને તેથી જ પરમહિત – પરમ સુખના ભૂખ્યા થયેલા ભવ્ય જીવને તો સામાન્ય ઉપદેશ પણ અસર કરી જાય છે, તો જિનવચનોની તો વાત જ શી કરવી ?

ખરેખર, પ્રિયગ્રંથની પસંદગી ખૂબ મુશ્કેલ છે, કારણ કે બધા જ જિનવચનર્ભિત ગ્રંથો ખૂબ જ પ્રિય છે છતાં એક જ ગ્રંથ પર પસંદગી ઉતારવાની હોય, ત્યારે મારી નજર વિશેષથી અધ્યાત્મકલ્પદ્રુમ પર જાય છે.

આચારવિષયક ગ્રંથોથી આચાર પવિત્ર થાય છે. વૈરાગ્યગર્ભિત ગ્રંથોથી આત્મિક પરિણતિ સુધરે છે. આચાર સુધાર્યા વિના વિચાર-પરિણતિ સુધરવી પ્રાયઃ શક્ય નથી. તેથી આચાર પાયા સમાન છે. પણ એ પાયા પર જે ભવ્ય ઈમારત રચવાની છે – તે છે 'અધ્યાત્મ' નામની... વૈરાગ્યની.

એ માટેના પણ પૂર્વાચાર્યોના ઘણા સુંદર ગ્રંથો છે. ખૂબ જ માર્ગદર્શક બનનારા છે. એમાં ય મારા મનમાં વિશેષ સ્થાન અધ્યાત્મકલ્પદ્રુમે લીધું છે.

કેમ મને આ ગ્રંથ ગમે છે ? એની વાત - એ ગ્રંથની સાથે સંબંધ જોડતા થયેલી અનુભૂતિઓ - પ્રગટેલા વિચારો... આ સાથે મૂક્યા છે...

અધ્યાત્મ, આત્માર્થીઓ માટે મનગમતો, સંસારરસિકો માટે અણગમતો અને સામાન્યજનો માટે નહિ સમજાતો ભારેખમ શબ્દ છે.

આ શબ્દના શાબ્દિક અર્થને - માર્ગને જાણવા આ ગ્રંથની રચના થઈ છે. ગ્રંથકાર મહર્ષિનો દાવો છે કે 'અધ્યાત્મ'ની અનુભૂતિ એ સમજૂતિ માણનારા માટે કલ્પવૃક્ષની પ્રાપ્તિ સમાન નીવડશે.

કલ્પદ્રુમ = કલ્પવૃક્ષ. કલ્પ = ઈચ્છા. ઈચ્છા પૂરનારું = ઈચ્છિત આપનારું વૃક્ષ = કલ્પદ્રુમ = કલ્પવૃક્ષ.

એવી શાસ્ત્રીય વિગત છે કે કલ્પવૃક્ષો દેવાધિષ્ઠિત હોય છે. તે-તે દેવ તે-તે કલ્પવૃક્ષને નિવાસસ્થાન બનાવે છે. જે મનુષ્ય એ વૃક્ષ પાસે આવી જે મનોકામના પ્રગટ કરે, તેવી તે એ વૃક્ષનો અધિષ્ઠાયક દેવ પૂરી કરે. તેથી જ એ વૃક્ષ કલ્પવૃક્ષ કહેવાય છે. વર્તમાનમાં ઉત્તરકુરુ વગેરે ક્ષેત્રો કે જ્યાં પહેલો-બીજો-ત્રીજો આરો છે, ત્યાં આવા કલ્પવૃક્ષો છે.

જો કે આ કલ્પવૃક્ષો સાચા સુખની શોધમાં નીકળેલાઓ અને આત્મિક કાયમી આનંદની અનુભૂતિ ને ઝંખનારાઓ માટે આકર્ષણનું સ્થાન નથી, કેમકે આ વૃક્ષોની એ મર્યાદા છે કે -

(૧) તે બાહ્ય સાધનો આપી શકે, અંદરની શાંતિ આપવા સક્ષમ નથી.

(૨) એ ઈચ્છાઓ પૂરી કરી શકે, ઈચ્છાઓ જ ન રહે એવી ભૂમિકા = સંતોષ આપી શકે નહીં.

(૩) એનાથી મળતી સામગ્રીઓ સુખનાં સાધન ગણાવા છતાં સુખ મળે જ એવો નિયમ નથી, કેમ કે અંદર જાગતી ઈર્ષ્યા વગેરે તો ઊભા જ રહે છે.

(૪) એ દેવના પ્રભાવે આપે છે તે દૈવ = પુણ્ય પર આધાર રાખે છે, માટે જ એ સુખી થવાના કાયમી ઉપાયરૂપ નથી. એ અપેક્ષા ઊભી કરે છે ને અપેક્ષા બધા દુઃખનું મૂળ છે.

તેથી જ એ દ્રવ્ય કલ્પવૃક્ષ છે. જે (૧) અવશ્ય ફળ આપે (૨) ઉત્કૃષ્ટ - કાયમી - શ્રેષ્ઠ ફળ જ આપે (૩) જે બધાને ફળ આપે ને (૪) જે હંમેશા એ જ સ્વરૂપે રહે, હંમેશા આ રીતે ફળ આપે. આમ જે એકાંતિક, આત્યંતિક, સાર્વત્રિક ને સાર્વદિક છે, તે જ ભાવ છે, ભાવ કલ્પવૃક્ષ છે. આ અપેક્ષાએ અધ્યાત્મ જ ભાવકલ્પદ્રુમ છે. અધ્યાત્મ પોતાના શરણે આવેલાને - પોતાને ભજનારને ઉપરોક્ત એકાંતિક આનંદ વગેરે રૂપે ફળ આપે છે. તેથી જ ગ્રંથકારે આ ગ્રંથને 'અધ્યાત્મકલ્પદ્રુમ' શબ્દથી નવાજ્યો છે.

'અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રંથ માટે યોગ્ય નામ છે કે નહીં ? ઈત્યાદિ વાત કરતાં પહેલા આ ગ્રંથ ઉપાદેય - હાથમાં લેવા જેવો - વાંચવા જેવો - એમાં કહેલી વાતો સ્વીકારવા જેવી છે કે નહીં ? એ વિચારવું જરૂરી છે.

પ્રસ્તુતમાં વિશ્વાસપાત્ર થવા માટે

(૧) જે વાત પોતે કરે છે, એ એને અનુભવસિદ્ધ હોવી જોઈએ, એનો એ સિદ્ધ કે સાધક યોગી હોવો જોઈએ.

(૨) એ જ માર્ગ ઉપાય-ઉપદેશ સૂચવે છે, તે કેવળજ્ઞાનીની કસોટીમાં પાર ઉતરેલો હોવો જોઈએ. તીર્થંકર દર્શિત માર્ગરૂપ કે એ માર્ગ તરફ જતો હોવો જોઈએ.

(૩) તેથી જ એ માર્ગ સ્યાદ્વાદ અને સર્વજ્ઞકથન આ બે આલંબન આ બે કઠેડા - આલંબનવાળો હોવો જોઈએ.

જે સ્યાદ્વાદ સર્વજ્ઞકથિત વચનને અનુરૂપ નથી; જેમ કે, કોઈ કહે કે - કો'ક જીવ પરિણામી નિત્ય છે ને કો'ક જીવ એકાંતે નિત્ય છે, આમ સ્યાદ્વાદ છે. તો તે સર્વજ્ઞવચનને અનુરૂપ નથી.

એ જ રીતે સર્વજ્ઞવચન છે કે 'નિશ્ચયનું આલંબન કરતાં ઋષિઓ માટે તો પરિણામ જ પ્રમાણભૂત છે.' તો આ વચનને એકાંતિક માનવું કે અનેકાંતમય ? અહીં જવાબ એ છે કે એ ઋષિઓ = જ્ઞાનીઓ વ્યવહારને પણ માન્ય રાખે છે, માટે બાહ્યક્રિયાઓને પણ મહત્ત્વ આપે છે. આમ સ્યાદ્વાદ છે. તેથી સ્યાદ્વાદ અને સર્વજ્ઞવચન બંને ટૂંકમાં, સર્વજ્ઞવચનને સ્યાદ્વાદમય સમજીને એ રીતે જ અપનાવે છે, તે વિશ્વાસપાત્ર છે.

(૪) એ માર્ગોપદેશક વીતરાગ કે વૈરાગ્યવાસિત હોવો જોઈએ.

પ્રસ્તુત ગ્રંથકર્તા પૂજ્ય મુનિસુંદરસૂરિ મહારાજ તે વખતના તપગચ્છના મુખ્ય આચાર્ય હતા. સાત વર્ષની વયે દીક્ષિત પૂજ્ય સહસ્રાવધાની હતા. એકવીસ વાર સૂરિમંત્ર સમારાધક પૂજ્યશ્રી આગમના રહસ્યોના ઐદંપર્યાર્થોને પામ્યા હતા કે જેના ઉદ્ગાર રૂપે વિવિધ ગ્રંથો રચાયા હતા. પ્રભાવિક નવસ્મરણના ત્રીજા શ્રી સંતિકરંસ્તોત્રના રચયિતા પૂજ્યશ્રી પરમવૈરાગ્યનિધાન હતા. નિસ્પૃહશિરોમણિ પૂજ્યશ્રી શાંતસુધારસના પાનથી આકંઠ તૃપ્ત હતા ને સાથે ખજાના હતા. તેથી જ પ્રાયઃ જીવનના ઉત્તરાર્ધમાં વર્ષોના સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્ર-તપમય એકાંગી ભાવથી ઉદ્ભવેલા આ ગ્રંથના રચયિતા છે. એમને ગુરુગમ - ગુરુના અનુભવ જ્ઞાનથી પૂર્ણ આગમજ્ઞાન મેળવ્યું હતું. વળી તર્ક-ચિંતન-અનુપ્રેક્ષાથી શાસ્ત્રના આધ્યાત્મિક રહસ્યોના અનુમાનમાં કુશળ હતા ને સ્વયં તે શાંતસુધારસનો વારંવાર યોગાભ્યાસ કર્યો હતો. આમ તેઓએ અધ્યાત્મ સંબંધ શાંત સુધારસ સંબંધી ઉત્તમ તત્ત્વયોગની પ્રાપ્તિ કરી હતી.

એ વખતે હૃદયમાં ન સમાય એવા ઉઠેલા આનંદમય અનુભવો જે શબ્દો રૂપે બહાર છલકાયા- તે અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથરૂપે ગુંથાયા.

તેથી જ એમણે શાંતસુધારસની પ્રાપ્તિ માટે સૂચવેલા માર્ગરૂપ આ ગ્રંથ આપણા માટે આંખ મીંચીને ઉપાદેય છે. જો કે અધ્યાત્મ વિષય જ એવો છે કે એમાં યોગસિદ્ધ - યોગાચાર્ય સ્વયં અનુભવસિદ્ધ એ માર્ગ માટે શબ્દ આદિ દ્વારા માર્ગદર્શન જ આપી શકે કે જે દિશાસૂચક પાટિયાથી વિશેષ નથી. છેવટનો અધ્યાત્મ તો જાત અનુભવથી પ્રાપ્ય છે. છતાં અધ્યાત્મ તરફ રુચિ-આકર્ષણ જગાવતો આ ગ્રંથ આપણા માટે એટલા માટે ઉપયોગી છે કે 'અધ્યાત્મ', 'યોગ', 'પ્રશાંતવાહિતા' વગેરે પાટિયાવાળા રસ્તાઓ પણ ઠેર ઠેર ફુટી નીકળેલા દેખાય છે. એ દરેક માર્ગે રહેલા ભોમિયાઓનો ગળે સમ દઈને કરેલો દાવો છે કે આ જ માર્ગે શાંત સુધારસ મળશે કે જે છેવટે પરમનિર્વાણના અંતિમ આનંદ તરફ લઈ જશે.

ત્યારે કયા માર્ગે જવું ? એ નિર્ણય લેવામાં મુંઝાયેલા માણસ માટે પૂજ્યશ્રીનો આ ગ્રંથ ઉત્તમ ગાઈડરૂપ બની શકે એમ છે. એમણે અધ્યાત્મને કલ્પદ્રુમ તરીકે સૂચવી શાંતસુધારસ તરફ જવાની એ વૃક્ષની સોળ શાખારૂપ સોળ પગથિયા - માઈલસ્ટોન - ઉપાયો સૂચવ્યા છે.

'અધ્યાત્મ' શબ્દનો અર્થ શું ? અધિ = તરફ આત્મા = પરમ નિશ્ચયથી શુદ્ધ-બુદ્ધ-મુક્ત-સચ્ચિદાનંદસ્વરૂપી - આનંદઘન જે આત્મા છે. બસ આવા આત્મા - આત્મસ્વરૂપ તરફ પ્રયાણ-યાત્રા એટલે અધ્યાત્મ. પુદ્‌ગલ તરફનો પ્રવાસ કે જેમાં આત્માના ભાગે તો ચોરાશી લાખના ચક્કર-ભ્રમણ જ આવે છે, એનાથી કંટાળેલા - થાકેલા - ત્રાસેલા - દાઝેલા જીવને 'શું આજ મારી નિયતિ છે ?', 'શું આ દેખાતું શરીર વગેરે જ મારું ખરું સ્વરૂપ છે?', 'શું મને કાયમી શાંતિ-આનંદ-વિરામ આપે એવું કોઈ સ્થાન જ નથી ?' ઈત્યાદિ ચિંતા-વિચાર જ્યારે ઉદ્‌ભવે છે, ત્યારે અધ્યાત્મયાત્રાનો આરંભ થાય છે. માનો કે અધ્યાત્મ તરફ જતી ટ્રેનનું એ પહેલું - ટર્મીનસ - જ્યાંથી ટ્રેન છૂટે એ સ્થાન છે.

'હું આ શરીરાદિરૂપ જ છું' ઈત્યાદિ વિપરીત નિર્ણય એ મિથ્યાત્વ છે - બાહ્યભાવ છે. 'હું આ છું કે આથી કાંક અલગ-અગોચરરૂપ છું ?' એવો દ્વિધાભાવ એ અધ્યાત્મ માટેનું આકર્ષણ છે. એ યાત્રા માટેની ટીકિટ છે. પછી જે મનોમંથન થાય - એ અધ્યાત્મ મુસાફરી છે. અને એથી જે અનુભૂતિનું માખણ નીકળે - એ શાંતસુધારસ જ અધ્યાત્મનો અંતિમ મુકામ છે. આ મંથન માટે જરુરી દહિ - પાણી - રવૈયો વગેરે રૂપે છે સોળ મુદ્દાઓ - વિચારણાઓ.

ગ્રંથકારે આ રચના જ પોતે અનુભૂતિના સ્તરેથી મેળવેલા શાંતસુધારસના અખૂટ

આનંદઝરાની અધ્યાત્મપ્રેમીઓને પ્રભાવના કરવા કરી છે, જે અધ્યાત્મના રસથી આ માર્ગે નીકળેલા પણ પછી કોઈ પણ કારણથી નિરુત્સાહી થયેલાને ફરીથી જોમવંતા કરવા ને આ માર્ગે નથી તેઓને આ માર્ગે આકર્ષવા આ રચના કરી છે.

અધ્યાત્મની વાત એટલે વૈરાગ્યની વાત. ને વૈરાગ્યની વાત એટલે સંસારમાં જે જે સુખનાં સ્થાન ગણાય છે તે તરફથી મોં ફેરવી લેવાની વાત. જે જે રીતે વર્તવું - વિચારવું - બોલવું જમાનાના હિસાબે - લોકોની માન્યતા મુજબ જરૂરી ગણાય એથી વિપરીત વર્તન આદિ તરફનું આકર્ષણ એટલે વૈરાગ્ય. પુદ્ગલ તરફથી આત્મા તરફ જતો માર્ગ એ જો અધ્યાત્મ છે તો એ માટેના પ્રવેશદ્વારનું નામ વૈરાગ્ય જ હોય ને ?

આ વૈરાગ્યની વાતો વર્તમાનમાં અનેક વિટંબણાઓમાં ફસાયેલાને એમાંથી છૂટવા ફાંફા મારતા બિચારા - રાંકડા જીવોને ઉપયોગી થાય ખરી ? આજની મુખ્ય સમસ્યા એ છે કે મોટા ભાગનાને પોતાની ભાગ્યદશા-આર્થિક પરિસ્થિતિ ઈત્યાદિ કશાનો વિચાર કર્યા વિના ઉપલબ્ધ બધાં જ ઉપભોગના સાધનોની આદત-લત-વ્યસનમાં ફસાઈ જવું છે. એથી જ સુખી થઈશ એવી ભ્રમણાથી - ટૂંકમાં, બધી જ કહેવાતી મજા માણી લેવી છે પણ એથી ઉદ્ભવતી એક પણ સજા-સમસ્યા સહન થતી નથી - કરવી નથી - આવવા પર અકળામણ - સંતાપ - ચિંતાના ચક્કરમાં અટવાઈ જાય છે.

આથી છૂટવાના દુન્યવી જે કોઈ ઉપાય બતાવવામાં આવે છે ને એ અજમાવવા જાય છે એ બધા -

(૧) માત્ર તાત્કાલિક રાહત આપી શકે છે, પણ કાયમી છુટકારો આપી શકતા નથી [Temporary Relief,Not Permenant Care]

(૨) એ ઉપાયો પ્રાયઃ બીજાને અહિતકર થવાથી - ભવિષ્યમાં એના તરફથી બદલો - વેરની ભૂમિકા ઊભી થાય છે

(૩) એ ઉપાયો સ્વયં અપાય - આપત્તિરૂપ બની જતા હોય છે.

(૪) એ ઉપાયોની અસર પણ છેવટે પુણ્ય પર આધારિત હોવાથી ક્યારે પૂરી થઈ જાય તે ખબર પડતી નથી.

તો ખરો-વાસ્તવિક-કાયમી ઉપાય કયો ? વૈરાગ્ય. અશાંતિ-અજંપાના મૂળભૂત કારણ પર ઉદ્વેગ-વૈરાગ્ય આવ્યા વિના અશાંતિ જાય નહીં. ને મૂળ કારણ છે વિષયરાગ-ઉપભોગનું આકર્ષણ. આજ તમામ અજંપાનું મૂળ છે. આના પર વૈરાગ્ય જરૂરી છે. અલબત્ત વૈરાગ્યના વિવિધ પાસા છે. પણ એ બધા જ પ્રાયઃ શાંતિ-સમતા-પ્રસન્નતા માટે જરૂરી છે. એમાં પણ આજે જ્યારે લલચાવનારા સાધનો ખૂબ વધ્યા છે ને બધાને સુલભ થયા છે ત્યારે તો વૈરાગ્ય ખૂબ જરૂરી છે. વૈરાગ્યરૂપી શીતળ જળના છંટકાવ વિના વિષયની ને તેથી પ્રગટેલી અજંપાની આગ શાંત થવાની નથી.

'હજુ જોઈએ છે', 'વધુ જોઈએ છે', 'સૌથી સારું જોઈએ છે', 'અડચણ વિના જોઈએ છે', 'કશી આડઅસર-નુકસાન વિના જોઈએ છે', 'નોનસ્ટોપ જોઈએ છે' ઈત્યાદિ અજંપાના કારણ બનતા માનસિક તરંગોનું બીજ છે - 'જોઈએ છે'.

વૈરાગ્ય અહીં જ ઘા કરે છે. એનું પહેલું જ વાક્ય છે - 'નથી જોઈતું'. પતી ગયું. હવે ઉપરની આખી પરંપરા અટકી ગઈ. ને તેથી એના કારણે જનમતી ઝંખના-અપેક્ષા-દોડધામ-નિષ્ફળતા-હતાશા વગેરે પણ અટકી ગયા.

ડોક્ટરે જાડીયાને વજન ઘટાડવાનો સિંપલ નુસખો બતાવ્યો - નાનકડી કસરત કરવાની - ડોકને ડાબેથી જમણે ફેરવવાની. ક્યારે ? જ્યારે કશું પણ ખાવાનું આમંત્રણ આવે ત્યારે.

વૈરાગ્ય નામનો ડૉક્ટર પણ એ જ કહે છે - તમામ અશાંતિ ઘટાડવાનો એક સિંપલ ઉપાય. ડોક ડાબેથી જમણે ફેરવવાની. જ્યારે પણ મનને લલચાવતો કોઈ પણ વિષય આવે ત્યારે.

અધ્યાત્મના માર્ગે ગતિમાન થવાનો આરંભ વૈરાગ્યથી થાય છે. ને એનું અંતિમ ચરણ-છેવટનું લક્ષ્ય-અંતિમ મંઝિલ છે - શાંત સુધારસની સહજાનુભૂતિ-પ્રશમ આનંદનો અંતસ્તલે વહેતો થયેલો અખૂટ ઝરો.

અધ્યાત્મના માર્ગે શાંત સુધારસની ટોચ પર પહોંચવામાં ત્રણ ભૂમિકા દેખાય છે. (૧) શાંત થવું (૨) શાંત રહેવું (૩) શાંત હોવું.

પહેલી ભૂમિકા છે - અશાંતિથી શાંતિ તરફની યાત્રા. બીજી ભૂમિકામાં છે - 'શાંતિ' નામના મુકામથી અશાંતિ તરફના ત્રાસદાયક પ્રવાસ તરફ જતા મનને રોકવું. ત્રીજી ભૂમિકામાં કોઈ પણ પ્રકારના ખળભળ વિનાની- માનસિક ખેંચતાણ વિનાની - બે વિરોધી દ્વંદ્વમાંથી એક વિકલ્પ પકડવાની માથાકુટ વિનાની સહજ રિલેક્સફુલ - તાણમુક્ત આત્મસ્થિતિ, કે જે ખરેખર આત્માનું સ્વાસ્થ્ય છે, એટલે કે જે સ્થિતિમાં આત્મા સ્વ=પોતાનામાં સ્થ=રહ્યો છે. આજ સાત્મ્યભાવ - સામ્યભાવ પણ છે.

જેટલા પણ યોગગ્રંથ સૂચિત રસ્તાઓ-ઉપાયો-સાધનાઓ છે, જે પણ ધ્યાન પ્રક્રિયા છે, જે જે પણ શુભ ધાર્મિક ક્રિયાઓ-અનુષ્ઠાનો છે, જે પણ ગણિતાનુયોગાદિ યોગો છે, જ્ઞાનાદિ જે પણ આચારો છે, ને અહિંસાદિ જે પણ મહાવ્રતો છે, સમિતિઓ ને ગુપ્તિઓ, અને સમ્યગ્દર્શનાદિ રત્નત્રિક - આ બધાનો સાર-સાધ્ય-ઉપેય-લક્ષ્ય એક જ છે - શાંત હોવું-ની ભૂમિકા.

શાંત થાઓ, શાંત રહો. આ બંને વિશેષ પ્રયત્નોની ઉદ્‌ઘોષણા કરે છે, ને જે પણ શુભ પ્રયત્ન છે, એ સાધના છે, સાધ્ય-લક્ષ્ય નથી. 'શાંત હતો' આ પ્રયત્ન વિનાની - સહજ દશાનો આવિર્ભાવક છે. બસ એ જ લક્ષ્ય છે. પહોંચ્યા પછી ચાલવાનો પ્રયત્ન

નથી હોતો. ટોચ પર ચઢી ગયા પછી ચઢવાનો પ્રયત્ન નથી. તીર પામી ગયા પછી હોડી હલેસાની કોઈ જરૂરત નથી. મોક્ષમાં ક્રિયા નથી, અભ્યાસ નથી, તપ નથી, ધ્યાન નથી.

બીજી રીતે કહીએ તો શાંત થવું એ અધ્યાત્મ છે, શાંત રહેવું એ વૈરાગ્ય છે ને શાંત હોવું એ શાંતસુધારસરૂપી અમૃતનો અરેચ્ય (ખાલી નહીં થઈ શકે એવો) પ્યાલો છે.

આમ અધ્યાત્મ એટલે મનને - આત્માને અશાંતિમાંથી શાંતિ તરફ લઈ જવાનો પ્રયત્ન. મનને જે ગમે છે તેમાંથી છોડાવવાનો, જે ફાવે છે તેમાંથી ખસેડવાનો ને જે નથી ગમતું તે ગમાડવાનો, નથી ફાવતું તે ફવડાવવાનો પ્રયત્ન એટલે જ અધ્યાત્મ.

અધ્યાત્મનો અર્થ જ છે મનોસિદ્ધ ભાવોમાંથી મનને ખેંચી એને નહીં ગમતા ભાવો તરફ ખેંચી જવું. અવર અનાદિની ચાલમાંથી એને છોડાવવું. ઉપદેશ, શ્રવણ ને તેવું વાંચન એ માટે સહાયક પ્રેરકબળ બને છે. બળાત્કારે પણ મનને આ રીતે વાળ્યા પછી બાહ્ય નુકસાનીથી થયેલો બચાવ ને પોતાને પણ મળેલી કાં'ક શાંતિ પછી મન એ તરફ કાં'ક આકર્ષિત પણ થાય છે. પછી પ્રયત્નપૂર્વક પણ વારંવાર એ તરફ જાય છે. પહેલો પ્રયત્ન અધ્યાત્મ કહેવાય ને એની વારંવારની યાત્રા ભાવના કહેવાય છે.

જો આપણે મનની ઉપરોક્ત કુટેવોને ઓળખી લઈ તે તે અવસરે સાવધાન થઈ જઈએ તો અધ્યાત્મનો માર્ગ અઘરો નથી.

ગ્રંથકારે પદ્યાત્મક રચનાઓ રૂપે અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથ રચ્યો છે, પણ પ્રસ્તાવના ગદ્યરૂપે કરી છે. એમાં શાંતરસનો મહિમા સરસ રીતે વર્ણવ્યો.

શૃંગાર, બિભત્સ, હાસ્ય, ભય, વીર વગેરે બીજા આઠ પ્રકારના રસોની ટોચે - શ્રેષ્ઠરૂપે બિરાજે છે - શાંતરસ. આ રસ રસાધિરાજ કેમ છે ? એના બે કારણ છે -

(૧) જેટલા પણ આગમ વગેરે આત્મહિતકર શાસ્ત્રો છે, તદ્‌રૂપ સાગરમાંથી ઉપલબ્ધ થતું એ અત્યંત સારભૂત તત્ત્વ છે. ને

(૨) તેથી જ તે સુધારસ - અમૃતરસ છે, માટે તે રસાધિરાજ છે. સમુદ્રમંથન વખતે બીજી કૌસ્તુભ રત્ન વગેરે મૂલ્યવાન વસ્તુઓ તો ઘણી નીકળેલી પણ એમાં સારભૂત-શ્રેષ્ઠતમ હતું અમૃત. એમ આગમાદિ શોભન શાસ્ત્રોમાંથી તત્ત્વભૂત ઘણી વાતો કે જે આત્મહિતકર હોય છે,તે જાણવા મળે છે. પણ તેમાં શિરમોર છે શાંતરસની પ્રાપ્તિ. માટે શાંતરસ રસાધિરાજ છે ને સુધારસ છે.

શાંતરસને સુધારસ કહેવાના હેતુઓ એ છે કે

(૧) આભવિક ને પારભવિક જે અનંત-અંતહીન આનંદ પ્રવાહ છે તે પ્રવાહની પ્રાપ્તિનું સાધન છે શાંતરસ.

(૨) તેથી જ એ જ પરમાર્થથી ઉપદેશ્ય - બીજાને બતાવવા યોગ્ય ઉપદેશવા યોગ્ય છે અને

(૩) એ જ બધા રસોમાં સારભૂત રસ છે.

તેથી જ શાંતરસની ભાવનારૂપ કે જેનું બીજું નામ છે - અધ્યાત્મકલ્પદ્રુમ, એ ગ્રંથ મનગમતો ગ્રંથ છે.

અહીં 'રસ' એટલે રુચિ-લાગણી-મનમાં ઉઠતી એવા પ્રકારની સંવેદના. અનુભૂતિ-સ્પંદન વગેરે સમજી શકાય. જેમ કે એવું વર્ણન કે જોતાં-સાંભળતાં અંદર જે ભયની લાગણી પ્રગટે - તે ભયરસ છે. એવી વીરતા વગેરેની વાતો જોતાં-સાંભળતાં હૃદયમાં જે વીરતાનો ભાવ પ્રગટે તે વીરરસ છે.

એજ રીતે સાંભળતાં-ચિંતવતાં હૃદયમાં જે પરમશાંતિનો અનુભવ થાય તે શાંતરસ.

પરમ શાંતભાવને પામેલા યોગીશ્વરો શ્રી અરિહંત પરમાત્માઓ, તથા એમના વચનના માર્ગે આગળ વધી એ રસના આસ્વાદમાં મગ્ન અન્ય યોગીઓના દર્શન - એમના ચારિત્રના શ્રવણથી પણ શાંતરસની અનુભૂતિ થાય છે.

એ જ રીતે સંસારભાવોથી વૈરાગ્યઉત્પાદક, કષાય આદિ ભાવોથી છૂટકારો અપાવનાર ઉપદેશવચનો-સુભાષિતોના શ્રવણ-વાંચન-એના પર ચિંતન-મનન થી પણ શાંતરસની અનુભૂતિ થાય છે.

શાંતરસ એટલે મોહનીય કર્મજન્ય લાગણીઓના અભાવથી ઉઠતો રસ. તે તે અવસરાદિ વખતે ઉઠતી તે-તે લાગણીઓના વશમાં નહીં આવવું ને છેવટે એવી લાગણી ઉઠવી જ નહીં, એ શાંતરસ છે. ટૂંકમાં, રાગ-દ્વેષ-મોહ પ્રેરિત લાગણીઓથી છૂટકારાની અનુભૂતિ શાંત રસાનુભૂતિ છે.

આ રસ સકળ સુશાસ્ત્રોનો સ્વર છે. અહીં શાસ્ત્ર આગળ 'સુ' શબ્દ ઉમેર્યો છે. જે શાસ્ત્ર તરીકે લોકોમાં ઓળખાતા હોવા છતાં હિંસા, રાગ, દ્વેષના ઉત્તેજક-પોષક-પ્રેરક હોય, તે સુશાસ્ત્ર નથી. એવા કહેવાતા શાસ્ત્રો જેવા કે કામશાસ્ત્ર, પાકશાસ્ત્ર,યજ્ઞ-યાગાદિપ્રેરક શાસ્ત્ર, એકાંતવાદ સંબંધી શાસ્ત્રો આ બધા સુશાસ્ત્ર નથી. અનાદિકાળથી મિથ્યાભાવોમાં અને અશાંતિમાં ડૂબેલા જીવને ફરી એમાં જ સારી રીતે ડૂબાડનારા શાસ્ત્રો સુશાસ્ત્રો કેવી રીતે કહેવાય ?

જિનવચનો જેમાં ગુંથાયેલા છે એ આગમો ને એ આગમોના આધારે રચાયેલા પૂર્વાચાર્યો વગેરેના ગ્રંથો અનેકાંતમય છે ને હિંસાદિભાવોના નિષેધક છે, રાગ-દ્વેષાદિને જીતવાની પ્રેરણા આપનારા છે. માટે એ બધા જ સુશાસ્ત્રો છે. આવા શાસ્ત્રો અર્થથી અનંત અર્થાત્મક હોવાથી અર્ણવ = સાગરની ઉપમા પામે છે.

આ તમામ શાસ્ત્રોનું ઉપનિષદ્ અત્યંત સારભૂત રહસ્યાર્થ માત્ર ને માત્ર શાંત સુધારસ જ છે. તેથી જ

**किं बहुणा इह जह जह रागद्दोसा लहुं विलिज्जंति ।**
**तह तह पयट्टियव्वं एसा आणा जिणिंदाणं ।।**

જેમ જેમ રાગદ્વેષની હાનિ થાય તેમ તેમ જ પ્રવર્તવું-વર્તવું આ સિદ્ધાંત જ મુખ્ય શાસ્ત્રાર્થ મનાયો છે. બાકીના તમામ શાસ્ત્રાર્થો પણ આ શાસ્ત્રાર્થના પોષક-સાધક હોવાથી જ શાસ્ત્રાર્થરૂપ મનાયા છે.

શાસ્ત્રમાં કરાયેલા ઉત્સર્ગ વિધાનો - રાજમાર્ગ રૂપે કરવા ન કરવાના કાર્યો અને તેવા કારણે સેવવા યોગ્ય અપવાદોનો નિર્દેશ પણ રાગ-દ્વેષની હાનિને કેંદ્રમાં રાખીને પ્રવર્તે છે.

મનુષ્યનું આયુષ્ય પ્રાયઃ ઘણા વર્ષોનું છે. તેથી એ આયુષ્યમાં આહારાદિ માટે વિવિધ પ્રવૃત્તિઓ તો કરવી જ પડવાની. તો એ વખતે કેવી કેવી પ્રવૃત્તિઓ કરવાથી રાગ-દ્વેષથી બચાય ને તેથી કર્મબંધ ન થાય ? ને કેવી કેવી પ્રવૃત્તિઓ કરવાથી રાગ-દ્વેષ થાય ને કર્મબંધ થાય ? આ બધો નિર્દેશ એટલે જ મહાવ્રતો આચારો-સમિતિઓ વગેરેનો નિર્દેશ. પણ એ બધામાંય કેંદ્રમાં તો છે - મિથ્યામાન્યતાની ને તજ્જન્ય રાગ-દ્વેષની હાનિ.

રાગ-દ્વેષની આ હાનિ જ શાંતસુધારસ રૂપ છે. તમામ અશાંતિ-અજંપા-ઉકળાટ-અકળામણોનું મૂળ છે - રાગ-દ્વેષ. રાગ-દ્વેષ ગયા તો આ બધા પણ જવાના. નેતા પાછળ એના અનુયાયીઓ જાય. એટલે સહજ અંદરથી શાંતરસ પ્રગટ થવાનો.

આમ તમામ શાસ્ત્રોનું ઉપનિષદ્ છે - શાંત સુધારસની પ્રાપ્તિ. વર્તમાનમાં-આ ભવમાં પણ જે શાંત રહે છે રાગ-દ્વેષાદિમાં ને તેથી જ કષાય-વાસના-સંજ્ઞામાં ખેંચાતો નથી તે જ આનંદમાં રહી શકે છે. ચિદાનંદની મોજ માણી શકે છે. પ્રશમરતિમાં કહ્યું છે -

**नैवास्ति राजराजस्य तत्सुखं नैव देवराजस्य।**
**यत्सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य।।**

યોગીરૂપ બનેલા સાધુઓ કોઈપણ પરિસ્થિતિમાં શાતામાં હોય છે,એ માટે આ ભૂમિકા કારણ છે.

એ પછી એ મોક્ષે જાય તો ત્યાં તો પરમ વીતરાગ અવસ્થામય અનંત જ્ઞાન સાથે અનંત આનંદ છે, ત્યાં જતા પહેલાના જે ભવો થાય, એમાં પણ વૈરાગ્યભાવ મુખ્યરૂપે સાથે રહેવાથી આનંદાનુભૂતિ વહેતી જ રહે છે.

વળી આ શાંતભાવ-શાંતરસ બાહ્ય સાધનોની અપેક્ષા વિના સહજ અંદરથી - આત્મ સ્વરૂપથી પ્રગટે છે. તેથી જ એ સ્થાયીભાવ છે. ઘર સ્થાયી છે, હોટલ-ધર્મશાળા

બદલાતા રહે છે. બાકીના રસો અસ્થાયીભાવ છે. હાસ્ય-શૃંગાર-વીર કે ભય કેટલા વખત ટકે ?

તેથી જેમ ધરતીનો છેડો ઘર એમ બાકીના બધા રસોએ પણ છેવટે વિશ્રાંતિ તો શાંતરસમાં જ લેવી પડે. એ વિના એ બદલાયા કરે, જીવને તેથી અજંપો રહ્યા કરે. આમ સાધ્યરૂપ-સ્થાયીભાવરૂપ ને પ્રાપ્તિની પ્રથમ ક્ષણથી જ આનંદરૂપી હોવાથી જ શાંતરસ-રસેંદ્ર છે - રસોનો રાજા છે.

વળી આ જ રસ આનંદધામ છે, કેમ કે આ જ રસ જીવની શુદ્ધ પ્રકૃતિરૂપ છે, બાકીના રસો વિકૃતિરૂપ છે, કેમ કે મોહનીયથી પ્રભાવિત છે, ને તેથી જ અસ્થાયી પણ છે. શૃંગારરસ કદાચ આકર્ષિત કરે, પણ એનો વિરોધી રસ છે બિભત્સરસ-જુગુપ્સારસ. હાસ્યરસ ક્યારે શોકમાં પરાવર્તિત થઈ જાય કોણ કહી શકે ? વીરરસથી ઉત્તેજીત થયેલાને જ પછી ભયરસમાં ડૂબી જતા વાર લાગતી નથી. શાંતરસ સ્વસ્થ થયેલા આત્માના પ્રદેશોમાંથી સહજ વહેતો રસ છે. એ વિરોધી રસરૂપ નથી પણ નિર્દ્વંદ્વ એકાત્મક રસ છે.

આથી જ આ રસમાં ડૂબેલો તત્કાળમાં-વર્તમાનમાં પણ અલૌકિક આનંદાનુભૂતિથી તરબતર હોય છે કે જે અનુભૂતિ એની આંખમાં અમી બનીને, ચહેરા પર અગમ્ય પ્રસન્નભાવ બનીને, ને જીભે મધુરતા બનીને પ્રગટ થયા કરે છે.

આ જ જ્ઞાનમગ્નનું સુખ છે, આ જ શમસામ્રાજ્ય છે, આ જ સમુદ્રમાંથી નહીં પણ આત્મામાંથી પ્રગટેલું પિયૂષ = અમૃત છે.

આ રસમગ્ન જ્યાં હોય, ત્યાં વાતાવરણમાં પણ અભય-અખેદ-અદ્વેષના આંદોલનો ચોતરફ ફેલાયા કરે છે. જેઓ એ આંદોલનોના એરિયામાં આવે છે એ પણ શાંત-પ્રશાંત થઈ જાય છે.

આરામશોભાના માથે દેવકૃત બગીચો હતો, આના હૃદયમાં બગીચો હોય છે. જેની સમીપે આવતા જ મનને ટાઢક વળે, જીવને હાશ થાય ને પ્રેમ-મૈત્રી-ક્ષમાની સૂરાવલી વહેવા માંડે, માની લેવું કે તે શાંતરસના સ્વાદને પામી ગયો છે. એની આરાધનામાં મૂળિયા પ્રશાંતવાહિતાના પ્રવાહને સ્પર્શી ચુક્યા છે.

**स्वर्गसुखानि परोक्षाण्यत्यन्तपरोक्षमेव मोक्षसुखम् ।**

**प्रत्यक्षं प्रशमसुखं न परवशं न च व्ययप्राप्तम् ।। (प्रशमरति)**

સ્વર્ગના સુખ પરોક્ષ છે - દેખાતા નથી. મોક્ષસુખ તો અત્યન્ત પરોક્ષ છે, કલ્પનાનો પણ વિષય નથી. સંસારના સુખો (૧) પરવશ - પરાધીન છે ને (૨) સતત વ્યય - ધન, શક્તિ, પુણ્યના ખર્ચની અપેક્ષા રાખે છે. માત્ર પ્રશમ સુખ જ પ્રત્યક્ષ પણ છે, ને તેવી કોઈ અપેક્ષા વિનાનું છે ને એમાં કોઈ ખર્ચ નથી.

ભોજન સમારંભ પતી ગયા પછી ભિખારીના છોકરાઓ ત્યાં રહેલી એંઠી થાળીમાંથી જે મિઠાઈ - ફરસાણના કણ મળે એ માટે મારામારી કરતા હોય છે ને જેને એ મળે એ ખુશીથી નાચી ઉઠતો દેખાય છે. આ દશ્ય જોઈ જેના ઘરે એ ભોજનસમારંભ હતો, એ શેઠના પુત્રને અહોભાવ થાય, ઈર્ષ્યા થાય, તિરસ્કાર થાય કે દયામય અરેરાટી થાય ?

અનંતકાળમાં અનંત જીવોએ અનંતવાર ભોગવેલા પુદ્ગલોથી જ રચાતા વિષય સુખ એટલે ભોજનની એંઠી થયેલી થાળી. એ વિષયભોગ માટે લડતા-ઝઝુમતા ને મળે તો પાગલ થતા પામર - અજ્ઞને તેથી બાળ જીવ સમા સંસારી જીવોને જોઈ પ્રશમસુખ મગ્ન જીવોની કઈ ભૂમિકા હોય ? તેઓને ઈર્ષ્યા નહીં, દયાયુક્ત અરેરાટી થાય છે. પેલી વમેલી ખીરની થાળી ને ફરી ચાટવા જતા બ્રાહ્મણ કિશોર ને જોઈ ભવદેવને (જંબૂસ્વામીનો પૂર્વભવ) જે અરેરાટી થયેલી, એથી પણ વધુ તીવ્ર અરેરાટી યોગીઓને વિષયરૂપ ભોગ-ઉલ્ટીમાં માખીની જેમ બણબણતા જીવોને જોઈ થાય છે.

અદ્ભુત છે શાંતસુધારસ ! શું આપણે એ ભર ભર પ્યાલા પી શકીએ ? એનો આસ્વાદ માણી શકીએ ? હા. જરુર ! જેમ લોકમાન્ય તિલક કહેતા હતા કે - સ્વરાજ્ય એ મારો જન્મસિદ્ધ અધિકાર છે. એમ દરેક ભવ્યાત્મા આ રસાસ્વાદનો મૂળભૂત અધિકારી છે. પણ એ અધિકાર મેળવવા યોગ્યતા ઘડવી પડે. પરમ યોગીશ્વરને શાંતરસેંદ્રરૂપ સુધારસ કુંડના અધિષ્ઠાતા પ્રભુના વચનો પર હાડોહાડ શ્રદ્ધાનું સંગીત વહેવડાવવું પડશે. એમના વચનાલંબને પરમાત્મા સ્વરૂપના જ્ઞાનના દીવડા પ્રગટાવવા પડશે, જેમાં સર્વજીવમૈત્રીની પરમ સુવાસ છે એવી ચારિત્રરૂપ ધૂપસળીને પ્રગટાવવી જરૂરી છે. વિનય-વિવેક-વૈરાગ્ય ને વિશુદ્ધિના સાથિયાઓની રંગોળી હૃદયાંગણે રચવી જરૂરી છે.

અધ્યાત્મ અને વૈરાગ્ય વિના શાંતસુધારસ સપનામાં પણ સંભવે નહીં. તો એ માટે કયો માર્ગ કયો ઉપાય ? એ જાણવું જરૂરી છે. ‘જયશ્રી’ શબ્દથી (પ્રાકૃતમાં જય સિરિ શબ્દથી) જેમના ગ્રંથો અંકિત થયા છે એવા પૂજ્યપાદ મુનિસુંદરસૂરિ મહારાજે આગમ, અનુમાન ને અનુભવના આધારે જે ગ્રંથમાં શાંતસુધારસ માટેના સોળ પગથિયાં બતાવ્યા છે એ અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથના શ્લોકોને માણીએ. આગમના ઐદંપર્યાર્થને પામી ભાવનાજ્ઞાનના સ્વામી બનેલા પૂજ્ય આચાર્યભગવંત સમજે છે કે જીવોને પ્રેરણા-ઉપદેશ આપવા યોગ્ય તત્ત્વ આ જ છે. પોતાની પાસે અમૃતના કુંડ ભર્યા હોય ત્યારે મહેમાનને અમૃતના સ્થાને દૂધ ધરવું પણ ઓછું ગણાય, પાણીની વાત તો દૂર રહી - ગટરના પાણી કે શરાબ ધરવાની ચેષ્ટા તો સપનામાં પણ સંભવે નહીં.

શાંતરસનો - એ માટે વૈરાગ્યમય અધ્યાત્મનો ઉપદેશ એટલે અમૃત ભરેલો ગ્લાસ

ધરવો. એની અપેક્ષાએ બીજો ધર્મોપદેશ દૂધનો ગ્લાસ છે. સામાન્ય સારી વાત પાણીનો ગ્લાસ છે જ્યારે હલકી - રાગ - દ્વેષ - કષાય - વાસના ભડકાવનારા વચનો તો ગટરજળ કે શરાબના ગ્લાસ જેવા છે.

શમ - ઉપશમ - શાંતસુધારસ પામેલા સાધુને જે ગુણ-લાભ-અનુભૂતિ થાય છે, તે લાભ-ગુણ-અનુભૂતિ જ્ઞાન-ધ્યાન-તપ-શીલ અને સમ્યક્ત્વ આ પાંચેય પામેલા પણ હજી શમભાવ નહીં પામેલા સાધુઓ પણ પામી શકતા નથી.

તો જે ઉપદેશથી આવો ઉત્કૃષ્ટ લાભ થતો હોય, તે જ ઉપદેશ દેવાય ને ? તેથી જ ગ્રંથકારે પણ આ ઉપદેશ આપી સ્વયં કૃતાર્થ ને આપણા પર પરમ ઉપકારી થયા છે.

જેઓ આ શાંત સુધારસને પામી ગયા - હૃદયને આ રસથી પૂરેપૂરું ભાવિત કરી દીધું એને તીર્થંકર પદ, ગણધર પદ, યુગપ્રધાન આચાર્ય પદ, વિવિધ લબ્ધિઓ, સિદ્ધિઓ, શક્તિઓ, ચક્રવર્તી આદિ પદરૂપ શ્રેષ્ઠ મંગળકારી પદવી-પ્રાપ્તિ-અનુભૂતિઓ એક સાથે, ઉત્તરોત્તર, ક્રમશઃ થયા જ કરે છે. મોક્ષરૂપ પરમ મંગળસ્થાન નહીં પામે ત્યાં સુધી આ પરંપરા તૂટ્યા વગર અનુભવે છે. જેમ ચક્રવર્તીને મળેલા નિધાનથી સમગ્ર પ્રજાને પણ લાભ થાય છે, એમ આવા મંગળોને અનુભવવા એ મહાપુરુષોના નામ લેવા આદિરૂપે એમના વર્તુળમાં આવેલા બધા ભવ્ય જીવોને પણ શાંતરસની સાથે વિવિધ મંગળોની અનુભૂતિ થાય છે.

જો કે આ મંગળો પણ અપેક્ષાએ ઔદાયિકાદિભાવ છે, પરમાત્મભૂત-આત્મીય સ્વરૂપભૂત ભાવ નથી, તેથી એથી બાહ્ય વિવિધ વિશેષતા મળે છે. તો અંતરાત્માનું શું ? એ માટે કહે છે - નિરૂપમ સુખ. એ પ્રશમભાવને પામેલાને બાહ્ય કોઈ અપેક્ષા ન હોવાથી, એ સુખમાં કોઈ વધ-ઘટ ન હોવાથી, ને તેથી જ એના અંતે અલ્પ કે દીર્ઘકાલીન કોઈ દુઃખની સંભાવના નહીં હોવાથી, બહારની કોઈ ઘટના આદિથી વિક્ષેપ પડતો નહીં હોવાથી, એ સુખ સંસારના બીજા કોઈ સુખ સાથે ઘટાવી શકાય એવું નથી. સંસારના કોઈ સુખની ઉપમાથી આ સુખ સમજાવી શકાય એવું નથી. સાપેક્ષ, સક્રિયતાજન્ય = પરિશ્રમજન્ય તેથી જ થાક-ઉદ્વેગ-કંટાળા સુધી પહોંચનારા, અનેક વિક્ષેપથી અસ્થિર, પાપજનક ને તેથી જ છેવાડે દીર્ઘ દુઃખથી જોડાયેલા સંસારના સુખ સાથે આ સુખની તુલના જ કેવી રીતે થઈ શકે ? આગિયાની સૂર્ય સાથે સરખામણી કરવાની ચેષ્ટા પણ હાસ્યાસ્પદ છે. ગંગાસ્નાન સાથે મૃગજળ સ્નાનને કેવી રીતે સરખાવી શકાય ?

ગુલાબ-ફૂલને આકાશકુસુમ સાથે ન સરખાવો મારો ભાઈ ! વીતરાગ દેવાધિદેવની સાથે અન્ય દેવોની તુલનાની કલ્પના પણ મારી નાંખનારી છે, રહેવા દો !

જે સુખના છેવાડે અનંત આનંદમય મોક્ષ સુખ છે કે જેના એક ક્ષણના સુખ

આગળ ત્રણ કાળના ત્રણ લોકના ટોટલ સુખ પણ કોઈ વિસાતમાં નથી, એ સુખ સાથે જે સુખ મેળવતા પહેલા દુઃખ, મળે ત્યારે પણ કષ્ટ ને ભય, જતાં પણ હાયકારો અને છેવાડે દીર્ઘકાલીન કાતિલ દુઃખની પરંપરા હોય એ સુખને સરખાવવાનો વિચાર રેતીમાંથી તેલ કાઢવાના વિચાર કરતાં પણ વધુ હાસ્યાસ્પદ છે. માટે જ જેઓ બુધ છે - સારાસારના વિવેકવાળા છે, હેય-ઉપાદેયના જ્ઞાનવાળા, નિર્ભેળ, નિર્દોષ, નિતાંત, નિરંતર, નિઃસીમ, નિરતિશય, નિરવધિ, નિરારંભ, નિરાબાધ ને તેથી જ નિરુપમ સુખની ઈચ્છાવાળા છે, એ બુધોએ હવે બીજું બધું છોડી શાંતસુધારસ પામવા - મેળવવા જ એક લક્ષ્ય - એક ધૂનથી લાગી જવું જોઈએ.

સોળ અધિકારોલ્લેખ

**समतैकलीनचित्तो ललनापत्यस्वदेहममतामुक्।**
**विजयकषायाद्यवशः शास्त्रगुणैर्दमितचेतस्कः।।३।।**
**वैराग्यशुद्धधर्मा देवादिसत्तत्त्वविद् विरतिधारी।**
**संवरवान् शुभवृत्तिः साम्यरहस्यं भज शिवार्थिन्।।४।।**

ગાથાર્થ : હે શિવાર્થી = મોક્ષાર્થી (૧) સમતામાં લીન ચિત્તવાળો (૨-૩-૪-૫) પત્ની, પુત્ર, ધન અને પોતાના દેહ પરની મમતાથી મુક્ત થયેલો (૬-૭) વિષય અને કષાય આદિને વશ નહીં થયેલો (૮-૯) શાસ્ત્રના ગુણોથી દમિત - સંયમિત થયેલા ચિત્તવાળો (૧૦-૧૧) વૈરાગ્યથી શુદ્ધ થયેલા ધર્મવાળો (૧૨-૧૩) દેવ-ગુરુ આદિ સત્ તથા તત્ત્વોનો જાણકાર, વિરતિને ધરનારો (૧૪) સંવરવાળો અને (૧૫) શુભવૃત્તિવાળો થયેલો તું (૧૬) સામ્યના રહસ્યને સેવ.

આમ આ બે ગાથામાં આ ગ્રંથના ક્રમશઃ વિષયભૂત અને શાંત સુધારસ માટેના હેતુભૂત જાણે કે કલ્પવૃક્ષની મહાશાખા સમાન સોળ અધિકારોનું સૂચન થયું.

(૧) સમતા અધિકાર (૨) પત્ની-સ્ત્રીમમત્વત્યાગ (૩) પુત્રમમત્વત્યાગ (૪) સ્વ-ધનમમત્વત્યાગ (૫) દેહ-શરીરમમત્વત્યાગ (૬) વિષયપ્રમાદત્યાગ (૭) કષાયત્યાગ (૮) શાસ્ત્રાભ્યાસ - શાસ્ત્ર દ્વારા ચાર ગતિના દુઃખોની જાણકારી (૯) ચિત્તદમન (૧૦) વૈરાગ્યોપદેશ (૧૧) ધર્મશુદ્ધિ (૧૨) દેવ-ગુરુ શુદ્ધિ (૧૩) યતિશિક્ષા (૧૪) સંવર-આશ્રવ નિરોધ (૧૫) શુભવૃત્તિ સ્વરૂપ અને (૧૬) સામ્ય રહસ્ય.

આ સોળ અધિકારોથી આ ગ્રંથ ઘરેણું શોભે છે.

•

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# યોગી આનંદઘનજી અને યોગમાર્ગ

**શ્રી આનંદઘનજી મ.**

**ગુજરાતી**

*પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ અચ્છા વક્તા અને કટાર લેખક છે. તેમણે શ્રી આનંદઘન મ.ના સાહિત્ય પર વિદ્યાવારિધિ (પીએચ.ડી.) ઉપાધિ પ્રાપ્ત કરી છે. તેમના લેખમાં યોગી આનંદઘનજી મ.નો યોગમાર્ગ બુદ્ધિગમ્ય શબ્દોમાં અભિવ્યક્ત થયો છે.*



# યોગી આનંદઘન અને યોગમાર્ગ

**– પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

**આશય આનંદઘન તણો; અતિ ગંભીર ઉદાર,**
**બાળક બાંહ પસારિ જિમ; કહે ઉદધિવિસ્તાર.**

ઈ.સ. ૧૮૩૦(વિ. સં. ૧૮૮૬)માં 'આનંદઘન બાવીસી' પર વિસ્તૃત સ્તબક લખતી વખતે શ્રી જ્ઞાનસાર વારંવાર આનંદઘનજીના ગહન આત્મજ્ઞાન પ્રત્યે આદર અને અહોભાવ પ્રગટ કરે છે. તેઓ આનંદઘનના ગહન આત્મજ્ઞાનને વર્ણવતાં કહે છે કે – કોઈ બાળક હાથ પ્રસારીને ઉદધિવિસ્તાર એટલે કે વિરાટ અને અફાટ સાગરને દર્શાવતો હોય તેવો અનુભવ એમને થઈ રહ્યો છે. આનંદઘનજી એ જૈન પરંપરામાં પણ વિરલ લાગે તેવા યોગી છે. એમની ઓળખ શું? એક પદમાં તેઓ આ રીતે સ્વ-પરિચય આપે છે.

*મેરે પ્રાન આનંદઘન, તાન આનંદઘન,*
*માત આનંદઘન, તાત આનંદઘન,*
*ગાત આનંદઘન, જાત આનંદઘન,* મેરે. ૧

*રાજ આનંદઘન, કાજ આનંદઘન,*
*આજ આનંદઘન, લાજ આનંદઘન* મેરે. ૨

*આભ આનંદઘન, ગાભ આનંદઘન*
*નાભ આનંદઘન, લાભ આનંદઘન.* મેરે. ૩

અને હા, આમાં જ છે આનંદઘનજી મ.ની ઓળખ. આનંદઘન ચોવીસીના સંશોધન અર્થે ૫૦૦થી વધુ હસ્તપ્રતો જોઈ, પરંતુ કર્તાપરિચયમાં માત્ર એટલું જ મળે કે એમનું મૂળ નામજી લાભાનંદ હતું અને ઉપનામ આનંદઘન હતું. એમને વિશેની કેટલીક દંતકથાઓ મળે છે, પણ પ્રમાણભૂત માહિતી તો આટલી જ. જોકે દંતકથામાં પણ પ્રતિભાનો ય અણસાર ખરો.

એકવાર ઉપાધ્યાય યશોવિજયજી વ્યાખ્યાન આપી રહ્યા હતા. આખોય સભાખંડ ખીચોખીચ ભરાયેલો હતો. તેઓ એક આધ્યાત્મિક શ્લોક પર વિવેચન કરી રહ્યા હતા.

ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય અને કૂર્ચાલશારદ (દાઢી, મૂંછવાળા સરસ્વતી)નું બિરૂદ પામેલા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વ્યાખ્યાન આપી રહ્યા હતા. 'મૂછાળી સરસ્વતી'ને કોઈ પૂજ્યભાવે માથું નમાવતા હતા, તો કોઈ મુગ્ધ ભાવે માથું હલાવતા હતા. સર્વત્ર અહોભાવ પ્રગટ થતો હતો. વ્યાખ્યાન પૂર્ણ થયું. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીમ. એ જોયું કે સભાગૃહમાં બેઠેલા એક વૃદ્ધ સાધુ વ્યાખ્યાન સમયે સાવ કોરા કાગળ જેવા નિર્લેપ હતા. ઉપાધ્યાયજીએ પૂછ્યું, 'અધ્યાત્મના આ શ્લોકના વિવેચનમાં કંઈ સમજ પડી કે?' વૃદ્ધ સાધુ ન બોલ્યા, ન હાલ્યા, ન ચાલ્યા. કોઈને થયું કે તેઓ બધિર લાગે છે. એક વ્યક્તિએ એમને જરા હલાવતાં કહ્યું, 'ગુરુજી ! મહારાજ તમને પૂછી રહ્યા છે. જવાબ આપો.' વૃદ્ધ સાધુએ ઊંચું જોયું. એમના ચહેરા પર યોગસાધનાનું તેજ પ્રગટેલું હતું. બોલ્યા, 'અધ્યાત્મના આવા ઉચ્ચ શ્લોકનું આવું સામાન્ય વર્ણન ! આ તો સાવ બાળપોથી જેવું કહેવાય. ઉપાધ્યાયજી, હજી તમારે ઘણાં ડુંગરા ઓળંગવાના છે અને ઘણાં ઝરણાં પાર કરવાનાં છે.' આખી સભા સ્તબ્ધ બની ગઈ. યોગીના સ્વરમાં રણકો હતો. મુખ પર યોગનું તેજ અને અવાજમાં સચ્ચાઈનો રણકો હતો. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીમ.ને ખ્યાલ આવી ગયો કે આ તો સ્વયં યોગીરાજ આનંદઘનજી છે. પાટ પરથી ઊઠી પાસે ગયા અને વંદન કરીને કહ્યું, 'ક્ષમા કરો, મહાયોગીના યોગને ઓળખવા જેટલી પાકટ મારી વય નથી. હજી બાળ છું. મેં વિવેચન કરેલ શ્લોક પર આપની વાણીગંગા પહેવડાવો.'

મહાયોગી આનંદઘનજી પાટ પર બેઠાં અને એકધારું રસવિવેચન કર્યું. ઉપાધ્યાય યશોવિજયજી હાથ જોડી ઝીલતા રહ્યા.

જીવનભર પરિભ્રમણ કરતા રહેલા આ મસ્તયોગી આનંદઘન કેટલાય સાધુ, સંત, જાતિ, સંન્યાસી અને સૂફીને મળ્યા હશે અને આથી એમની કવિતામાં વૈષ્ણવ ભક્તિ જોવા મળે, સૂફી અસર અનુભવાય અને હઠયોગની ક્રિયાની વાત મળે. આનું કારણ એ કે આ મુક્ત યોગી હતા. ઉપાશ્રય, પરિગ્રહ અને સ્વનામ ઇત્યાદિનો ત્યાગ કરીને તેઓ અવધૂત આનંદઘન બન્યા. આગમિક, દાર્શનિક, આત્માનંદી અને રહસ્યવાદી યોગીનાં સ્તવનોમાં યોગમાર્ગનું આલેખન છે.

એમનાં સ્તવનોનો પ્રારંભ તેઓ તીર્થંકરના નામોલ્લેખથી કરે છે, પરંતુ એમના સ્તવનમાં જ્ઞાન, ભક્તિ અને યોગની અનુપમ ત્રિવેણીમાં જિજ્ઞાસુ સ્નાન કરે છે. એ સાધકને એકાએક સાધનાના ઊંડાણમાં લઈ જતા. પરંતુ ક્રમશઃ ઉત્તરોત્તર ઉન્નત સોપાનનું દિગ્દર્શન કરાવે છે. જ્યારે એમનાં પદોમાં યોગના અગમપિયાલાના પાન પછીની અનુભવલાલી પ્રગટ થાય છે. આ મસ્તી અને અનુભવલાલી એવી છે કે તીર્થંકરને પ્રિયતમની દૃષ્ટિથી નિહાળે છે. 'ઋષભ જિનેસર પ્રિતમ મ્હારો, ઓર ન ચાહું રે કંત.' એમ કહે છે.

અહીં નિર્ગુણ પરંપરાના મહાન સંત કબીરની અંતરભાવનાનો અનુભવ થાય છે. કબીર કહે છે,

**'રામ મેરો પીવ, મેં તો રામ કી બહુરિયા.'**

આનંદઘનજી ભગવાન ઋષભદેવની પ્રેયસીના રૂપમાં શબ્દાંતરે આ વાત કરે છે. એ કહે છે કે ભગવાન ઋષભદેવ મારા પ્રિયતમ છે. મારે કોઈ બીજા પતિ કે પ્રિયતમની જરૂર નથી. એ પ્રસન્ન થઈ જાય તો બધું જ મળી જાય. વળી આ પ્રેમ સબંધ તો નિરુપાધિક છે. કોઈપણ પ્રકારની સાંસારિક અભિલાષાઓના બંધનથી મુક્ત છે. એમના પદોમાં વિરહિણીની વેદના મળે છે. રાજસ્થાનનું મેડતા ગામ એ મીરાં અને આનંદઘનની પાવનભૂમિ છે. જાણે મીરાંના વિરહનો ભાવ આનંદઘનમાં એ જ રીતે આકારિત થતો લાગે છે.

આ કવિની શ્રી પુણ્યવિજયજી આદિ સંગ્રહમાંની ૧૩૪૪૨ ક્રમાંક ધરાવતી પ્રતમાં મળતું એક અપ્રગટ પદ તીર્થંકર ઋષભદેવનું કેવું અનોખું અવધૂતરૂપ આલેખે છે.

*બાવા રીષભ બેઠો અલબેલો,*
*ડારું ગુલાલ મુંઠી ભરકે. બા.*
*ચોવા ચોવા ચંદન ઓર અરગજા*
*કેસરકી મટકી ભરકે. બા. ૧*
*મસ્તક મુગત કાંને દોય કુંડલ,*
*ફૂલનકા ગજરા સિરપે. બા. ૨*
*બાંહે બાજૂબંધ સોહે બરોખા*
*અંગી બની હીરા ઝલકે બા. ૩*
*આનંદઘન કે નાથ નિરંજન*
*તાર લીજ્યો અપનો કરકે. બા. ૪*

આનંદઘનનાં પદોમાં 'અવધૂ' શબ્દનો પ્રયોગ મળે છે. ઘણાં પદોનો પ્રારંભ જ એ 'અવધૂ' સંબોધનથી કરે છે. ગુરુ દત્તાત્રેયના ચેલાઓ શરીરે ભસ્મ લગાડી, હાથમાં ચીપીયો રાખી અલેક અલેક પોકારે તેને 'અવધૂ' કહેવામાં આવે છે પણ અહીં અવધૂ શબ્દપ્રયોગ આત્મજ્ઞાનમાં મસ્ત એવા જિજ્ઞાસુ કે જ્ઞાનીને માટે છે.

યોગી આનંદઘને એક ભિન્ન પ્રકારના યોગનું આલેખન કર્યું છે. એક અર્થમાં કહીએ તો એમણે આચાર્ય હરિભદ્રસૂરિનું 'યોગદૃષ્ટિસમુચ્ચય' અને હેમચંદ્રાચાર્યના 'યોગશાસ્ત્ર'ની યોગની વિચારણાની સાથોસાથ રાજયોગ અને હઠયોગની પરિભાષાનો પણ પ્રયોગ કર્યો છે. એમણે હઠયોગ અને રાજયોગની પદ્ધતિ સાથે જૈન સિદ્ધાંતો

અનુસાર આત્માના મૂળ ગુણો અને ઉત્તર ગુણોનો સ્વીકાર કરીને એને યોગપદ્ધતિ સાથે જોડ્યા છે, જેથી એનું રૂપ આધ્યાત્મિક બની ગયું છે, કારણ કે મૂળગુણ, સંવેગ, નિર્વેદ, શીલ, વૈરાગ્ય, સંયમ, સમિતિ, ગુપ્તિ આદિ સાધનાના આંતરિક પક્ષો સાથે જોડાયેલા છે.

બીજી બાજુ એકવીસમા નમિનાથ ભગવાનના સ્તવનમાં ભારતીય દર્શનના છએ દર્શનની વાત કરી છે. આ છએ દર્શનો જિનેશ્વર ભગવાનના અંગરૂપ છે. અને એને જિનમતરૂપી કલ્પવૃક્ષની ઉપમા આપે છે. એના બે પગ એટલે કે વૃક્ષના મૂળરૂપ તે સાંખ્યદર્શન અને યોગદર્શન જ્યારે બૌદ્ધ દર્શન અને મીમાંસક મત એ જિનેશ્વર પ્રભુના બે સશક્ત હાથ. ચાર્વાક દર્શન એ જિનેશ્વરનું પેટ અને જૈનદર્શન એ મસ્તિષ્ક.

આ રીતે છએ દર્શનોનો સમન્વય કરતાં આનંદઘનમાં ઉદારતા અને સમન્વયવાદિતા જોવા મળે છે. તેઓ ચાર્વાક મતને પણ ભૂલ્યા નથી અને છટાદાર રીતે નયવાદ-સ્યાદ્વાદનું આલેખન કરે છે. એ કહે છે,

*જિનવરમાં સઘળા દરિશણ છે, દર્શન જિનવર ભજના રે;*
*સાગરમાં સઘળી તટની સહી, તટનીમાં સાગર ભજના રે.*

આ યોગી દેહને કઈ રીતે જુએ છે? નરસિંહ મહેતા આ દેહને

**'કાયા પાત્ર છે કાચું, એ ચાંદરડું ચાર દિવસનું અંતે તો અંધારું.'** એમ કહે છે.

જ્યારે ધીરો ભગત કાયાને આકડાનાં ફૂલ સાથે સરખાવે છે,

**'ફૂલ ખીલીને ખરી પડે, એવું કાયાનું છે કામ.'**

તો અવધૂ આનંદઘન કાયાને મઠ સાથે સરખાવે છે અને એ ચેતનને જગાડી જગાડી ને કહે છે. આ શરીરરૂપી મઠમાં મોહનિદ્રા ક્યાં સુધી રહીશ? હવે જાગ ! ભીતરમાં દૃષ્ટિ કર, આ પુદ્ગલ એનો નાશવંત ધર્મ ક્યારે છોડતો નથી, તો તું તારા સ્વભાવને કેમ છોડે છે? તે તારા આત્મપ્રદેશોને કંપિત કરી રહ્યો છે. એ કહે છે,

**'अवधू क्या सोवे तन मठमें, जाग विलोकन घटमें।**
**अवधू तन मठ परतीत न कीजे, ठहि परे एक पलमें ।**
**हलचल मेटि खबर ले घटकी, चिन्हे रमतां जलमें ।**

હે અવધૂત આત્મા ! તું તારા શરીરરૂપી મઠમાં કેમ સૂઈ રહ્યો છે? જાગ અને અંતરઘટને જો, આ તનમઠનો ભરોસો કરતો નહિ. એ તો એક ક્ષણમાં ઢળી પડશે. માણસની બાહ્ય વ્યસ્તતાને છોડીને ભીતરમાં જોવાનું કહેતા આનંદઘન કહે છે - તું 'હલચલ મેટી' એટલે કે આ બધી માથાકૂટ છોડીને અંતરની ખબર લે, તું પાણીમાં માછલીના પગની નિશાની શું શોધે છે?

મહાયોગી આનંદઘન વિશેની એક પ્રચલિતકથા એવી છે કે તેઓ મેડતા શહેરમાં ચાતુર્માસમાં સ્થિરવાસ કરી રહ્યા હતા. એ સમયે રાજાની અણગમતી રાણીને કાગળ પર એક મંત્ર લખીને આપ્યો. રાજાને એની જાણ થતાં એ કોપાયમાન થયો. એણે કહ્યું કે સાધુ થઈને આવું કરવું તે અનુચિત ગણાય. આનંદઘને તાવીજમાં રહેલો કાગળ વાંચવાનું કહ્યું. એમાં યોગી આનંદઘને લખ્યું હતું,

*'તેરા પતિ વશ હોવે ઉસમેં આનંદઘન કો ક્યા ?'*
*તેરા પતિ વશ ન હોવે ઉસમેં આનંદઘન કો ક્યા ?'*

જીવનની વ્યર્થતા વિશે આનંદઘને અહીં માર્મિક રીતે કહ્યું છે. એ જ રીતે આ પદમાં એ કહે છે,

*શિર પર પંચ બસે પરમેસર, ઘટમેં સૂછમ બારી*
*આપ અભ્યાસ લખે કોઈ વિરલા, નિરખે ધ્રૂ કી તારી.*

(તારા મસ્તકમાં વસતા પંચ પરમેશ્વરને તારા હૃદયની સૂક્ષ્મ બારી વડે જો. કોઈ આત્મજ્ઞાનનો અભ્યાસી વિરલ પુરૂષ તેને ધ્રુવ તારાની જેમ નિરખે છે.)

શિર પર પંચ પરમેશ્વર વસે છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે પણ મસ્તકને ધ્યાનનું સ્થાન બતાવ્યું છે, જ્યારે યોગમાર્ગમાં હૃદયથી મસ્તક સુધી જવા માટે સુષુમ્ના નાડી છે, ત્યાં થઈને બ્રહ્મરંધ્ર સુધી જવાય છે. પરિણામે સુષુમ્ના નાડી રૂપ બારી છે, ત્યાં આત્મઉપયોગ રાખીને છેક બ્રહ્મરંધ્ર સુધી આત્મ ઉપયોગે ચડવું. આમ થાય ત્યારે તે ત્યાં પોતાના આત્માને ધ્રુવ તારાની જેમ સ્થિર જૂએ છે. આવી આત્મધ્રુવતાના દર્શન એ જ પરમેષ્ઠિદર્શન છે.

કવિ અને લેખકોએ મસ્તકને ઉત્તમાંગ કહ્યું છે અને આ મસ્તકમાં બ્રહ્મરંધ્ર રહેલું છે. અવધૂત આનંદઘન યોગસાધકોની સાધનાનું દર્શન કરાવતા કહે છે કે,

*આશા મારી આસન ધરી ઘટમેં, અજપાજાપ જગાવે,*
*આનંદઘન ચેતનમય મૂરતિ, નાથ નિરંજન પાવે. અવધૂ (૪)*

આશાનો ત્યાગ કરી હૃદયરૂપ ઘટમાં સ્થિર ઉપયોગરૂપ આસન જમાવી વૈખરી વાણી વિના જો 'સોઽહમ્'નો જાપ કરે તો સાધક આનંદ-સમૂહ ચૈતન્યમૂર્તિરૂપ નિરંજન પરમાત્મ દેવને પામે છે અને તે વખતે જાપ સ્વયમેવ લયરૂપ બની જાય છે અને અજપાજાપ ચાલુ થઈ જાય છે. જૈન યોગની દૃષ્ટિએ આત્મા અને પરમાત્માનું તાદાત્મ્ય સિદ્ધ થાય છે ત્યારે આત્માની જ્યોતિ મનન, ચિંતન, ધ્યાન દ્વારા પરમાત્મામાં લીન થઈ જાય છે. પરમાત્મ-સ્વરૂપને પ્રાપ્ત કરે છે અને અલક્ષ્ય બની જાય છે. આ આનંદઘન આ લક્ષ્ય - અલખના સાધક અને આરાધક છે.

કવિએ અહીં સાધકને ભલામણ કરી છે કે 'હે સાધક ! સંસારમાં આશા અને અપેક્ષા રાખ્યા વિના કાર્ય કર્યે જાય અને આત્મઘરમાં આસન જમાવી દે.'

યોગસાધકો મનની સ્થિરતા માટે આસનો કરે છે. અહીં ધ્યાનસાધકોને આત્મઘરમાં આસન બિછાવવાનું કહ્યું છે અને વાણી વિના અજાપાજાપ કરવાનું કહ્યું છે. આમ કરે તો સાધક ચૈતન્યમૂર્તિનાથ નિરંજનને પામે છે. યોગસાધકોની સાધનાનું માર્મિક દર્શન આપતાં કવિ આનંદઘન આશાવરી રાગમાં કહે છે,

*'અવધૂ રામ રામ જગ ગાવે, વિરલા અલખ જગાવે.'*

આનંદઘન કહે છે કે, જગતમાં માત્ર રામ નામના નારા લગાવવાથી રામ મળતા નથી, તો રામ છે ક્યાં? એ કહે છે કે જગતના જીવો રામ નામનો જાપ કરે છે, પરંતુ તેના અલક્ષ્ય સ્વરૂપને ભૂલી ગયા છે. સહુ પોતાના ઈષ્ટદેવતાનું રટણ કરતા હોય છે, પરંતુ એના વાસ્તવિક સ્વરૂપને ભાગ્યે જ કોઈ જાણતું હશે. ક્યાં છે આ રામ? એક કવિએ કહ્યું છે,

*એક રામ દશરથ ઘર ડોલે, એક રામ ઘટો ઘટ બોલે,*
*એક રામ જગત પસારા, એક રામ જગસે ન્યારા.*

એક રામ દશરથ પુત્ર રામ, બીજા રામ પ્રત્યેક જીવના હૃદયમાં વસ્યા છે, તો કોઈ કહે છે કે રામ તો જગતવ્યાપી છે, પરંતુ સંત તેની છેલ્લી પંક્તિમાં મર્મ ખોલી આપતા કહે છે કે આ રામની વચ્ચે પણ એક રામ વસે છે અને તે સૌથી ન્યારા અને નિરાળા આતમરામ. આનંદઘન એ આતમરામની વાત કરે છે.

**'लोका बहिर्बुद्धयः'** માત્ર બાહ્ય દૃષ્ટિને કારણે લોકો એના અલક્ષ્ય સ્વરૂપ સમજી શકતા નથી. સંત કબીર કહે છે કે 'લક્ષ્યના ઉપયોગ વિના કેવળ રામ-રામનું સ્મરણ કરે તે સર્વેને અંધ સંસારીઓ ગણવા' આથી આનંદઘનના કહેવા પ્રમાણે વેદપાઠી વેદ ભણીને, ગીતાપાઠી ગીતા રટીને અને જિનાગમ જાણનારાઓ જિનાગમની વાતો કરીને થાક્યા છે, કારણ કે એમણે આનો માત્ર અભ્યાસ કર્યો છે, પરંતુ આમ કરતી વખતે તેઓ બહિરાત્માને છોડી શક્યા નથી. આનંદઘન કહે છે,

*'આગમ પઢિ આગમધર થાકે, માયાધારી છાકે;*
*દુનિયાદાર દુનિ સેં લાગે, દાસા સબ આશાકે. (અવધૂ)'*

આનંદઘનજીએ યોગની વાત કરતાં કહ્યું છે કે માત્ર સંસારનો ત્યાગ કરવાથી, લંગોટ પહેરી લેવાથી કે ભભૂતિ લગાવવાથી યોગી થવાતું નથી. એનો વેશભૂષા સાથે સંબંધ નથી, પણ માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ સાથે સંબંધ છે. અને તેથી જ

તેઓ વેલાઉલ રાગમાં કહે છે કે,

*"તા જોગે ચિત્ત લ્યાઓ રે, વહાલા તા જોગે"*

એટલે કે હે વહાલા ! તમે યોગમાં ચિત્ત લગાવો. આ યોગમાં ચિત્ત લગાવવા માટે તમારે જે કમર પર દોરી લગાવવાની છે તે સમકિતની સડસઠ બોલની દોરી છે, જે કમરના મધ્યભાગમાં બાંધવામાં આવે છે, કારણ કે તેમ કરવાથી અન્યત્ર ભાગતું મન સ્થિર થઈ જાય છે.

યોગના અંગ તરીકે બધા યોગદર્શનકારો બદ્ધકચ્છ થવાનો ઉપદેશ આપે છે એટલે કે યોગમાર્ગમાં પ્રવેશ કરવા અખંડ બ્રહ્મચર્ય પાલન જરૂરી છે. 'પાતંજલયોગસૂત્ર'માં યોગના આઠ અંગ છે અને આચાર્ય હરિભદ્રસૂરિજીના 'યોગદષ્ટિસમુચ્ચય'માં પણ યોગની આઠ દૃષ્ટિ છે. આચાર્ય હેમચંદ્રાચાર્ય એ પણ યોગશાસ્ત્રમાં આઠ અંગ બતાવ્યા છે. આમ પ્રથમ અંગ યમ છે જે યોગમાર્ગનો પાયો છે. કવિ આનંદઘને અહીં એ વાત કરતા કહ્યું છે કે,

*'સમકિત દોરી શીલ લંગોટી, ઘુલ ઘુલ ગાઢ ઘુલાઉં*
*તત્ત્વગુફામેં દીપક જોઉં, ચેતન રતન જગાઉં રે વહાલા.'*

આમ અહીં સમકિતની દોરી છે અને શીલની લંગોટી છે. જૈનશાસ્ત્રકાર શીલને યોગના અંગ તરીકે વર્ણવે છે. બ્રહ્મચર્ય એટલે બ્રહ્મ સ્વરૂપ આત્મા અને ચર્ય એટલે રમણ કરવું. આનંદઘન યોગીના દ્રવ્યવેશને બદલે ભાવવેશ પર મહત્ત્વ આપે છે. યોગને અંતે એ તત્ત્વગુફામાં સમ્યગ્ જ્ઞાનનો દીપક પ્રગટે છે. ત્યારબાદ આ ભાવ યોગી પોતાના ચેતન આંગણમાં અષ્ટકર્મની ધૂણી જગાવે છે. અને આ અષ્ટકર્મનો કચરો અગ્નિ વિના બળતો નથી એટલે સાધકો અષ્ટકર્મરૂપ છાણામાં ધ્યાનની અગ્નિ લગાવી ધૂણી જગાવે છે. કવિ કહે છે,

*'અષ્ટ કર્મ કંડેલી ધૂની, ધ્યાના અગન જગાઉં*
*ઉપશમ છનને ભસમ છણાઉં, મલી મલી અંગ લગાઉં રે.'*

યોગી આનંદઘનની કલ્પના તો જુઓ ! તેઓએ ઉપશમને ચારણીનું રૂપ આપ્યું છે. જીવ અનાદિકાળથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનરૂપ કર્મબંધ કરે છે અને શુભધ્યાનથી કર્મથી મુક્ત બને છે. આવા ધર્મધ્યાન અને શુભધ્યાન રૂપ અગ્નિમાં કર્મરૂપી છાણાંને બાળી પછી તેની રાખ ઉપશમ ગળણાથી ચાળીને કે ભસ્મ શરીર ઉપર ઘસી ઘસીને લગાવવામાં આવે છે. રાખમાં કચરો કે નાના કાંકરા, કાંકરી વગેરે રહી જાય છે, માટે કવિએ ચાળવાની વાત કરી છે. આ ઉપશમ ચાળણી એટલે નિવૃત્તિભાવરૂપ ચાળણી. પછી કવિ કહે છે, કે કર્મનાશની ચાવી સદ્ગુરૂ પાસે છે. ગુરૂ વિના જ્ઞાન નહિ આથી

સદ્‌ગુરૂની ઓથે કર્મથી મુક્ત થવું છે. કવિ કહે છે,

*'આદિ ગુરૂ કા ચેલા હોકર, મોહકે કાન ફરાંઉં,*
*ધરમ શુક્લ હોય મુદ્રા સોહે, કરૂણાનાદ બજાઉં રે વહાલા.'*

અને આમ યોગાભ્યાસ માટે ગુરૂશરણની આવશ્યકતા દર્શાવી છે. કબીરનું સ્મરણ થાય

*'ગુરૂ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય;*
*બલિહારી ગુરૂ આપકી, જિસને ગોવિંદ દિયો બતાય.'*

શ્રીમદ્ રાજચંદ્ર કહે છે તેમ,

*'પ્રત્યક્ષ સદ્‌ગુરૂ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર*
*એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર'*

યોગીઓ કાન વીંધે અને તેમાં મુદ્રા પહેરે છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાનની મુદ્રાથી શોભતો હું કરૂણા નાદ બજાવીશ.

કવિ કહે છે, યોગીઓ શંખનાદ અથવા બીજા વાજિંત્રો વગાડે છે, પરંતુ હું કરૂણાનાદ કરીને 'મા હણો, મા હણો'નો અવાજ ફૂંકીશ અને અંતે કહે છે,

*'ઇહ વિધ યોગ સિંહાસન બૈઠા, મુગતિ પુરીકું ધ્યાઉં;*

આમ ચેતનનું મન યોગમાં આસક્ત થઈ ગયું છે અને યોગસિંહાસન બેસી અજરામર પદનું ધ્યાન કરે છે.

*નાદ વિલુબ્ધો પ્રાનકું, ગિનૈ ન ત્રિણ મૃગલોઈ,*
*આનંદઘન પ્રભુ પ્રેમ કી, અકથ કહાની કોઈ.*

લોકમાં પણ રાગમાં આસક્ત મૃગલો પોતાના પ્રાણની તણખલા જેટલી પણ કિંમત ગણતો નથી.

નાદ શબ્દનો યૌગિક અર્થ અનાહત નાદ થાય છે યોગમાં ધીમે ધીમે વધારો કર્યા પછી જ્યારે સ્થિરતા થાય છે ત્યારે અતિ મધુર નાદ અંતરમાંથી ઊઠે છે. એના પર આસક્ત જીવ પોતાના શરીરની પણ દરકાર કરતો નથી. યોગમાં ડૂબેલી વ્યક્તિઓ જગત તરફ બેદરકાર હોય છે. પ્રેમથી તેઓ માર્ગ પકડે છે અને પ્રેમ ખાતર જ તેઓ તેને નભાવે છે.

સામાન્ય રીતે ભક્ત અને યોગીમાં અંતર માનવામાં આવે છે. ભક્તિમાં સમર્પણ હોય છે. અહીં એક યોગી પાસે ભક્તિ, જ્ઞાન અને યોગનો સમન્વય પ્રગટ થાય છે.

જૈન પંરપરામાં પરમાત્માને પ્રિયતમ માનીને ઉપાસના કરવાની પદ્ધતિ નથી, પરંતુ

આનંદઘનજીની રચનાઓમાં વૈષ્ણવ ભક્તિમાર્ગનો પ્રભાવ છે. કબીર, મીરાં, સૂરદાસ અને રૈદાસ આદિ ભક્તકવિઓની કવિતા એમણે સાંભળી હશે. પ્રેમ એ હૃદયની સાધારણ ભાવુક સ્થિતિ નથી, પરંતુ આત્માનુભવજન્ય પ્રભુપ્રેમ છે અને આવા અનિર્વચનીય પ્રેમની બાબતમાં તેઓ કહે છે,

*'કહાં દિખાવું ઔર કું, કહાં સમજાવું ભોર,*
*તીર ન ચૂકે પ્રેમ કા, લાગે સો રહૈ ઠોર.*

એમના સ્તવનોમાં પણ ભગવાન શાંતિનાથની સ્તુતિમાં આત્મશાંતિ, અધ્યાત્મયોગ અને તેને અપેક્ષિત ધ્યાનયોગનું સુંદર ભાવચિત્ર મળે છે. જ્યારે મુનિસુવ્રત-સ્વામીના સ્તવનમાં જગતનાં બધાં પ્રપંચો છોડીને આત્મધ્યાનમાં રમણ કરવાથી એના શાંત સ્વરૂપની પ્રાપ્તિ થશે.

*આત્મધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં નાવે;*
*વાગજાણ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત લાવે.*

જે પ્રાણી આત્મધ્યાન કરે છે તે ફરી વખત રાગદ્વેષ અને મોહઅજ્ઞાનમાં ફસાતો નથી આ સિવાય બીજું સર્વ વાણીનો વિલાસ છે એમ એ સાચી વાતને ચિત્તમાં ગ્રહણ કરે છે.

નેમરાજુલની કથા સ્તવનમાં આલેખીને એ જ દર્શાવે છે કે સાચી એકનિષ્ઠા - ધ્યેય પ્રત્યેની ધ્યાતાની એકાગ્રતા જ તેને ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડે છે. મોહાદિ ષડ્‌વિકારોથી પર થઈને મુક્તિપદ પ્રાપ્તિના ભવ્ય મુમુક્ષુ આત્માઓને આ સ્થિતિ દ્વારા કહ્યું છે કે, બાહ્ય ધ્યેય તો નિમિત્ત હોય છે. સાચું અને અંતિમ ધ્યેય તો ધ્યાતાના શરીરમાં રહેલું આત્મતત્ત્વ છે, આથી આત્મતત્ત્વ સાથે એકતા સાધવી જોઈએ અને તો જ ધ્યાતા અને ધ્યેયની એકરૂપતા થાય છે ત્યારે શું થાય?

આનંદઘનના સ્તવન અને પદની પંક્તિની સમાપન કરીએ. સોળમા સ્તવનની તેરમી ગાથામાં એ કહે છે,

*'અહો હું અહો હું મુઝને કહું,*
*નમો મુઝ નમો મુઝ રે.'*

અને આનંદઘન ગ્રંથાવલીના પદ ૧૧માં તેઓ કહે છે,

*'આનંદઘન કહે સુનો ભાઈ સાધુ,*
*તો જ્યોતિ મેં જ્યોતિ મિલાઈ'*

•

મારો પ્રિય ગ્રંથ

# શાંતસુધારસ

## મહોપાધ્યાયશ્રી વિનયવિજયજી ગ.

## સંસ્કૃત

*પ.પૂ.આ.દે.શ્રી વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મ. મધુરતાના માળી છે. તેમની આસપાસ મધુરિમા મહોરતી રહે છે. હેત, હિંમત અને હૂંફ પ્રદાન કરનારા ગ્રંથની મધુરી વાતો તેમના મધુર શબ્દોમાં પ્રસ્તુત છે.*



# મારો પ્રિયતમ-આત્મીય ગ્રંથ

**– આચાર્ય વિજય પુણ્યપાલસૂરિ**

**શા**સનની સ્થાપના થાય છે કેવળજ્ઞાનના બળ પર પરંતુ શાસનની પરંપરા ચાલે છે શ્રુતજ્ઞાનના બળ પર. શ્રુત ભણતા રહેવાથી શ્રુતજ્ઞાનની પરંપરા ટકે છે અને આગળ વધે છે. સ્વાધ્યાયયોગી અનાયાસે જ શાસનની પરંપરા અને શ્રુતની પરંપરાને અવિચ્છિન્ન રાખવામાં નિમિત્તરૂપ બને છે. તેથી શાસ્ત્રગ્રંથોમાં સ્વાધ્યાયયોગનું ખૂબ ખૂબ મહત્ત્વ વર્ણવવામાં આવ્યું છે.

પ્રભુ શાસનના પ્રત્યેક અંગ પ્રત્યે અનુરાગ જન્માવનાર,

તમામ સંયમ સાધક યોગોને પ્રાણવંતા બનાવનાર,

હેય-ઉપાદેયની વિવેકચક્ષુને સતેજ બનાવનાર,

હૃદયમાં પ્રગટેલી વૈરાગ્ય-જ્યોતિને સતત દીપ્તિમંત રાખનાર,

અસ્વસ્થ અવસ્થામાં ચિત્તને સમાધિનું વરદાન આપનાર,

રત્નત્રયીના રત્નખજાનાને સદા ભરપૂર રાખનાર,

પરમાત્મવચનનો અંતરંગ સ્પર્શ કરાવનાર,

વૃદ્ધ અવસ્થામાં પણ મનને નવયુવાન રાખનાર અને

સ્વનો સાચો પરિચય કરાવી, સ્વત્વ પ્રાપ્તિનો સાચો રાહ ચીંધનાર એકમેવ સકલાધાર જો કોઈ હોય તો તે સ્વાધ્યાયયોગ છે. આવા મહામહિમ સ્વાધ્યાયયોગ પ્રત્યે બાલ્યકાળથી જ મને આંતરિક લગાવ ઊભો થઈ ગયો હતો.

પરમોપકારી પિતાશ્રીની ધર્મભાવનાના પ્રભાવે ચાર વર્ષની ઉગતી વયથી જ સંયમી અને સ્વાધ્યાયી મહાત્માઓના પાવન સત્સંગસ્વરૂપ ઉત્સંગમાં ઉછરવાનું સૌભાગ્ય મને સાંપડ્યું. સવા આઠ વર્ષની બાલ્યવયે મારી બાલદીક્ષા થઈ. દીક્ષાના પ્રારંભિક વર્ષોમાં હિતસ્વી ગુરુવર્યો અને વડીલો વાચના, હિતશિક્ષા અને અનુભવવાણીના માધ્યમે સ્વાધ્યાયયોગનું માહાત્મ્ય સમજાવી તે યોગમાં વિશેષ ઉજમાળ રહેવા માટે ખૂબ પ્રેરણા અને માર્ગદર્શન આપતા. તે હિતવચનોએ મારામાં એવી સ્વાધ્યાયરુચિ જગાડી કે – જ્યારે

પણ સમય મળે, મોકો મળે એટલે કંઠસ્થ કરવાનું, પુનરાવર્તન કરવાનું, વાંચન કરવાનું અને એનું ચિંતન કરવાનું સહજ બની જતું.

પૂજ્યોના માર્ગદર્શન તળે કેળવાયેલી આ સ્વાધ્યાયરુચિએ પરમગીતાર્થ મહાપુરુષો રચિત પરમાત્મ-વચનોનો આંતરિક આસ્વાદ કરાવનારા અનેકાનેક ગ્રંથરત્નોનો મને ભેટો કરાવ્યો, જિનવચનો પ્રત્યે અંતરંગ પ્રેમભાવ અને આદરભાવ પ્રગટાવ્યો તથા મને સમ્યગ્જ્ઞાની બનાવવા સાથે આત્મપરિણત બનાવ્યો.

'મારો પ્રિય ગ્રંથ'એ વિષય પર લેખ લખવા માટેનું ગણિવરશ્રીનું આમંત્રણ મળ્યું અને આજે જ્યારે લેખ લખવાનો અવસર આવ્યો ત્યારે મનમાં એક વિચાર જાગ્યો કે ગ્રંથરત્નો એટલે પરમાત્માના અમૂલ્યવચનોનો રત્નભંડાર. આ પાવનગ્રંથોમાં ઠાંસી ઠાંસીને પરમાત્માના વચનો રૂપી રત્નો જ ભરવામાં આવ્યા છે. પરમાત્માનું પ્રત્યેક વચન જિનાજ્ઞા પ્રેમીને પ્રિય જ હોય તો પછી ગ્રંથોમાં પ્રિય-અપ્રિયનું વર્ગીકરણ કઈ રીતે સંભવી શકે ? આ વિચારના સમાધાનરૂપે તરત જ બીજો વિચાર જાગ્યો કે - આત્માને ઉચ્ચ-ઉચ્ચતર ભાવોમાં લઈ જવાનું, અને ઉચ્ચભાવોમાં સ્થિર રાખવાનું સત્કાર્ય પોતપોતાના આત્મા માટે જે સહજતાથી ને સરળતાથી કરી શકે તે ગ્રંથને, તે શ્લોકને, તે પદને, તે વચનને વિશેષ પ્રિય તરીકે માણી શકાય. જેમ મોક્ષસાધક યોગો અસંખ્ય હોવા છતાં દરેક સાધકના જીવનમાં કોઈ ને કોઈ એક યોગ વિશેષરૂપે ઉપકારક બનતો હોવાથી તે યોગની ઉપાસના વિશેષ રૂપે દેખાય છે પણ બીજા કોઈ પણ યોગની ઉપેક્ષા હોતી નથી તે જ રીતે પ્રસ્તુત વિષયમાં પણ બધા જ ગ્રંથો પ્રિય હોવા છતાં મારા જીવનનું/આત્મિક ભાવોનું ઊર્ધ્વીકરણ કરવામાં, આત્મહિતની સાધનામાં મને સદા ઉજાગર રાખવામાં જે ગ્રંથે પ્રબળ નિમિત્ત આપ્યું, જે ગ્રંથ મારા આત્માનો સદાયનો સાથી બન્યો તે પરમપ્રિય અને પરમઆત્મીય ગ્રંથનું પરમપાવન નામ છે - શ્રી શાંતસુધારસ !

આ ગ્રંથરત્ને મને જે અપૂર્વ શાંતિ-સમાધિ, પ્રસન્નતા-શીતલતા આપી છે, આર્ત-રૌદ્રધ્યાનના પ્રબળ નિમિત્તો વચ્ચે પણ શુભભાવોનું સુધાપાન કરાવીને મારા આત્માને પ્રશમરસના સુખની જે આંશિક અનુભૂતિ કરાવી છે તે વર્ણનાતીત છે.

સંસ્કૃત સાહિત્યના ઈતિહાસમાં આવી વૈરાગ્યપૂર્ણ અને અધ્યાત્મસભર મનોરમ કાવ્યરચના બહુ જ વિરલ કહી શકાય તેવી ઘટના છે. અનંતોપકારી પરમહિતકારી મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજાએ કમાલ-કમાલ કરી છે. અને દરેક ભાવનઓના ગેયકાવ્યમાં વિનય ! એ પ્રમાણે પોતાના આત્માને સંબોધી ઉપદેશકોને આદર્શ આપ્યો છે કે - કોઈ પણ ઉપદેશ આપતી વખતે જાતને પહેલા નજર સમક્ષ રાખો.

આધ્યાત્મિક વિશ્વની આધારશિલા કહી શકાય એવી અનિત્યાદિ બાર ભાવનાઓ અને મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ એમ કુલ મળી સોળ ભાવનાઓના ચિંતનથી સમૃદ્ધ આ ગ્રંથરત્ન જિનશાસનનું અણમોલ નજરાણું છે. જિનશાસનના રત્નખજાનામાંનું અણમોલ રત્ન છે. અતિશયોક્તિ વિના એમ કહી શકાય કે - જે આ ગ્રંથરત્નમાં છે તે જ જિનશાસનમાં છે અને જે જિનશાસનમાં છે તે જ આ ગ્રંથરત્નમાં છે.

કાવ્યાત્મક રસાળ શૈલીમાં રચાયેલ આ ગ્રંથના ૨૩૪ શ્લોકો અને તે શ્લોકોના એક એક પદો આપણા આત્માએ ઊભી કરેલી અનાદિકાલીન કુવાસનાઓ-કુસંસ્કારો અને દુર્ભાવોની આભઊંચેરી ઇમારતને જમીનદોસ્ત કરવા માટે અમોઘ એટમબોમ્બની ગરજ સારીને આત્મધરતી પર ડેરાતંબૂ નાંખીને વસેલા મોહરાજાના સામ્રાજ્યને તિતરબિતર કરી નાંખવાનું અદ્‌ભુત સામર્થ્ય ધરાવે છે. મોહક્ષય કે મોહવિજય વિના મોક્ષ મેળવી ન શકાય તેથી દરેક મુમુક્ષુ આત્માઓએ આ ગ્રંથનું અધ્યયન, પરિશીલન-ચિંતન અવશ્ય કરવું જોઈએ. ભાવનાઓથી ભાવિત થયા વિના મુક્તિ અને સર્વવિરતિના મૂળ સમી વિરક્તિની પ્રાપ્તિ થવી અત્યંત અઘરી છે. દાન-શીલ-તપ ધર્મના મૂળમાં આ ભાવનાઓનું ચિંતન નથી તો તે દાન-શીલ-તપ ધર્મસ્વરૂપે બનતા નથી.

**धर्मकल्पद्रुमस्यैता, मूलं मैत्र्यादिभावनाः ।**
**यैर्न ज्ञाता न चाभ्यस्ताः, स तेषामतिदुर्लभः ।।**

યોગસારનો આ શ્લોક પણ એ જ વાત ફરમાવે છે કે - ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ આ ભાવનાઓ છે. જેઓ આ ભાવનાઓને જાણતા નથી, આ ભાવનાઓને અભ્યસ્ત કરતા નથી તેઓ માટે ધર્મની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે.

મોક્ષની દિશામાં લઈ જનારો આ ગ્રંથ હરહાલમાં ખુશ રહેવાની જીવન-કળાનો શિક્ષક બની જીવનની દિશા-દશાને સુધારનારો પણ બની શકે તેમ છે. જીવનમાં બનતા બનાવો કે પ્રસંગોમાં રાગ કે દ્વેષને આધીન ન બનાવતા સુખમાં વિરાગભાવ અને દુઃખમાં સમાધિભાવ જીવંત-જ્વલંત રહે તેવી આત્મિક ભૂમિકાનું સર્જન કરીને જીવનને મસ્ત, આત્માને સ્વસ્થ અને મનને શાંત-પ્રશાંત રાખવામાં આ ગ્રંથ મહત્ત્વનો ભાગ ભજવી શકે તેમ છે. સંસારના પદાર્થોની ચિંતા આત્માને આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની ગર્તામાં ધકેલી દે છે જ્યારે એ જ પદાર્થોના સ્વરૂપનું ચિંતન ભાવનાઓના માધ્યમ દ્વારા કરવામાં આવે તો એ ચિંતન આત્માને ધર્મધ્યાન અને શુક્લધ્યાનના શિખર પર આરૂઢ કરી દે છે.

અધ્યાત્મની આલમનો સૌથી મોટો રોગ છે - મમત્વ. મમત્વથી વાસિત આત્માને જે વ્યક્તિ કે વસ્તુનું મમત્વ જાગે તે વ્યક્તિ-વસ્તુને મેળવવા-ભોગવવા-સંભાળવા માટે ગમે તેવું પાપ કરવા તે આત્મા તત્પર બને છે. મમત્વની હાજરીમાં ધર્મની સાચી

આરાધના સંભવી નથી શકતી. તેથી '**परिहर ममतासंगम्**'નો એક અનહદ અંતરનાદ જગાવી મમતાના સંગનો પરિહાર કરવાની અને ચતુરંગ જિનધર્મના શરણનો સ્વીકાર કરવાની આ ગ્રંથ આત્મીય પ્રેરણા આપે છે.

આ ગ્રંથરત્નનું જેવું નામ છે તેવું જ કામ છે. આ ગ્રંથ એટલે શાંતરસનો છલકતો અમૃતકુંભ. જ્યારે તમને દુનિયાની કોઈ પણ વસ્તુ ગમી જાય, શરીર-સ્ત્રી-સંપત્તિ-સ્વજન-મિત્રો ભરોસાપાત્ર લાગી જાય, જ્યારે વૈભાવિક ભાવોમાં આનંદ અને સ્વાભાવિક ભાવોમાં કંટાળો આવવા લાગે, આત્મા સિવાયની પૌદ્ગલિક દુનિયામાં જ સુખના દર્શન થવા લાગે ત્યારે પહોંચી જજો આ ગ્રંથના સાન્નિધ્યમાં. શાંતરસના આ અમૃતકુંભનું એક જ બુંદ વિભાવના ઝેરથી તમારા આત્માને ઉગારી-બચાવી લેશે. અને તમારો આત્મા પરમશાતા અને પરમશીતલતાનો અનુભવી થશે.

અંતમાં એટલું અવશ્ય જણાવીશ કે - આ ગ્રંથરત્ને અવસરે અવસરે મને જે હેત આપ્યું છે, મને જે હિંમત ને હુંફ આપી છે, ક્યારેક મા બનીને, તો ક્યારેક ગુરુ બનીને તો વલી ક્યારેક મિત્ર બનીને મારા આત્માનું જે પાલન-અનુશાસન અને સંરક્ષણ કર્યું છે, મારા આત્માને આંતરિક આનંદની જે અનુભૂતિ કરાવી છે અને આજે પણ તે ગ્રંથના સ્વાધ્યાયની ક્ષણોમાં જે અનહદ આનંદ અનુભવાય છે તે અનુભૂતિની અભિવ્યક્તિ શબ્દોમાં થઈ શકે તેમ નથી. આ ગ્રંથરત્નની ચૂંટેલી કેટલીક સૂક્તિઓનું ચિંતન સાથે જો સ્વાધ્યાય ગાન કરવામાં આવે તો પૂ. મહોપાધ્યાય શ્રી વિનય વિજયજી મ.સા.ના શબ્દોમાં એમ કહી શકાય કે પ્રશમરસના અમૃતપાનનો બારમાસી અમૃત મહોત્સવ તેના જીવનમાં ઉજવાયા વિના રહે નહીં. આ ગ્રંથના માધ્યમે આત્મામાં શુભભાવોનું કાયમી આંદોલન જગાડી આપણે સૌ શાંતિ-સન્મતિ-સમાધિ-સંતૃપ્તિ-સદ્ગતિ અને પરંપરાએ પરમગતિના સ્વામી બનીએ એ જ શુભેચ્છા સાથે કેટલીક આત્મસ્પર્શિ રસાળ કાવ્ય પંક્તિઓનું ગીતગુંજન કરીને વિરામ પામું છું.

- **ज्ञान-दर्शन-चारित्र-केतनां चेतनां विना।**
  **सर्वमन्यद्विनिश्चित्य, यतस्व स्वहिताप्तये।।**
- **यै समं क्रीडिता ये च भृशमीडिता, यैः सहाकृष्महि प्रीतिवादम्।**
  **तान जनान् वीक्ष्य बत भस्मभूतङ्गतान्, निर्विशङ्काः स्म इति धिक् प्रमादम्।।**
- **केवलमलमयपुद्गलनियचे, अशुचीकृतशुचिभोजनसिचये।**
  **वपुषि विचिन्तय परमिह सारं, शिवसाधनसामर्थ्यमुदारम्।।**
- **यत्र दुःखार्तिगददवलवैरनुदिनं दह्यसे जीव रे।**
  **हन्त तत्रैव रज्यसि चिरं, मोहमदिरामदक्षीब रे।।**

– यावद्देहमिदं गदैर्नमृदितं, नो वा जराजर्जरं,
यावत्त्वक्षकदम्बकं स्वविषयज्ञानावगाहक्षमम्।
यावच्चायुरभङ्गुरं निजहिते तावद् बुधैर्यत्यतां,
कासारे स्फुटिते जले प्रचलिते, पालिः कथं बध्यते।।

– योऽपि न सहते हितमुपदेशं, तदुपरि मा कुरु कोपं रे।
निष्फलया किं परजनतप्त्या, कुरुषे निजसुखलोपं रे।।

– सूत्रमपास्य जडा भाषन्ते, केचन मतमुत्सूत्रं रे।
किं कुर्मस्ते परिहृतपयसो, यदि पिबन्ति मूत्रं रे।।

– सर्वेऽप्यमी बन्धुतयानुभूताः, सहस्रशोऽस्मिन् भवता भवाब्धौ।
जीवास्ततो बन्धव एव सर्वे, न कोऽपि ते शत्रुरिति प्रतीहि।।

– त्यज ममतापरितापनिदानं, परपरिचयपरिणामम्।
भज निःसंगतया विशदीकृतमनुभवसुखरसमभिरामम्।।

– सर्वतन्त्रनवनीत सनातन, सिद्धिसदनसोपान।
जय जय विनयवतां प्रतिलम्बित, शान्तसुधारसपान।।

•

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# શાન્તસુધારસ

## ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મ.

## સંસ્કૃત

*પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી મોક્ષરતિ વિજયજી ગણિવર એટલે સાહિત્ય અને સંગીતનો પ્રીતિસંગમ. દેલવાડાનું શિલ્પ સૌંદર્ય અને શાંતસુધારસનું કાવ્ય સૌંદર્ય બંને શાંત રસ માટે છે. પૂજ્યશ્રીની કવિનજરે શાંતસુધારસનું રસપાન માણવા જેવું છે.*



# શાંતરસનો નાયગરા

**– પંન્યાસ મોક્ષરતિવિજયગણી**

કોઈપણ એક ગ્રંથ પર પસંદગી ઉતારવાનું કામ કેટલું કઠિન છે તે આ પળે સમજાય છે.

કહેવાય છે કે, માણસ પોતાના પહેલા પ્યારને ક્યારેય ભૂલી શકતો નથી. જીવનમાં પહેલીવાર હું જે ગ્રંથના પ્રેમમાં પડ્યો, તેને હું આજ સુધી ભૂલી શક્યો નથી. મારો પહેલો પ્યાર છે : શ્રી શાંતસુધારસ.

ભાવનાપ્રધાન ગ્રંથો તો અનેક છે, પરંતુ એ બધામાં અલગ તરી આવે છે આ ગ્રંથ, તેની ગીત-સંગીતમયતાને કારણે ! રાગ-રાગિણીઓ અને કાવ્ય-કવિતાઓમાં રુચિ મને પહેલેથી જ વધુ છે. એમાંય સંસ્કૃત શીખ્યા પછીના સમયમાં આકર્ષણનું કેંદ્ર સંસ્કૃતગ્રંથો જ હતા. એટલે એવું લાગે છે કે આ ગ્રંથ જાણે મારા માટે જ રચાયો છે. છેક દીક્ષાપૂર્વે મારી દિશાહીન ઉર્મિઓને ઉર્ધ્વગમન માટેનો પરફેક્ટ 'રન વે' આ ગ્રંથે બનાવી આપ્યો હતો.

દીક્ષાની આગળ-પાછળના સમયમાં આ ગ્રંથનો સ્વાધ્યાય છાના ખૂણે, એકલાં બેઠાં ખૂબ કર્યો છે. અંતરમાં ધરબાયેલા વૈરાગ્યબીજને અંકુરિત કરવામાં આ ગ્રંથનો ઉપકાર શિરમોર છે. પૂજ્યપાદ ગુરુદેવની નિશ્રામાં કેવલ સાધુ ભગવંતોની માંડલીમાં પ્રતિક્રમણમાં આ ગ્રંથની એકેક ઢાળને રોજ રોજ સજ્ઝાયરૂપે ગાઈ-સાંભળી છે. મારી દીક્ષાનું પહેલું ચોમાસું, અમદાવાદ શાંતિનગરના શાંત વિસ્તારમાં ગંભીર વ્યાધિમાં સપડાયેલા પૂજ્યપાદ ગુરુદેવને રોજ રાત્રે વર્તમાન ગચ્છાધિપતિ પૂજ્યપાદ આ. વિ. શ્રી વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજ પોતાના ઘુંટાયેલા સુરીલા મીઠા અવાજે આ ઢાળો ગાઈ સંભળાવતા. આ બધી અનુભૂતિઓ અવર્ણનીય છે... અવિસ્મરણીય પણ !

હમણાં થોડા સમય પૂર્વે આ ભાવનાઓને પ્રભુભક્તિ સ્વરૂપે ઢાળી 'શ્રી શાંત સુધારસ પ્રભુ પૂજા'ની રચનાની પળોમાં આ ગ્રંથે શીતલતા, શાંતિ અને સંતૃપ્તિનો જે અનુભવ કરાવ્યો, તે કોઈ અપૂર્વ હતો !

હવે આ ગ્રંથની કેટલીક વિશેષતાઓ પર નજર માંડીએ.

- ગ્રંથકાર પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજાની સંસ્કૃતભાષાની સજ્ઞતા, શૈલીની પ્રૌઢતા, રચનાની પ્રાસાદિકતા, વિષયની સ્પષ્ટતા, અંતઃકરણની પ્રશાંતવાહિતા, પ્રાસઅનુપ્રાસની સુંદરતા... આ બધાનો વિચાર કરું છું ત્યારે સતત દેલવાડાના જિનાલયો યાદ આવ્યા કરે છે : ત્યાંનું શિલ્પસૌંદર્ય અને અહીંનું કાવ્યસૌંદર્ય - બંને એક સરખા આકર્ષક લાગે છે, બંને એકસરખા રોમાંચક લાગે છે, બંને એક સરખા આહ્લાદક લાગે છે !
- આમાં તો આ ભાવનાગ્રંથ છે, ચિંતન ગ્રંથ છે. પણ આમાંની આશ્રવ-સંવર-નિર્જરા ભાવનાનો વિસ્તાર કરીએ તો આ ગ્રંથને કોઈ તાત્ત્વિક ગ્રંથ કે આચારગ્રંથ પણ કહી શકે.
- સાધુધર્મ પામવા માટે ઉપયોગી સદ્ગુણોમાં મુખ્ય છે : વૈરાગ્ય અને સાધુધર્મ પાળવા માટે ઉપયોગી સદ્ગુણોમાં મુખ્ય છે : સમતા. આ બંને ગુણો પ્રગટાવવા માટે આ ગ્રંથ કેટલોબધો ઉપયોગી છે, એ જણાવવા કરતાંય વધુ તો અનુભવવાનો વિષય છે : આ અનુભવ પ્રત્યેક સ્વાધ્યાયકર્તાને હશે જ.
- જેનો સ્પર્શ અનુત્તરવિમાનવાસી દેવો કરતાંય અધિક સુખાનુભૂતિ આપે છે, તે ચારિત્રગુણને જન્મ આપે છે, અષ્ટ પ્રવચનમાતાઓ ! આ પ્રવચનમાતાઓમાં સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે : મનોગુપ્તિ ! હવે અહીં ફરીવાર, મનને આત્મગુણોમાં રમતું રાખવા માટે આ ગ્રંથ કેટલોબધો સહાયક બને છે, એ અનુભવનો વિષય હોવાથી આ સ્થળે સસ્મિત મૌન થઈ જવું વધુ ઉચિત લાગે છે.
- સામાન્ય સંયોગોમાં તો ગમે ત્યારે ગમે તે શ્લોક વાંચીએ - સાંભળીએ કે રટણ કરીએ... પ્રસન્નતા જ પ્રસન્નતા મળે ! પરંતુ અસામાન્ય સંયોગોમાં, વિપરીત ગ્રહદશામાં, વિઘાતક પરિસ્થિતિઓમાં તો દરદ પ્રમાણે દવા અંદરથી શોધીને લેવી પડે. મનના દરેક દર્દની દવા આ ગ્રંથમાં છે. નવી-જૂની, નાની-મોટી, સાધારણ-ઉગ્ર, સાધ્ય-અસાધ્ય બધી જ બિમારીઓનો ઈલાજ અહીં છે.
- બંગલો મોટો બનાવવાનું મન થાય છે ? કાર નવી વસાવવાનું મન થાય છે ? મોંઘીદાટ નવતર સામગ્રીઓ ખરીદવાનું મન થાય છે ? પૈસા વધારે કમાવાનું મન થાય છે ? માન-મોભો વધારવાનું મન થાય છે ? ઔષધિ હાજર છે, 'અનિત્ય-અશરણ-અન્યત્વ ભાવના' રોગની માત્રા પ્રમાણે દવાનો ડોઝ નક્કી કરો !
- કામવિકારોને કારણે અંગેઅંગમાં તપારો રહ્યા કરે છે ? 'અશુચિ-આશ્રવ ભાવના'નું ચંદનવિલેપન કરતાં રહો.

- ક્રોધને કારણે વાતે વાતે માથું ગરમ થઈ જાય છે ? 'એકત્વ-મૈત્રી-માધ્યસ્થ્ય ભાવના'નું ગુલાબજળ છાંટતાં રહો.
- અહંકારને કારણે બંને ખભા વારંવાર ઊછળ્યા કરે છે ? 'અન્યત્વ અને પ્રમોદ ભાવના'ની ટ્યુબ લગાડો.
- જીભ પર વારંવાર જૂઠ આવી જાય છે ? 'અનિત્ય-અન્યત્વ-પ્રમોદ ભાવના'નાં ટીપાં મૂકો.
- કૃપણતાને કારણે હાથ લાંબા થઈ શકતા નથી ? 'અનિત્ય-અન્યત્વ-પ્રમોદ ભાવના'ની ફિઝિયોથેરાપી અકસીર છે.
- ઈર્ષ્યાને કારણે આંખે વારેવારે અંધારાં આવે છે ? 'પ્રમોદ ભાવના'નું અંજન આંખે આંજો.
- રાગ અને મમત્વભાવને કારણે હૈયાના ધબકારા વધી જાય છે ? 'અનિત્ય-એકત્વ-અન્યત્વ ભાવના'ની ટેબ્લેટ લાંબા ટાઈમ સુધી લેવી પડશે.
- નિષ્ઠુરતા અને નિર્દયતાનો ઇલાજ છે, 'કરુણાભાવના'.
- નિર્વીર્યતા અને નિર્માલ્યતાની દવા છે, 'બોધિદુર્લભ ભાવના'.
- નિરાશાનો ઉપાય છે, 'ધર્મમહત્ત્વ ભાવના'.
- વેરઝેર અને શત્રુતાનું મારણ છે, 'મૈત્રીભાવના'.
- શોક અને સંતાપની ઔષધિ છે, 'અનિત્ય-એકત્વ ભાવના'.
- આમ જૂઓ તો, આ એક એવું રસાયણ છે, કે જો તેનું રોજેરોજ નિયમિતરૂપે સેવન કરવામાં આવે તો ગમે તેવા ગોઝારા હવામાનમાં મન દુરુસ્ત જ રહે, તબિયત બગડે જ નહીં.
- અને છેલ્લે, આ ગ્રંથની સૌથી વધુ મનગમતી વિશેષતા .

એ વાત હવે તો ખૂબ જાણીતી છે કે - સમ્યગ્દર્શનને પામ્યા વિના કે પામવાની સાચી ઇચ્છા વિનાનું મહાસાગર જેવડું જ્ઞાન કે અબજો-અબજો વરસોનું ચારિત્ર, ન સમ્યગ્ બને છે કે ન સફળ. અને સમ્યગ્દર્શન યુક્ત માત્ર અષ્ટ પ્રવચનમાતાઓનું જ્ઞાન તથા પાલન સફળ થાય છે ! સમ્યગ્દર્શન સૌથી પ્રથમ છે. સમ્યગ્દર્શન-રહિત ૬૦,૦૦૦ વર્ષ સુધી કરેલી છઠના પારણે છઠની ઘોર તપસ્યાની સરખામણીમાં સમ્યગ્દર્શન-સહિત નવકારશીનું મૂલ્ય વધારે અંકાય છે. આવું જ ક્ષમા-નમ્રતા-સરલતા-સમતા-સંતોષ-ઉદારતા-સંયમ-પરોપકારપરાયણતા-શીલસદાચાર આદિ ગુણોની બાબતમાંય સમજી લેવાનું.

આ સમ્યગ્દર્શનને પામવા, સ્થિર અને શુદ્ધ બનાવવા માટેની અનુપમ - અગણિત સામગ્રીઓ આ ગ્રંથમાં છે !

સમ્યગ્દર્શનને પ્રગટાવનારા મુખ્ય પાંચ ગુણો આ ગ્રંથના સ્વાધ્યાયથી કઈ રીતે મળે છે, એ જોઈએ.

(૧) ઉપશમ : ઉપશમ એટલે ક્ષમા, સમતા, કષાયોનું શમન, પ્રશાંતભાવ. હવે, શાંતરસ તો આ આખા ગ્રંથનો સ્થાયીભાવ છે. ગ્રંથરચનાનો મૂલ ઉદ્દેશ જ શાંતરસ છે. આખા ગ્રંથમાં અથથી ઇતિ સુધી શાંતરસ તો અહીં વાક્યે વાક્યે વહ્યા કરે છે. શાંતરસ પ્રધાન ગ્રંથો તો અનેક છે, પણ શાંતસુધારસ તો જાણે નાયગરા ધોધ !

તેમ છતાં, અંતરમાં ઉપશમમેઘ વરસાવવા કાજે ગ્રંથની શરૂઆતની છટ્ઠી, તેરમી અને છેલ્લી ભાવના વિશેષ લાભદાયી કહી શકાય.

(૨) સંવેગ અને (૩) નિર્વેદ : સંવેગ એટલે મોક્ષાભિલાષા અને નિર્વેદ એટલે ભવવૈરાગ્ય. બંને પરસ્પર સંકળાયેલા હોવાથી બંનેનો વિચાર સાથે જ કરીશું. ગ્રંથની શરૂઆતની છ ભાવનાઓ હૃદયને સંસારથી વિરક્ત અને મોક્ષમાં આસક્ત બનાવવા પૂરી રીતે સમર્થ છે.

અનિત્યભાવનામાં 'સંસારનાં સુખો, સુખોનાં સાધનો, સંબંધો, સંયોગો, રુચિ-અરુચિ આદિ મનોભાવો, આયુષ્ય.. બધું જ વીજળીના ચમકારા જેવું ક્ષણભંગુર છે.' આ વાસ્તવિકતાને ઘૂંટી ઘૂંટીને ગ્રંથકારે છેલ્લા સંસારથી વિમુખ થયેલા હૃદયને ''આ ક્ષણિક જગતમાં એકમાત્ર આત્માનું ચિદાનંદમય સ્વરૂપ જ શાશ્વત છે'' આ શબ્દો દ્વારા એ મહાન્ સત્ય પ્રત્યક્ષ કરાવ્યું છે, કે સ્થિર સુખ તો મોક્ષમાં જ છે !

આ જ રીતે ''સંસારમાં જન્મ-મૃત્યુની પરંપરા ચાલ્યા જ કરે છે. મૃત્યુ સમયે કોઈ શરણ-આધાર આપી શકે તેમ નથી, સંસાર દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી છે, એકલા આવ્યા ને એકલા જ જવાના, ગત અનંતાનંત જન્મોની જેમ અહીંના સ્વજનો-સંબંધીઓ પણ અહીં જ રહી જવાના, અહીં મળેલા યશ-વૈભવ-ઐશ્વર્ય બધાંને અહીં મૂકીને ચાલી જવાનું છે, અહીં જેને સુખોનાં સાધન માન્યાં છે, તે પદાર્થોના ભૂત-ભવિષ્ય અશુચિમય હોઈ શકે છે, જ્યારે આ શરીર તો સાક્ષાત્ અશુચિપૂર્ણ છે !'' આ પાંચેય ભાવનાઓ દ્વારા અંતઃકરણને સંસારથી પરાન્મુખ બનાવ્યું છે. આ પાંચેય ભાવનાઓને અંતે, ભાવનાની જેમ જ, ગ્રંથકારે ''હવે મોક્ષસન્મુખ થવામાં જ કલ્યાણ છે' એવો ઈશારો પણ સ્પષ્ટ શબ્દોમાં કર્યો છે :

**नित्यमेकं चिदानन्दमयमात्मनो रूपमभिरूप्य सुखमनुभवेयम्...**
**विनय ! रचय शिवसौख्यनिधानं, शान्तसुधारसपानम्...**

**विनय ! परिणामय निःश्रेयसं विहितशमरससुधापाने रे...**

**विनय विषयातीतसुखरसरतिरुदञ्चतु ते सदा...**

**भज जिनपतिमसहायसहायं शिवगतिसुगमोपायम् ।।**

આમ, પ્રથમની છ ભાવનાઓનું તો જાણે લક્ષ્ય જ સંવેગ-નિર્વેદનું જાગરણ હોય, એવું લાગે !

(૪) અનુકંપા : અનુકંપા એટલે દયા. દુઃખીઓને દુઃખમુક્ત બનાવવાની ઈચ્છા તે દ્રવ્યદયા અને પાપીઓને પાપમુક્ત બનાવવાની ઈચ્છા તે ભાવદયા. આ બંને પ્રકારની દયાથી હૃદયને આર્દ્ર બનાવવા માટે અમૃતઝરણા જેવી છે પંદરમી કરુણાભાવના !

અને (૫) આસ્તિક્ય : આસ્તિક્ય એટલે શ્રીજિનવચનોમાં પૂર્ણ શ્રદ્ધા, શુદ્ધ શ્રદ્ધા, અવિચલ શ્રદ્ધા. મનોમંદિરમાં આવી શ્રદ્ધાનો દીવડો પ્રગટાવી દે એવી ચિનગારીઓ ગ્રંથકારે આખા ગ્રંથમાં ઠેકઠેકાણે વહેતી મૂકી દીધી છે. ખાસ કરીને સાતમી થી બારમી અને ચૌદમી ભાવનાઓ આ માટે વિશેષ સક્ષમ છે. કઈ રીતે ? બધ્ધેબધ્ધું થોડું અહીં ખુલ્લું કરીને મૂકી દેવાય ? આ માટે તો દોસ્ત, હવે શ્રી શાંતસુધારસ ગ્રંથ જ હાથમાં લો !

•

મા રો પ્રિ ય ગ્રં થ

# જ્ઞાનસાર

## ઉપાધ્યાયશ્રી યશોવિજયજી ગણિવર
સંસ્કૃત

*પરમપૂજ્ય આચાર્યદેવશ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા. સિદ્ધહસ્ત લેખક છે. 'કલ્યાણ'ના સંપાદક છે. આ લેખમાં પૂજ્યશ્રીએ જ્ઞાનનો સાર અને સારભૂત જ્ઞાનનો પ્રકાશ પાથરતા જ્ઞાનસારનો પરિચય કરાવ્યો છે.*



# પ્રિય જ્ઞાનકાવ્ય

**– આચાર્ય વિજયપૂર્ણચંદ્રસૂરિ**

**સં**યમજીવનના થોડાં વર્ષો વીત્યા બાદ પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી ગણિવર રચિત જ્ઞાનકાવ્ય 'જ્ઞાનસાર' તરફ આમ તો સહજ રુચિ હતી જ, એમાં પણ જ્યારે આ મહાપુરુષનાં જીવન-કવનને 'અમર ઉપાધ્યાયજી'ના નામે પુસ્તકાકાર આપવાનો પ્રયાસ પ્રારંભ્યો અને એ પ્રયાસ સફળતા પામતા ગુર્જર ભાષામાં 'અમર ઉપાધ્યાયજી' પુસ્તક પ્રકાશિત થવા પામ્યું, ત્યારથી તો 'જ્ઞાનસાર' તરફની એ રુચિ સવિશેષ રીતે વૃદ્ધિંગત બનતી જ રહી હોય એમ આજેય અનુભવાય છે.

ભૂતકાળમાં ડોકિયું કરતા એમ લાગે છે કે, વિહારની પળોની એકલતામાં સાથ પૂરો પાડવાની ગ્રંથમૈત્રી જ્ઞાનસારે અવારનવાર જ નહિ, વારંવાર અદા કરી છે. જ્ઞાનસારનો સાથ અને સંગાથ મળતા માઈલોનો વિહાર ક્યારે પૂરો થઈ જતો એય કળાવા દીધું ન હોવાની સ્મૃતિ આજેય રોમાંચિત બનાવી જાય છે.

પૂ. ઉપાધ્યાયજી મહારાજે જીવનભર જે સાધના કરી, જે અલૌકિક અનુભૂતિ માણી, આકંઠ તૃપ્તિના જે ઓડકાર અનુભવ્યા, એની ઝલક જ્ઞાનસારમાં મુક્તમને અને ચારે હાથે ઠાલવી દીધી છે. જ્ઞાનનો સાર શું અને સારભૂત જ્ઞાન કોને કહેવાય ? આનો સંતોષપ્રદ જવાબ આપતું જ્ઞાનસાર કાવ્ય કેટકેટલા વિષયો પર વેધક પ્રકાશ પાથરીને સાધકની જીવનયાત્રાને મહત્ત્વનું અને મનનીય માર્ગદર્શન પૂરું પાડી જાય છે !

'અમર ઉપાધ્યાયજી'નું સર્જન-લેખન થયું, આની જેમ જ 'જ્ઞાનસાર' પર સુરેન્દ્રનગરના ડૉ. ઉષાકાંતભાઈ રચિત સમશ્લોકી ગુર્જરાનુવાદને નવસંસ્કૃત અને સંશોધિત કરવાની ધન્યપળોમાં જ્ઞાનવિહાર કરતાં કરતાં પ્રત્યેક અષ્ટકના સ્વાધ્યાયના સથવારે જેને લગભગ નવી જ ગણી શકાય, પણ એવી ગુજરાતી રચના થવા પામી. સર્જન-સંશોધનની એ પળોમાં તો 'જ્ઞાનસાર'ના કોઈ નવા જ રૂપ-સ્વરૂપમાં દર્શન કરવાનો લાભ મળ્યો.

બત્રીસ અષ્ટકો દ્વારા સિંધુ સમા એ એ વિષયના વિસ્તારને બિંદુ સમા એકેક અષ્ટકમાં સમાવિષ્ટ કરતું જ્ઞાનસાર-પ્રકરણ ખરેખર સાર્થક નામ ધરાવતી એક રચના છે. કેટલાંક અષ્ટકોમાં તો કાવ્યાત્મક શૈલીથી અદ્‌ભુત - આશ્ચર્યકારી ઉપમાઓ અને

કલ્પનાઓની થયેલી રજૂઆતે તો જ્ઞાનસારને એક એવી પ્રતિષ્ઠા અપાવી છે કે, જેનો અંદાજ અધ્યાત્મ-અભિમુખી જિજ્ઞાસુ વિદ્વાનને જ આવી શકે. થોડાક નમૂનાઓ નિહાળીએ :

ભૌતિકતાનો ભંડાર માંગી-માંગીને / ભીખી-ભીખીને ભરપૂર બનાવવાની ભ્રમણામાં રાચતા માનવીના આ ભ્રમની ભૂતાવળ પર ઘણનો ઘા કચકચાવીને કરતા 'પૂર્ણતાષ્ટક'માં રજૂ થયેલી એક યુક્તિ કેટલી બધી સચોટ છે ? ભૌતિક પૂર્ણતા પૂર્ણિમાની એવી ચંદ્ર-કળા સમી છે, જે કળાઓ ધીમે ધીમે વિલય પામતા 'ચાર દિન કી ચાંદની ફિર અંધેરી રાત'માં અવશ્ય ફેરવાઈ જવાની છે. જ્યારે આધ્યાત્મિક સાધક બીજ જેવો અપૂર્ણ ભાસવા છતાં એનું પ્રયાણ પૂર્ણતાની પૂર્ણિમા-ભણી અવિરત ચાલુ જ હોય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ અપૂર્ણ પૂર્ણતા તરફ આગેને આગે બઢતો હોય છે અને ભૌતિક દૃષ્ટિએ પૂર્ણ ભાસતા સંસારી માટે ઘાટો-ઘટાડો અવશ્યંભાવિ હોય છે. પૂર્ણતાનું આ ગણિત જગત માટે ખરેખર અદ્ભુત હોવાથી આશ્ચર્યકારી પણ છે. સંસારી ભરેલી રેંટની ઘટમાળ સમો પૂર્ણ ભાસતો હોવા છતાં એના માટે ખાલીખમ થઈ જવાનું નિશ્ચિત ગણાય, જ્યારે સાધક ખાલી ઘટમાળ જેવો ભાસતો હોય એ રીતે ભરાતો હોય છે કે, એના માટે ખજાનો ખાલી થવાની કોઈ સંભાવના નથી રહેતી.

*

જ્ઞાનમગ્ન જ્ઞાનીના સુખની કથ્યતા / અવચનીયતા દર્શાવતા અને એ સુખની ચાર-ચાર મુખે સ્તુતિ લલકારતા 'મગ્નતાષ્ટક'ના આ સ્તુતિ-વચનો કેટલા બધા સચોટ છે ! જ્ઞાનમગ્નની સુખાનુભૂતિ ન કોઈ વર્ણવી શકે કે ન લખી શકે. કોઈ પણ ભૌતિક ગણાતા સુખ સાથે એની સરખામણી જ શક્ય નથી. જ્ઞાનામૃતના બિંદુના સ્પર્શમાત્રથી અનુભવાતું શમસુખ પણ જો યથાર્થ વર્ણવી શકાતું નથી, તો પછી જ્ઞાનામૃતમાં આકંઠ મગ્ન બનેલા જ્ઞાનીના શમસુખની સ્તવના-સ્તુતિ તો કોણ કરી શકે ?

*

આખું જગત 'અહં'માં અટવાઈ રહ્યું છે અને 'મમ'માં મગ્નતા માણી રહ્યું છે. 'અહં-મમ' આ મોહનો મારક મંત્ર છે. આ મંત્રજાપના વિપાકરૂપે કારમા અંધાપાનો ભોગ બનેલું જગત આમતેમ અથડાઈ/કુટાઈ રહ્યું છે. આવા જગતને મોહ પર વિજય મેળવવા અમોઘ ગણાય એવો પ્રતિમંત્ર 'મોહત્યાગાષ્ટક'માં કેટલી સરળ રીતે છતાં સચોટ અને અસરકારક અક્ષરોમાં આપવામાં આવ્યો છે ! 'અહં-મમ' આ મોહના મંત્રને નિષ્ફળ બનાવતો મોહજિત તારક પ્રતિમંત્ર છે : નાહં, ન મમ. હું કોઈનો નથી, કોઈ મારું નથી. મોહનો જે મંત્ર અંધાપો સર્જનારો છે, નકારપૂર્વકનો એ જ મંત્ર જ મોહને પરાજિત કરીને અનસ્ત અજવાળું સર્જનારો અમોઘ પ્રતિમંત્ર સાબિત થતો હોય છે. ''મારું મારું કરનારો

મરી જશે અને તારું તારું કરનારો તરી જશે.'' જ્ઞાનવૃદ્ધોની આવી અનુભવ-વાણીમાં 'મોહત્યાગાષ્ટક'માં દર્શિત આ પ્રતિમંત્ર જ પડઘાઈ રહ્યો નથી શું ?

અજ્ઞાની આલમ અજ્ઞાનની વિષ્ટામાં જ જાણે અહર્નિશ આળોટી રહી છે. એના ખાન-પાન-સ્નાન-રહેણી-કરણી આ બધું જ અશુચિમય છે. જોતાની સાથે જ ચીતરી પડે, એવા આ બીભત્સ-ચિત્રની સામે જ જ્ઞાનના સરોવરની સપાટી પર સહેલગાહ માણતા ધવલ રાજહંસોની શ્વેત શ્રેણી નજરે ચડતા જ દર્શકનું રોમેરોમ પ્રસન્નતાથી પુલકિત થઈ ઉઠે છે. આવું દ્વિવિધ દર્શન 'જ્ઞાનાષ્ટકે' કેવી ખૂબીથી શબ્દચિત્રિત કરીને આબેહૂબ ઉપસાવ્યું છે !

અજ્ઞાની-જન અજ્ઞાનની વિષ્ટાને જ મિષ્ટાન્ન માણીને એમાં મજા માણતો હોય છે, પણ એની આ મજા ડુક્કરની મજા કરતાય વધુ દયાપાત્ર મજા હોય છે, જ્યારે જ્ઞાની તો એવો રાજહંસ હોય છે કે, જેને આવી મજા તો સજા સમી ભાસતી હોવાથી એને સ્વપ્નેય આ રીતે અજ્ઞાનમાં આળોટવાનું મન થતું નથી. એ તો રાજહંસની અદાથી જ્ઞાનસરોવરની સપાટીએ સહેલગાહ માણતો રહીને સ્વયંની શોભા વધારવાની સાથે સરોવરના સૌંદર્યમાં પણ ચાર ચાર ચાંદ ખીલવી જતો હોય છે. કેટલી સચોટ આ કલ્પના અને આ શબ્દ શિલ્પ છે ! અજ્ઞાની અજ્ઞાનની વિષ્ટામાં આળોટનારા ભૂંડ-ડુક્કર જેવો છે, જ્યારે જ્ઞાની તો જ્ઞાનસરોવરની સપાટી પર સહેલગાહ માણતો રહેતો રાજહંસ છે. જેની પાસે ક્ષીર-નીરનો વિવેક કરનારી અજબગજબની ચાંચનું એક માત્ર સ્વામિત્વ છે.

વિવેકની આવી ચાંચ ધરાવતા રાજહંસ સમો જ્ઞાની મોક્ષપ્રદ એકાદ, અક્ષર, પદ કે શ્લોકની પ્રાપ્તિ થતા જ સંતુષ્ટ થઈ જાય છે, પછી શાસ્ત્રોના શાસ્ત્ર ભણવાની ભાંજગડમાં એ પડતો નથી. સમુદ્ર વિના જ પેદા થયેલું જ્ઞાનામૃત, ઔષધિઓ વિના જ પ્રગટેલું જ્ઞાનરસાયણ અને કોઈની અપેક્ષા વિના જ ભોગવી શકાતું આ જ્ઞાન-ઐશ્વર્ય જેને ભોગવટા માટે મળી જાય, એવા જ્ઞાનહંસને પછી કોની પડી હોય અને વધુમાં, વધુ જ્ઞાનની અપેક્ષા પણ શા માટે હોય ?

*

સમતા-સામ્રાજ્યના સર્વેસર્વા સ્વામી સમા 'સાધુ-રાજ'ના શમ-સમતા-સામ્રાજ્યની ઋદ્ધિ-સિદ્ધિ અને સમૃદ્ધિનું કેવું રોમાંચકારી શબ્દચિત્ર 'શમાષ્ટક'માં ઉપસાવાયું છે ! અકિંચન અને અણગાર ભાસતો સાધુ આવાં શમ-સામ્રાજ્યની પ્રાપ્તિ કઈ સાધનાના બળે હાંસલ કરતો હોય છે, એ 'શમાષ્ટક'ની નજરે નિહાળીએ :

ધ્યાનની વૃષ્ટિ થતા દયાનદી બે કાંઠે ગાંડીતુર બનીને વહેવા માંડે છે, એથી નદીકિનારે ઉગી નીકળેલા વિકાર-વૃક્ષો હચમચી ઉઠે છે અને મૂળિયાં સાથે ઉખેડાઈને દૂરદૂર ફેંકાઈ જાય છે. વિકારના ઝાડી-ઝાંખરા મૂળસોતાં ઉખેડાઈ-ફેંકાઈ જતા સાધક

એવી સમતાધારામાં ઝીલતો હોય છે કે, જે ધારા સ્વયંભૂરમણ સાગરની સ્પર્ધા કરતી વધતી જતી હોય, જે સમતા-સામ્રાજ્યમાં જ્ઞાનના ગજરાજો ઝુલતા હોય અને ધ્યાનના અશ્વો હેષારવ કરતા હોય, શમ-સામ્રાજ્યના આવા વૈભવને કેટકેટલા વખાણવાં ?

*

સંસાર-ભવથી ભય જાગ્યો હોય અને મોક્ષપ્રાપ્તિની જો લય લાગી હોય, તો ઇંદ્રિયો પર જય પ્રાપ્ત કરવાનો પ્રચંડ પુરુષાર્થ કરવો જોઈએ, આટલી પાયાની પ્રેરણા આપીને 'ઇંદ્રિયજય અષ્ટક'માં ઇંદ્રિયોની મારકતા અને જિતેંદ્રિયતાની તારકતા કેટલીબધી સચોટ શબ્દશૈલીથી વર્ણવવામાં આવી છે ! :

વિકાર-વાસનાના ઝેરી-ઝાડ તૃષ્ણાના પાણીથી ભરપૂર નીક-ક્યારા જેવી ઇંદ્રિયોથી પુષ્ટિ પામીને જીવને મૂર્ચ્છા પમાડે છે. ઇંદ્રિયોનું પેટાળ હજારો નદીઓના પૂરોથી પણ ન ભરાય એવા દરિયાઈ પેટાળ જેવું અનંત અપાર હોવાથી એની પૂર્તિ માટે મથવાની મિથ્યામહેનત છોડી દઈને ભીતરી ભરતીથી જ તૃપ્ત થવાની સાચી મહેનત કરવી જોઈએ.

આત્મા ભવવાસથી વિમુખ બનવા મથતો હોય, તોય મોહરાજની કહ્યાગરી કિંકરીઓ સમી આ ઇંદ્રિયો મોહપાશ નાખીને એના હાથ-પગને બાંધવા મથતી હોય છે. એની અસરમાં આવેલો જીવ મોહમૂઢ બનીને પહાડની માટીને ધન માનીને મેળવવા એની પાછળ દોટ મૂકે છે, પણ પાસે જ રહેલાં જ્ઞાનધન પર એની નજર જ પડતી નથી. મૃગતૃષ્ણા સમી આભાસી સુખસામગ્રીની પાછળ જ્ઞાનામૃતને તજી દઈને જડ એવો એ જીવ હરણિયા જેવી દોડાદોડ કરે છે. પતંગિયું-ભમરો-માછલું-હાથી-હરણિયું : આ પશુઓ એક એક ઇંદ્રિયના સુખની પાછળ પાગલ બનીને જો જીવનનો સત્યાનાશ નોંતરતા હોય, તો પાંચે પાંચ ઇંદ્રિયો પાછળ પાગલ બનેલા જીવની તો શી હાલત થાય ? એ સાનમાં સમજી લઈને જે ઇંદ્રિય - વિજેતા બને, એ જ વીર ગણાય. આવી બધી પ્રેરણા પામવા 'ઇંદ્રિયજય અષ્ટક'ની ગુરુસમી ઉપાસના કરવા જેવી છે.

*

'ત્યાગાષ્ટક'માં કાચના વાસણની જેમ બટકી જવાનો તકલાદી સ્વભાવ ધરાવનારા બાહ્ય કુટુંબનો ત્યાગ કરીને આંતરકુટુંબ સાથેનું શાશ્વત સગપણ જોડવા માટે શુદ્ધોપયોગ રૂપ પિતાને, ધૃતિરૂપ માતાને, સમતારૂપ પત્નીને તથા સમતાસાધક ક્રિયાઓ રૂપ જ્ઞાતિને સ્વીકારવા - સત્કારવા રૂપે ધર્મસંન્યાસી બનવા અંગેનું માર્મિક અને મનનીય માર્ગદર્શન કરાવાયું છે.

*

જ્ઞાન આંખના સ્થાને છે, ક્રિયા પાંખ-પગના સ્થાને છે. પ્રવાસ આંખ અને પાંખની બંનેના સાથ-સહકાર વિના શક્ય જ નથી, આ સચ્ચાઈને સમજાવવા 'ક્રિયાષ્ટક'માં અપાયેલી યુક્તિઓ કેટલી બધી સચોટ અને દિલને અપીલ કરી જાય એવી છે !

ક્રિયા વિનાનું માત્ર જ્ઞાન કોઈ જ અર્થ સારનારું બનતું ન હોવાના કારણે અનર્થકારી ગણાય છે. માર્ગનો ગમે તેટલો તલસ્પર્શી જ્ઞાતા જો પગ જ ન ઉપાડે, તો કઈ રીતે સામા ગામે પહોંચી શકે ? એ જ રીતે માર્ગની જાણકારી મેળવ્યા વિના કોઈ ગમે તેટલો ચાલે, તો એ પણ ક્યાંથી સામા ગામે પહોંચી શકે ? માટે એકલું જ્ઞાન કે એકલી ક્રિયા સાર્થક ન બની શકે. બંને સાર્થક ત્યારે જ બને કે, બંને એકબીજાનો સાથ મેળવી શકે. શાસ્ત્રીય દૃષ્ટાંત મુજબ આંખ હોવા છતાં આગથી બચવા આંધળો ગમે તેટલી દોડાદોડ કરે, તોય બચી શકતો નથી. કેમકે એની પાસે માત્ર દોડવાની ક્રિયા છે, પણ આંખ-જ્ઞાન નથી. એ જ રીતે પાંગળોય ઉગરી શકતો નથી. કેમકે એની પાસે જ્ઞાન છે, પણ ક્રિયા નથી. આંધળા અને પાંગળા બંને બચી શકે, જો એકબીજાનો સાથ કરે.

*

'તૃપ્તિ-અષ્ટક'માં ચક્રવર્તીને દુઃખી અને 'ભિક્ષુ'ને સુખી તરીકે કેવો ટૂંકાક્ષરી શબ્દોમાં ચિત્રિત કરાયા છે : સર્વ વાતે સુખી ગણાતા ઇંદ્ર આદિ પણ જો અતૃપ્તિની આગમાં શેકાતા હોય, તો વાસ્તવિક રીતે એ સુખી નથી, જ્યારે જે જ્ઞાનતૃપ્ત હોય, એ ભિક્ષુક પણ હોય, તોય સાચેસાચ સુખી છે.

*

સંસારવાસ તો કાજળની કોટડી સમો છે. આમાં આવાસ-પ્રવાસ કરવા છતાં એ કાજળની અંશ માત્ર કાળાશ કલંકિત ન કરી જાય અને નખશિખ નકલંક રહી શકાય, આવી કળાને સિદ્ધ કરવાનો કેવો અમોઘમંત્ર 'નિર્લેપાષ્ટક' ગુરુની અદા ધારણ કરીને જિજ્ઞાસુ શિષ્યને શીખવે છે : સંસારના નિવાસી-પ્રવાસીને કર્મની કાળાશ ડગલે અને પગલે કાજળકાળા બનાવતી જ રહે છે, એકમાત્ર જ્ઞાનસિદ્ધ જ્ઞાનીને જ કાજળની આ કોટડી કાળાશનું એકાદ ટપકું પણ લગાડી શકતી નથી, અજ્ઞાની જ્યાં પળપળ અને પગલે પગલે કલંકિત બન્યા વિના રહી શકતો નથી, ત્યાં જ્ઞાની કલંકિત બન્યા વિના પોતાની ધર્મધવલતા આબાદ જાળવી શકે છે.

*

સુખી અને દુઃખીનું વિલક્ષણ જણાય એવું લક્ષણ દર્શાવતા 'નિઃસ્પૃહાષ્ટક'ની કેટલીક માર્મિક વાતો તો કાળજે કોતરાઈ જાય એવી છે :

સ્પૃહા અને તૃષ્ણાથી સતત તરફડતી આ દુનિયામાં માત્ર કોઈ ભિખારીના જ હાથ

ચપ્પણિયું લઈને લંબાયેલા નથી, ગરીબ-શ્રીમંત-દેવેંદ્ર આ બધા જ ચપ્પણિયું લંબાવીને ભિખારીની પંગતને જ શોભાવી રહ્યા છે. ભિખારીની માંગણી સીમિત હોવાથી એના હાથમાં રહેલું ચપ્પણિયું નાનું અને ભરી શકાય એવું હોય છે, જ્યારે બીજા-બીજાની માંગણીઓ મોટી મોટી હોવાથી એમના હાથમાં રહેલું ચપ્પણિયું પણ વિશાળ-વિરાટ બનતું જોવા મળે છે. આ બધાને સુખસામગ્રી અપેક્ષિત હોવાથી આ બધા નાના કે મોટા ભિખારીઓ જ ગણાય. માટે તૃષ્ણાથી તરફડતા ભિખારી મટીને જો તૃપ્તિથી સંતુષ્ટ ભિક્ષુક બનવું હોય, તો જ્ઞાનના દાંતરડાથી સ્પૃહાની લતા-વેલડીને સમૂળગી ઉખેડીને ફંગોળી દેવી જોઈએ, આ વેલડીના વિપાકરૂપે જ કંઠશોષ, મૂર્ચ્છા અને દીનતાનાં કટુફળનો વિપાક વેઠવો પડતો હોય છે. આ સ્પૃહાને મનમંદિરમાંથી હાંકી કાઢવી જોઈએ, કારણ કે એ વારંવાર પર-રતિરૂપ ચાંડાલી સાથે હળીભળી જતી હોય છે.

સ્પૃહાવાળી વ્યક્તિ આમ તો તરણાની તોલે ગણાતી હોય છે, છતાં એ વાત મહા આશ્ચર્યભૂત ગણાય કે, સંસારસાગરમાં એ વ્યક્તિ ડૂબી જતી હોય છે. લોઢું ડૂબે અને તરણું તરે, આવું જોવા મળવા છતાં સ્પૃહાવાનને સંસારસાગર ડૂબાડી દે, આ આશ્ચર્ય નહિ તો બીજું શું ? સસ્પૃહી તરણાની તોલે ગણાય, તો તો એને પવન કેમ ઉડાડીને લઈ જતો નથી ? આવા સવાલનો રમૂજભર્યો અને સસ્પૃહીનું કાળજું કપાઈ જાય એવો કટાક્ષપૂર્ણ જવાબ એક સુભાષિતે વાળ્યો છે કે, પવનને ડર લાગ્યો કે, આ ભિખારી મારી પાસે પણ જો હાથ લંબાવે, તો મારે શું આપવું ? આવા ભયથી ભિખારીને પોતાની પાંખે ઉડાડવાનું પવનને માંડી વાળવું પડતું હોય છે. સસ્પૃહી ચક્રવર્તી હોવા છતાં દુઃખી ગણાય અને નિઃસ્પૃહીને તો ભૂમિની શૈય્યા પર સૂવાનું, જીર્ણશીર્ણ કપડાં પહેરવાના અને વનમાં વસવાનું હોવા છતાં એ ચક્રવર્તીથી કંઈ ગણો વધુ સુખી કેમ ?

'નિઃસ્પૃહાષ્ટક'નો જવાબ છે કે, **'परस्पृहा महादुःखं निःस्पृहत्वं महासुखम्।'**

નિઃસ્પૃહી એટલે જ મહાસુખી છે કે, સ્પૃહાની સગડીના સંતાપ એને સહવાના નથી, તેમજ ચક્રવર્તી એટલે જ મહાદુઃખી છે કે, સ્વર્ગલોક મળ્યા બાદ પણ એની સ્પૃહા સગડી બનીને એને સતત સળગાવતી જ રહેતી હોય છે.

*

'મૌનાષ્ટકે' મૌનના પરમ-ચરમ રહસ્યને ઉદ્ઘાટિત કરતા કેવી મૌલિક વાત રજૂ કરી છે !

વાણીના ઉચ્ચાર પર કડક ચોકીપહેરારૂપ વાગનુચ્ચાર સ્વરૂપ મૌન એકેંદ્રિય માટેય સુલભ ગણાય, દુર્લભાતિદુર્લભ તો પર-પ્રવૃત્તિમાં અપ્રવૃત્ત થવા રૂપ મૌન જ છે, એ જ સર્વોત્તમ મૌન ગણાય. સંસારથી ઉદાસીન બનેલા મહાયોગીઓ જ આવું મૌન સિદ્ધ કરી શકે. એઓ કંઈ જ ન બોલે, ત્યારે તો મૌન જ હોય છે, પણ એઓ મહાવ્યાખ્યાન કરે,

વાર્તાલાપ કરે કે ઉદાસીનપણે દેખીતા મૌનનો ભંગ કરતી પ્રવૃત્તિ પણ કરે, ત્યારે પણ મૌનવ્રતી જ હોય છે. દીપકની તમામ ક્રિયાઓ જેમ જ્યોતિર્મય જ હોય છે, એમ આવા ઉદાસીન મહાયોગીની બેસવું-ઉઠવું, બોલવું-ચાલવું, ખાવું-પીવું આદિ તમામે તમામ ક્રિયાઓ મૌનમય જ ગણાતી હોય છે.

*

'વિદ્યાષ્ટક'માં વિદ્યા અને અવિદ્યા વચ્ચેની ભેદરેખા કેવી સ્પષ્ટ દોરવામાં આવી છે :

અનિત્ય-અશુચિ અને અનાત્મ પદાર્થોને નિત્ય-શુચિ અને આત્મ-સ્વરૂપે નિહાળવા, એ જ અવિદ્યા છે, આ ત્રણને એના અસલી સ્વરૂપે જોવા એ જ વિદ્યા છે. અવિદ્યા એટલે અંધકાર અને વિદ્યા એટલે પ્રકાશ. જે અંધકારના આધારે ચાલે એ અથડાય અને કુટાય, જેને પ્રકાશનું પીઠબળ હોય, એને ન તો અથડાવાનું હોય, ન તો કુટાવાનું હોય. પ્રકાશદર્શી તે આત્માને જ નિત્ય, પરના સંગને જ અનિત્ય માનતો હોય, પછી મોહના ચોર-લૂંટારા કપટ-જાળ બિછાવીને એને કઈ રીતે લૂંટી શકે ? વિદ્યાનું અંજન આંજનારા યોગીને ક્યાંય / ક્યારેય ચોર-લુટારાઓનો ભય નડતો નથી. દિવ્યાંજનના પ્રભાવે સ્વાત્મામાં જ પરમાત્માનું સ્વરૂપ નિહાળી શકે, એનું સંસાર શું બગાડી શકે ? આવો યોગી તો સંસારવર્તી હોવા છતાં મોક્ષ જેવી જ મોજ માણતો રહેતો હોય.

*

'વિવેકાષ્ટક' મુનિને રાજહંસ તરીકે બિરદાવતા એવી પ્રશસ્તિ લલકારે છે કે, 'દેહને જ આત્મા અને આત્માને જ દેહ' માનવાની ભારેમાં ભારે ભૂલનો ભોગ સંસારી કરોડો જન્મોથી બનતો જ આવ્યો છે, આ ભૂલ જ ભવ-ભ્રમણનું મૂળ છે. અવિવેકના આ આવર્તોમાં જીવ સતત ભમતો જ રહ્યો છે. આ આવર્તમાં ન ફસાનારો એક મુનિ જ રાજહંસ જેવો છે કે, જે ક્ષીરનીરની જેમ એકમેક જેવા બની ગયેલા જીવ અને કર્મને અલગ અલગ નિહાળી શકે. રાજહંસસમી આવી વિવેકદષ્ટિના બળે જ કર્મમુક્ત બનવા દ્વારા જીવનું શિવસ્વરૂપ પામવામાં મુનિને સફળતા મળતી હોય છે.

*

'નિર્ભયાષ્ટક'માં સંસારસુખને ભયના મણભર લાકડાં બળ્યા/બાળ્યા બાદ પેદા થયેલી કણભર રાખ સાથે સરખાવીને એકાદ ભયથી પણ રહિત જ્ઞાનજન્ય સુખને જ સુખ તરીકે સન્માનવા/બિરદાવવામાં આવ્યું છે. આ યુક્તિની યુક્તતા જોતા ભયોની ભૂતાવળથી ઘેરાયેલા સંસાર-સુખ પરના ગાઢ રાગથી વિરક્ત બનેલું મન ભયના અંશથી પણ રહિત જ્ઞાનજનિત સુખનું ગાઢ અનુરાગી ન બને, તો જ આશ્ચર્ય ગણાય. ભર્તૃહરિ જેવાએ પણ '**भोगे रोगभयं**' આ પંક્તિથી પ્રારંભીને સંતતિ, સંપત્તિ, યૌવન, જીવન

આદિને ભયગ્રસ્ત જણાવવાપૂર્વક **'वैराग्यमेवाभयम्'** આ પંક્તિ દ્વારા શ્લોકની પૂર્ણાહુતિ કરતા એક વૈરાગ્યને જ નિર્ભય તરીકે બિરદાવ્યો છે. એનો સાર પણ એ જ છે કે, ભોગને રોગનો ભય, સંતતિ-વંશપરંપરાને ખંડિત થવાનો ભય, સંપત્તિનો લૂંટાઈ જવાનો ભય, યૌવનને જરાનો ભય, જન્મ-જીવનને મૃત્યુનો ભય, આ રીતે સમસ્ત સંસાર ભયની ભૂતાવળથી ઘેરાયેલો છે, આમાં નિર્ભય હોય તો એક માત્ર 'વૈરાગ્ય' જ છે.

*

'આત્મ-પ્રશંસાત્યાગાષ્ટક'માં આત્મ-પ્રશંસા સ્વરૂપ દોષથી અળગા રહવાનો સચોટ-ઉપદેશ બે બાજુથી બાંધતી એવી યુક્તિપૂર્વક અપાયો છે કે, ગુણપૂર્ણતા પ્રાપ્ત થઈ ગઈ હોય, તોય આત્મપ્રશંસક ન બની શકાય અને ગુણથી અપૂર્ણ રહેનારને તો આત્મપ્રશંસા કરવાનો અધિકાર જ ક્યાં છે ? ગુણોથી પૂર્ણતા પામનારો 'આત્મ-પ્રશંસા'ને દોષસ્વરૂપ સમજીને એના પડછાયાથીય દૂર રહેવા સ્વપ્રશંસાથી અળગો જ રહે. એથી ગુણપૂર્ણ તો આત્મપ્રશંસક ન જ હોય, વળી જે ગુણોથી પરિપૂર્ણ ન હોય, એ તો આત્મપ્રશંસાનો અધિકારી ન જ ગણાય. આમ બંનેને આત્મપ્રશંસક ન બનવાનો ઉપદેશ આપતા આ અષ્ટકમાં એવી એક અદ્‌ભુત રમૂજભરી રજૂઆત થઈ છે કે, સ્વગુણ એક એવું ચિત્ર/વિચિત્ર પ્રકારનું દોરડું છે કે, પારકો જો આ દોરડાનું આલંબન લે, તો પતન પામતો બચી જાય અને સ્વગુણનું આલંબન જીવ જો સ્વ-પ્રશંસાના માધ્યમે પોતે પકડે, તો એ ડૂબી જાય.

સાધકના જીવનમાં સિદ્ધ થયેલા ગુણો એવાં દોરડા જેવાં છે, જે દોરડું ઉગારે/તારે પણ ખરું અને મારે/ડુબાડે પણ ખરું. સાધક સ્વયં એનું આલંબન લેવા જાય, તો ડૂબી મરે, બીજા એનું આલંબન લે, તો ઉગરી જાય. આત્મપ્રશંસાના દોષથી અળગા રહેવાની યુક્તિપૂર્ણ આવી રજૂઆત પર ચિંતન-મનન કરનારો કયો ગુણી કે દોષી આત્મપ્રશંસક બનવાની ધિટ્ઠાઈ કરી શકે ?

*

અતત્ત્વદૃષ્ટિના અંધાપાના કારણે અથડાતા જગતની આંખોમાં 'તત્ત્વદૃષ્ટિ'નું અંજન આંજતા ઓગણીસમાં અષ્ટકમાં નવયૌવના સુંદરીના સૌંદર્યમાં સંમોહિત ન બની જવાય, એ માટે એની કાયાની કોથળીની ભીતરમાં રહેલા મળ-મૂત્ર અને લોહી-માંસ ચરબીમાં ડોકિયું કરવા ઉપરાંત કોઈ વૃદ્ધકાયાને જોતા જ અરુચિના ઓડકાર અને ઉદ્‌ગાર ન નીકળવા પામે, એ માટે એ વૃદ્ધ-કાયાના નવયૌવના તરીકેના ભૂતકાળને નજર સમક્ષ ઉપસાવવાનો ઉપદેશ-સંદેશ અપાયો છે.

*

'સર્વસમૃદ્ધિ અષ્ટક'માં ચારિત્ર-ચક્રવર્તી તરીકે મુનિને વરેલી ઋદ્ધિ-સિદ્ધિ અને

સમૃદ્ધિનું ચિત્તને ચમત્કૃત કરે, એ જાતનું ચિત્ર જે રીતે ઉપસાવાયું છે, એ જોતા ચક્રવર્તીનાય ચક્રવર્તી તરીકેની જે 'શોભા-આભા-પ્રભા' મુનિરાજની આસપાસ જોવા મળતા આંખો ચકાચૌંધ બન્યા વિના રહે ખરી ?

*

'કર્મવિપાકચિંતન' અષ્ટકમાં દુઃખમાં દીનતા અને સુખમાં લીનતા ટાળવાની પાયાની વાત કરવા પૂર્વક રંકમાંથી કોઈ રાજા બને એ પળનું તેમજ રાજા રંકમાં પલટાઈ જાય, એ સમયનું જે કરુણ-ચિત્ર ઉપસાવાયું છે, એ 'શાહ દીઠા મેં કંઈ આલમના ભીખ માંગતા શેરીએ' આ કવિતાનો સાક્ષાત્કાર કરાવી જાય એવું છે.

*

'ભવોદ્‌વેગાષ્ટક'માં સંસારની સાગર સાથે કરવામાં આવેલી હૂબહૂ સરખામણી પર વિચાર કરીએ, ત્યારે જ સોહામણા ભાસતા સાગરની બિહામણી બાજુનો ખરો ખ્યાલ આવે અને એથીય કંઈ ગણી વધુ ભયાનકતા ધરાવતા ભવ-સાગર પર ભારેમાં ભારે ઉદ્‌વેગ જાગ્યા વિના ન જ રહે.

*

લોક-લહરી/લોકસંજ્ઞાને મહાસાગર સમી કોઈ મહાનદી સાથે સરખાવીને, એનો પ્રચંડ પ્રવાહ આખી દુનિયાને ઘસડી જતો હોય, એવું દૃશ્ય દર્શાવીને પછી આ મહાનદીને સામા પ્રવાહે/સામા પૂરે તરતા કોઈ મરજીવા સાથે મુનિને નવાજીને, 'લોકસંજ્ઞાત્યાગાષ્ટકે' જે મહત્ત્વના જે મુદ્દાઓ તરફ આંગળી ચીંધણું કર્યું છે, એ લોકરંજન ખાતર ધર્મને ધક્કે ચડાવવા સજ્જ બનેલા સૌ કોઈએ ગંભીરતાપૂર્વક વિચારવા જેવા છે. બધા જે કરે, એ જ જો કરણીય હોય, તો તો મિથ્યામાર્ગે જ ચાલવું પડે, કેમકે આવા મિથ્યામાર્ગે ચાલનારાં ટોળાં જ હંમેશા મોટાં હોય છે, રત્નના વેપારી ઝવેરીઓ જેમ ઓછા જ હોય, એમ સ્વાત્મ-સાધકો ઓછા જ હોય. લોકસંજ્ઞાની નદીને જે સામા પૂરે તરી શકે, એવા જ ધર્મસાધકો સામો કિનારો મેળવીને મોક્ષમાર્ગી બની શકવા સમર્થ બને.

*

જગત ચર્મચક્ષુથી જ દર્શન કરનારું છે. દેવો અવધિચક્ષુ ધરાવે છે. સિદ્ધ પરમાત્માઓ સર્વતઃચક્ષુ ગણાય છે. જ્યારે મોક્ષમાર્ગના સાધક સાધુઓ માટે તો શાસ્ત્રો જ ચક્ષુ સ્વરૂપ હોવાથી એઓ શાસ્ત્રચક્ષુ ગણાયા છે. એમની તમામે-તમામ વૃત્તિ-પ્રવૃત્તિઓનો મૂળાધાર શાસ્ત્રચક્ષુ હોવાથી ત્રિલોક અને ત્રિકાળ એમને માટે પ્રત્યક્ષ હોય છે, માટે જ સર્વત્ર તેઓની ગતિ અસ્ખલિત હોય છે. શાસ્ત્રદૃષ્ટિઅષ્ટકમાં મુક્તિમાર્ગના સાધક માટે શાસ્ત્ર-દીપના અજવાળે અજવાળે જ આગળ વધવાનું જે માર્ગદર્શન અપાયું છે, એ અટવાયા / અથડાયા વિનાની મુક્તિયાત્રા માટે તો કાળજે કોતરી રાખવા જેવું છે.

શાસ્ત્રના શબ્દોને જે સાથે ને માથે રાખે છે, એ વીતરાગને જ સાથે-માથે રાખનારો ગણાય છે, અષ્ટકનો આ સાર સતત સ્મૃતિમાં રાખવા જેવો છે.

*

માત્ર વસ્તુ જ નહિ, એની પરનો રાગ, એની પરની મૂર્ચ્છા જ પરિગ્રહ ગણાય, એથી મૂર્ચ્છા-મૂર્ચ્છિત માટે આખું જગત જ પરિગ્રહ ગણાય, જ્યારે જે મૂર્ચ્છારહિત બને, એના માટે એ જ આખું જગત અપરિગ્રહ ગણાય, આવી પાયાની વાત કરતા 'પરિગ્રહાષ્ટક'માં એવી યુક્તિ દ્વારા સંસાર-ત્યાગ કરવાનું સૂચવાયું છે કે, બહાર દેખાતી માત્ર કાંચળીનો ત્યાગ કરવાથી જ નહિ, પણ દાઢમાં રહેલું ઝેર ઓકી નાખવાથી જ સર્પ નિર્વિષ બની શકે છે. એથી ત્રણે જગત માટે પીડાકારક બનતા પરિગ્રહ નામના ગ્રહની અસર-પક્કડમાંથી મુક્ત થવું ખૂબ જ કઠિન છે.

*

'અનુભવાષ્ટક'માં શાસ્ત્રોને માત્ર દિશાદર્શક જણાવવા પૂર્વક એનો પાર પામવા માટે અનુભૂતિ પર ભાર મૂકતા જણાવવામાં આવ્યું છે કે, પઠન-પાઠનાદિ પ્રવૃત્તિ કડછી-ચમચા સમી છે, જે શાસ્ત્ર-ક્ષીરનું માત્ર ને માત્ર અવગાહન જ કરી શકે, ક્ષીરાસ્વાદ તો અનુભૂતિ સ્વરૂપ જીભ દ્વારા જ પામી શકાય.

*

પૂજા માત્ર શ્રાવક માટે જ વિહિત નથી, શ્રમણ માટે પણ પૂજાનું વિધાન કરાયું છે. એ પણ પાછી અષ્ટપ્રકારી પૂજા ! શ્રમણે સ્નાન માટે કયું પાણી વાપરવાનું ? કેવું વસ્ત્રપરિધાન કરવાનું, એનું તિલક કેવું હોય ? કેસર-ચંદન અને પ્રભુપ્રતિમારૂપે એની સમક્ષ શું હોય ? પુષ્પ, અલંકાર, અષ્ટમંગળાલેખન, ધૂપ-દીપ, આરતી-મંગળદીવા રૂપે એ શું વાપરે ? નૃત્ય અને ઘંટનાદનો પ્રયોગ ભાવપૂજામાં શ્રમણ કઈ રીતે કરે ? આનું સ્પષ્ટ-સુરેખ માર્ગદર્શન મેળવવા 'ભાવપૂજાષ્ટક'ને જ અવગાહવું રહ્યું. શ્રાવકો દ્વારા થતી પ્રભુપૂજા દ્રવ્ય-પૂજાત્મક હોવાથી ભેદોપાસના સ્વરૂપ ગણાય, જ્યારે શ્રમણ દ્વારા આ રીતે થતી ભાવપૂજા અભેદોપાસનાત્મક હોવાથી આનંદઘનજીના શબ્દોમાં 'અહો ! અહો ! મુજને હું નમું'ની અભેદ-અવસ્થાની અનુભૂતિ કરાવનારી ગણાય.

*

કર્મને તપાવવાની સમર્થતા ધરાવતા 'જ્ઞાન'ને જ તપ તરીકે બિરદાવતું 'તપોષ્ટક' ક્રોધાદિ કષાયો અને આહારાદિ સંજ્ઞાઓના પ્રચંડ-પૂરપ્રવાહમાં ઘસડાઈને તણાઈ જવાને બદલે સામે પ્રવાહે તરીને કષાયો અને સંજ્ઞાઓને નાથવાની જ્ઞાની પુરુષોની વૃત્તિ-પ્રવૃત્તિ સ્વરૂપ પ્રાતિસ્રોતસિકી-વૃત્તિને જ આભ્યંતર તપ તરીકે ગણાવવાપૂર્વક એવા બાહ્યતપને જ બિરદાવે છે, જે અભ્યંતર-તપનો આધાર બની શકતો હોય. આ અષ્ટક એવો જ તપ

કરવા પ્રેરે છે, જે તપમાં દુર્ધ્યાન ન થવા પામતું હોય, અન્ય અન્ય ધર્મયોગોને હાનિ ન પહોંચતી હોય તેમજ ઇંદ્રિયોની શક્તિનો એકદમ હ્રાસ ન થતો હોય.

*

પ્રાંતે બત્રીસમાં 'સર્વનયાષ્ટક'માં એકાદ નયના જ પક્ષપાતી ન બનતા સર્વનયાશ્રિત બનવાનો અને વિવાદ-ગ્રસ્ત વિશ્વવ્યાપક વાતાવરણને સંવાદથી મસ્ત બનાવવાનો સંદેશ પ્રસારિત કરવામાં આવ્યો છે. આજે પોતપોતાની મત-મમત માન્યતાને જ સાચી અને બીજાને મિથ્યા માનવાનો કદાગ્રહ ઠેર ઠેર વિગ્રહ સરજી રહેલો જોવા મળે છે. એકાદ નયના પક્ષપાતી બનવાનો જ આ વિપાક ગણાય. સર્વનયાશ્રિત બનવાથી સામાના મતની પણ સાપેક્ષિક સત્યતા સ્વીકૃત થતા વિવાદનું વાતાવરણ વકરતું અટકી જતા સંવાદ સરજી શકાતો હોય છે. તેમજ સામી વ્યક્તિને પોતાની વાત સમજાવી શકાય, એવું વાતાવરણ પણ ઊભું કરી શકાતું હોવાથી સર્વ-નયોના સંદર્શક સર્વજ્ઞ-પરમાત્માનો સાચો જયજયકાર જગવી શકાય છે. સાથે સાથે સર્વનયાશ્રિત સ્યાદ્‌વાદીનો પણ જયનાદ જગત જગવતું હોય છે.

પ્રાંતે પૂ. ઉપાધ્યાયજી મહારાજ ઉપદેશક ઉપસંહાર રૂપે એ જાતના આશીર્વચન આત્મવિશ્વાસના રણકારપૂર્વક ઉચ્ચારે છે કે, બત્રીસ અષ્ટકો દ્વારા અત્યંત સ્પષ્ટ સ્વરૂપે વ્યક્ત થતા તત્ત્વબોધને આત્મસાત્ કરનારો સાધક અવશ્ય 'જ્ઞાનસાર' પામે છે. જ્ઞાનના સારને પામનારા જ્ઞાનસિદ્ધને માટે પછી મોક્ષ અહીં જ અવતરિત થાય છે. ક્રિયા દ્વારા થતો ક્લેશક્ષય મૃત દેડકાના ચૂર્ણાવશેષ સમો હોવાથી એમાંથી પુનઃ દેડકાની ઉત્પત્તિ થતા વાર લાગતી નથી, જ્યારે જ્ઞાનસાર પામ્યા પછી થતો ક્લેશક્ષય દગ્ધ-દેડકાના ચૂર્ણ સમો હોવાથી એમાંથી પછી ક્યારેય દેડકાની પુનઃઉત્પત્તિ સમી ક્લેશની ઉત્પત્તિ શક્ય જ નથી બનતી. જ્ઞાનસાર પામ્યા પછી થતી ક્રિયા સુવર્ણઘટ સમી હોવાથી ઘટ ખંડિત થાય, તોય સુવર્ણ તો અખંડિત જ રહેવા પામતું હોય છે.

કોઈ નયે ન અધૂરી એવી વાચક જશની વાણી દ્વારા આ રીતે સમર્થિત 'જ્ઞાનસાર' મારી જેમ જ અનેકને માટે પ્રિય જ્ઞાનકાવ્ય બનવાની સ્વયંભૂ સમર્થતા ધરાવતું હોવાથી 'ગમતાનો ગુલાલ' વેરવા માટેનું આમંત્રણ આપવા બદલ અને ગુલાલ વેરવા માટે આટલાં બધાં પૃષ્ઠો ફાળવવા બદલ મુનિ શ્રી વૈરાગ્યરતિ વિજયજીનું સાભાર સ્મરણ થયા વિના ન રહે, એ મારા માટે સહજ ગણાય. આટલા વિપુલ પ્રમાણમાં લાલલાલ ગુલાબની પ્રાપ્તિ થતા વાચકો પણ શ્રી વૈરાગ્યરતિવિજયજીની ઉપકૃતિ શિરસાવંદ્ય કર્યા વિના નહિ જ રહે, એવો વિશ્વાસ વ્યક્ત કરવાપૂર્વક જ્ઞાનનો સાર પામવા આ 'જ્ઞાનસાર'ને પ્રિયકાવ્ય બનાવવાનું સૌને નિમંત્રણ !

•

મા રો પ્રિ ય ગ્રં થ

# દ્રવ્યગુણપર્યાય રાસ

## મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર

ગુજરાતી

*પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી યશોવિજયજી ગણિવર 'ઉપાધ્યાયજી મહારાજ' સાથે નામ અને કામનું સામ્ય ધરાવે છે. દ્રવ્યગુણપર્યાય જેવા શુષ્ક જણાતા દ્રવ્યાનુયોગના વિષય પર તેમનું સરસ અને સરળ ચિંતન માણવા જેવું છે.*



# પ્રીતિની પારાશીશી

**– પંન્યાસ યશોવિજયગણી**

**અ**ફાટ રેતસમંદર ચારે દિશામાં પથરાયેલો પડ્યો છે. ભરગ્રીષ્મના પ્રખર તાપથી એ રેતસમંદરની પ્રત્યેક રેતી જાણે અંગારો બની ગઈ છે. વહેતો પવન પણ જાણે અગ્નિની ઝાળ લાગી રહ્યો છે. આ રેતસમંદરનો પાર પામવાની અદમ્ય ઝંખનાથી એક મુસાફર મુસાફરી ખેડી રહ્યો છે... પણ, આ ભયંકર ગરમી તેને રીબાવી રહી છે. શરીરનું લોહી જાણે ઉકળી રહ્યું હોય તેવી તીવ્ર વેદના યમરાજની યાદ અપાવી રહી છે. આ પરિસ્થિતિમાં મુસાફરી પૂર્ણતાને પામે કે ન પામે પણ જાણે જીવન પૂર્ણતાને પામી રહ્યું હોય તેવું અનુભવાય છે. પાણી મળ્યું ન હોવાથી તૃષા તીવ્ર બની છે. અંગ-અંગ પાણીના એક ટીપાં માટે તલસાટ અનુભવી રહ્યું છે. તૃષા અનુપમેય છે.

આ પરિસ્થિતિમાં અચાનક મુસાફરને ખળખળ વહેતા પાણીનો અવાજ સંભળાય છે, મુસાફરના રોમાંચ ખડા થઈ જાય છે. હતી એટલી શક્તિ એકઠી કરી એ અવાજની દિશામાં ગતિ કરી જાય છે, ત્યાં દૃષ્ટિએ ચડે છે રણમાં વહેતી મીઠી વીરડી. ખૂબ નિર્મળ પાણીનું ઝરણું ! મુસાફર અંજલિ દ્વારા એ પાણીનું, અમૃતનું આચમન કરે છે. અદ્ભુત ઠંડક અર્પતું અર્પતું પાણી ગળામાંથી પેટમાં પહોંચે છે. સમગ્ર શરીરમાં અપૂર્વ શીતલતા વ્યાપી જાય છે. આ વખતે અનુભવાતા આનંદનું વર્ણન કદાચ એ અનુભવનાર પણ ન કરી શકે. કારણ કે આ તૃપ્તિની પ્રાપ્તિ પાછળ જાગેલી અપૂર્વ તૃષા છે. તૃષા અતિશય હતી, તરવરાટ-તલસાટ અદમ્ય હતો તો ઈષ્ટની પ્રાપ્તિ થતા તૃપ્તિ પણ તેવી જ થાય ને !

અનંત સંસારરણમાં ભટકતા જીવની પણ કંઈક આવી જ દશા હોય છે. કરુણતા તો એ છે કે સંસાર રણમાં ભટકતાં મન એટલી હદે ભ્રાંત થઈ જાય છે કે પોતાની આ દુર્દશા ઉપર બે આંસું પણ પડતા નથી. છતાં કો'ક ધન્ય જીવ જાગી ઊઠે છે, તેને સંસાર ભરગ્રીષ્મના મધ્યાહ્નકાલીન રણપ્રદેશ જેવો ભેંકાર અને ભયંકર લાગે છે. સંસારની કહેવાતી પ્રત્યેક સારભૂત બાબતો પણ તે જીવને રણપ્રદેશની ધીકતી રેતીની જેમ દઝાડનારી લાગે છે. વિષયોનો ઉપભોગ ભૂંડની વિષ્ટા ખાવાની પ્રવૃત્તિ તુલ્ય અતિશય જુગુપ્સનીય જણાય છે. વૃત્તિઓ બાહ્ય વિષય-કષાયથી સહજ રીતે પાછી પડે છે.

બહારમાં ખોજ કરવાના બદલે તે અંતરમાં ખોજ ચાલવે છે, કંઈક અલગ જ પ્રકારનું સુખ-અલગ જ પ્રકારનો આનંદ પોતાના અંતરમાં ઠાંસી ઠાંસીને ભર્યો છે, તેવું તેને પ્રતીતિમાં આવે છે. પરંતુ એ ચીજ મળતી નથી. એ આનંદ મળતો નથી. બહાર કશે ગમતું નથી. જીવ મૂંઝારો અનુભવે છે. અંદરમાં વળવું હોવા છતાં માર્ગ મળતો નથી. ચિત્ત કંઈક અંશે અંતર્મુખ થયું હોવા છતાં જે આનંદ મળવો જોઈએ, બીજા તમામ આનંદને તુચ્છ સાબિત કરતો અપૂર્વ આનંદ-અતીંદ્રિય આત્માનંદ તે મળતો નથી. પરિણામે જીવ અકળાય છે. પોતાની જ ચીજ હોવા છતાં તે ન મળે ને ઉકળાટ અનુભવવા મળતો હોય તો જીવ અકળાવાનો જ ને !

આવા સમયે કોઈક અનુભવસંપન્ન મહાપુરુષના અનુભવ પ્રેરક વચનો જીવને ઠંડક આપે છે, ઉત્સાહ આપે છે, મોક્ષમાર્ગની ઝલક આપે છે, મોક્ષપથનું પાથેય પણ પૂરું પાડે છે. અને એ વચનોના આધારે જ્યારે જીવને સમ્યગ્દર્શનની - ગ્રંથિભેદ ઉત્તરકાલીન અનુપમ આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિ થાય છે, ચક્રવર્તી અને ઇંદ્રના તમામ સુખોને ધૂળ જેવા ક્ષુદ્ર અને હલકા સાબિત કરી દેતો અપૂર્વ આનંદ જ્યારે અનુભવાય છે ત્યારે તે અનુભવની આત્મામાંથી પ્રગટેલા તે વચનો ઉપર જીવને અનહદ આદરભાવ પ્રગટે છે.

આ સમયે જીવના અંતસ્તલમાંથી લાગણી ઊઠે : 'મારો પ્રિય ગ્રંથ' શાસ્ત્રની બહુમૂલ્યતા આ બાબતને આધારે જ છે. પદાર્થનું તેમાં કેટલું સૂક્ષ્મ નિરૂપણ છે, તર્ક-ન્યાયનો કેવો અખંડ ખજાનો છે. આ બધી બાબતોથી ભલે તે તે ગ્રંથ મહાન કહેવાતા હોય પણ પોતાના માટે તો તે જ ગ્રંથ મહાન બને જે મોક્ષમાર્ગે પાથેય પૂરું પાડનાર હોય, ખરાબે ચડી ગયેલી પોતાની જીવનનૌકા જે શાસ્ત્રરૂપી દીવાદાંડીના આધારે કિનારે પહોંચે તે જ શાસ્ત્ર પોતાના માટે પ્રિયતમ બને તે અંગે કોઈ શંકાને અવકાશ ખરો ? અન્ય તમામ દર્શનોના શાસ્ત્રો કરતા જૈન દર્શનના શાસ્ત્રો આના આધારે જ અપૂર્વ મહત્તા પ્રાપ્ત કરે છે. તે તે દરેક દર્શનોએ પોતાની રીતે આત્માના સાચા સુખનો માર્ગ બતાવ્યો જ છે પણ, જૈન દર્શનનો અભ્યાસુ બે રીતે બડભાગી બને છે - સ્યાદ્વાદ સિદ્ધાંતને પચાવી જાણનાર તે અન્ય તમામ દર્શનોની સારભૂત બાબતોને સ્વીકારવા તૈયાર રહે છે તથા સ્વદર્શનના અભ્યાસથી મોક્ષમાર્ગનો અભ્રાંત બોધ મળી રહે છે.

શાસ્ત્રના અભ્યાસથી બાહ્ય બાબતોને જોવા-જાણવાનો રસ તૂટતો હોય, અંતર્મુખતા સધાતી હોય, સ્વરૂપનો મહિમા જાગતો હોય, પરનું માહાત્મ્ય ઘટતું હોય, પર તરફ ગતિ કરતો ઊર્જાનો પ્રવાહ પાંખો પડતો હોય તો સમજવું આપણે મોક્ષમાર્ગે આગળ વધી રહ્યા છીએ. બૌદ્ધિક આટાપાટા ખેલવાનો અખાડો શાસ્ત્ર નથી, પણ તેમાંથી ઝરી રહેલો તત્ત્વબોધ મેળવી અંતર્ગત સદ્‌ગુણવૈભવને ખીલવવો તે શાસ્ત્રાભ્યાસનું પ્રયોજન છે. એક માત્ર શ્રી આચારાંગનો જ અભ્યાસ મોક્ષમાર્ગે કેટલું સંબલ પૂરું પાડી દે છે ! આ

દૃષ્ટિએ મારો પ્રિય ગ્રંથ હંમેશા શ્રી આચારાંગ જ રહ્યો છે.

એક વાત સમજી રાખવા જેવી છે કે સાઇનબોર્ડ – માઇલસ્ટોનની કિંમત મુસાફરી વિના ન સમજાય. ઘર બેઠા, ફક્ત તર્કથી જ માઇલસ્ટોનની કિંમત પ્રતીતિમાં નથી આવતી. જ્યારે ભરબપોરે ભૂલો પડેલો પથિક, ક્યાંક માર્ગ ન મળતા દિગ્ભ્રમિત થયો હોય ત્યારે જ તેને સાઇનબોર્ડની કિંમત સમજાય છે. આ ન્યાયે માથે કફન બાંધી જેણે સાધનામાર્ગે પૂરપાટ વેગે આગળ વધવું છે, જેણે પોતાના કષાયાદિ આંતરિક દુર્ગુણોથી જકડાયેલી પોતાની જાતને સદા માટે ઉન્મુક્ત કરવા પ્રયત્નશીલ રહેવું છે તેના માટે તો શ્રીઆચારાંગ સૂત્રના પ્રત્યેક સૂત્રો અદ્ભુત આનંદદાયક બની રહે તે નિઃશંક છે. હાલ તેનું મૂળભૂત કદ સંપૂર્ણપણે ઉપલબ્ધ ન હોવા છતાં જે ઉપલબ્ધ છે તેમાંય એવા અપૂર્વ સૂત્રો નિહિત છે કે મન આનંદથી નાચ્યા વિના ન રહે. એક વાર અપૂર્વ તૃષા પ્રગટાવી પછી તે સૂત્રનું અવગાહન કરવામાં આવે તો જરૂર અપૂર્વ જડીબુટ્ટીઓ લાધે, જે અનાદિના રોગી આપણા આત્માને નવચેનત બક્ષવા સંજીવનીનું કાર્ય કરે.

શ્રી આચારાંગસૂત્ર તો અનુપમેય છે જ. સાથે મારા જીવનમાં મહોપાધ્યાય શ્રીયશોવિજયજી સદા વણાયેલા રહ્યા છે. કોઈક અજબ ઋણાનુબંધે અમારા બે વચ્ચે નામથી લઈ કૃતિ સુધી કોઈ ગજબ તાણાવાણા ગૂંથ્યા છે, એ તાણાવાણા આજે ય મને એટલો જ જકડી રાખે છે. મહોપાધ્યાયજી મહારાજના ગ્રંથો ઉપર કાર્ય કરતા તેમનું અદ્ભુત વિદ્વત્ત્વતો મને રુચ્યું જ છે પણ તેમની આત્માર્થિતા વધુ સ્પર્શી ગઈ છે. તેમનું ષડ્દર્શનનું તલસ્પર્શી જ્ઞાન તો મને આકર્ષી જ ગયું છે, પણ તેમના સ્ફુટ આત્મજ્ઞાને મને વધુ રોમાંચિત કર્યો છે. તેમના તર્કકૌશલ્યે તો મને પ્રભાવિત કર્યો જ છે, પણ તેમની ભક્તિભાગીરથીએ મને વધારે પ્રવાહિત કર્યો છે. તેમના મારા માટેના આસન્ન ઉપકારી વચનો એટલે દ્રવ્યગુણપર્યાયનો રાસ. આ ગ્રંથને મારા પ્રિયગ્રંથોની યાદીમાં જરૂર મોખરાનું સ્થાન આપી શકું.

સૌ પ્રથમ તો આ ગ્રંથનું નામ જ અત્યાકર્ષક છે : દ્રવ્યગુણપર્યાયનો રાસ ! અધ્યાત્મ માર્ગે ડગ માંડનાર યાત્રિક દ્રવ્ય, ગુણ અને પર્યાયની ત્રિપુટી વચ્ચે ઝૂલતો લગભગ જોવા મળશે. અધ્યાત્મપથિક દ્રવ્ય અને ગુણના પરિચયમાં આવ્યા વિના રહેતો નથી. એમ પણ દ્રવ્ય શબ્દ કાને પડતાં જ નિષ્કષાય, શાંતસુધારસ, પરમસમાધિપૂર્ણ, અનંત આનંદ ભંડાર, ત્રિકાળ શુદ્ધ આત્મદ્રવ્ય અંતઃચક્ષુ સમક્ષ ખડું થતુ હોય ત્યારે કયો સહૃદયી સાધક ઝણઝણાટી ન અનુભવે ? ગુણ શબ્દ બોલતા જ અખંડ આનંદમાં ડૂબી ગયેલી પોતાની પરિણતિ, જગતના તમામ પદાર્તને હસ્તામલકવત્ શાંતભાવે નિરખનારી ચિત્તશક્તિ. આ બધો જ ગુણવૃંદ આંતરચક્ષુ સમક્ષ ખડો થઈ જાય. પોતાના આ વૈભવને નિહાળી કોણ આનંદમગ્ન ન બને ? આ રીતે આ ગ્રંથનું નામ જ આત્માર્થીને આકર્ષે છે.

જાણે સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને પ્રાપ્ત કરવાનું આમંત્રણ ન આપતો હોય !

કદાચ ઉપરછેલ્લી રીતે આ ગ્રંથનું અવગાહન કરનારને તર્કની કર્કશતા જ સ્પર્શે, નારિયેળ-શ્રીફળના બાહ્ય કોચલાને સ્પર્શનારની જેમ. પણ જેણે નિરાંતની પળોમાં આ ગ્રંથરાજને માણવો છે, સાથે સાથે જે ભદ્રપરિણામી અને કલ્યાણમૂર્તિ છે, જેના ચિત્તમાં ક્ષમા, સરળતા, ઉદારતા જેવા અપેક્ષિત ગુણો ખીલવાના શરૂ થઈ ચૂક્યા છે, પોતાના જ નિર્મળચૈતન્ય સ્વરૂપની ઉપેક્ષા કરી તેની ઘોર હિંસા કરવાની ઘાતકચિત્તવૃત્તિ જેની વિરામ પામી રહી છે, સ્વ તરફ અદમ્ય તલસાટ જેનો પ્રગટી ચૂક્યો છે, જેનું હૃદય સંવેદનશીલ છે, પોતાના દોષો પ્રત્યે જેને ઘોર પશ્ચાતાપ તો પ્રગટી ચૂક્યો જ છે, તદુપરાંત બહારમાં થોડીક ક્ષણો માટે પણ અટવાતી ચિત્તવૃત્તિ જેનામાં ધિક્કાર પેદા કરાવે છે, સારી પણ પ્રવૃત્તિનો રાગ, પક્ષપાત અને તેમાં જ ઈતિશ્રી માની લેવાની ઘેલછા જેને પાપ લાગે છે, આત્મતત્ત્વનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરવાનો દૃઢ સંકલ્પ જેના અંતઃકરણમાં ઉછળી રહ્યો છે, સદ્ગુરુના સાન્નિધ્યમાં જગત આખાથી પીઠ કરી પલાંઠી વાળી બેસી જવા જે થનગની રહ્યો છે... આવી આવી યોગ્યતા પ્રાપ્ત કરનાર વ્યક્તિ જો આ ગ્રંથરાજને અવગાહશે તો જરૂર અનુપમ રત્નો તેને પ્રાપ્ત થશે જ - તેવો વિશ્વાસ છે.

ઉક્ત યોગ્યતાના માધ્યમે જેનો મોહનીયનો ક્ષમોપશમ અપેક્ષિત સીમાને સ્પર્શી ચૂક્યો હોવા છતાં તથાવિધ જ્ઞાનાવરણીય ક્ષયોપશમના અભાવે સાધક ભાગ્યવાન આ તત્ત્વથી વિમુખ ન રહી જાય તે શુભઆશયે, પરમતત્ત્વના નિર્મળ અનુગ્રહથી આ ગ્રંથરાજની વૃત્તિ લખતા એક નવો આયામ ઉમેર્યો - જેનું નામ પડ્યું અધ્યાત્મઅનુયોગ. પ્રત્યેક ગાથાના છેડે આ અનુયોગને આધ્યાત્મિક ઉપનય રૂપે પીરસ્યો છે. આ આધ્યાત્મિક ઉપનય ઉચ્ચ દશાને અભિમુખ થવા પ્રેરક પીઠબળ પૂરું પાડે છે, આત્માની અંદર ઘર કરી ગયેલી સંસારરસિકતાને લપડાક લગાવે છે, આત્માને ઢંઢોળે છે, સાચા સ્વરૂપની પ્યાસ જગાડે છે, જેની પ્રાપ્તિ વિના સંપૂર્ણ ક્રિયા કલાપ વ્યર્થપ્રાયઃ છે તે સમ્યક્ત્વની મહત્તા અને દુષ્પ્રાપ્યતા દ્યોતિત કરે છે. આત્માના અતલ ઊંડાણમાં ડૂબકી લગાવવા લાલાયિત કરી મૂકે છે.

આ આધ્યાત્મિક ઉપનયમાં નૈશ્ચયિક મોક્ષમાર્ગની છણાવટ તમને જણાશે. પણ, આ તત્ત્વજ્ઞાન તો અનાદિનું શાસ્ત્રમાં ધરબાયેલું જ છે. ફક્ત તેની અભિવ્યક્તિ આધ્યાત્મિક ઉપનય રૂપે થઈ છે. મનોમંથન કરવા વિવશ કરી મૂકતું સત્ય છે. આધ્યાત્મિક ઉપનયમાં આત્માની અવનતિની દાસ્તાન રજૂ કરી છે, તેના કારણો રજૂ કર્યા છે, સાથે ઉન્નતિની દશા પ્રાપ્ત કરવાની દિશા પણ રજૂ કરી છે. જગતના તમામ સુખને, સમગ્ર વૈભવને તુચ્છ લેખતા અનુપમ આત્મિક સુખ પ્રત્યે ઉજાગર કરવા પ્રયત્ન કર્યો છે. જે વાચકો ફક્ત આ અધ્યાત્મઅનુયોગને જ માણવા ઝંખે છે તેમના માટે અલગ

અધ્યાત્મઅનુયોગના બે ભાગ પ્રકાશિત થયા છે. આ આધ્યાત્મિક ઉપનયમાં સોળમી ઢાળની અંતિમ ગાથાનો ઉપનય એક વાર આત્માર્થી વાચકને વાગોળી જવા આત્મીયભાવે ભલામણ કરું છું.

આ સર્જન વખતે હું ખુદ અકનેવાર ઝંકૃત થઈ ઊઠ્યો છું, આત્માના અનંત આનંદને પ્રાપ્ત કરવા તરફડી ઊઠ્યો છું. અનુપમ અદ્ભુત તત્ત્વ આ ગ્રંથરાજના સાંન્નિધ્યમાં મને સાંપડ્યું છે અને તેનો વિનિયોગ કરવાની પણ તક મને સાંપડી ગઈ. એટલે જ આ ગ્રંથરાજ મારા પ્રિય ગ્રંથની શ્રેણિમાં મોખરાનું સ્થાન શોભાવી રહ્યો છે. કુલ સત્તર ઢાળમાં તથા નૂતન પ્રકાશનો સાથે સાત ભાગમાં આ ગ્રંથ પથરાયેલો છે. સાથે અધ્યાત્મઅનુયોગના બે ભાગ પણ પ્રકાશિત થયા છે.

શબ્દો તો વામણા છે. પરંતુ જ્યારે મહોપાધ્યાયજી મહારાજ જેવા મહાપુરુષોનું પીઠબળ તેને મળે છે ત્યારે તેનામાં અચિંત્ય શક્તિ આવી પડે છે. તે શબ્દો કૈંકના મોહને ચૂર-ચૂર કરી દે છે, દિલને ચોટ લગાવી દે છે, સત્યનો પ્રકાશ મેળવી આપે છે, મૂંઝવણના સમયમાં સાચું માર્ગદર્શન આપીને રહે છે. નિર્જીવ શબ્દોની આ તાકાત કેવી રીતે હોય ? આ તો શબ્દોની પાછળ રહેલ લેખકના ઉર્મિલભાવોનો પ્રતાપ છે. અક્ષર પણ કર્તાનો દેહ છે. કર્તા જેટલો ઉત્કૃષ્ટતાને સ્પર્શનારો તેમ તેમ તેની કૃતિમાં પણ ઉન્નતતા આવતી જાય છે.

માહિતીના અનહદ ઢગલામાં અટવાતો આજનો માનવી સંવેદનશીલતાની ખોટ સદા અનુભવે છે. તે અક્ષરોને વાંચી શકે છે, 'સ્પર્શી' શકતો નથી. કહેવાના ભાવને સમજી શકે છે, સંવેદી નથી શકતો. આથી નક્કર માહિતીનો બોજ આ લેખના માધ્યમે ખડકવાના બદલે કે સેંકડો વાર ગ્રંથોના પાના ઉથલાવી કંઈક 'નિચોડ' -ઐતિહાસિક કે તેવો જ કોઈક તોડ આપવાના બદલે અંતરને પ્રવાહિત કરતી, હલબલાવતી, તર-બતર કરતી કેટલીક વાતો જ આ લેખમાં આવેલી છે. આંકડાકીય કે ઐતિહાસિક તથ્યને મેળવવાની ઝંખનાવળા કદાચ નિરાશ થશે,* ગ્રંથરાજના બાહ્યસ્વરૂપને જ જાણવાની ઝંખનાવાળા હતાશ થશે, પરંતુ જેને 'કંઈક' મેળવવું છે તેને એ 'કંઈક' આમાંથી મળી રહેશે.

•

---

* તેવી ઝંખનાવાળા વાચકને નૂતન દ્રવ્યગુણપર્યાયના રાસની લેખકીય પ્રસ્તાવના વાંચવા- અવગાહવા ભલામણ.

મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# દેવચંદ્ર ચોવીસી

ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી ગણિવર
ગુજરાતી

*ભક્તિયોગાચાર્ય પૂજ્ય આચાર્યદેવશ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજા અનુભૂતિ માર્ગના પથિક છે. તેમની હથેળીમાં આવેલાં અમૃતબિંદુ સમ વચનો સાગરનું વિરાટ દર્શન કરાવવાનું સામર્થ્ય ધરાવે છે.*



# દેવચંદ્રચોવીશીમાં સાધનાની મોહક પ્રસ્તુતિ

**– આચાર્ય વિજય યશોવિજયસૂરિ**

**ભ**ક્તહૃદયની અભીપ્સાનો પડઘો આ શબ્દોમાં સંભળાય : 'ક્યું જાણું ક્યું બની આવશે, અભિનંદન રસ રીત...[૧] મને પરમ રસનો આસ્વાદ શી રીતે મળશે ? કોણ કરાવશે એ આસ્વાદ ?

સદ્ગુરુ આસ્વાદ કરાવશે.

પૂજ્યપાદ દેવચંદ્રજી મહારાજે પ્રભુની નિશ્ચયસાધના અને વ્યવહાર સાધનાને અરસપરસ ગૂંથીને મઝાનું સાધનાસૂત્ર આપણને આપ્યું :

'અસ્તિ સ્વભાવ જે આપણો રે, સાચ વૈરાગ્ય સમેત;

પ્રભુ સન્મુખ વંદન કરીને, માંગીશ આતમ હેત.'[૨]

સ્વરૂપ દશાને, સ્વભાવને પ્રાપ્ત કરવા તરફ આગળ વધવું તે નિશ્ચય સાધના. લક્ષ્યાંક અને એ સ્વભાવદશાને પ્રાપ્ત કરવાની રુચિ (ઝંખના) અને વૈરાગ્ય તે વ્યવહાર સાધના માર્ગ.

વૈરાગ્યની દેવચંદ્રીય પરિભાષા હૃદયંગમ છે : પૌદ્ગલિક અનુભવનો ત્યાગ.[૩] પુદ્ગલોનો ઉપયોગ સાધક કરી શકે છે; મોટું પુદ્ગલ – શરીર જોડે છે એ માટે; પણ પોતાના ઉપયોગને સાધક અને પુદ્ગલોમાં ભેળવતો નથી.

એક પહોંચેલ સાધકને પૂછવામાં આવેલું કે સાધનાની શરૂઆતની ક્ષણોમાં પણ તમે ખાતા હતા, પીતા હતા, સૂતા હતા... સાધનાની શિખરાનુભૂતિની આ ક્ષણોમાં પણ શરીર છે માટે, તમારે ખાવું, પીવું, સૂવું પડે છે; તો ફરક શો પડ્યો ?

સાધકે કહ્યું : પહેલાં હું ખાતો હતો, હું પીતો હતો; હવે ખવાય છે, પીવાય છે.

મઝાની વાત થઈ કે વૈભાવિક ક્રિયાઓમાં માત્ર ક્રિયાઓ જ હોય; કર્તા એમાંથી ગેરહાજર હોય.

---

૧. દેવચન્દ્ર ચોવીશી, ૪/૧, ૨. એજન, ૧૭/૧૦,

૩. પુદ્ગલ અનુભવ ત્યાગથી. કરવી જસુ પરતીત. એજન, ૪/૧

વૈરાગ્યની આ પરિભાષા કેવી મઝાની થઈ !

માર્ગ પણ મઝાનો (રુચિ, વૈરાગ્ય) મંઝિલ (સ્વરૂપ દશા તરફ આગળ વધવું) પણ મઝાની.

*

દેવચંદ્ર ચોવીશી મારો પ્રિય ગ્રંથ છે. ચોવીશીના એક એક સ્તવનને હું ગ્રંથ કહું છું. ક્યારેક તો એક કડી પણ એક ગ્રંથ જેવી લાગે.

સુવિધિનાથ પ્રભુના સ્તવનની આ કડીની, અશબ્દ વાચનામાં, એક કડીનાં ચાર ચરણોમાં ચાર સાધનાઓ આવી છે :

તુમે પ્રભુ જાણગ રીતિ, સઈ જગ દેખતાં હો લાલ;
નિજ સત્તા એ શુદ્ધ સહુને લેખતા હો લાલ;
પર-પરિણતિ અદ્વેષપણે ઉવખેતા હો લાલ;
ભોગ્ય પણે નિજશક્તિ અનંત ગવેષતા હો લાલ.

શબ્દ વાચનામાં પ્રભુ તરફ ખૂલતાં ચારે ચરણોને અશબ્દ-વાચનામાં સાધનાપરક રીતે ખોલી શકાય છે.

સાધક જડજગત જોડેનો વ્યવહાર જ્ઞાતાભાવથી કરશે. ચેતનાજગત જોડેનો એનો વ્યવહાર કેવો હશે ? એ પોતાના સિવાયની બધી ચેતનાઓને સચ્ચિદાનંદ વડે પરિપૂર્ણ જોશે.

નિમિત્તોના જગતમાં રહેનાર સાધકને ક્યારેક કો'ક નિમિત્ત પોતાની સાધનામાં અવરોધક દેખાશે તો એ એ નિમિત્તથી દૂર થઈ જશે. પણ એ સમયે પણ એ નિમિત્ત પ્રત્યે  કે એ નિમિત્તને સર્જનાર પરિબળો પ્રત્યે દ્વેષ નહિ હોય. અને સ્વની દુનિયા તરફ આગળ વધી રહેલો સાધક સ્વગુણો આદિનો ભોગ કરતો હશે.

આ દુનિયામાં રહેવા છતાં એમ લાગે કે આવો સાધક અહીં નથી. યાદ આવે પૂજ્ય આનંદઘનજી મહારાજ :

'સબ મેં હૈ ઔર સબ મેં નાહિ, તૂં નટરૂપ અકેલો;
આપ સ્વભાવ ઔર વિભાવમેં રમતો, તૂં ગુરુ ઔર તૂં ચેલો.'

સાધક પોતાની આસપાસ રહેલ પદાર્થોમાં જાગૃતિના સ્તરે છે; પોતાનું વસ્ત્ર કે પાત્ર વ્યવહારથી છે એવું તે માને છે; પણ એ એક્કેય પદાર્થમાં તે મૂર્ચ્છારૂપે નથી.

એક કડી. ચાર ચરણો. અને ચાર ચરણોમાં ચાર સાધનાની પ્રસ્તુતિ. અનુભૂતિવાન વ્યક્તિત્વની આ અભિવ્યક્તિમાં જલસો આપણને છે !

*

તેમની અભિવ્યક્તિની એક બીજી વિશેષતા છે - ભક્તિ અને સાધનાની જુગલબંધી. ભક્તિ અને સાધનાની સરસ ગૂંથણી.

ભક્તિરસથી સભર પ્રસ્તુતિ વડે ભાવકના હૃદયને ભીનું ભીનું બનાવીને તેઓ બહુ જ સરળતાથી તેને સાધનાની શિખરાનુભૂતિ ભણી લઈ જાય છે. ૨૪માં સ્તવનનો પ્રારંભ કેટલો તો ભક્તિરસથી ભીનો છે ! :

'તાર હો તાર પ્રભુ ! મુજ સેવક ભણી...'

પણ કુશળ સદ્‌ગુરુની જેમ તેઓ ભાવકમાં આવેલ ભીનાશનો પૂરો ઉપયોગ કરે છે અને સાધકને સાધના જગતમાં આવતા અવરોધો વડે માહિતગાર કરી તેની સાધના વેગપૂર્વક ચાલે તેવું કરી આપે છે.[૪]

*

આવું અનુભૂતિવાન વ્યક્તિત્વ શબ્દ-શક્તિપાત શી રીતે કરે એનું એક મઝાનું ઉદાહરણ સુવિધિનાથ ભગવાનના સ્તવનના પ્રારંભમાં મળે છે.

સમાધિરસથી સભર પ્રભુનું દર્શન થતાંની સાથે જ, પોતાની ભૂલાયેલ સ્વરૂપદશાનું સ્મરણ અને રાગ, દ્વેષ આદિ સંક્લેશોમાંથી નીકળીને સાધકનું સ્વસત્તાના પ્રાકટ્ય માટે નીકળી પડવું...[૫]

સાધક ધીમેથી આ કડી ઉચ્ચારતો જાય, પ્રભુના પ્રશમરસથી સભર અસ્તિત્વનું દર્શન એને થવા લાગે...

એમ લાગે કે કડીના શબ્દો શબ્દો ન રહેતાં જીવંત પ્રક્રિયારૂપે ભીતર અવતરવા લાગે. અને ત્યારે, આનંદાશ્રુના પૂરમાં તણાઈને આવતા, ભક્તના કંઠેથી વહેતા આ શબ્દો કેવા તો પ્યારા લાગે !

દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો હો લાલ,
ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો હો લાલ;
સકળ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ,
સત્તાસાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ.[૬]

*

---

૪. એજન, ૨૪/૨, ૩, ૫. ૯/૧, ૬. ૯/૧

ક્યારેક અનુભૂતિવાન સાધનાચાર્યરૂપે, ક્યારેક ઉત્કૃષ્ટ ભક્તિયોગાચાર્યરૂપે, ક્યારેક આપણને હાથ પકડીને અગમ્ય કેડી પર લઈ જનાર સદ્‌ગુરુ તરીકે દેખાતા પૂજ્યપાદ દેવચંદ્રજી મહારાજ બધા જ રૂપોમાં એવા તો મનોહર લાગે છે !

એક જગ્યાએ તેઓશ્રી કુશળ મનોવૈજ્ઞાનિક આયામને પકડીને ભાવકને આગળ લઈ જવાની કોશીશ કરે છે :

તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી, ઉપજે રુચિ તિણે તત્ત્વ ઈહે;
તત્ત્વરંગી થયો દોષથી ઊભગ્યો. દોષ ત્યાગે ઢળે તત્ત્વલિહે...[૭]

પ્રભુની પરમ શુદ્ધદશાને જોઈને ભાવકને આશ્ચર્ય ઉપજે છે એ પ્રથમ ચરણથી શરૂ થયેલી યાત્રા સાતમા ચરણે પોતાની શુદ્ધદશાને આસ્વાદવામાં પરિણમે છે. વચલાં ચરણો છે : (શુદ્ધિ મેળવવા માટેની) રુચિ, નિર્મળ આત્મતત્ત્વને પામવાની ઝંખના, તેને જ પામવાની અદમ્ય ઝંખના, દોષોથી કંટાળો, દોષોનો ત્યાગ.

પહેલું ચરણ મનોવૈજ્ઞાનિક લયમાં આવ્યું છે. પ્રભુના નિર્મળ સ્વરૂપને જોતાં તેને પામવાની ઝંખના જે નથી થતી એનું કારણ અહીં આવ્યું. આશ્ચર્ય - વિસ્મય જ્ઞાત મનના સાંકડા વર્તુળને છેદી નાખે છે અને એ છેદાતાં જ થાય છે : અરે, વાહ ! આટલું નિર્મળ રૂપ ! શું આવું નિર્મળ રૂપ હોઈ શકે ? આ જ લયમાં શિવસૂત્ર કહે છે : '**विस्मयो योगभूमिका**' વિસ્મય જ યોગનું પ્રવેશદ્વાર છે.

*

એક ઝેનકથા યાદ આવે.

શિષ્ય ગુરુના ખંડમાં ગયા. વંદના કરી પૂછે છે : ગુરુદેવ ! ભગવાન બુદ્ધના ચહેરા પર કેવો પ્રશમભાવ રેલાતો હશે ! થોડીક એની વાત આપ કરો તો !

ગુરુએ જોયું કે શિષ્ય બહુ જ સ્થૂળ ભૂમિકા પરથી આ પ્રશ્ન કરી રહ્યો હતો. ગુરુએ શિષ્યને બોચીથી પકડ્યો. બાજુની બારીમાંથી નીચે પટક્યો. સદ્‌ભાગ્યે નીચે રેત હતી. શિષ્ય ચત્તો પાટ પડેલો ધરતી પર. એને ગુરુએ બારીમાંથી ડોકિયું કર્યું. શિષ્યને પૂછ્યું : ખ્યાલ આવે છે કે ભગવાન બુદ્ધના ચહેરા પર કેવો પ્રશમભાવ હશે ? શિષ્યે હકારમાં માથું હલાવ્યું. ગુરુની પાસે તે આવ્યો અને કૃતજ્ઞતા વ્યક્ત કરી.

ગુરુએ એને પટક્યો ત્યારે એ સ્તબ્ધ જ થઈ ગયો. એ સ્તબ્ધતા આશ્ચર્યમાં રૂપાંતરિત થઈ. જેને કારણે એમની મનની સ્થૂળ સપાટી બાજુમાં ખસી ગઈ. હવે એણે ગુરુનો ચહેરો જોયો, એ ચહેરા પર એને દિવ્ય પ્રશમભાવ દેખાયો. એથી એણે

---

૭. ૫/૮

અનુમાન કર્યું કે ગુરુના ચહેરા પર આવો પ્રશમભાવ છે, તો બુદ્ધના ચહેરા પર તો એ કેવી અલૌકિક કક્ષાનો હશે !

*

પૂજ્યપાદશ્રીજીએ અહીં આશ્ચર્યથી શરૂઆત કરી. અને રુચિને વિસ્તારી સ્વત્વના આસ્વાદ સુધી તેઓ ભાવકને લઈ ગયા.

જો કે, શબ્દોની ગાગરમાં અનુભૂતિના આ વિરાટ સાગરને ભરવો એ અશક્ય કાર્ય જ છે. અહીં તો માત્ર આંગળીચિંધણું થયું છે.

•


મા
રો
પ્રિ
ય
ગ્રં
થ

# સોહમકુલરત્નપટ્ટાવલી રાસ

## કવિ બહાદુર પંડિત શ્રી દીપવિજયજી મ.

ગુજરાતી

*પૂજ્ય આચાર્યદેવશ્રી મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ., પૂજ્ય આચાર્યદેવશ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ. અભ્યાસક સંશોધક વ્યક્તિત્વના ધણી છે. સંસ્કૃતભાષામાં વ્યવહાર કરવાની તેમની નિષ્ઠા ગજબની છે. સાધનામાં સહાયક ગ્રંથ પ્રિય હોય તે સમજી શકાય છે. કોઈ ઈતિહાસગ્રંથ પ્રિય હોય તો વિશેષતા ગણવી રહી. પૂજ્યશ્રીનો લેખ ઈતિહાસદષ્ટિ જાગૃત કરવામાં મદદરૂપ થશે.*



# સોહમકુલરત્નપટ્ટાવલીરાસ : વિહંગાવલોકન

**– આચાર્ય વિજયમુક્તિ / મુનિચંદ્રસૂરિ**

'તમારો પ્રિય ગ્રંથ કયો ?' એવું કોઈ પૂછે તો જવાબ કયો આપવો ? મોટી મુંઝવણ છે. આ આચારાંગ-ઉત્તરાધ્યયન વગેરે ગ્રંથો કંઠસ્થ કર્યા અને તેનો સ્વાધ્યાય ચાલતો ત્યારે તે તે ગ્રંથો ઘણા પ્રિય લાગતા. જો કે, આજે પણ લાગે છે. આચારાંગસૂત્રનું પ્રથમ શ્રુતસ્કંધ વાંચતાં તો એમ જ લાગે : સાક્ષાત્ ભગવાન આપણી સમક્ષ બોલી રહેલા છે.

**'खणं जाणाहि पंडिए !'** કેટલું અદ્‌ભુત વચન !

ઉત્તરાધ્યયનસૂત્રમાં પણ પ્રભુની કેવી દિવ્યવાણી !

**'अप्पा कत्ता विकत्ता य, सुहाण य दुहाण य'**

મારો આત્મા જ મારા સુખનો ને દુઃખનો કરનારો છે અને હરનારો છે. મારો આત્મા જ નંદનવન છે. મારો આત્મા જ વૈતરણી નદી છે. પ્રભુનું આ કેવું ટંકશાળી વચન ! જો આપણને આ સૂત્ર હૃદયસ્થ હોય તો આપણા દુઃખ માટે કે સંકટ માટે બીજાને જવાબદાર શી રીતે માની શકીએ ?

એ રીતે ઉપમિતિ પણ અદ્‌ભુત ગ્રંથ છે. પાત્રોની અદ્‌ભુત ગુંથણી ! પ્રસંગનું અદ્‌ભુત સૂક્ષ્મેક્ષિકાપૂર્વકનું વર્ણન ! એ પણ પ્રસાદ શૈલીમાં ! પ્રવાહબદ્ધ ભાષા જકડી રાખે તેવી ! છેલ્લા પ્રસ્તાવોમાં **'तदा ते परमं सुखम्'** વગેરે શ્લોકો તો હૃદયને હલબલાવી દે તેવા છે. ઉપમિતિ ગ્રંથ પાંચ વખત અમે વાંચ્યો છે. (અર્થાત્ વંચાવ્યો છે. અમારા જીવનમાં જે ગ્રંથો ભણાવવાના આવ્યા તેનું જ પ્રાયઃ ભણવાનું - વાંચવાનું થયું છે) છતાં ક્યારેય એ ગ્રંથ વાંચતાં કંટાળો નથી આવ્યો.

છતાં અમે અહીં એ ગ્રંથ જ પ્રિય છે, એમ કહેવા નથી માંગતા. અમારી આદત છે, જ્યારે જે ગ્રંથ ચાલતો હોય ત્યારે તે ગ્રંથને પ્રિય-અતિપ્રિય બનાવીને ચાલવું. એ રીતે અત્યારે અમારે બે ગ્રંથો (ઉત્તરાધ્યયન અને યતિજીતકલ્પ) ચાલે છે. અને સાંજે પ્રતિક્રમણમાં કવિબહાદુર દીપવિજયજીકૃત 'સૌધર્મકુલપટ્ટાવલી' સજ્ઝાયરૂપે ચાલે છે. મુનિશ્રી મુક્તિતિલકવિજયજી આ સજ્ઝાય બોલે છે.

અત્યારે આ પટ્ટાવલી પ્રિય છે. એના પર અમે કંઈક લખવા માંગીએ છીએ. ત્રિપુટી મહારાજવાળા મુનિશ્રી જ્ઞાનવિજયજી દ્વારા સંપાદિત (પૂરવણી : દર્શનવિજય) પટ્ટાવલી સમુચ્ચય ભાગ-૨માં સૌ પ્રથમ જ આ પટ્ટાવલી મૂકવામાં આવી છે.

આના રચયિતા છે : આણસૂરગચ્છીય કવિરાજ શ્રી દીપવિજયજી. આણસૂરગચ્છ એટલે તપાગચ્છનો જ એક વિભાગ. વિક્રમના સત્તરમા સૈકાના ઉત્તરાર્ધમાં વિજયદેવસૂરિના સમયે તપાગચ્છમાં બે વિભાગ પડ્યા હતા. વિજયદેવસૂરિને અમાન્ય ઠરાવીને કેટલાક તત્ત્વોએ વિજયતિલકસૂરિને પટ્ટધર તરીકે નીમ્યા. ત્રણ જ વર્ષમાં એ કાળધર્મ પામતાં તેમની પાટે વિજયઆનંદસૂરિ આવ્યા. તપાગચ્છનો કેટલોક (બહુ જ થોડો) ભાગ એમાં ભળતાં લોક-જીભે 'આનંદસૂરિ' પરથી 'અણસૂર ગચ્છ' નામ પડ્યું ને શેષ મોટો ભાગ 'દેવસૂરિ' પરથી 'દેવસૂર ગચ્છ' કહેવાયો.

આણસૂર ગચ્છ તરીકે ઓળખાતો એ નાનો વિભાગ ઓગણીસમી સદીના અંત સુધીમાં લગભગ અસ્તાચલે પહોંચી ગયો હતો. એ પરંપરામાં થયેલા કવિશ્રી દીપવિજયજી ખૂબ જ સારા કવિ હતા. મેવાડના મહારાણા ભીમસિંહે તેમને 'કવિરાજ' એવું બિરૂદ આપેલું (આ વાત તેમણે પોતે જ આ જ કૃતિમાં સોળમી ઢાળની પંદરમી ગાથામાં જણાવી છે) અને વડોદરાના ગાયકવાડ રાજવીએ તેમને 'કવિબહાદુર'નું બિરૂદ આપ્યું હતું. આ વાત પૂરવણીમાં દર્શનવિજયજી મહારાજે જણાવી છે. કવિશ્રી દીપવિજયજીએ પણ પોતાના માટે આ બન્ને વિશેષણો યથાયોગ્ય સ્થાને વાપર્યાં છે. જો કે, આ કવિ વિષે જૈન સંઘ પરિચિત જ છે; કારણ કે દર વર્ષે દરેક સંઘમાં 'હાલો હાલો હાલો મારા નંદને રે' આ હાલરડું લગભગ બોલાય છે. એના કર્તા આ જ કવિરાજ છે. વિ.સં. ૧૮૭૭માં સુરતમાં પોરવાળ અનુપચંદ વ્રજલાલ શાહના આગ્રહથી આની રચના કરવામાં આવી છે. મુનિસુંદરસૂરિકૃત પટ્ટાવલી (ગ્રંથાવલી), ઉપાધ્યાય શ્રી ધર્મસાગરકૃત તપાગચ્છ પટ્ટાવલી, દેવેંદ્રસૂરિકૃત દુપ્પસહયંત્ર ('દુસ્સમકાલસમણસંઘથય' સાવચૂરિક) પ્રભાચંદ્રસૂરિરચિત 'પ્રભાવકચરિત' અને કલ્પસૂત્રગત સ્થવિરાવલીનો આ કૃતિ માટે આધાર લેવામાં આવ્યો છે.

પટ્ટાવલીનો આ રાસ એક અદ્ભુત ઐતિહાસિક કૃતિ છે. સ્વયં કવિશ્રી પણ ઈતિહાસના રસિક લાગે છે. ઉપરના પાંચ આધાર ગ્રંથો સિવાયની બીજી પણ ઘણી ઐતિહાસિક ઘટનાઓ આમાં વણી હોય, તેવું દેખાય છે.

આવી સુંદર માહિતીપૂર્ણ રચના હોવા છતાં મોટા ભાગનો જૈન સંઘ આનાથી અજાણ છે. આથી જ અમે પ્રિય ગ્રંથ તરીકે આના પર લખવા તૈયાર થયા છીએ. આ ગ્રંથમાં ચાર ઉલ્લાસ અને એકસઠ ઢાળ છે. (કુલ ગાથાઓ લગભગ ૧૨૦૦ જેટલી છે)

પોતે આણસૂર ગચ્છના હોવાથી દેવસૂરિ પછી આણસૂરગચ્છની પરંપરા જણાવી રાસ પૂરો કર્યો છે, પણ પછી દેવસૂર ગચ્છનું વર્ણન જરૂરી લાગતાં તેની પણ રચના કરી છે. તે વખતે વિદ્યમાન જિનેંદ્રસૂરિ સુધી પરંપરા બતાવી છે. યાદ રહે કે તે વખતે તપાગચ્છની આચાર્ય પરંપરા આ જ હતી કે જેને આજે શ્રીપૂજ્યોની પરંપરા તરીકે ઓળખીએ છીએ. આશ્ચર્ય એ છે કે બે હજાર સાધુઓ (પાછળથી જેમની પરંપરા 'ગોરજી' તરીકે ઓળખાઈ)નું સુવિશાળ જૂથ ધરાવતી એ આચાર્ય-પરંપરા અત્યારે સંપૂર્ણપણે લુપ્ત થઈ ગઈ છે ને માત્ર સત્તર સાધુઓથી શરૂ થયેલી સંવેગી શાખા અત્યારે મુખ્ય બની ગઈ. આનો અર્થ એ થાય કે જે આચાર-સંપન્ન રહે તેની જ પરંપરા ચાલે.

આ પટ્ટાવલીમાં કવિશ્રીએ ઘણી-ઘણી વાતો વણી લીધી છે. ખાસ તો પટ્ટાવલીમાં નહિ આવતા સિદ્ધસેનદિવાકરસૂરિ, હરિભદ્રસૂરિ, હેમચંદ્રસૂરિ વગેરેનું પણ સવિસ્તર રસાળ વર્ણન કર્યું છે. જો કે દેવસૂરિથી દેવસૂરગચ્છ શરૂ થયો ત્યાર પછી થયેલા ઉપા. યશોવિજયજી, ઉપા. વિનયવિજયજી જેવા મહાપુરુષોનું વર્ણન નથી કર્યું. નામોલ્લેખ પણ નથી કર્યો. આનું કારણ દેવસૂર-આણસૂર ગચ્છભેદ હોઈ શકે અથવા સંક્ષેપમાં પૂરું કરવાનો ઈરાદો પણ હોઈ શકે.

હવે આપણે આ પટ્ટાવલીમાં આવતી કેટલીક નવી હકીકતો તરફ નજર કરીએ.

- બારમી ઢાળમાં વીસમી પાટે થયેલા માનતુંગસૂરિએ કરેલી ભક્તામર સ્તોત્રની રચનાનું વર્ણન કર્યું છે. તે પહેલાંની ઢાળમાં પૂર્વભૂમિકારૂપે કવિ બાણ અને મયૂરનું વર્ણન કર્યું છે. બન્ને વચ્ચે સસરા-જમાઈનો સંબંધ હોવા છતાં કાતિલ સ્પર્ધા હતી. બન્ને વચ્ચે વારંવાર શાસ્ત્રાર્થ થયા કરતા. 'મોટો કવિ કોણ ? મોટો જ્ઞાની કોણ ?' આનો નિર્ણય કરે કોણ ? ભોજ રાજાએ કહ્યું : તમે બન્ને કાશ્મીર જાવ. સરસ્વતી જે નિર્ણય આપે તે ખરો. બન્ને જણા કાશ્મીર તરફ ચાલ્યા. રસ્તામાં માત્ર ઓંકારની ટીકાથી ભરેલા હજારો ગ્રંથ બતાવીને સરસ્વતીએ બન્નેનો ઘમંડ ઉતાર્યો. (ઢાળ-૧૧)
- તેરમી ઢાળની પૂર્વના દુહાઓમાં રાગ વાણિયાના કારણે થયેલું શિલાદિત્યનું મરણ અને વલભીનો ભંગ વગેરે વર્ણવેલું છે.
- તેરમી ઢાળમાં ''આચારાંગ આદિ અંગમાં' 'જહા પન્નવણાએ' 'જહા નંદીએ' આવા પાઠ શી રીતે સંભવી શકે ? અંગ કરતાં ઉપાંગ પહેલાં શી રીતે બની શકે ? આચારાંગ વગેરે અંગ છે જ્યારે પન્નવણા વગેરે ઉપાંગ છે.'' આવો પ્રશ્ન ઊભો કરીને કવિ પોતે જ જવાબ આપતાં કહે છે : આ બધી ગોઠવણ (સંપાદન) દેવર્દ્ધિ ગણિએ આગમો પુસ્તકારૂઢ થયા ત્યારે કરી છે.

- હરિભદ્રસૂરિજીના જીવનના પ્રારંભમાં ચિત્તોડનું વર્ણન કર્યું છે. વિ.સં. ૧૧૯૧માં ત્યાં સૌ પ્રથમ બાપા રાવળનું રાજ્ય સ્થપાયું. તેની વંશ-પરંપરાના વર્ણનમાં અનેક નવી-નવી માહિતીઓ મૂકી છે. જેમકે - ત્રેવીસમા રાવળ સમરસિંહ થયા. તેના ચાર સંતાનોમાંથી બે સંતાનોએ નેપાળ કબજે કર્યું. તેમના સંતાનો ગુરખા (ગોરક્ષક) કહેવાયા. ત્રીજું સંતાન પુત્રી હતી, જેને પરણવા કુમારપાળ ચિત્તોડ આવ્યા હતા. ચોથો પુત્ર રાવળ કરણસિંહ ચિત્તોડનો ગાદીપતિ બન્યો. તેના ત્રણ પુત્રો મહાપજી, રાહપજી અને ધીરજી હતા. ત્રીજા પુત્ર ધીરજી (ધીરસિંહ)નો કોઢ રોગ સાંડેરગચ્છના આચાર્યે મટાવતાં તે જૈન ઓસવાળ બન્યો. સીસોદિયા ગોત્રીય આની પરંપરામાં આગળ શાંતિદાસ ઝવેરી થયા. (આ જ પરંપરામાં લાલભાઈ, કસ્તુરભાઈ, શ્રેણિકભાઈ વગેરે (આ.ક. પેઢીના પ્રમુખો) થયેલા છે)
- કરણસિંહના બીજા પુત્ર રાહપજીથી (વિ.સં. ૧૨૨૯) 'રાણા' લખવાનું શરૂ થયું. કારણ કે મોટા ભાઈની ગેરહાજરીમાં મુસ્લીમ બાદશાહના સહકારથી મામા પાસેથી તેણે ચિત્તોડ યુદ્ધ કરીને કબ્જે કર્યું હતું. (પિતા કરણસિંહના મૃત્યુ વખતે એક પણ પુત્ર હાજર ન હોતાં રાજાના સાળાએ ગાદી કબજે કરી હતી) માહપજી મોટાભાઈ હોવાથી એમનું કહેવું રાહપજીએ સ્વીકાર્યું ('રાવળ' તરીકે હું જ રહીશ' એમ માહપજીએ કહેલું હતું) રીસાયેલા માહપજીએ ચિત્તોડ છોડીને વાંસવાડા પ્રદેશમાં જઈ ડુંગરપુર વસાવ્યું. તેની પરંપરામાં આવેલા 'રાવળ' કહેવાયા.
- રાહપજીની તેરમી પેઢીએ અજયસિંહજી આવ્યા. તેનો પુત્ર સજ્જનસિંહ રીસાઈને દક્ષિણમાં (મહારાષ્ટ્રમાં) ગયો. ત્યાં સાતારામાં રાજ્ય સ્થાપ્યું. (વિ.સં. ૧૩૬૧) છત્રપતિ શિવાજી - સંભાજી - સાહુજી વગેરે એ વંશ હજુ સુધી ચાલે છે. (દીપવિજયજીના સમયે કદાચ સાહુજીનું શાસન ચાલતું હશે) કરણસિંહજી છત્રપતિ સાહુ સુધી ત્રેવીસ પેઢી થઈ. (સ્વામી સચ્ચિદાનંદે લખેલા છત્રપતિ શિવાજીના પુસ્તકમાં જણાવવામાં આવ્યું છે કે - ''શિવાજીનો છત્રપતિ તરીકે રાજ્યાભિષેક કરવાનો સમય આવ્યો ત્યારે એક પણ બ્રાહ્મણ એમાં ન જોડાયો. ક્ષત્રિય સિવાયના લોકોનો રાજ્યાભિષેક ન થઈ શકે. આથી શિવાજીએ કાશીથી પ્રાયઃ વિશ્વનાથ નામના કોઈ વિદ્વાન બ્રાહ્મણને બોલાવ્યા. એમણે (કાશીના પંડિતે) ગમે તે રીતે શિવાજી ક્ષત્રિય છે, એમ ગોઠવી કાઢ્યું અને રાજ્યાભિષેક વિધિ કરાવી દીધી. તેણે 'શિવાજી' મેવાડથી ૩૦૦-૪૦૦ વર્ષ પહલાં આવેલા રાણાના વંશજ છે.'' એવું શોધી કાઢ્યું હોવાનું જણાવ્યું. આજે પણ મહારાષ્ટ્રના શુદ્ધ બ્રાહ્મણો શિવાજીને ક્ષત્રિય માનતા નથી.)

- ૧૮મા રાણા કુંભાજીએ કુંભલમેર વસાવ્યું. રાણકપુરના દેરાસરમાં (વિ.સં. ૧૪૯૫) બે સ્તંભ કરાવ્યા.
- ૨૧મા રાણા રત્નસિંહની પત્ની પદ્મિની હતી. તેને મેળવવા કોઈ મુસ્લીમ બાદશાહે (ઘણું કરીને મહમ્મદ ખીલજી) આક્રમણ કર્યું. દગાથી રત્નસિંહને માર્યો. પદ્મિનીએ બીજી સ્ત્રીઓ સાથે અગ્નિસ્નાન કર્યું.
- બાર-બાર વર્ષ સુધી બાદશાહ (અકબર) સાથે લડત ચાલુ રાખનારા મહારાણા પ્રતાપસિંહ.
- વિ.સં. ૧૬૨૪માં ચિત્તોડ ભાંગ્યું. ઉદયપુર વસાવવામાં આવ્યું. (વિ.સં. ૧૬૨૫)
- અઠ્યાવીસમાં રાણા રાજસિંહના સમયે ઔરંગઝેબના વૃંદાવન પરના આક્રમણના કારણે શ્રીનાથજીની મૂર્તિ નાથદ્વાર (ચારભુજા)માં આવી. વિ.સં. ૧૭૩૨માં રાજસમુદ્ર નામનું વિશાળ તળાવ બન્યું.
- રાણા ભીમસિંહે દીપવિજયજીને 'કવિરાજ' બિરૂદ આપ્યું.
- રાવળ સગતકુમાર (શક્તકુમાર ?)ના સમયે હરિભદ્રસૂરિજી થયા.
- આપણે ત્યાં એવી વાત પ્રચલિત છે કે હરિભદ્ર ભટ્ટને યાકિની મહત્તરાએ કહેલું કે ગાથાનો અર્થ સમજાવવાનો અમારો અધિકાર નથી, પણ અમારા ગુરુજી (જિનભટ્ટસૂરિ)ને આ અધિકાર છે. આપ ત્યાં જાવ. પરંતુ અહીં દીપવિજયજી કહે છે કે યાકિની મહત્તરાએ સ્વયં ગાથાનો અર્થ (ઢાળ-૧૭, ગાથા-૬) કહ્યો છે. દીક્ષા આપવાની વાત આવી ત્યારે જણાવ્યું કે 'આ અધિકાર અમારો નથી. તમે અમારા ગુરુજી પાસે જાવ.'
- હંસ અને પરમહંસના મૃત્યુ પછી તેમના પુસ્તક સંગ્રહમાંથી બૌદ્ધોની મંત્ર-આમ્નાયનો વસુધારા નામનો ગ્રંથ હરિભદ્રસૂરિજીને મળ્યો હતો, જેને દીવાળી સમયે જપવાની વિધિ હતી. (ઢાળ-૧૭, ગાથા-૧૯)
- આપણે ત્યાં એવી વાત પ્રસિદ્ધ છે કે ૧૪૪૪ બૌદ્ધ પંડિતોને ઊકળતા તેલમાં તળવા તૈયાર થયેલા હરિભદ્રસૂરિને ગુરુદેવે નવ ગાથા મોકલી ક્રોધના કટુ વિપાક બતાવ્યા ને તેઓ શાંત થયા. તે નવ ગાથા પરથી 'સમરાઇચ્ચ કહા' નામની કૃતિ બનાવી. પણ અહીં દીપવિજયજી જુદી જ વાત બતાવે છે. શાસનદેવી ડોકરી (વૃદ્ધા)નું રૂપ લઈને આવી ને દેડકીની વિરાધનાનું પ્રાયશ્ચિત માંગ્યું. ને એ પ્રાયશ્ચિત્ત અટ્ઠમરૂપે મળતાં પૂછ્યું : 'તો ૧૪૪૪ માણસોને મારવાનું પ્રાયશ્ચિત કેટલું ?' પછી શાસનદેવીએ પ્રગટ થઈ સૂરિજીને શાંત કર્યા. સૂરિજીના કહેવાથી

શાસનદેવીએ સીમંધરસ્વામીને પ્રાયશ્ચિતનું પૂછ્યું. સીમંધરસ્વામીએ ૧૪૪૪ નવા ગ્રંથો રચવાનું કહ્યું. (ઢાળ-૧૭)

- સાંડેર ગચ્છીય યશોભદ્રસૂરિજી (જન્મ વિ.સં. ૯૫૭) ૧૧ વર્ષની ઉંમરે આચાર્ય બનેલા. વિ.સં. ૧૦૧૦માં વલભીપુરથી આદિનાથનું દેરાસર નાડલાઇમાં લાવ્યા. બચપણથી જ પ્રતિસ્પર્ધી બનેલો જોગી શિવાલય લાવ્યો. બન્ને મંદિરો આજે પણ નાડલાઈમાં છે. (ઢાળ-ઢાળ-૧૯ના દૂહા-૮ થી ૧૩)
- કલિકાલસર્વજ્ઞ આ. શ્રી હેમચંદ્રસૂરિજીની ગુરુપરંપરા : પૂર્ણતલ્લ ગચ્છીય દત્ત - યશોભદ્ર - પ્રદ્યુમ્ન-ગુણસેન-યશોભદ્ર-દેવચંદ્રસૂરિજી. (દેવચંદ્રસૂરિ નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિના ભાઈ હતા એમ પૂરવણીમાં લખ્યું છે.)
- કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી સોમનાથ પ્રતિષ્ઠા સમયે મહાદેવના દર્શનાર્થે કુમારપાળ સાથે ગયેલા એવું આપણે જાણીએ છીએ, પણ અહીં કવિશ્રી સિદ્ધરાજ જયસિંહના સમયે સિદ્ધપુરમાં બંધાવેલા રૂદ્રમાળ (રુદ્રમહાલય)માં આ ઘટના ઘટી હોવાનું જણાવે છે. (ઢાળ ૨૧ના દૂહા ૧૦-૧૪)
- સિદ્ધરાજ જયસિંહ બાર વર્ષ ગર્ભમાં રહ્યો હતો. કંટાળીને માતા મીનલદેવી નર્મદામાં ડૂબીને જીવનનો અંત લાવવા ડભોઈમાં આવી. ત્યાં કોઈ જૈન મુનિના કહેવાથી ખોટો લેખ લખ્યો કે પુત્રનો જન્મ થઈ ગયો છે. પાટણમાં આ સમાચાર મળતાં જ શોક્ય રાણીએ દાટેલું કામણ 'શું કોઈ કાઢી ગયું કે જેથી પુત્રનો જન્મ થઈ ગયો ?' એવી આશંકાથી કાઢ્યું. કામણ કાઢતાં જ આ બાજુ ડભોઈમાં સિદ્ધરાજ જયસિંહનો જન્મ થઈ ગયો. (ઢાળ-૨૩, ગાથા ૬ થી ૧૦)
- વિક્રમની બારમી સદીમાં ગચ્છભેદ ઊભા થયા. એ પહેલાં ગચ્છભેદ (ઉત્સૂત્ર પ્રરૂપણથી થતા ભેદ) નહોતા. ૧૧૫૯માં પૂનમિયો ગચ્છ, ૧૧૬૯માં અંચલગચ્છ, ૧૨૧૨માં ખરતરગચ્છ, ૧૨૫૦માં આગમિક ગચ્છ, ૧૨૯૬માં દોઢ પૂનમિયો ગચ્છ વગેરે ગચ્છો નીકળ્યા. (ઢાળ-૨૪મીના દૂહા)
- ચોર્યાસી જ્ઞાતિઓના નામો, વસ્તુપાલ-તેજપાલની વાત, વીશા-દશાની ઉત્પત્તિ, લાહોર, મેડતા, જોધપુર વગેરે નગરોની સ્થાપના વગેરે ઐતિહાસિક વિગતો ગુજરાતી ગદ્યમાં મૂકી છે.
- જગચ્ચંદ્રસૂરિ ઉજ્જૈનમાં પધાર્યા ત્યારે ગહુંલીરૂપે પ્રભુ-વાણી અને આચાર્યનું વર્ણન, વ્યાખ્યાનરૂપે જ્ઞાનનું વર્ણન, રોહિણી-તપ-કથાનું વર્ણન (ઢાળ-૨૬ થી ૩૮)
- ભગવાન મહાવીરસ્વામીના ૭૨ વર્ષની સિદ્ધિ

- પર-પ૩માં પટ્ટધર રત્નશેખરસૂરિ-લક્ષ્મીસાગરસૂરિ વખતે સ્થાનકવાસી મતના સ્થાપક લુંકાએ ૧૫૦૮માં જિનપ્રતિમા ઉત્થાપી (ઢાળ-૪૩મીના દૂહા)
- ૫૪માં પટ્ટધર સુમતિસાધુસૂરિના શિષ્ય કમલકલશસૂરિથી (વિ.સ. ૧૫૫૫) 'કમલકલશ ગચ્છ' ચાલ્યો. (પૂરવણીકારે લખ્યું છે : રત્નશેખરસૂરિ-સોમદેવસૂરિ-સુધાનંદનસૂરિ-સુમતિસુંદરસૂરિના શિષ્ય કમલકલશસૂરિ હતા.) (ઢાળ-૪૩મીના દૂહા)
- લોકાંમતના (સ્થાનકવાસી) ગણપતઋષિ, હાનાજી ઋષિ વગેરેએ ૫૫માં પટ્ટધર હેમવિમલસૂરિ પાસે સંવેગી દીક્ષા સ્વીકારી. (ઢાળ-૪૩, ગાથા-૪)
- વિ.સ. ૧૫૬૨માં કડુઆશાહથી 'કડુવામતિ' મત ચાલ્યો. ૧૫૭૦માં વિજયઋષિથી 'બીજામતિ' મત ચાલ્યો. એ જ અરસામાં નાગોરી તપાગચ્છીય પાર્શ્વચંદ્રસૂરિથી 'પાર્શ્વચંદ્રગચ્છ' (પાયચંદ ગચ્છ) ચાલ્યો. (ઢાળ-૪૩, ગાથા ૫-૬)
- ૧૬૨૨માં વિજયદાનસૂરિ વટપદ્રમાં કાળધર્મ પામ્યા. (વટપદ્રથી અહીં વડોદરા નહિ, પણ 'વડાલી' ગામ સમજવું, એમ પૂરવણીકાર.) (ઢાળ-૪૪-૯)
- હીરવિજયસૂરિના મોટા ગુરૂભાઈ રાજવિજયસૂરિને દુષ્કર તપથી તરપણીમાં કામધેનુ પ્રગટ થઈ. અંતસમયે તેમને પટ્ટધર સ્થાપવા ગુરૂ દાનસૂરિએ લેખ લખીને જણાવ્યું, તેમણે આત્મકલ્યાણ કરવાની ઇચ્છા દર્શાવતાં હીરવિજયસૂરિને પટ્ટધર તરીકે સ્થાપ્યા. (ઢાળ-૪૪, ગાથા-૧૦-૧૫)
- હીરવિજયસૂરિની જન્મભૂમિને બિરદાવવા પાલનપુરની ગઝલ કવિશ્રીએ બનાવી છે. એ ગઝલમાં પલ્લવીઆ પાર્શ્વનાથનો ઇતિહાસ તથા બીજી પણ ઘણી વાતો ગુંથી લીધી છે.
- સોમપ્રભસૂરિજીએ પૂર્વે મોટી મારવાડનો વિહાર જલની દુર્લભતાના કારણે નિષેધ્યો હતો. પણ ત્યાં ઢુંઢકમત ફેલાતાં આનંદવિમલસૂરિએ મારવાડનો વિહાર ખુલ્લો કર્યો. યાવજ્જીવ છટ્ઠ કરનારા ઉપા. વિદ્યાસાગરને ત્યાં મોકલ્યા ને તેમણે શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરી ઘણા ભવ્યોને સન્માર્ગે વાળ્યા. (ઢાળ-૪૪, ગાથા ૧ થી ૫)
- લોકાંમત (સ્થાનકવાસી)ના ગણનાયક મેઘજી ઋષિએ પચીસ સાધુઓ સાથે હીરવિજયસૂરિ પાસે દીક્ષા લીધી. (ઢાળ-૫૪ના દૂહા ૫-૬)
- અકબરનો મુકુંદ સન્યાસી તરીકેનો પૂર્વભવ (ઢાળ-૪૫ના દૂહાઓમાં છપ્પય)

- અકબરે હીરવિજયસૂરિના જ્ઞાનની પરીક્ષા કરવા ભોંયરામાં બકરી ઘાલીને પૂછ્યું : અંદર કેટલા જીવ છે ? સૂરિજીએ ‘ત્રણ જીવ’ છે એમ કહેતાં, વાત સાચી નીકળતાં અકબર સ્તબ્ધ થઈ ગયો. ભોંયરામાં ગર્ભવતી બકરીએ બે બચ્ચાંને જન્મ આપી દીધો હતો. (ઢાળ-૪૫, ગાથા ૧૫ થી ૨૦)
- હીરવિજયસૂરિએ સાત દિવસ સુધી અકબરને તેની સાત પેઢી બતાવી (ઢાળ-૪૬, ગાથા ૧ થી ૮)
- દેવસૂર-આણસૂર ભેદ કેમ પડ્યા ? તેના કારણમાં કવિશ્રી કહે છે : ‘‘ધર્મસાગરજીએ ‘કુમતિકુદ્દાલ’ ગ્રંથ રચ્યો હોવાના કારણે તેમને ગચ્છનાયક હીરવિજયસૂરિજીએ ગચ્છ બહાર કર્યા હતા. પણ વિજયદેવસૂરિના તેઓ સંસારી મામા થતા હોવાના કારણે તેમણે તેમને પત્ર લખ્યો કે ‘મારા ગુરુ (વિજયસેનસૂરિ)ના સ્વર્ગગમન પછી હું તમને ગચ્છમાં લઈ લઈશ. ચિંતા કરતા નહિ.’ આ પત્ર વિજયસેનસૂરિના હાથમાં આવતાં તેઓ સખત નારાજ થયા. અંત સમયે ઉપાધ્યાયોને જો મારી આ વાત ન માને તો નવા પટ્ટધર નીમવાની ભલામણ કરી. વિજયસેનસૂરિજીના સ્વર્ગવાસ પછી તે ઉપાધ્યાયો વિજયદેવસૂરિને મળવા ગયા ત્યારે તેઓ મામા મહારાજ (ઉપા. ધર્મસાગરજી મ.) સાથે બેઠા હતા. ઉપાધ્યાયોની વાત કાંઈ સાંભળી નહિ. આથી તેમણે તિલકસૂરિને નવા પટ્ટધર તરીકે નીમ્યા.’’

  (ઇતિહાસકારો કહે છે કે દીપવિજયજીની આ વાત બરાબર નથી. કારણ કે ઉપા. ધર્મસાગરજી તો હીરવિજયસૂરિજીના સ્વર્ગવાસ પછી બીજા જ વર્ષે કાળધર્મ પામ્યા હતા. ને ત્યાર પછી સેનસૂરિજી તો ૨૦ વર્ષ સુધી વિદ્યમાન હતા. તો વિજયસેનસૂરિના સ્વર્ગવાસ પછી ધર્મસાગરજી સાથે દેવસૂરિ શી રીતે વાત કરતા હોઈ શકે ?)

  ત્રણ વર્ષ પછી તિલકસૂરિ કાળધર્મ પામતાં આનંદસૂરિને નવા પટ્ટધર તરીકે સ્થાપ્યા. અમદાવાદમાં બન્ને સૂરિ વચ્ચે સમાધાન થયું. ત્રણ વર્ષ પછી સમાધાન ફરી તૂટ્યું ને આ રીતે તપાગચ્છમાં બે વિભાગ પડ્યા.

  વિ.સ. ૧૬૮૬માં શાંતિદાસ ઝવેરીની અતિઆગ્રહભરી વિનંતિથી વિ.સં. ૧૬૮૬માં ઉપા. મુક્તિસાગરજીને સૂરિપદથી વિભૂષિત કરી રાજસાગરસૂરિ તરીકે જાહેર કરાયા. અહીંથી સાગર-પરંપરાના સૂરિભગવંતો શરૂ થયા.
- આણસૂર ગચ્છની પટ્ટાવલી : વિજયાનંદસૂરિ-વિજયમાનસૂરિ-વિજયઋષિસૂરિ-વિજયસૌભાગ્યસૂરિ-વિજયલક્ષ્મીસૂરિ-વિજયદેવેંદ્રસૂરિ-વિજયમહેંદ્રસૂરિ-વિજયસમુદ્રસૂરિ. વિજયસમુદ્રસૂરિ વિ.સં. ૧૮૭૭ સુધી વિદ્યમાન હતા.

- વિજયઋધ્ધિસૂરિના શિષ્યો ઉ. લક્ષ્મીવિજય અને પં. રામવિજયે પૂનામાં માધવ પેશવાના રાજ્યમાં ઢુંઢીયા (સ્થાનકવાસી)ને વાદમાં હરાવ્યા હતા. (ઢાળ-૪૮, ગાથા ૨૨-૨૩)
- અત્યારે સમગ્ર જૈનસંઘમાં પર્યુષણના પ્રારંભના ત્રણ દિવસોમાં જેમના અટ્ઠાઈ વ્યાખ્યાનો અપાય છે; જેમના જ્ઞાનપંચમીના દેવવંદન સામૂહિકરૂપે કરવામાં આવે છે, જેમનો ઉપદેશ-પ્રાસાદ ગ્રંથ પ્રવચનકારોમાં પ્રિય છે, તે વિજયલક્ષ્મીસૂરિજી મ. આણસૂરગચ્છીય હતા. કવિરાજશ્રી દીપવિજયજીએ સ્વયં એમને જોયા છે, એમની પાસે ભણ્યા છે. એમનો તેમણે લંબાણપૂર્વક પરિચય આપ્યો છે.

આબુની તળેટીમાં રહેલા પાલડીગામમાં પોરવાડવંશીય હેમરાજ અને આણંદબાઈને ત્યાં વિ.સં. ૧૮૧૪ ચૈ.સુ. ૧૦ના દિવસે શિનોરમાં તેમની દીક્ષા અને સૂરિ-પદવી-બન્ને એક જ દિવસે થયા. ને ત્યાર પછી સૌભાગ્યસૂરિ કાળધર્મ પામ્યા. આચાર્ય-પદનો મહોત્સવ ત્યાર પછી કરવામાં આવ્યો. (ઢાળ-૫૨, ગાથા ૫-૬)

(પૂરવણીકાર દર્શનવિજયજીએ લખ્યું છે કે - ''વિ.સં. ૧૮૧૪ મહા સુ. ૫ના સુરચંદને દીક્ષા આપી સુવિધિવિજય નામ આપ્યું. ચૈ.સુ. ૯ના આચાર્યપદ આપી 'વિજયલક્ષ્મીસૂરિ' નામ આપ્યું.'' અર્થાત્ દીપવિજયજીના મતે દીક્ષા અને સૂરિ-પદ એક જ દિવસે થયા છે. જ્યારે અહીં ૬૫ દિવસ પછી સૂરિ-પદવી-પ્રદાન થયું, એમ કહેવામાં આવ્યું છે.)

વિજયલક્ષ્મીસૂરિજી નાના-મોટા સાતસો ગ્રંથો ભણ્યા હતા. વાંચ્યા હતા. તેમણે આયંબિલતપ-પૂર્વક સરસ્વતીનો સવા લાખનો જાપ કર્યો હતો. સ્વપ્નમાં સરસ્વતીએ પ્રગટ થઈ અમૃતનો પ્યાલો પીવડાવ્યો હતો. (ઢાળ-૫૪, ગાથા ૬,૯)

ઋદ્ધિસૂરિના સમયથી આણસૂર ગચ્છમાં મતભેદ થયો હતો, બે પાટપરંપરા ચાલી હતી, પણ લક્ષ્મીસૂરિના પુણ્યપ્રકર્ષના પ્રભાવથી અલગ પટ્ટધરના આગ્રહવાળા તત્ત્વોએ તેમને જ ઉદયસૂરિજીના પટ્ટધર તરીકે સ્થાપ્યા. (વિ.સં. ૧૮૪૯)

વિ.સ. ૧૮૫૮માં સુરતમાં વિજયલક્ષ્મીસૂરિ કાળધર્મ પામ્યા.

- દેવસૂરગચ્છની પાટપરંપરા : વિજયદેવસૂરિ - વિજયસિંહસૂરિ - વિજયપ્રભસૂરિ - વિજયરત્નસૂરિ - વિજયક્ષમાસૂરિ - વિજયદયાસૂરિ - વિજયધર્મસૂરિ - વિજયજિનેંદ્રસૂરિ - વિજયદેવેંદ્રસૂરિ - વિજયધરણેંદ્રસૂરિ - વિજયરાજસૂરિ - વિજયમુનીંદ્રસૂરિ - વિજયકલ્યાણસૂરિ.

  (દીપવિજયજીએ જ્યારે આ પટ્ટાવલીની રચના કરી ત્યારે (વિ.સં. ૧૮૭૭)

વિજયજિનેંદ્રસૂરિ વિદ્યમાન હતા. બુટ્ટેરાયજી મ. અને આત્મારામજી મ.ના સમયમાં ધરણેંદ્રસૂરિથી નબળી પડેલી આ મુખ્ય આચાર્ય-પરંપરા અત્યારે પૂર્ણપણે લુપ્ત થઈ ગઈ છે.)

- રાસની પૂર્ણાહુતિ પછી પટ્ટાવલીની શ્રદ્ધેયતા માટે તે વખતે વિદ્યમાન મુખ્ય મહાત્માઓના મત (સહી) પણ લેવામાં આવ્યા છે.

આણસૂર ગચ્છની ૧૬, દેવસૂર ગચ્છની ૧૧, સાગરગચ્છની ૪, રાજવિજયસૂરિ ગચ્છની બે, લહુડી પોસાલ ગચ્છની ૧ અને વડી પોસાલ ગચ્છની ૧ સહી છે.

ઉપા. ધર્મસાગરજીએ સ્વ-રચિત પટ્ટાવલીમાં પંડિતોની સહી કરાવી છે, તે રીતે અહીં પણ સહી કરાવી છે, એમ છેલ્લે કવિશ્રીએ નોંધ્યું છે.

દેવસૂરિગચ્છમાં તે વખતે વિદ્યમાન પં. શ્રીરૂપવિ. તથા મહાકવિ પં. શ્રી વીરવિજયજીની પણ સહી છે. આ બે જ સંવેગી શાખાના છે. બીજા બધા ગોરજીઓ હશે, એમ જણાય છે.

(તપાગચ્છના તે વખતે વિદ્યમાન છ ગચ્છમાંથી અત્યારે માત્ર બે જ વિદ્યમાન છે : દેવસૂરગચ્છ અને સાગરગચ્છ. સાગરગચ્છવાળાને પણ દેવસૂરગચ્છમાં ગણી લેવામાં આવે તો એક જ રહે છે.)

•

# પરિશેષ-૧

## ગ્રંથસૂચી


**અનુ. / ગ્રંથ / કર્તા / ભાષા / રચનાસમય / અનુવાદ / પ્રકાશન**

૧ **આચારાંગ,** સુધર્મા સ્વામી, પ્રાકૃત, પરમાત્માની હયાતીમાં,

૨ **ભગવતીસૂત્ર,** સુધર્મા સ્વામી, પ્રાકૃત, પરમાત્માની હયાતીમાં, શ્રી દાદર આરાધના ભવન જૈન પૌષધશાળા ટ્રસ્ટ, ૨૮૯, એસ.કે.બોલે રોડ, દાદર, મુંબઈ-૪૦૦૦૨૮.

૩ **નંદીસૂત્ર,** દેવવાચકગણી, પ્રાકૃત, પાંચમી સદી, પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી.

૪ **ઈસિભાઈયાઈ,** પ્રત્યેકબુદ્ધ મહર્ષિ, પ્રાકૃત, પરમાત્માની હયાતીમાં, પ્રાકૃત ભારતી અકાદમી.

૫ **વિશેષાવશ્યકભાષ્ય,** જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, પ્રાકૃત, વિ. ૬-૭ સદી, ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા, શ્રી જૈનધર્મ પ્રસારણ ટ્રસ્ટ, એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્સ, નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ, સુરત, ગુજરાત-૩૯૫૦૦૯.

૬ **તત્ત્વાર્થસૂત્ર,** ઉમાસ્વાતિજી મ., સંસ્કૃત , વિ. પ્રથમ સદી, રાજશેખરસૂરીશ્વરજી મ.સા., યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા - મહેસાણા, જૈન શ્રેયસ્કર મંડલ

૭ **પ્રશમરતિ,** ઉમાસ્વાતિજી મ., સંસ્કૃત, વિ. પ્રથમ શતક, પૂજ્ય આચાર્યદેવ ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ.સા., વિશ્વમંગલ પ્રકાશન, મહેસાણા.

૮ **પંચસૂત્ર,** ચિરંતનાચાર્ય, પ્રાકૃત, અજ્ઞાત, પૂજ્ય આચાર્યદેવ હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. (નેમિસૂરિ સમુદાય), C/o. જિતેન્દ્રભાઈ બી. કાપડિયા, અમદાવાદ-૧૪.

૯ **યોગદષ્ટિસમુચ્ચય,** હરિભદ્રસૂ.મ., સંસ્કૃત, આઠમી શતાબ્દી, દિવ્યદર્શન પ્રકાશન, અમદાવાદ.

૧૦ **લલિતવિસ્તરા,** હરિભદ્રસૂ.મ., સંસ્કૃત, આઠમી શતાબ્દી, પરમતેજ, દિવ્યદર્શન પ્રકાશન, અમદાવાદ.

૧૧ **ઉપમિતિભવપ્રપંચકથા,** સિદ્ધર્ષિ, સંસ્કૃત, વિ.સં. ૯૬૨, મોતીલાલ ગિરધરલાલજી કાપડીયા, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ.

૧૨ **યોગશાસ્ત્ર,** હેમચંદ્રસૂ.મ., સંસ્કૃત, વિ.સં. ૧૨-૧૩,
પૂજ્ય મુનિશ્રી જયાનંદવિજયજી મ. (હિંદી),
गुरु रामचंद्र प्रकाशन समिति, भीनमाल, राजस्थान ।
હેમસાગરસૂ.મ. (ગુજરાતી), જૈન સાહિત્ય વિકાસ મંડલ, વિલેપાર્લે, મુંબઈ.

૧૩ **વીતરાગસ્તોત્ર,** હેમચંદ્રસૂ.મ., સંસ્કૃત, વિ.સં. ૧૨-૧૩,
જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર.

૧૪ **અધ્યાત્મકલ્પદ્રુમ,** મુનિસુંદરસૂ.મ., સંસ્કૃત, વિ.સં. ૧૫ મી,
મોતીલાલ ગિરધલાલજી કાપડીયા, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ.

૧૫ **આનંદઘનજી ના પદો,** આનંદઘનજી મ., ગુજરાતી, વિ.સં. ૧૮ મી સદી,
મોતીલાલ ગિરધલાલજી કાપડીયા, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ.

૧૬ **દેવચંદ્ર ચોવીસી,** દેવચંદ્રજી મ., ગુજરાતી, વિ.સં. ૧૮ મી સદી, પ્રેમલ કાપડીયા, હર્ષદરાય હેરિટજ જજીસ હાઉસ, દામોદરદાસ સુખડવાલા માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૧.

૧૭ **જ્ઞાનસાર,** મહો. શ્રીયશોવિજયજી મ., સંસ્કૃત, વિ.સં. ૧૮ મી સદી, પૂજ્ય
આચાર્યદેવ પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા., C/o. જિતેન્દ્રભાઈ બી. કાપડિયા.
અજંતા પ્રિંટર્સ , ૧૪-બી, સત્તર તાલુકા સોસાયટી, પોષ્ટ : નવજીવન,
અમદાવાદ-૧૪.

૧૮ **દ્રવ્યગુણપર્યાયનો રાસ,** મહો. શ્રીયશોવિજયજી મ., ગુજરાતી,
વિ.સં. ૧૮ મી સદી, ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા, ૭૦૨, રામસા ટાવર,
ગંગા જમના એપાર્ટમેન્ટ પાસે , અડાજણ પાટીયા, સુરત-૩૯૪૦૦૯,
ગુજરાત.

૧૯ **શાંતસુધારસ,** મહો. શ્રીવિનયવિજયજી મ., સંસ્કૃત, વિ.સં. ૧૮ મી, મોતીલાલ ગિરધરલાલજી કાપડીયા, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ.

૨૦ **સોહમકુલપટ્ટાવલી રાસ,** પં.શ્રીદીપવિજયજી મ., ગુજરાતી, વિ.સં. ૧૯૭૭

# પરિશેષ-૨

## લેખકસૂચી

૧ નામ - પૂજ્ય ઉપાધ્યાય શ્રી રત્નત્રયવિજયજી ગણિવર
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રત્નાકરસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય શાંતિચંદ્રસૂરીશ્વરજી મ.સા.

૨ નામ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

૩ નામ - પૂજ્ય મુનિશ્રી આત્મદર્શનવિજયજી મ.સા.
ગુરુ - મુનિરાજ શ્રી આત્મવર્ધનવિજયજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

૪ નામ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય મુનિશ્રી દેવસુંદરવિજયજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

૫ નામ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય અભયદેવસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાલા)

૬ નામ - પૂજ્ય ગણિવર્ય શ્રી વૈરાગ્યરતિવિજયજી મ.સા.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.

૭ નામ - દેવર્ધિ

૮ નામ - પૂજ્ય મુનિશ્રી રત્નવલ્લભવિજયજી મ.સા.
ગુરુ - પૂજ્ય પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

૯ નામ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ચંદ્રગુપ્તસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય અમરગુપ્તસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.

૧૦ નામ - પૂજ્ય મુનિશ્રી દાનવલ્લભવિજયજી મ.સા.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જગવલ્લભસરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

૧૧ નામ - પૂજ્ય મુનિશ્રી સંયમકીર્તિવિજયજી મ.સા.
ગુરુ - પૂજ્ય પંન્યાસશ્રી પુણ્યકીર્તિવિજયજી ગણિવર્ય
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.

૧૨ નામ - પૂજ્ય આચાર્ય શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય મુનિશ્રી પદ્મવિજયજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

૧૩ નામ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયસુંદરસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

૧૪ નામ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

૧૫ નામ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય મુનિશ્રી જયાનંદવિજયજી
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ૐકારસૂરીશ્વરજી મ.સા.

૧૬ નામ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રત્નસેનસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.

૧૭ નામ - પૂજ્ય મુનિશ્રી મોક્ષાંગરત્નવિજયજી મ.સા.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

૧૮ નામ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય અજિતશેખરસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય અભયશેખરસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

૧૯ નામ - શ્રી કુમારપાળ દેસાઈ

૨૦ નામ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહાબલસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.

૨૧ નામ - પૂજ્ય પંન્યાસશ્રી મોક્ષરતિવિજયજી ગણિવર્ય
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.

૨૨ નામ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયકુંજરસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.

૨૩ નામ - પૂજ્ય પંન્યાસ શ્રીયશોવિજયજીગણિવર્ય.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયવિશ્વકલ્યાણસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

૨૪ નામ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોવિજયસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ઓંકારસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ઓંકારસૂરીશ્વરજી મ.સા.

૨૫ નામ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુક્તિચંદ્રસરીશ્વરજી-મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા.
ગુરુ - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.
સમુદાય - પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

# પ્રવચન સ્તંભ

શ્રી હેમતલાલ છગનલાલ મહેતા પરિવાર - કલકત્તા

શ્રીમતી પ્રભાબેન નંદલાલ શેઠ - મુંબઈ

યુવા સંસ્કાર ગ્રુપ - નાગપુર

જયંતીલાલ માણેકચંદ કોઠારી પરિવાર

હસ્તે - પ્રબોધભાઈ, વિરેન્દ્રભાઈ તથા ભરતભાઈ - મુંબઈ

શ્રીમતી કામાક્ષીબેન પ્રવિણચંદ્ર શાહ-(રાંદેર) હાલ - મુંબઈ

શ્રી મણિલાલ બેચરદાસ સાવરકુંડલા પરિવાર - વિલેપાર્લે, મુંબઈ

શ્રીમતી શોભનાબેન ચંદ્રકાંતભાઈ શાહ - જુહૂસ્કીમ, મુંબઈ

ચંપાબેન જયંતિલાલ દાનસુંગભાઈ અજબાણી - મુંબઈ

શ્રી તેજપાલભાઈ શશીકાંતભાઈ શાહ - મુંબઈ

નંદપ્રભા તીર્થભૂમિ ટ્રસ્ટ - પાલીતાણા

# પ્રવચન પ્રેમી

શ્રી સુધીરભાઈ કે. ભણશાળી – કલકત્તા

શ્રી કુમારપાળ, દિનેશકુમાર સમદડિયા – મંચર

શ્રી શાંતિલાલ ગમનાજી રાંકા (મંડારવાળા) – સાબરમતી, અમદાવાદ

આરટેક્ષ એપરલ્સ – સાબરમતી, અમદાવાદ

શ્રી પ્રેમચંદ રવચંદ શાહ (કુણઘેરવાળા) – અમદાવાદ

શ્રી છગનલાલ તિલોકચંદ સંઘવી – સાબરમતી, અમદાવાદ

શ્રી અશોકભાઈ ઘેલાભાઈ શાહ – (જૈન મર્ચન્ટ સો.) અમદાવાદ

શ્રીમતી પન્નાબેન રમેશભાઈ – પાર્લા, મુંબઈ

હરીબાઈ મુળચંદ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ – મુંબઈ

શ્રી વસંતભાઈ પી. કોઠારી (સી.એ.) – મુંબઈ

શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ – મુંબઈ

શ્રીમતી લલીતાબેન ગોવિંદજી શાહ – મુંબઈ

શ્રી શાંતીલાલ હરિલાલ મહેતા – મુંબઈ

શ્રીમતી મોનાબેન મયંક શાહ – મુંબઈ

શ્રી સમરથમલજી જીવાજી વિનાયકીયા (મોકલસર) – પૂના

સંઘવી વીરચંદજી હુકમાજી – પૂના

શ્રીમતી નાથીબાઈ બાબુલાલજી વીરચંદજી રાઠોડ – પૂના

# પ્રવચન ભક્ત

શ્રી ચંદુલાલ નેમચંદ મહેતા – કલકત્તા
શ્રી છોટાલાલ દેવચંદ મહેતા – કલકત્તા
શ્રી ખુશાલચંદ વનેચંદ શાહ – કલકત્તા
શ્રી રસીકલાલ વાડીલાલ શાહ – કલકત્તા
શ્રી કસ્તૂરચંદ નાનચંદ શાહ – કલકત્તા
શ્રી મંછાલાલ શામજી જોગાણી – કલકત્તા
શ્રી ગુલાબચંદ તારાચંદજી કોચર – નાગપુર
શ્રીમતી સમજુબેન મણીલાલ દોશી પરિવાર – નાગપુર
ઉંઝાનિવાસી શ્રી નટવરલાલ પોપટલાલ મહેતા – નાગપુર
શ્રી પ્રવીણચંદ્ર વાલચંદજી શેઠ (ડીસાવાલા) – નાસિક
શ્રી ચંદ્રશેખર નરેંદ્રકુમાર ચોપડા – વરોરા
શ્રી સુભાષકુમાર વાડીલાલ શાહ – કરાડ
શ્રી પ્રકાશ બાબુલાલ, દેવેન્દ્ર, પરાગ, પ્રિતમ શાહ – મંચર
શ્રીમતી હસમુખબેન જયંતીલાલ શાહ (પૃથ્વી) – વાપી
શ્રી વિનોદભાઈ મણિલાલ શાહ – અમદાવાદ
સ્વ. રંભાબેન ત્રિકમલાલ સંઘવી, હસ્તે – મહેન્દ્રભાઈ – સાણંદ
શ્રી શેફાલી મૂર્તિપૂજક જૈન સંઘના આરાધકો – અમદાવાદ
પુખરાજ રાયચંદ પરિવાર – સાબરમતી, અમદાવાદ
એક સદગૃહસ્થ, હરજી (રાજસ્થાન)
વોરા નાગરદાસ કેવળદાસ રિલિ. ટ્રસ્ટ – અમદાવાદ
શ્રી લાંબડિયા જૈન સંઘ – લાંબડિયા

શ્રી નથમલજી પ્રતાપચંદજી બેડાવાળા - સાબરમતી, અમદાવાદ
શ્રીમતી રંજનબેન જયકુમાર શાહ - કેનેડા
શ્રીમતી નીરુબેન ઉત્તમચંદ સોઠાણી - સાબરમતી, અમદાવાદ
શ્રીમતી રમીલાબેન બાબુલાલ રાયચંદ - વાપી
શ્રી વેલચંદ જવાનમલજી ઓસવાલ - ચિપળૂણ
શ્રીમતી લીલાબેન બાબુલાલ દેવચંદજી વિનાયકિયા - ડીસા
શ્રી પૂનમચંદ કસ્તૂરજી માંડોત પરિવાર - કુચાવાડા
સુપુત્રો - કાળીદાસ - ઘેવરચંદ - જેઠમલ
સ્વ. સુવાબેન અમૃતલાલ દેવીચંદજી વિનાયકિયા પરિવાર - ડીસા
શ્રીમતી સવિતાબેન વૃજલાલ પોપટલાલ દોશી - (મહુવા) પાર્લા, મુંબઈ
શ્રી વિનોદભાઈ દોશી, શ્રીમતી વસંતબેન મનહરલાલ દોશી - મુંબઈ
શ્રી મહેદ્રકુમાર કાંતિલાલ ખાંડવાલા - મુંબઈ
શ્રી કપૂરચંદજી ભબુતમલજી સોલંકી - મુંબઈ
ડૉ. નરેન્દ્ર એમ. શાહ - ખામગાંવ
સંઘવી રતનબેન ચુનીલાલજી હુકમાજી - પૂના
શ્રીમતી પ્રભાવતીબેન રમણલાલ શાહ - મુંબઈ
શ્રીમતી જયશ્રીબેન ભૂપેન્દ્રભાઈ શાહ - મુંબઈ
શ્રીમતી પન્નાબેન યોગેશભાઈ શાહ - મુંબઈ
શ્રીમતી તુલસીબાઈ ધર્માજી - પૂના
શ્રી હંસરાજજી તારાચંદજી સંઘવી - પૂના
શ્રી સંઘવી ખુમાજી માનાજી - પૂના
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ગુલટેકડી - પૂના
શ્રી સંઘવી ગણેશમલજી વક્તાજી - પૂના

# સાહિત્ય સૂચિ

અક્ષરથી આગળ
અડધી રાતે અજવાળું
અનહદની આરતી
આજનો નિયમ
આનન્દઘન અષ્ટપદી
એક દીવાની જ્યોત
એક ફૂલનું નામ
ક્રોધને જિતવાનો માર્ગ
ક્ષમાભાવના
ગુણાનુવાદ પ્રવચન
ચપટી ભરી ચોખા
ચેતન જ્ઞાન અજવાળજે
જગ સપનેકી માયા
જીવનની સપ્તપદી
ઝાકળના સૂરજ
તું તારો તારણહાર
તે મુનિ વંદો
પર્વપ્રવચન
પૂનાથી કરાડ સુધીનાં પ્રવચનો
પૈસાની પારાયણ
પ્રભુ ક્યારે કૃપા કરશો
પ્રસન્નતાની પાંખો
ફૂલ નહી તો પાંખડી
ફૂલમાં ફોર્યા રામ
બાળકોના જીવવિચાર
મરણો મંગલ મમ
મારા મનગમતા વિચારોની ડાયરી
મૃત્યુની ભાવયાત્રા
મોતીએ બાંધી પાળ
યુવા સંસ્કાર પ્રવચન
વહેલી સવારનો શંખનાદ
વંદના
શબ્દે શબ્દે શાતા
સંવેગ રંગ તરંગ ઝીલે
સાધુ તો ચલતા ભલા-૧
સાધુ તો ચલતા ભલા-૨
સુખે જિવવાની કળા
સ્તુતિ સરિતા
હિતશિક્ષા પ્રવચન
સહજ સમાધિ ભલી
અમૃતનું આચમન
क्रोध को जीतने का मार्ग
चार गति के दुःख
चाहे तो पार करो
जागो रे मा बाप
जीवन की सप्तपदी
नको रे मना क्रोध हा खेदकारी
प्यारे प्रभु दीदार
मृत्यु की भावयात्रा
स्तुतिसरिता
तेजकिरण
सहज समाधि भली

# પ્રતિભાવ

૧) અદ્ભુત સંપાદન. મસ્ત પ્રસ્તુતિ. આપનો લેખ તો અનન્ય. પરમઋષિનાં અમી છાંટણાથી અમે સહુ ભીંજાયા.

**– ઉદયરત્નવિજય**

૨) મારો પ્રિય ગ્રંથ મળ્યો. ખરેખર પ્રિય ગ્રંથ મળ્યા જેવો જ આનંદ થયો. નાના પ્રતિભાશાળી પુરુષોની પ્રિયત્વની પારાશીશી માણી આનંદ આવ્યો...

**– યશોવિજયસૂરિ**
**જયઘોષસૂરિ સમુદાય**

૩) વિશેષ – 'મારો પ્રિય ગ્રન્થ' મળેલ છે. જૈન જગતમાં એનું શાનદાર સ્વાગત હો. એક સાવ નવો જ કન્સેપ્ટ વિચારીને અમલ મૂકી ઘણી સરસ સાહિત્ય સેવા કરી છે. અને આ કાર્ય કરતાં સારો એવો પરિશ્રમ પણ ઉઠાવ્યો તે પ્રસ્તાવના ઉપરથી સમજાઈ શકે છે. આવા પ્રકાશન તેમ જ પરિશ્રમ બદલ ધન્યવાદ. એક જ સ્થળે વિવિધ ગ્રંથો અને વિવિધ મહાત્માઓનું વૈવિધ્ય માણવા મળ્યું. જાણે ષટ્ રસ ભોજનનો થાળ. પુનઃ આવો જ કોઈ નવતર પ્રયોગ કરી જૈન સંઘોને/શાસનને અણમોલ ભેટ આપો.

**– વિજય રત્નચન્દ્રસૂરિ**

૪) 'મારો પ્રિય ગ્રંથ' દ્વારા જ્ઞાન ખજાનાનું એડ્રેસ મળ્યું. આવાં તો ઘણાં સરનામા મળી શકે તેમ છે. વિદ્વાન મહાત્માઓ શ્રુતસાગરના મરજીવા પુરવાર થયા. શ્રુતસાગરમાં ડુબકી લગાવીને શ્રુતરત્નોને–સ્વાનુભવને મારો પ્રિય ગ્રંથ દ્વારા જગત સમક્ષ મૂકી શકાય. અદ્યતન એડવાન્સ ટેક્નોલોજી સામે એટેક કરતું માહિતી અને મૂલ્યોને ઉજાગર કરતું 'મારો પ્રિય ગ્રંથ' પુસ્તક અને આપની સંકલના અને સંકલ્પનાને સવાઈ સલામ.

**– પં. આત્મદર્શનવિજય**

૫) 'मारो प्रिय ग्रन्थ' पुस्तकमपि अधिगतं पर्युषणातः प्रागेव। अतीव सुन्दरमस्ति तत्। विचारोऽयमेव नूनं प्रत्यग्रः ।

**– मुक्तिमुनिचंद्रसूरी**

૬) 'મારો પ્રિય ગ્રંથ' પુસ્તક ગઈ કાલે પૂરું કર્યું. અનેક ગ્રંથો વાંચવા માટે મનને લાલાયિત કરી દે તેવું આ મસ્ત નજરાણું શ્રી સંઘના ચરણે ધરવા બદલ તમને અંતરના અભિનંદન. તમને આવો સુંદર વિચાર આવ્યો અને એ વિચારને સહુ પૂજ્યોએ વધાવ્યો એ જાણીને-અનુભવીને ખૂબ આનંદ આવ્યો.

ભિન્ન ભિન્ન સમુદાયના પૂજ્યો વચ્ચે આત્મીય ભાવ વધે એવા તમારા આ પ્રયાસને હજી પણ તમે અલગ અલગ રસ્તે ચાલુ જ રાખશો એવી આશા સાથે.

**– રત્નસુંદરસૂરિ**

૭) મારો પ્રિય ગ્રંથ પુસ્તક વાંચ્યું. તેમાં અમુક કંસેપ્ટ એવા છે જે જૈન ધર્મ સિવાય બીજે જોવા ન મળે. જેમ કે – આચારાંગનો વિશ્વવાદ, સેવં ભંતે નો સંતે સમર્પણ ભાવના વિ.

**– ભાવિક શાહ, સૉફ્ટવેર એંજીનીયર, પૂના**

૮) પુસ્તકો મળ્યા છે ખૂબ આનંદ થયો. આપની યાદ તાજી થઈ અને આપના અક્ષર પ્રવચનથી રૂબરૂ મળ્યાનો આનંદ થયો. તમો જે ભગીથ કાર્ય કરો છો તેમાં જરૂરથી સફળ થશો. કારણકે આપશ્રીને આપના પરમગુરુના આશિષ છે. આપના પુસ્તક વારે વારે વાંચવાનો આનંદ આવે છે.

**– હીરાલાલ લાલચંદ, વલસાડ**

૯) 'મારો પ્રિય ગ્રંથ' પુસ્તક અમારા ગુરુભાઈ શ્રી નિર્મલચંદ્રસૂરિ મ.સા. ઉપર મોકલેલ વાંચવા લીધું અને મજા આવી ગઈ. એક નવતર પ્રયોગનું વીઝન, મહેનત, ધીરજ-ખંત ઝળકી ઉઠ્યું છે. તેમાં તમારો લેખ મનનીય અને ગાંઠે બાંધવા જેવો. ખાસ અનુમોદન અને અભિનંદનાર્થે જ પત્ર લખું છું.

**– આ. વિજયકુલચંદ્રસૂરિ (આ.નેમિસૂ.મ.)**

૧૦) मारो प्रिय ग्रंथ पुस्तक बहोत ही सुंदर बनी है । इस बहाने अनेक ग्रंथ-ग्रंथाकार व लेखकों का परिचय प्राप्त हो जाता है ।

**– आ. विजयरत्नसेनसूरि**

૧૧) 'મારો પ્રિય ગ્રંથ' આ વિષયને અનુરૂપ ચતુર્વિધ સંઘમાંથી મળેલા અનેક લેખોનો સંગ્રહ પૂ.ગણિવરશ્રીએ ખૂબ જ ચીવટપૂર્વક સંપાદિત-પ્રકાશિત કર્યો છે. આના વાચનથી વાચકોને એ એ ગ્રંથોના વાચનની જિજ્ઞાસા તો જરૂર જાગશે જ. એવા એવા કેટલાંય ગ્રંથોનો આમાંથી પ્રથમવાર પરિચય જ મળવા પામશે કે, જેના નામ પણ સાંભળવા ન મળ્યા હોય, પછી વિષયની જાણકારી કે રૂપરેખાની તો વાત જ શી કરવી? પ્રસ્તુત ગ્રંથમાં સંપા.સંક.પૂ.ગણિવરશ્રીએ 'ઇસિભાસિયા'નો જે

પરિચય કરાવ્યો છે, એ ગ્રંથ સાવ જ અપરિચિત જેવો છે. પ્રભુ પાર્શ્વનાથ અને નેમિનાથ પ્રભુના ગણધરો દ્વારા રચિત પયન્નાશાસ્ત્રનો પરિચય આ લેખમાં ખાસ પઠનીય છે. એ ગણરોનાં નામો પણ નવાઈ પેદા કરે એવા છે. નારદ, વજ્જિપુત્ર, દવિલ, અંગિરસ, મહાકશ્યપ, યાજ્ઞવલ્ક્ય, ભયાલિ, આર્યાયણ, નારાયણ જેવા નામ સાવ અપરિચિત જણાય છે. વીસેક ટકા લેખકોએ પોતાના પ્રિય ગ્રંથ તરીકે 'ઉપમિતિ ભવપ્રપંચા' પર જે રીતે પસંદગી ઉતારી છે, એના વાચનથી તો જરૂર આ ઉપમિતિ-ગ્રંથના વાચનની ભાવના જાગ્યા વિના નહિ જ રહે, એવો વિશ્વાસ જરૂર રાખી શકાય. શ્રુતભવનના તમામ પ્રકાશનોની જેમ આ પ્રકાશન નોખુ-અનોખું અને અદ્ભુત બનવા પામ્યું છે.

**– કલ્યાણ,**
**સાહિત્ય સમાલોચના**

૧૨) 'મારો પ્રિય ગ્રંથ' એ પુસ્તક મળ્યું. પૂર્ણ વાંચીને અભિપ્રાય લખ્યો છે માટે થોડું મોડું થયું છે. એક જ પંક્તિમાં અભિપ્રાય છે કે –

'કોઈ પણ નવો ગ્રંથ પ્રારંભ કરવા પૂર્વે આ પુસ્તક અવશ્ય વાંચવું જ જોઈએ.'

**– પંન્યાસ રત્નજ્યોત વિજયજી**

૧૩) આપના તરફથી મારો પ્રિય ગ્રંથ એ વિષય પર અનેક મહાત્માઓએ લખેલ સંગ્રહ પ્રકાશિત થયો તે મળેલ છે. ખૂબ સુંદર પ્રયત્ન છે. આપના દ્વારા ઉત્તમ ગ્રંથોના ઉત્તમ વાચકોના પોતાના અનુભવાધારિત અનુભવો અને અભિપ્રાયો એક જ ગ્રંથમાં મળ્યા. તેથી અનેકને તે તે ગ્રંથો વાંચવાનો મનોરથ થાય અને ભવિષ્યમાં આવા ગ્રંથરત્નોનો બહોળો વાચક વર્ગ પેદા થાય. અને ગ્રંથકાર્યનો આશય પૂર્ણ થાય. અદ્ભૂત પ્રયાસ – વિચાર.

**– પંન્યાસ પુંડરીકરત્નવિજયજી**



॥ सुयं मे आउसं ॥

શ્રુતભવન સંશોધન કેંદ્ર